૧૧૬. પ્રશ્ન-ઝાડો લેવાનાં વારંટ ક્યારે આપવામાં આવે છે? તે કોના નામનાં કરવામાં આવે છે અથવા તેઓ કોના નામનાં કરાય? એક પોલીસ અમલદારના નામનું ઝાડો લેવાનું વારંટ કરવામાં આવ્યું હોય તે બીજો શી રીતે બજાવી શકે? જે ડીસ્ત્રીક્ટમાંથી ઝાડો લેવાનું વારંટ નીકળ્યું હોય તેની બહાર શી રીતે બજાવી શકાય?

ઊત્તર-કલમ ૩૬૮-૩૬૯-૩૭૦-૩૭૧-૩૭૨ અને ૩૭૩

૧૧૭. પ્રશ્ન-જે ઘરમાં ચોરીનો માલ અથવા ખોટા લેખ છે એવો શક આવ્યો હોય તેવા ઘરનો ઝાડો લેવાનો કોણ હુકમ કરે? ચોકીના પોલીસ અમલદારો દુકાનમાં ક્યારે પેસી શકે? ઝાડો લેવાનો જે સ-

ખસને હુકમ થયો હોય તે ઘર અથવા જનાનો ક્યારે ફોડી શકે? બાઈડીયોનો ઝાડો શી રીતે લેવામાં આવે છે? ઝાડો લેવાનું વારંટ કોના દેખતાં બજાવવું જોઈએ?

ઊત્તર–કલમ૩૭૭-૩૮૧-૩૮૩-૩૮૪-૩૮૫અને૩૮૬જુઓ.

૧૧૮. પ્રશ્ન–ક્યારે લેવાય અને ક્યારે ન લેવાય. અને ક્યારે જામીન લેવાની ફરજ છે? જામીન લેવાનો હુકમ કોણ કરે? જમાનીદારોનું શું કામ છે? કાચો જામીન લીધો હોય તો શું કરવું જોઈએ? તોહમતદારના જામીન લીધા પછી તેને શુ કરવું? જામીનોનો છુટકારો ક્યારે થાય?

ઊત્તર–કલમ ૩૮૮-૩૮૯-૩૯૦-૩૯૧-૩૯૨-૩૯૪ અને ૩૯૫ જુઓ.

૧૧૯. પ્રશ્ન–તોહમતદાર અને જામીનો પાસેથી દંડ શી રીતે વસુલ કરાય?

ઊત્તર–કલમ ૩૯૬ અને ૩૯૭ જુઓ.

૧૨૦. પ્રશ્ન–જામીનના બદલામાં શું લેવાય?

ઊત્તર–કલમ ૩૯૯ જુઓ.

૧૨૧. પ્રશ્ન–જુરરો અને આસેસરોની ટીપ કોણે કરવી? એવી ટીપ જાહેર શી રીતે કરવી? તે શી રીતે સુધારવી? જુરર અથવા આસેસરનું કામ કરવાને

કોણુ યોગ્ય છે? એવું કામ કરવાને કઈ કઈ અ-
યોગ્યતા છે? એવું કામ કરવાને કોને માફી મળે છે?
જુરરો અને આસેસરોને સમન અને પાદી કે-
વી રીતે કરવામાં આવે છે? જુરર અને
આસેસર તરીકે હાજર ન થાય તો શો દંડ લે-
વામાં આવે છે?

ઊત્તર–કલમ ૪૦૦-૪૦૧-૪૦૨-૪૦૪-૪૦૫-૪૦૬-૪૦૭-
૪૦૮-૪૦૯-૪૧૧ અને ૪૧૪ જુઓ.

૧૨૨. પ્રશ્ન–ચોરીની મીલકત પકડાએથી પોલીસનો શો વહિ-
વટ છે? ધણી ન માલમ પડે તો શું કરવું, અ-
થવા છ મહીનામાં કોઈ દાવેદાર હાજર ન
થાય તો શું કરવું? જે મીલકત બાબત ગુન્હો થ-
યો હોય તે મીલકતની વ્યવસ્થા શી રીતે કરવી?
ફરિયાદ કરનારે તથા સાહેદોનું ખરચ શી રીતે
આપવામાં આવે છે? દુભાશીયાનું શું કામ છે?

ઊત્તર–કલમ૪૧૫-૪૧૬-૪૧૭-૪૧૮-૪૨૧અને૪૨૨ જુઓ

૧૨૩. પ્રશ્ન–તોહેમતવાળો સખસ ગાંડો હોય તો શો વહિવટ
છે? ફકત સેશનકોર્ટથીજ જે કાંઈ ગુન્હાનો ઈન-
સાફ થઈ શકે તે ગુન્હો કરયો ત્યારથી તોહમ-
તદાર ગાંડો હતો એમ જણાય તો શું કરવું? ઈ-
નસાફની વખતે ગાંડો થાય તો સેશનના કેદીનું

શું કરવું જોઈએ? ઈનસાફનું કામ ફરી ક્યારે જારી કરી શકાય?

ઊત્તર-કલમ૪૨૩-૪૨૪-૪૨૫-૪૨૬-૪૨૭અને૪૨૮જુઓ.

૧૨૪. પ્રશ્ન-ગાંડપણના સબબપરથી તોહમતવાળો બીન તકસીરવાર ઠરે તો ઠરાવમાં શું લખવું જોઈએ? એવા શખસનું શું કરવું જોઈએ? તે ઉપર શો વહિવટ છે? ગાંડા માણસને તેના સગાંવાહાલાંને સ્વાધીન ક્યારે કરાય?

ઊત્તર-કલમ૪૨૯-૪૩૦-૪૩૧-૪૩૨-૪૩૩અને૪૩૪જુઓ.

૧૨૫. પ્રશ્ન-તિરસ્કારનાં કેટલાંએક કામમાં શો વહિવટ છે? તોહમતવાળાને કેદ કરવો જોઈએ અથવા બસેં રૂપીયા કરતાં વધારે દંડ કરવો જોઈએ એમ કોર્ટની નજરમાં આવે તો શો વહિવટ છે? એવો ગુન્હો શી રીતે માફ કરાય છે? ગુન્હેગાર રાણીની વિલાયતી રૈયત હોય ત્યારે શો વહિવટ છે?

ઊત્તર-કલમ ૪૩૫-૪૩૬-૪૩૭ અને ૪૩૮ જુઓ.

૧૨૬. પ્રશ્ન-તોહમતનામામાં શું લખવું જોઈએ? તોહમતનામું કરવામાં શું શું સમજવું? કેઈ ભાષામાં તે લખવું જોઈએ? તોહમતનામામાં ચુક કરી હોય તો તેનું શું ફળ થાય? તોહમતનામું દુરસ્ત કરાવવાને કોણ અરજી કરે, અને કોણ દુરસ્ત કરે? દુરસ્ત કર્યા

પછી તુરતજ ઈનસાફનું કામ કયારે ચાલે, અને
કયારે મુલતવી રખાય?

ઊત્તર—કલમ ૪૩૯-૪૪૦-૪૪૩-૪૪૪-૪૪૫-૪૪૭ અને
૪૪૮ જુઓ.

૧૨૭. પ્રશ્ન—જુદાં જુદાં તોહમતનામાં કયારે કરવામાં આવેછે, અને જુદા જુદા ઈનસાફ કયારે કરવામાં આવે છે? તોહમત કયારે એકઠાં કરવામાં આવે છે? માણસો ઉપર એકદમ સાથે તોહમત કયારે મુકવામાં આવે છે? તોહમતો કયારે કાહાડી લેવામાં આવેછે? અગાઊ બીન તકસીરવાર અથવા તકસીરવાર ઠરયા હોય તેથી શું થાય છે?

ઊત્તર—કલમ ૪૫૨-૪૫૩-૪૫૪-૪૫૫-૪૫૬-૪૫૭-૪૫૮
૪૫૯ અને ૪૬૦ જુઓ.

૧૨૮. પ્રશ્ન—ફેંસલામાં શું બતાવવું જોઈએ? તે કયારે કહી સંભળાવવો જોઈએ? તે કેઈ ભાષામાં લખવો જોઈએ? ફેંસલામાં શી વિગત આવવી જોઈએ?

ઊત્તર—કલમ ૪૬૧-૪૬૨-૪૬૩ અને ૪૬૪ જુઓ.

૧૨૯. પ્રશ્ન—સરકાર વિરૂદ્ધ ગુન્હાની ફરિયાદ ચલાવવા માટે કોની મંજુરીની જરૂર છે? જડજો અને સરકારી નોકરો ઉપર ફરિયાદીનું કામ ચલાવવાને; સરકારી નોકરના કામદેસર આધિકારના તિરસ્કાર

બાબત ફરિયાદનું કામ ચલાવવાને; સરકારી ઈ-
નસાફની વિરૂધ્ધ કેટલાએક ગુન્હાઓ બાબતની
ફરિયાદનું કામ ચલાવવાનો પુરાવામાં આવેલા લેખ
સંબધી કેટલાએક ગુન્હાઓ બાબતની ફરિયાદનું
કામ ચલાવવાને કોની મંજુરીની જરૂર છે?

ઊત્તર—કલમ ૪૬૫-૪૬૬-૪૬૭-૪૬૮ અને ૪૬૯ જુઓ.

૧૩૦. પ્રશ્ન—મંજુરીના પ્રકાર કેવો જોઈએ? કલમ ૪૬૭-
૪૬૮ અને ૪૬૯ મુજબના કામોમાં દિવાની અને
ફોજદારી કોર્ટોને તેમની નજરમાં આવે તેવો શો
અખત્યાર આપેલો છે?

ઊત્તર—કલમ ૪૭૦ અને ૪૭૧ જુઓ.

૧૩૧. પ્રશ્ન—કયા કામોમાં દિવાનીકોર્ટ તપાસ પુરી કરે અને
પોતેજ કામ કમીટ કરે? દિવાનીકોર્ટોનો એવાં
કામોમાં શો વહિવટ છે? જાંહાં માજીસ્ત્રેટની રૂબરૂ
કોઈ શખસ ગુન્હો કરે ત્યાંહાં ફકત સેશનકોર્ટથી ઈ-
નસાફ થઈ શકે અને પોતાને કમીટ કરવાનો અધિ-
કાર ન હોય તેમાં માજીસ્ત્રેટે શું કરવું જોઈએ?

ઊત્તર—કલમ ૪૭૪-૪૭૫-૪૭૬ અને ૪૭૭ જુઓ.

૧૩૨. પ્રશ્ન—છીનાળાને વાસ્તે પરણેલી સ્ત્રીને ફોસલાવીને
લેઈ જવા બાબતની ફરિયાદ કોણે કરવી જોઈએ?

ઊત્તર—કલમ ૪૭૮ અને ૪૭૯ જુઓ.

૧૩૩. પ્રશ્ન—ગેરકાયદે મંડળીને વીખરાઈ જવાનો કોણ હુકમ કરે? તેમ તે મંડળી ન કરે તો શો વહિવટ છે? લશ્કરી ફોજનો ક્યારે ઉપયોગ કરવો? એવી બાબતમાં માજીસ્ટ્રેટના હુકમ માનવામાં લશ્કરી અમલદારોનું શી રીતે રક્ષણ થાય છે? કલમ ૪૮૧ ૪૮૨-૪૮૪ અને ૪૮૭ મુજબ વર્તનાર માજીસ્ટ્રેટ, અમલદાર અને સીપાઈની ઉપર ફરિયાદ ચલાવવાને કોની મંજુરી જોઈએ?

ઊત્તર—કલમ ૪૮૦-૪૮૧-૪૮૨-૪૮૩-૪૮૪-૪૮૫-૪૮૬-૪૮૭ અને ૪૮૮ જુઓ.

૧૩૪. પ્રશ્ન—સુલેહ રાખવા સબંધી મુચલકો લખી આપવાને ક્યારે કોઈ સખસને બોલાવી શકાય? તે સારૂ કોણ બોલાવી શકે? મુચલકા સાથે જામીન ક્યારે મગાય? એવી રીતે જે સખસ બંધાયો હોય તેને શી રીતે હાજર કરી શકાય? જે સખસની વિરૂદ્ધ ખબર આપવામાં આવી હોય તેને ક્યારે છોડી મુકાય?

ઊત્તર—કલમ ૪૮૯-૪૯૦-૪૯૧-૪૯૨-૪૯૪ અને ૪૯૬.

૧૩૫. પ્રશ્ન—જામાની ખત લખી આપવા બાબત ના કહે તો શો વહિવટ છે? સુલેહ રાખવા સારૂ કોઈ સખસ પાસેથી ખત લખાવી લેવું તેની મુદત માજીસ્ટ્રેટોને સારૂ કેટલી છે? એવી મુદત ક્યારે વધારી શકાય?

ક્યારે અને શી રીતે મુચલકા અને જામાનીખત રદ કરાય? અસલ ધણી પાસેથી અને જામીનો પાસેથી દંડ શી રીતે વસુલ કરાય?

ઊત્તર-કલમ ૪૯૭-૪૯૮-૪૯૯-૫૦૦-૫૦૧-૫૦૨ અને ૫૦૩ જુઓ.

૧૩૬. પ્રશ્ન-છ મહીના સુધી ફેલજામીન માજીસ્ટ્રેટ ક્યારે માગી શકે? કિયા માજીસ્ટ્રેટોને તેમ કરવાને અધિકાર છે? એક વર્ષ સુધી ફેલજામીન લેવાનો શો વહિવટ છે, અને એક વર્ષ કરતાં વધારેને વાસ્તે શો વહિવટ છે? જામાનીના હુકમમાં શું લખવું જોઈએ? જામીન ન આપે તો કેટલી મુદત સુધી કેદ કરી શકાય? શી રીતે અને ક્યારે તેવા સખ્સોને છોડી દેવાય? સેશનકોટ જામીન માગ્યા હોય ત્યારે કેમ?

ઊત્તર-કલમ ૫૦૪-૫૦૫-૫૦૬-૫૦૭-૫૦૮-૫૦૯-૫૧૦ ૫૧૧ અને ૫૧૨ જુઓ.

૧૩૭. પ્રશ્ન-જામીનો પાસેથી દંડ શી રીતે વસુલ લેવાય? કેવાં કારણો ઉપરથી જામીનો નામંજુર કરાય?

ઊત્તર-કલમ ૫૧૪ અને ૫૧૬ જુઓ.

૧૩૮. પ્રશ્ન-સ્થાનિક અપકારક વસ્તુ અટકાવવાને, લોકાપકારક કૈરપ ફરીથી કરતાં અટકાવવાને અપત્ય

જારી રાખવાને અને ખશેડવાનો હુકમ કરવાને કિયા માજીસ્ટ્રેટો મુખત્યાર છે? જે સખસો તે કરતા હોય તેને નોટીસ આપવાનો કેવો પ્રકાર જોઈએ? જુરી શી રીતે ઠરાવવામાં આવે છે? માજીસ્ટ્રેટનો હુકમ ક્યારે ઈચ્છાધીન થાય છે? માજીસ્ટ્રેટનો હુકમ બ્યાજબી છે એવું જુરી ઠરાવે તો શો વહિવટ છે?

ઊત્તર–કલમ ૫૧૮-૫૧૯-૫૨૧-૫૨૩ અને ૫૨૬ જુઓ.

૧૩૯. પ્રશ્ન–જે સખસને હુકમ કરવામાં આવ્યો હોય કે માજીસ્ટ્રેટનો હુકમ બ્યાજબી નથી એવું બતાવે તો શો વહિવટ છે?

ઊત્તર–કલમ ૫૨૭ જુઓ.

૧૪૦. પ્રશ્ન–જુરીથી તપાસ કરતાં સુધી તાકીદનો હુકમ ક્યારે અપાય?

ઊત્તર–કલમ ૫૨૮ જુઓ.

૧૪૧. પ્રશ્ન–કાયદા સંબંધી કાંઈ તકરાર સુલેહનો ભંગ કરવાનો સંભવ કરે તો માજીસ્ટ્રેટનો શો વહિવટ છે? આગલો કબજો નક્કી થઈ શકે નહી તો માજીસ્ટ્રેટે કેમ કરવું?

ઊત્તર–કલમ ૫૩૦ અને ૫૩૧ જુઓ.

૧૪૨ પ્રશ્ન–જમીન અથવા પાણી વાપરવાના હક બાબતની

તકરારોમાં માજીસ્ટ્રેટે કેમ કરવું? સીમાડાની તકરારો બાબત માજીસ્ટ્રેટે શી રીતે સ્થાનિક ચોકસી કરવી? સ્થાવર મીલકતનો કબજો ફોજદારી કોર્ટ શી રીતે પાછો અપાવી શકે?

ઉત્તર-કલમ ૫૩૨-૫૩૩ અને ૫૩૪ જુઓ.

૧૪૩. પ્રશ્ન-ઓરતો અને છોકરાઓના ગુજરાન બાબત હુકમ કરવાને કિયા માજીસ્ટ્રેટનો અધિકાર છે? એવા હુકમ શી રીતે અમલમાં લાવવા? લવાજમમાં ક્યારે ફેરફાર કરવો?

ઉત્તર-કલમ ૫૩૬-૫૩૭-અને ૫૩૮ જુઓ.

૧૪૪. પ્રશ્ન-પરચુરણ ફોજદારી મુકરદમામાં અને કામોમાં શો વહિવટ છે? આ કાયદામાં ફરમાવેલો વહિવટ કઈ કોર્ટોને લાગુ નથી?

ઉત્તર-કલમ ૫૩૯-૫૪૦ અને ૫૪૧ જુઓ.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો.

(સન ૧૮૬૦નો આકટ ૪૫ મો.)

૧. પ્રશ્ન—સન ૧૮૬૦ ના ૪૫ મા કાયદાનું શું નામ છે? ક્યારથી, ક્યાંહાં અને કોના ઉપર તે લાગુ છે?

ઊત્તર—કલમ ૧-૨-૩ અને ૪ જુઓ.

૨. પ્રશ્ન—નિચે લખેલા શબ્દ અને વાક્યના અર્થ કાયદામાં શા બતાવ્યા છે:—

'પુરૂષ', 'સ્ત્રી', 'સખસ', 'લોક', 'રાણી', 'રાણીનો નોકર', 'બ્રિટીશ ઈંડીયા', 'હિંદુસ્તાનની સરકાર', 'સરકાર', 'પ્રેસીડેનસી', 'જડજ', 'ઈનસાફની કોર્ટ', 'સરકારી નોકર', 'જંગમ મીલકત', 'ગેરવ્યાજબી લાભ', 'ગેરવ્યાજબી હાની', 'બદદ્યાનતથી', 'દગલબાજીથી', 'માનવાનું કારણ' 'ખોટું બનાવવું', 'લેખ', 'કીમતી દસ્તાવેજ', 'વીલ', 'કામ', 'કસુર', 'બુધ્ધિપુર્વક', 'ગુન્હો', "વિશેષ કાયદા', 'સ્થાનિક કાયદા', 'કાયદા વિરૂધ્ધ', 'નુંકશાન' 'જીંદગી', 'મોત', 'જાનવર', 'વાહાણ', 'વર્ષ', 'કલમ', 'સોગન અને શુધ્ધબુધ્ધિ'?

ઊત્તર—કલમ ૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૮-૨૯-૩૦-૩૧-૩૩-૩૯-૪૦

૪૧-૪૨-૪૩-૪૪-૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧ અને ૫૨ જુઓ.

૩. પ્રશ્ન—નિચે લખેલામાં શેનો સમાસ થાય છે? તે તથા તેની વિભકતીયો, એક વચનમાં લખેલા શબ્દો, અનેક વચનમાં લખેલા શબ્દો, કોઈ સખસનો કબજો, કામોને બતાવનારા શબ્દોનો સમાસ શેમાં થાય છે?

ઊત્તર—કલમ ૮-૯-૨૭ અને ૩૨ જુઓ.

૪. પ્રશ્ન—કોઈ સખસને માનવાનું કારણ છે એવું કયારે કહેવાય? ઘણા માણસોએ મળીને કાંઈ ગુન્હો કરવાનું કામ કરયું હોય તેમાંના દરેક સખસની કેટ કેટલી જવાબદારી છે?

ઊત્તર—કલમ ૨૬ અને ૩૪ જુઓ.

૫. પ્રશ્ન—ઘણા કામો મળીને કોઈ ગુન્હો થયો હોય તેમાં કોઈ સખસે મદદ કરે તો તે ગુન્હો તેણે કરયો કયારે કહેવાય?

ઊત્તર—કલમ ૩૭ જુઓ.

૬. પ્રશ્ન—આ કાયદામાં કેઈ કેઈ શિક્ષાઓ ઠરાવી છે?

ઊત્તર—કલમ ૫૩ જુઓ.

૭. પ્રશ્ન—મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને બદલે બીજી કેઈ શિક્ષા થઈ શકે?

ઊત્તર—કલમ ૫૪ અને ૫૫ જુઓ.

૮. પ્રશ્ન—યુરોપીઅન તથા અમેરીકન લોકોએ સમુદ્રપારની શિ-

ક્ષાને લાયક ગુન્હો કર્યો હોય તો તેમને સારૂ શી શિક્ષા છે?

ઊત્તર–કલમ ૫૬ જુઓ.

૯. પ્રશ્ન–શિક્ષાની મુદતોના ભાગોની ગણત્રી કરવામાં જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાની બરાબરની શી શિક્ષા છે?

ઊત્તર–કલમ ૫૭ જુઓ.

૧૦. પ્રશ્ન–સમુદ્રપારની શિક્ષા પામેલા ગુન્હેગારોને સમુદ્રપાર કરતાં સુધી શું કરવું, અને કિયા મુકરદમામાં કેદને બદલે સમુદ્રપારની શિક્ષા થઈ શકે?

ઊત્તર–કલમ ૫૮ અને ૫૯ જુઓ.

૧૧. પ્રશ્ન–કેવા મુકરદમાઓમાં ગુન્હેગારની મીલકત કોર્ટ જપ્ત કરી શકે છે?

ઊત્તર–કલમ ૬૨ જુઓ.

૧૨. પ્રશ્ન–કોઈ ગુન્હેગારને ફક્ત દંડનીજ શિક્ષા થઈ હોય તો તે દંડની શિક્ષા શી રીતે ફેરવી શકાય?

ઊત્તર–કલમ ૬૪ જુઓ.

૧૩. પ્રશ્ન–દંડ આપવામાં કસુર કરવાને બદલે કેદની શિક્ષાની મુદતની હદ શી છે? ૧ લું. દંડ અને કેદની શિક્ષાને લાયકના ગુન્હાના મુકરદમામા શી છે? ૨ જું. ફક્ત દંડનીજ શીક્ષાને લાયકના ગુન્હાના મુકરદમામા શી છે?

ઊત્તર–કલમ ૬૫ અને ૬૭ જુઓ.

૧૪. પ્રશ્ન—દંડ આપ્યાની કસુરને બદલે થએલી કેદની શિક્ષા
ક્યારે અને શી રીતે બંધ થાય?

ઊત્તર—કલમ ૬૮ અને ૬૯ જુઓ.

૧૫. પ્રશ્ન—દંડ વસુલ કરવાને લાંબામાં લાંબી મુદત શી છે, અને ગુન્હેગાર મરી જાય ત્યારે તે દંડ શી રીતે વસુલ કરવો?

ઊત્તર—કલમ ૭૦ જુઓ.

૧૬. પ્રશ્ન—ઘણા ગુન્હાઓ મળીને બનેલા એક ગુન્હાની શિક્ષાની હદ શી છે?

ઊત્તર—કલમ ૭૧ જુઓ.

૧૭. પ્રશ્ન—ગુન્હેગારે ઘણા ગુન્હામાંનો એક ગુન્હો કરયો એવું શાબિત થાય પણ કિયો તે બાબત શક છે એવું ફેંસલામાં લખવામાં આવે તો તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર—કલમ ૭૨ જુઓ.

૧૮. પ્રશ્ન—કિયા મુકરદમામાં એકાંતકેદની શિક્ષા થઈ શકે, અને તેની હદની માંહેની મુદત ઠરાવવાને શો નિયમ છે?

ઊત્તર—કલમ ૭૩ અને ૭૪ જુઓ.

૧૯. પ્રશ્ન—જે સખ્સોની ઉપર એકવાર આગળ ત્રણ વર્ષ અથવા વધારે કેદની શિક્ષા બાબ ૧૨ અને ૧૭ મુજબ થાય એવો ગુન્હો શાબિત થયો હોય, તેઓની ઉપર તેવો કોઈ બીજો ગુન્હો ફરીથી શા-

બત થાય તો તેઓને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૭૫ જુઓ.

૨૦. પ્રશ્ન-આ કાયદામાં કિયાં કામો ગુન્હા ગણાતા નથી?

ઊત્તર-કલમ ૭૬-૭૭-૭૮-૭૯-૮૦-૮૧-૮૨-૮૩-૮૪-૮૫-૮૬-૮૭-૮૮-૮૯-૯૦-૯૧-૯૨-૯૩-૯૪-૯૫અને૯૬.

૨૧. પ્રશ્ન-ખાનગી બચાવના હકના બે વર્ગ કિયા છે? કિયા કામોથી ખાનગી બચાવનો હક નથી?

ઊત્તર-કલમ ૯૭ અને ૯૯ જુઓ.

૨૨. પ્રશ્ન-શરીર અને મીલકતના ખાનગી બચાવનો હક ક્યારે પોહોંચે છે? ૧ લું. મરતાં સુધી ક્યારે; ૨ જું. મોત શિવાયની કોઈ બીજી હાની કરતાં સુધી ક્યારે? એવો હક ક્યારથી શરૂ થાય છે, અને તે ક્યાંહાં સુધી ચાલુ રહે છે?

ઊત્તર-કલમ ૧૦૦-૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪અને ૧૦૫ જુઓ.

૨૩. પ્રશ્ન-કાંઈ વસ્તુ કરવામાં કોઈ સખસે મદદ કરી છે એવું ક્યારે કહેવાય? મદદગારનો અર્થ શો?

ઊત્તર-કલમ ૧૦૭ અને ૧૦૮ જુઓ.

૨૪. પ્રશ્ન-મદદગારીને માટે શી શિક્ષા છે? ૧ લું. મદદ કરેલું કામ તેની મદદથી બન્યું હોય ત્યારે શી; ૨ જું. એક કામમાં મદદગારી કરી હોય અને જુદુંજ કામ બને ત્યારે શી; ૩ જું. તે બંને કામ કરયાં હોય ત્યારે શી?

ઊત્તર-કલમ ૧૦૯-૧૧૧-૧૧૨-૧૧૫ અને ૧૧૬ જુઓ.

૨૫. પ્રશ્ન-મદદ કરેલું કામ થતી વખતે મદદગાર હાજર હોય તો તેને કેવો ગણવો જોઈએ?

ઊત્તર-કલમ ૧૧૪ જુઓ.

૨૬. પ્રશ્ન-શિક્ષા થવા લાયક ગુન્હો કરવાના ઈરાદાને છુપાવી રાખવાને શી શિક્ષા છે? ૧ લું. જારે મોત અથવા કાળાપાણીની શિક્ષા થવા લાયક ગુન્હો હોય ત્યારે શી? ૨ જું. કેદની શિક્ષા લાયક ગુન્હો હોય તે ગુન્હો બન્યો હોય ત્યારે શી અને ન બન્યો હોય ત્યારે શી? અને સરકારી નોકર કે જેનું કામ ગુન્હો થતો અટકાવવાનું છે તેણે ગુન્હો છુપાવ્યો હોય તેને શી શિક્ષા થાય?

ઊત્તર-કલમ ૧૧૮-૧૧૯ અને ૧૨૦ જુઓ.

૨૭. પ્રશ્ન-રાણીના સામા અથવા રાણીની સાથે મીત્રાઈ રાખનારા એશિયાના કોઈપણ રાજાના સામા લડાઈ કરે અથવા તેમાં મદદગારી કરે; એવું કરવાને વાસ્તે હથિયાર એકઠાં કરે; ગવરનર જનરલના ઉપર હોમલો કરે; ઈંગ્રેજી રાજના સામાના ખુશી ઉત્પન્ન કરે; રાણીની સાથે સલાહ હોય એવા રાજાના રાજમાં લુટ કરે; કલમ૧૨૫-૧૨૬ પ્રમાણે ગુન્હો કરીને કોઈ મીલકત મેળવે તો તેને વાસ્તે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૨૧-૧૨૨-૧૨૩-૧૨૪-૧૨૫-૧૨૬ અને ૧૨૭

૨૮. પ્રશ્ન-કોઈ સરકારી નોકર પોતાના હવાલામાંથી રાજકય કેદીને નાશી જવા દે તો તેને શી શિક્ષા છે? જારે બુધ્ધિપુર્વક નાશી જવા દે ત્યારે અને ગફલતથી નાશી જવા દે ત્યારે શી? અને તેને નાશી જવામાં મદદ કરે અથવા સંતાડે અથવા પકડવામાં હરકત કરે ત્યારે શી શિક્ષા થાય?

ઊત્તર-કલમ ૧૨૮-૧૨૯ અને ૧૩૦ જુઓ.

૨૯. પ્રશ્ન-બંડમાં મદદ કરવાને વાસ્તે રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજમાંના કોઈ આફીસર અથવા સોલજર અથવા ખલાસીને પ્રજા ધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશિશ કરે તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૩૧ અને ૧૩૨ જુઓ.

૩૦. પ્રશ્ન-રાણીની જમીનપરનો અથવા દરીયાઈ ફોજનો કોઈ આફીસર પોતાનો હોદ્દો ચલાવતો હોય તે દરમિયાનમાં તેની ઉપર કોઈ સોલજર કે ખલાસી હુમલો કરે તો તેને માટે શી શિક્ષા છે; વળી તે જો હુમલો થયો હોય તો તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૩૩ અને ૧૩૪ જુઓ.

૩૧. પ્રશ્ન-કોઈ સોલજર અથવા ખલાસીને નાશી જવામાં મદદ કરવાને માટે શી શિક્ષા છે, અને નાસી આ-

વેલાને સંતાડવાને માટે શી શિક્ષા થાય?

ઊત્તર-કલમ ૧૩૫ અને ૧૩૬ જુઓ.

૩૨. પ્રશ્ન-કોઈ સોલજાર અથવા ખલાસીને કાંઈ નાફરમાનીનું કામ કરવામાં મદદ કરવાને માટે શી શિક્ષા છે? સોલજારનો પોશાક પેહેરવાને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૩૮ અને ૧૪૦ જુઓ.

૩૩. પ્રશ્ન-કાયદા વિરૂધ્ધ મંડળી એટલે શું? કોઈ માણસ કાયદા વિરૂધ્ધ મંડળીનો અંગભુત છે એવું ક્યારે કહેવાય? કાયદા વિરૂધ્ધ મંડળીના અંગભુત થવાને માટે શી શિક્ષા છે; અને જીવ લે એવાં હથિયારો સાથે એવી મંડળીમાં સામેલ થવાને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૪૧-૧૪૨-૧૪૩ અને ૧૪૪ જુઓ.

૩૪. પ્રશ્ન-હંગામો એટલે શું? ફકત હંગામો કરવાને માટે શી શિક્ષા છે; અને મોત થાય એવાં હથીયારો સાથે હંગામો કરવાને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૪૬-૧૪૭ અને ૧૪૮ જુઓ.

૩૫. પ્રશ્ન-બખેડો એટલે શું, અને તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૫૯ અને ૧૬૦ જુઓ.

૩૬. પ્રશ્ન-લાંચ લેવાને માટે શી શિક્ષા છે? ૧ લું. કોઈ સરકારી નોકર લેતો; ૨ જું. કોઈ સરકારી નોકર ઉપર કાયદા વિરૂધ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે હર-

કોઈ માણસ લેતા; ૩ જું. કોઈ સરકારી નોકર સાથે પોતાનો વગ મેળાવવા કરે કોઈ માણસ તજવીજ કરે તો શી શિક્ષા?

ઊત્તર-કલમ ૧૬૧-૧૬૨ અને ૧૬૩ જુઓ.

૪૭. પ્રશ્ન-કોઈ સખસને નુકશાન કરવાના ઈરાદાથી કોઈ સરકારી નોકર કાંઈ કાયદાનો હુકમ ન માને; નુકશાન કરવાના ઈરાદે કાંઈ ખોટો દસ્તાવેજ બનાવે; કાયદા વિરૂધ વેપાર કરે; અને કાયદા વિરૂધ કાંઈ મીલકતની ખરીદી અથવા માગણી કરે તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૬૬-૧૬૭-૧૬૮ અને ૧૬૯ જુઓ.

૪૮. પ્રશ્ન-કોઈ સખસ સરકારી નોકરનો વેષ લે, તથા દગલબાજીના ઈરાદાથી સરકારી નોકર જેવું પેહેરતો હોય અથવા નીશાની રાખતો હોય તેવું કરે તો તેને માટે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ. ૧૭૦ અને ૧૭૧ જુઓ.

૪૯. પ્રશ્ન-સમન ન બજવાના કારણસર નાસતો ફરે, તથા સરકારી નોકર તરફથી નીકળેલા કોઈ સમન અથવા હુકમ બજવામાં અથવા પ્રસિધ થવામાં અટકાવ કરે તેને શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૭૨ અને ૧૭૩ જુઓ.

૪૦. પ્રશ્ન—નીચે લખેલી બાબતોને માટે શી શિક્ષા છે:—

સમન પ્રમાણે હાજર ન થાય; બંધાવેલો લેખ રજુ કરવામાં કસુર કરે; ખબર આપવાને બંધાએલો સખસ સરકારી નોકરને ખબર આપવાને કસુર કરે; ખોટી ખબર આપે; સોગન ખાવાને ના કહે; સવાલના જવાબ આપવાને ના કહે; જુબાની ઉપર સહી કરવાને ના કહે; સોગન આપવાને અખત્યાર મળેલા સરકારી નોકરના રૂબરૂ ખોટો ઈકરાર કરે; બીજા સખસને નુકશાન કરવાને વાસ્તે સરકારી નોકરને આડે રસ્તે લઈ જવાને ખોટી ખબર આપે; કાયદેસર મીલકત લેવામાં સરકારી નોકરને અટકાવ કરે; મીલકતનું વેચાણ થવાને હુકમ થએલામાં હરકત કરે, સરકારી નોકરે વેચવા મુકેલી મીલકત ગેરકાયદે માગે અથવા ખરીદ કરે; સરકારી નોકરને તેના હોદાનું કામ કરવામાં હરકત કરે સરકારી નોકરે કાહાડેલા હુકમને ન માને અને સરકારી નોકરને નુકશાન કરવાની ધમકી બતાવે

ઉત્તર—કલમ ૧૭૪-૧૭૫-૧૭૬-૧૭૭-૧૭૮-૧૭૯-૧૮૦-૧૮૧-૧૮૨-૧૮૩-૧૮૪-૧૮૫-૧૮૬-૧૮૮ અને ૧૮૯

૪૧. પ્રશ્ન—કોઈ સખસ ખોટી સાક્ષી પુરી એવું ક્યારે કહેવાય, અને ખોટો પુરાવો બનાવ્યો ક્યારે કહેવાય?

બંનેને વાસ્તે શી શિક્ષા છે?

ઊત્તર-કલમ ૧૯૧-૧૯૨ અને ૧૯૩ જુઓ.

૪૨. પ્રશ્ન—નીચેની બાબતોમાં શી શિક્ષા છે:—

મોતની અથવા કાળાપાણીની અથવા કેદની શિક્ષા કરાવવાના કારણસર જોટી સાક્ષી આપવી અથવા જોઠા પુરાવો બતાવવો; જોટો જાણ્યા છતાં તે પુરાવો વાપરવો; જોટું સર્ટિફીકટ સહી કરવું અથવા કાહાડવું; જોટું જાણ્યા છતાં તે સર્ટિફીકટ ખરા દાખલ વાપરવું; કોઈ સોગનનામું પુરાવમાં લેવા લાયક હોય તેમાં જોટો ઈકરાર કરવો; એવું સોગનનામું જોટું જાણ્યા છતાં ખરા દાખલ વાપરવું; કોઈ ગુન્હાનો પુરાવ ઉરાડી દેવો અથવા ગુન્હેગારને છુપાવવાને વાસ્તે તે બાબત જોટી ખબર આપવી; કોઈ ગુન્હાની ખબર આપવામાં જાણીબુજીને કસુર કરવી; કોઈ ગુન્હાની જોટી ખબર આપવી; કોઈ લેખ પુરાવ દાખલ રજુ થતો અટકાવવાને તેનો નાશ કરવો; કોઈ મુકરદમામાં જોટો વેશ લેવો; હુકમનામાની બજાવણીમાં પકડાતો અટકાવવાને દગલબાજીથી સંતાડવો અથવા ખશેડવો; હુકમનામાની બજાવણીમાં પકડાતી મીલકત અટકાવવાને દગલબાજીથી દાવો કરવો; દેવું ન હોય

તેની રકમનું કપટથી હુકમનામું થવા દેવું; રકમ લેહેણી ન હોય તેનું કપટથી હુકમનામું મેળવવું; નુકશાન કરવાના ઈરાદાથી ગુન્હાનું ખોટું તોહમત મુકવું; કોર્ટમાં બદદ્યાનતથી ખોટો દાવો કરવો; ગુન્હેગારને ઘરમાં રાખવો; ગુન્હેગારને સંતાડવાને કાંઈ બક્ષીસ લેવી; ગુન્હેગારને સંતાડવાને મીલકત પાછી આપવી અથવા કાંઈ બક્ષીસ આપવી?

ઊત્તર–કલમ ૧૯૪-૧૯૫-૧૯૬-૧૯૭-૧૯૮-૧૯૯-૨૦૦-૨૦૧-૨૦૨-૨૦૩-૨૦૪-૨૦૫-૨૦૬-૨૦૭-૨૦૮-૨૦૯-૨૧૦-૨૧૧-૨૧૨-૨૧૩ અને ૨૧૪ જુઓ.

૪૩. પ્રશ્ન–શિક્કો; રાણીનો શિક્કો; અને ખોટો શિક્કો એટલે શું? રાણીનો શિક્કો અથવા સરકારી સ્ટાંપ ખોટા બનાવવાને શી શિક્ષા છે?

ઊત્તર–કલમ ૨૩૦-૨૩૧-૨૩૨ અને ૨૫૫ જુઓ.

૪૪. પ્રશ્ન–દગલબાજીથી તોળવાનું ખોટું યંત્ર વાપરે; ખોટું માપ અથવા ખોટાં કાટલાં દગલબાજીથી વાપરે; અને ખોટું માપ અથવા કાટલાં જેના કબજામાં હોય તેઓને શી શિક્ષા છે?

ઊત્તર–કલમ ૨૬૪-૨૬૫ અને ૨૬૬ જુઓ.

૪૫. પ્રશ્ન–કોઈ માણસે લોકોપકારક કૃત્ય કરયું છે એવું ક્યારે કેહેવાય?

ઊત્તર-કલમ ૨૫૮ જુઓ.

૪૬. પ્રશ્ન—નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છે:—

ખાવા પીવાની ચીજમાં ભેળ કરી વેચે; અવગુણકારક ખાવા પીવાની જણશો વેચે; વસાણામાં ભેળ કરે; ભેળ કરેલું વસાણું વેચે; જાહેરાત જળાશયનું પાણી બગાડે; સરીયામ રસ્તા ઉપર બેફીકરાઈથી ગાડી અથવા ઘોડું હાંકે, સરીયામ રસ્તા ઉપર અથવા વાહાણ ચલાવવામાં જોખમ ભરેલી રીતે કામ કરે અથવા અટકાવ કરે; બેફીકરાઈથી કોઈ જાનવરને રાખે; બીભત્સ પુસ્તક વેચે; બીભત્સ ગીત ગાય; સોરતી કાહાડવાસારૂ મકાન રાખે?

ઊત્તર-કલમ ૨૭૨-૨૭૩-૨૭૪-૨૭૫-૨૭૭-૨૭૯-૨૮૩-૨૮૯ ૨૯૨ અને ૨૯૪ જુઓ.

૪૭. પ્રશ્ન—નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા ઠરાવી છે:—

કોઈ વર્ગના ધર્મના લોકોને તિરસ્કાર કરવાને સારૂ કોઈ પુજાની જગાને નુકશાન કરવું અથવા અપવિત્ર કરવી; દેવપુજન સંબંધી મળેલી મંડળીને અડચણ કરે; મુડદાં દાટવાની જગા ઉપર સાપ્રાધ પ્રવેશ કરવો; કોઈ માણસના ધર્મ સંબંધી મન દુખાવવાને ઈરાદે કાંઈ શબ્દ બોલવા?

ઊત્તર-કલમ ૨૯૫-૨૯૬-૨૯૭ અને ૨૯૮ જુઓ.

૪૮. પ્રશ્ન-"શિક્ષણિય મનુષ્યવધ" "મોત" એટલે શું? શિક્ષણિય મનુષ્યવધ ખુન નથી એ ક્યારે ગણાય?

ઊત્તર-કલમ ૨૯૯ અને ૩૦૦ જુઓ.

૪૯. પ્રશ્ન—નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા ઠરાવી છે:—
ખુન; શિક્ષણીય મનુષ્યવધ ખુન ન ગણાય તેને વાસ્તે; ગફલતથી મોત ઉપજાવવાને; ખુન અથવા શિક્ષણીય મનુષ્યવધના પ્રયત્નને વાસ્તે; આપઘાત કરવાના પ્રયત્નને સારૂ; ગર્ભપાત કરવા સારૂ; મુડદું છાની રીતે ઠેકાણે પાડી દઈને (વગે કરીને) જન્મ છુપાવવા બદલ; બાર વર્ષથી ઓછી ઉમરના બચ્ચાંને તેના માબાપ અથવા જે સખસના હવાલામાં તે બચ્ચું હોય તે સખસ ખુલ્લું મુકે અથવા તજે તેને સારૂ!

ઊત્તર-કલમ ૩૦૨-૩૦૪-૩૦૭-૩૦૮-૩૦૯-૩૧૨-૩૧૭ અને ૩૧૮ જુઓ.

૫૦. પ્રશ્ન-'ઠગ'; 'વ્યથા'; 'મહાવ્યથા'; 'બુદ્ધિપુર્વક વ્યથા'; 'અને બુદ્ધિપુર્વક મહાવ્યથા'; 'ગેરવ્યાજબી અટકાવ'; 'ગેરવ્યાજબી કેદ'; 'બળ'; 'સાપ્રાધબળ'; 'હુમલો'; 'મનુષ્ય હરણ'; 'બ્રિટીશ ઈંડીયામાથી મનુષ્ય હરણ'; 'કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્ય હરણ'; મનુષ્ય નયન'; અને 'બળાત્કાર

સંભોગ' એટલે શું?

ઊત્તર—કલમ ૩૧૦-૩૧૯-૩૨૦-૩૨૧-૩૨૨-૩૩૯-૩૪૦-૩૪૯ ૩૫૦-૩૫૧-૩૫૯-૩૬૦-૩૬૧-૩૬૨અને૩૭૫ જુઓ.

૫૧. પ્રશ્ન—નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા ઠરાવી છેઃ— ઠગ; ભયંકર શસ્ત્રવડે અથવા ઉપાયથી અથવા એ વિના બુદ્ધિપુર્વક વ્યથા અથવા મહાવ્યથા કરવી; મીલકત કહડાવવાને વાસ્તે અથવા ગેરકાયદે કાંઈ કામ કરવાને વાસ્તે બુદ્ધિપુર્વક વ્યથા અથવા મહાવ્યથા કરવી; કબુલત મેળવવા સારૂ અથવા મીલકત પાછી મેળવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા અથવા મહાવ્યથા કરવી; કોઈ સરકારી નોકરને ડરાવીને તેના કામનો અમલ કરતો બંધ રખાવવાને બુદ્ધિપુર્વક વ્યથા અથવા મહાવ્યથા કરવી; આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થવાથી બુદ્ધિપુર્વક વ્યથા અથવા મહાવ્યથા કરવી; પોતાની અથવા બીજા સખસોની જીંદગાની જોખમમા પડે એવું કાંઈ કામ કરવું; ગેરવ્યાજબી અટકાવ અથવા ગેરવ્યાજબી કેદ; છુપી જગામાં ગેરવ્યાજબી કેદ; આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થવાથી અને તે વગર સાપ્રાધ બળ વાપરવું; કોઈ ઓરતની લાજ લેવા સારૂ સાપ્રાધ બળ વાપરવું; અથવા ક્રોધ ઉત્પન્ન કરયા શિવાય

કોઈ સખ્સની આબરૂ લેવી; મનુષ્ય હરણ; ખુન કરવાને વાસ્તે મનુષ્યહરણ અથવા મનુષ્યનયન; લગ્ન કરવા સારૂ કોઈ ઓરતનું હરણ અથવા નયન; દસ વર્ષથી ઓછી ઉમરના બાળકના શરીર ઉપરથી ઘરાણું કાઢી લેવા તે બાળકના હરણ અથવા નયનને સારૂ; ગુલામ ખરીદવા અથવા વેચવા; ગુલામ વેચવા લેવા સંબંધીના ન્યાથુ ધંધાને સારૂ; ન્યાર કરમને વાસ્તે કોઈ બાળકને ખરીદે અથવા વેચે તેને સારૂ; કાયદા વિરૂદ્ધ જબરાઈથી મજુરી કરાવવા સારૂ; બળાત્કાર સંભોગ અને અષ્ટી વિરૂદ્ધ ગુન્હાઓને સારૂ?

ઊત્તર-કલમ ૩૧૧-૩૨૩-૩૨૪-૩૨૫-૩૨૬-૩૨૭-૩૨૯-૩૩૦
૩૩૧-૩૩૨-૩૩૩-૩૩૪-૩૩૫-૩૩૬-૩૪૧-૩૪૨-૩૪૬
૩૫૨-૩૫૪-૩૫૫-૩૬૩-૩૬૪-૩૬૬-૩૬૯-૩૭૦
૩૭૧-૩૭૨-૩૭૩-૩૭૪-૩૭૬ અને ૩૭૭ જુઓ.

૫૨. પ્રશ્ન-'ચોરી'; 'જબરાઈથી કઢાવવું'; 'અપહરણ'; 'ડાકાઈટી'; 'સાપ્રાધ વિસ્વાસઘાત'; 'ચોરીની મીલકત'; 'ઠગાઈ'; 'વેશ લઈને ઠગાઈ'; 'બીગાડ'; 'સાપ્રાધ પ્રવેશ'; 'ગ્રહપ્રવેશ'; ગુપ્ત ઘર પ્રવેશ'; 'રાતે ગુપ્ત ઘર પ્રવેશ'; 'ઘર ફોડવું'; અને 'રાતે ઘર ફોડવું' એટલે શું?

ઊત્તર-કલમ ૩૭૮-૩૮૩-૩૯૦-૩૯૧-૪૦૫-૪૧૦-૪૧૫-૪૧૬-૪૨૫-૪૪૧-૪૪૨-૪૪૩-૪૪૪-૪૪૫ અને ૪૪૬ જુઓ.

૫૩. પ્રશ્ન નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છેઃ—

ચોરી; રેહેવાના મકાનમાં ચોરી; ચાકર અથવા મેહેતા દાખલ ચોરી; જબરાઈથી કઢાવવું; જબરાઈથી કઢાવવા સારૂ નુકશાનનો ભય બતાવવો; અપહરણ; અપહરણ કરવાનો પ્રયત્ન; ડાકાઈટી; ખુન સાથે ડાકાઈટી; ડાકાઈટી કરવાને સારૂ તૈયારી કરવી; ડાકાઈટી કરવા સારૂ એકઠા થવુ; બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ; સાપ્રાધ વિશ્વાસઘાત; ભારવાહક, મેહેતો, ચાકર, સરકારી નોકર, સરાફ, વેહેપારી અથવા આડતીયો એ સઘળાઓએ કરેલો સાપ્રાધ વિશ્વાસઘાત; ચોરીની મીલકત બદદાનતથી લેવી; ચોરીની મીલકતનો જાણુ વેહેપાર કરવો; ઠગાઈ; વેશ લઈને ઠગાઈ કરવી; ઠગાઈ અને બદદાનતથી મીલકત મેળવવી; બીગાડ કરવો; સાપ્રાધ પ્રવેશ; ઘર પ્રવેશ; મોતની શિક્ષા પાય એવો ગુન્હો કરવા સારૂ; ૨ જું. જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા પાય એવો ગુન્હો કરવા સારૂ; અને ૩ જું. કેદની શિક્ષા પાય

એવા ગુન્હાને વાસ્તે ઘર પ્રવેશ; ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવું; રાતરે ગુપ્ત ઘર પ્રવેશ?

ઊત્તર—કલમ ૩૭૯-૩૮૦-૩૮૧-૩૮૪-૩૮૫-૩૯૨-૩૯૩-૩૯૫-૩૯૬-૩૯૯-૪૦૨-૪૦૩-૪૦૬-૪૦૭-૪૦૮-૪૦૯ ૪૧૦-૪૧૧-૪૧૩-૪૧૭-૪૧૯-૪૨૦-૪૨૬-૪૪૭-૪૪૮-૪૪૯-૪૫૦-૪૫૧-૪૫૩ અને ૪૫૬ જુઓ.

૫૪. પ્રશ્ન—કોઈ માણસે ખોટો લેખ બનાવ્યો છે એવું ક્યારે કહેવાય? 'ખોટો લેખ બનાવવો'; 'વેહેપારની નિશાનીયો'; 'મીલકતની નિશાનીયો'; અને 'બનાવટનો લેખ' એટલે શું?

ઊત્તર—કલમ ૪૬૩-૪૬૪ ૪૭૦-૪૭૮ અને ૪૭૯ જુઓ.

૫૫. પ્રશ્ન—નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છે:—

ખોટો લેખ બનાવવો; ઈનસાફની કોર્ટનું દફતર ખોટું બનાવવું; કીમતી દસ્તાવેજ અથવા વુઈલ ખોટું બનાવવું; ઠગાઈ કરવા સારૂ ખોટો લેખ બનાવવો; બનાવટનો લેખ સાચા દાખલ વાપરવો; બનાવટનો કીમતી દસ્તાવેજ અથવા વુઈલ ખોટું જાણ્યા છતાં ખરા દાખલ વાપરવાને કબજામાં રાખવું; દગલબાજીથી કીમતી દસ્તાવેજ અથવા વુઈલનો નાશ કરવો અથવા ચોરી લેવું; કોઈ સખસને નુકશાન કરવા અથવા ઠગવાના ઈરાદાથી વેહેપારની

અથવા મીલકતની ખોટી નીશાનીઓ વાપરવી; બીજા સખસને નુકશાન કરવાને તે સખસ તેવી નીશાનીઓ વાપરતો હોય તેવી વેહેપારની અથવા મીલકતની નીશાનીઓ ખોટી બનાવવી?

ઊત્તર-કલમ ૪૬૫-૪૬૬-૪૬૭-૪૬૮-૪૭૧-૪૭૪-૪૭૭ ૪૮૨ અને ૪૮૩ જુઓ.

૫૬. **પ્રશ્ન**-નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છે:-

દરીયાઈ ઉપરની અથવા જમીન ઉપરની મુસાફરીમા નોકરી કરવાનો કરાર તોડવો; લાચાર સખસોની હાજતો પુરી પાડવા અથવા ખીદમત કરવાનો કરાર તોડવો?

ઊત્તર-કલમ ૪૯૦ અને ૪૯૧ જુઓ.

૫૭. **પ્રશ્ન**-નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છે:-

કાયદેસર લગ્ન છે એવો કપટથી ભરૂસો ઉત્પન્ન કરીને કોઈ પુરૂષે દંપતીભાવે રહેવું; મરદ અથવા ઓરતની હયાતીમા ફરી લગ્ન કરવું; સાપ્રાધ ઈરાદાથી કોઈ પરણેલી સ્ત્રીને લલચાવવી, લેઈ જવી અથવા રાખવી?

ઊત્તર-કલમ ૪૯૩-૪૯૪-૪૯૭ અને ૪૯૮ જુઓ.

૫૮. **પ્રશ્ન**-આબરૂ લેવી અને સાપ્રાધ ધમકી એટલે શું?

ઊત્તર-કલમ ૪૯૯ અને ૫૦૩ જુઓ.

૫૯. પ્રશ્ન-નીચેના ગુન્હાઓને વાસ્તે શી શિક્ષા છે;-
આબરૂ લેવી; સાપ્રાધ ધમકી; આબરૂને હાની પોહોચાડે એવું છે એમ જાણ્યા છતાં કાંઈ છાપવું અથવા કોતરવું; આબરૂ લેવા જેવી બાબત વાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી; પીધેલા સખ્સની ખુલ્લી રીતે ગેરવાજબ ચાલ; કેદની શિક્ષા થઈ શકે એવો ગુન્હો કરવાનો પ્રયત્ન કરવો?

ઊત્તર-કલમ ૫૦૦-૫૦૧-૫૦૨-૫૦૬-૫૧૦અનેપ૧૧જુઓ.

૬૦. પ્રશ્ન-આબરૂ લેવી એ કેઈ હકીકત ઉપરથી જાણવી કેહેવાય?

ઊત્તર-કલમ ૪૯૯ જુઓ.

હિંદુસ્તાનનો પુરાવાનો આકટ.

(સન ૧૮૭૨નો ૧ લો.)

---

૧. પ્રશ્ન—સન ૧૮૭૨ ના ૧ લા આકટનું શું નામ છે? અને તે ક્યારે અમલમાં આવશે અને ક્યાંહાં અને કિયા કામોને લાગુ છે? વળી તેનાથી કિયા કાયદા રદ થયા છે?

ઉત્તર—કલમ ૧ અને ૨ જુઓ.

૨. પ્રશ્ન—'કોર્ટ'; 'હકીકત'; 'લગતી'; 'મુદ્દાની હકીકત'; 'દસ્તાવેજ'; 'પુરાવો'; 'શાબિત થઈ'; 'ગેરશાબિત થઈ' 'ના શાબિત થઈ'; 'અનુમાન કરવાને મુખત્યાર છે' 'અનુમાન કરવું'; અને સન ૧૮૭૨ ના ૧ લા આકટમાં નક્કી ઠરયા પ્રમાણે 'નિર્ણયકારક શાબિતી' એટલે શું?

ઉત્તર—કલમ ૩ અને ૪ જુઓ.

૩. પ્રશ્ન—કેઈ હકીકતોનો પુરાવો આપી શકાય, અને મુદ્દાની હકીકત ન હોય તોપણ જુદી જુદી બીનાઓથી હકીકતો લગતી થાય તે ગણી બતાવો, અને તેનાં દ્રષ્ટાંતો આપો!

ઉત્તર—કલમ ૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૩-૧૪-૧૫ અને ૧૬.

૪. પ્રશ્ન—નુકશાનના દાવામાં કેઈ હકીકતો લગતી થાય છે?

ઉત્તર—કલમ ૧૨ જુઓ.

૫. પ્રશ્ન—"અંગીકાર" અને કયા માણસો "અંગીકાર" કરી શકે, અને મુખત્યાર વગરેએ અંગીકાર કરેલો હોય તે શા ગુણથી લેઈ શકાય?

ઊત્તર—કલમ ૧૭-૧૮-૧૯ અને ૨૦ જુઓ.

૬. પ્રશ્ન—જે માણસોએ અથવા તેમના માહીતગારોએ અંગીકાર કરેલા હોય તે તેઓ વિષે તેમની તરફેણમાં કે તેમની વિરૂધ્ધમાં ઘણુંકરીને કેવી રીતે લાગુ કરવામાં આવે છે, અને વળી તેઓથી અથવા તેમની તરફેણમાં કેવી બાબતોમાં લાગુ કરવામાં આવે છે તે કહી દેખાડો!

ઊત્તર—કલમ ૨૧ જુઓ.

૭. પ્રશ્ન—દસ્તાવેજના મજકુર બાબતનો મુખજુબાની અંગીકાર ક્યારે લગતો સમજવો!

ઊત્તર—કલમ ૨૨ જુઓ.

૮. પ્રશ્ન—દિવાની કામમાં અંગીકાર કેવે પ્રસંગે ન લાગતો અને ન લેવાય તેવો હોય છે?

ઊત્તર—કલમ ૨૩ જુઓ.

૯. પ્રશ્ન—તેહમતદાર સખસે અંગીકાર કરેલો કેવે પ્રસંગે લગતો નથી અને લેઈ શકાતો નથી, અને વળી કેવે પ્રસંગે લગતો અને લેઈ શકાય છે?

ઊત્તર—કલમ ૨૪ અને ૨૮ જુઓ.

૧૦. પ્રશ્ન–તોહમતવાળા સખસે પોલીસ અમલદારની રૂબરૂ અંગીકાર કરચો હોય તેનો શો પરિણામ થાય, અને કેવી બીનાથી એ અંગીકાર અથવા કબુલત લાગુ કરી શકાય?

ઊત્તર–કલમ ૨૫-૨૬ અને ૨૭ જુઓ.

૧૧. પ્રશ્ન–અંગીકાર અથવા કબુલત બીજી રીતે લગતી છે તે ફકત છાનું રાખવાના વચનથી અથવા ભુલ થાપ દેઈને મેળવી છે તેથી અથવા છાકટાપણામાં કીધી છે તેથી ન લગતી થઈ શકે છે?

ઊત્તર–કલમ ૨૯ જુઓ.

૧૨. પ્રશ્ન–એક તોહમતદાર સખસે કબુલત કરી હોય તેજ ગુન્હા બદલ બીજા સખસની એકઠી તજવીજ ચાલી હોય તેથી તે બીજા સખસ વિરૂદ્ધ વાપરી શકાય છે?

ઊત્તર–કલમ ૩૦ જુઓ.

૧૩. પ્રશ્ન–અંગીકાર જે વિષયનો કરચો હોય તેનો તે નિર્ણયકારક પુરાવો છે, અથવા જો ન હોય તો, ત્યારે તેનો શો પરીણાંમ થાય?

ઊત્તર–કલમ ૩૧ જુઓ.

૧૪. પ્રશ્ન–જે સખસ મરી ગયો હોય, મળી શકતો ન હોય, શાહેદી આપવાને અશકત થયો હોય તેણે લગતી હકીકતનો કહેલો મજકુર કઈ બાબતોમાં

લગતી હકીકત છે?

ઊત્તર—કલમ ૩૨ જુઓ.

૧૫. પ્રશ્ન—કેવે પ્રસંગે અને કેવા ગુણથી ઈનસાફી કામ વગેરેમાં શાહેદે શાહેદી આપી હોય, તે પછીના ઈનસાફી કામમાં એવી હકીકતની સત્યતા શાબીત કરવાને લગતી થાય છે?

ઊત્તર—કલમ ૩૩ જુઓ.

૧૬. પ્રશ્ન—નિયમપુર્વક રાખેલી હિસાબની ચોપડીયોમાં કરેલી નોંધ ક્યારે લગતી છે, અને તે એકલીજ કોઈ સખ્સ ઉપર જવાબદારી નાંખવાને સારૂ પુરતો પુરાવો છે?

ઊત્તર—કલમ ૩૪ જુઓ.

૧૭. પ્રશ્ન—કોઈ સાર્વજનિક અથવા સરકારી ચોપડીમા અથવા રજીસ્ટરમાં અથવા દફતરમાં લગતી હકીકત સબંધી નોંધ હોય તે ક્યારે લગતી થાય છે?

ઊત્તર—કલમ ૩૫ જુઓ?

૧૮. પ્રશ્ન—નકાશા, પ્લાન, કોઈ આકટ અથવા સરકારી જાહેરનામાનો મજકુર અથવા કાયદાની ચોપડીઓ ક્યારે લગતાં હોય છે?

ઊત્તર—કલમ ૩૬-૩૭ અને ૩૮ જુઓ.

૧૯. પ્રશ્ન—કોઈ મજકુર વાતચીતનો, દસ્તાવેજનો, ચોપડીનો અથવા કાગળનો ભાગ હોય એવા મજકુરને બાબતે

કયો પુરાવો આપવો જોઈએ?

ઊત્તર-કલમ ૩૯ જુઓ.

૨૦. પ્રશ્ન-પેસ્તરનો ફેંસલો ક્યારે લગતો છે?

ઊત્તર-કલમ ૪૦ જુઓ.

૨૧. પ્રશ્ન-કીયા ફેંસલા લગતા હોય છે?

ઊત્તર-કલમ ૪૧ જુઓ.

૨૨. પ્રશ્ન-ત્રીજા પક્ષકારોના વચમાં ફેંસલા, હુકમ અથવા હુકમનામાં ક્યારે લગતાં અને ક્યારે ગેરલગતાં હોય?

ઊત્તર-કલમ ૪૨ જુઓ.

૨૩. પ્રશ્ન-કિયા સબબ ઉપરથી ફેંસલા ઉપર દોષ મુકાયછે?

ઊત્તર-કલમ ૪૪ જુઓ.

૨૪. પ્રશ્ન-ક્યારે અને શી બાબતમાં કુશળ માણસોના અભિપ્રાય લગતા છે, અને વળી કુશળ માણસના અભિપ્રાય સાથે સબંધ રાખતી હકીકતો ક્યારે લગતી છે?

ઊત્તર-કલમ ૪૫ અને ૪૬ જુઓ.

૨૫. પ્રશ્ન-અક્ષર વિશે, હક અથવા રિવાજ છે તે વિશે, વહિવટ, સંપ્રદાય વિશે, સગપણ વિશેના અભિપ્રાય ક્યારે લગતા છે?

ઊત્તર-કલમ ૪૭-૪૮-૪૯ અને ૫૦ જુઓ.

૨૬. પ્રશ્ન-અભિપ્રાયનાં કારણો ક્યારે લગતાં છે?

ઊત્તર-કલમ ૫ જુઓ.

૨૭. પ્રશ્ન–દિવાની કામમાં વર્તણુંક શાબીત કરવાને સારૂ ચાલ ચલણ કયારે લગતી નથી, વળી ફોજદારી કામમાં આગલી સારી ચાલ ચલણ કયારે લગતી છે, અને ફોજદારી કામમાં ગુન્હાની શાબીતી પેસ્તર થઈ હતી તે અને પેસ્તરની ખરાબ ચાલ ચલણ કયારે લગતીછે!

ઊત્તર-કલમ ૫૨-૫૩ અને ૫૪ જુઓ.

૨૮. પ્રશ્ન–દિવાની કામમાં ચાલ ચલણ કયારે લગતી છે!

ઊત્તર–કલમ ૫૫ જુઓ.

૨૯. પ્રશ્ન–કેઈ હકીકતનો પુરાવો આપવાની જરૂર નથી, અને કેઈ હકીકતો કોર્ટે ન્યાયાધિકારની રૂઇએ ધ્યાન માં રાખવી?

ઊત્તર–કલમ ૫૬-૫૭ અને ૫૮ જુઓ.

૩૦. પ્રશ્ન–હકીકતો શી રીતે શાબીત થાય છે, અને મુખજુબાની કેવી જાતની જોઇએ!

ઊત્તર–કલમ ૫૯ અને ૬૦ જુઓ.

૩૧. પ્રશ્ન–દસ્તાવેજ શી રીતે શાબીત કરવા, અને અવલ તથા દોયમ પુરાવાનો અર્થ શો, અને વળી દોયમ પુરાવામાં કેઈ વસ્તુઓનો સમાવેશ થાય છે?

ઊત્તર–કલમ ૬૧-૬૨ અને ૬૩ જુઓ.

૩૨. પ્રશ્ન–દસ્તાવેજો ધારણંકરીને શી રીતે શાબીત કરવા, અને

કેઈ બાબતોમાં અને કેવે પ્રસંગે દાયમ પુરાવો અપાય છે?

ઊત્તર—કલમ ૬૪ અને ૬૫ જુઓ.

૩૩. પ્રશ્ન—દાયમ પુરાવો આપતા પેહેલાં પેહેલ વેહેલો શો ઉપાય કરવો જોઈએ, અને વળી રજુ કરવા સારૂ કેઈ બાબતોમાં નોટીસનો દરકાર કહાડી નંખાય છે?

ઊત્તર—કલમ ૬૬ જુઓ.

૩૪. પ્રશ્ન—દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરી છે અથવા તે તેણે લખ્યો છે એવું કહેવામાં આવે ત્યારે તેની સહીની તથા અક્ષરની શાબીતી શી રીતે થવી જોઈએ?

ઊત્તર-કલમ ૬૭ જુઓ.

૩૫. પ્રશ્ન—દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે સાક્ષી હોવી જરૂર હોય તો તે દસ્તાવેજ થયાની શાબીતી શી રીતે થાય છે, અને વળી સાક્ષી કરનાર શાહેદ મળતો ન હોય તો એવા દસ્તાવેજની શી રીતે શાબીતી કરવી?

ઊત્તર—કલમ ૬૮ અને ૬૯ જુઓ.

૩૬. પ્રશ્ન—વળી જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવી જોઈએ તે દસ્તાવેજ શી રીતે શાબીત થાય છે, અને દસ્તાવેજ ઉપર સાક્ષી કરનાર શાહેદ દસ્તાવેજ થયાનું ના કબુલ કરે તો તે દસ્તાવેજ થયાની શાબીતી

શી રીતે થાય?

ઊત્તર–કલમ ૭૦ અને ૭૧ જુઓ.

૩૭. પ્રશ્ન–કાયદા મુજબ જે દસ્તાવેજ ઉપર સાક્ષી થવાની જરૂર નથી તેની શાબીતી શી રીતે કરી શકાય?

ઊત્તર–કલમ ૭૨ જુઓ.

૩૮. પ્રશ્ન–શી રીતે અને શા કામ માટે અક્ષરનો મુકાબલો કરવામાં આવે છે?

ઊત્તર–કલમ ૭૩ જુઓ.

૩૯. પ્રશ્ન–કયા દસ્તાવેજ સાર્વજનિક છે અને કયા ખાનગી છે, અને સાર્વજનિક દસ્તાવેજની સહી સાયની નકલો કઈ છે? શા કામ માટે એવી નકલો ગુજારવામાં આવે છે?

ઊત્તર–કલમ ૭૪-૭૫-૭૬ અને ૭૭ જુઓ.

૪૦. પ્રશ્ન–આકટો, હુંડીયો વિગરે એવા બીજા સરકારી દસ્તાવેજો શી રીતે શાબીત થઈ શકે છે?

ઊત્તર–કલમ ૭૮ જુઓ.

૪૧. પ્રશ્ન–સહી સાચેની નકલોના ખરાપણા વિશે; ગેઝેટ વિશે; સહી અથવા શિક્કાની શાબીતી થયા વગર ઈંગલંડમાં તે દસ્તાવેજ પુરાવામાં લેવામાં આવે છે તે વિષે; નકશા, પ્લાન્સ, સરકારના હુકમથી થયા હોય તે વિશે; પુરાવાના દફતર વિશે; કાયદા તથા કોર્ટ

ના ફેંસલાઓના સંગ્રહ ગ્રંથ વિશે; મુખત્યારનામા વિશે; પરરાજના ઈનસાફનાં દફતરોની સહીવાળી નકલો વિશે; ચોપડી તથા નકશા, ફોટોગ્રાફ પં-ગવડે પએલી નકલો, તાર પંત્ર માર્ગે મોકલેલા સંદેસા વિશે; કોર્ટમાં રજુ થવાને નોટીસ થયા છતાં ન રજુ થયા હોય તેવા દસ્તાવેજ થયા છે કે નહી, તથા રીતી પ્રમાણે સાક્ષી તથા સ્ટાંપ છે તે વિશે, ત્રીસ વર્ષના જુના દસ્તાવેજો વિશે શો અનુમાન છે?

ઊત્તર—કલમ ૭૯-૮૦-૮૧-૮૨-૮૩-૮૪-૮૫-૮૬-૮૭-૮૮-૮૯ અને ૯૦ જુઓ.

૪૨. પ્રશ્ન—કરારનો દસ્તાવેજ થયો હોય અથવા દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય તેવા લખેલા કરારની શરતો સારૂ ઉત્તમ પુરાવો કયો છે?

ઊત્તર—કલમ ૯૧ જુઓ.

૪૩. પ્રશ્ન—કયાં કામોમાં અને શામાટે લખેલા કરાર બાબતમાં મુખજુબાની કરારનો પુરાવો બાતલ કરવામાં આવે છે, અને કયા મુકરદમામા એવો પુરાવો લેવામાં આવે છે?

ઊત્તર—કલમ૯૨-૯૩-૯૪-૯૫-૯૬-૯૭-૯૮ અને૯૯ જુઓ.

૪૪. પ્રશ્ન—મૃત્યુપત્રનો અર્થ શી રીતે કરવામાં આવે છે?

ઊત્તર—કલમ ૧૦૦ જુઓ.

૪૫. પ્રશ્ન-શાબીતીનો બોજો એટલે શું, અને તે શાબીતીનો બોજો કોના ઉપર છે? કોઈ ફલાણી હકીકતની શાબીતીનો બોજો કોના ઉપર છે? પુરાવો લેવા યોગ્ય થાય તેને સારૂ જે હકીકત શાબીત કરવાની જરૂર હોય તે હકીકત શાબીત કરવાનો બોજો કોના ઉપર છે; તોહમતવાળાના કામનો સમાવેશ અપવાદમાં થાય છે એવું વિશેષે કરીને હકીકત જાણવામાં હોય તે શાબીત કરવાનો બોજો; ત્રીસ વર્ષ ઉપર કોઈ માણસ હયાત હોવાનો જાણવામાં હોય તે માણસ મરણ પામ્યાની વાત શાબીત કરવાનો બોજો; સાત વર્ષ થયાં ખબર અંતર ન સાંભળી હોય એવો સખસ હયાત છે એ વાત શાબીત કરવાનો બોજો; માલકીપણું, પત્યાણું, ગણોત અને આડત શાબીત કરવાનો બોજો; પક્ષકારોમાંથી એક પક્ષકારના ઉપર ભરોંસો રાખવામાં આવતો હોય તેવાં કામોમાં અમુક કામ શુધબુધ્ધિથી થયું કે નહી તેની શાબીતી વિશેનો બોજો એ સર્વ કોના ઉપર છે?

ઊત્તર-કલમ ૧૦૧-૧૦૨-૧૦૩-૧૦૪-૧૦૫-૧૦૬-૧૦૭-૧૦૮ ૧૦૯-૧૧૦ અને ૧૧૧ જુઓ.

૪૬. પ્રશ્ન-કાયદેસર પુત્ર છે એ વાતની નિર્ણયકારક શાબીતી

શી છે, મુલક સ્વાધીન કરવામાં આવ્યો હોય તે-
ની શી છે?

ઊત્તર-કલમ ૧૧૨ અને ૧૧૩ જુઓ.

૪૭. પ્રશ્ન-કુદરતી બનાવની તથા મનુષ્યની વર્તણુંકની તથા
સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ગતિ
ઉપર વિચાર રાખતાં કોર્ટ કેઈ હકીકત બનેલી છે
એવું અનુમાન કરશે?

ઊત્તર-કલમ ૧૧૪ જુઓ.

૪૮. પ્રશ્ન-પ્રતિબંધ એટલે શું? મીલકતના માલીક વિશે ગ-
ણાતિયાનો પ્રતિબંધ શો છે, હુંડી સ્વિકારનારનો,
નિક્ષેપીનો અથવા કોઈને પરવાનો મળ્યો હોય તેનો
શો પ્રતિબંધ છે?

ઊત્તર-કલમ ૧૧૫-૧૧૬ અને ૧૧૭ જુઓ.

૪૯. પ્રશ્ન-શાહેદી કોણ આપી શકે છે, અને કોણ આપી
શકતા નથી? મુગા શાહેદને શી રીતે તપાશી શકાય?

ઊત્તર-કલમ ૧૧૮ અને ૧૧૯ જુઓ.

૫૦. પ્રશ્ન-દિવાની કામોમા અરજીના પક્ષકાર અને અરજીના
કોઈ પક્ષકારનો ધણી અથવા સ્ત્રીથી શાહેદી આપી
શકાય? ફોજદારી કામમાં કોઈનો ધણી અથવા
સ્ત્રી શાહેદી આપી શકે છે?

ઊત્તર-કલમ ૧૨૦ જુઓ.

૫૧. પ્રશ્ન–જડજ તથા માજીસ્ત્રેટને પોતાના હોદ્દાની રૂઇએ કોરટમાં જે વાત જાણવામાં આવી હોય તે બાબતમાં તેમની શાહેદી લેઈ શકાય, અને તેમને તપાસવા સારૂ કોની મંજુરીની જરૂર છે?

ઊત્તર–કલમ ૧૨૧ જુઓ.

૫૨. પ્રશ્ન–લગ્ન સબંધના દરમિયાનમા પરણેલા જોડાની વચમાં થએલી વાત ઊઘાડી ક્યારે કરાવી શકાય છે? અને ક્યારે તે ઉઘાડી કરાવી શકાતી નથી.

ઊત્તર–કલમ ૧૨૨ જુઓ.

૫૩. પ્રશ્ન–રાજ્ય પ્રકરણ સબંધી પુરાવાના અપવાદ બાબતમાં સરકારી કામકાજ સબંધી લખાણ ચાલેલું હોય તેવી બાબતોમાં રોજગાર સબંધી કહેલી વાતની બાબતમા શો નિયમ છે? કોઈ લખાણ પડાણની બાબતોને આ હક નથી?

ઊત્તર–કલમ ૧૨૩-૧૨૪ અને ૧૨૬ જુઓ.

૫૪. પ્રશ્ન–કયા વર્ગના સખસોને હકવાળું લખાણ પડાણ અપવા વાતચાતના નિયમ લાગુ છે?

ઊત્તર–કલમ ૧૨૭ જુઓ.

૫૫. પ્રશ્ન–કોઈ પક્ષકાર પોતાનીજ ખુશીથી શાહેદી આપેથી તેનો હક ઉઠાવી શકે છે, અને તેણે હક ઉઠાવી દીધો એવું ક્યારે અનુમાન થાય છે?

ઊત્તર-કલમ ૧૨૮ જુઓ.

૫૬. પ્રશ્ન-કોઈ સખસની તથા તેના કાયદા સબંધી રોજગાર કરનાર સલ્હાકારની વચ્ચે કાંઈ ભરોસાની વાત થઈ હોય તે ઉઘાડી કરવાને ફરજ પડાય છે, અને કયારે તેને ફરજ પાડવામાં આવે છે?

ઊત્તર-કલમ ૧૨૯ જુઓ.

૫૭. પ્રશ્ન-કોઈ શાહેદી પક્ષકાર નથી તે પોતાની મીલકતનાં ખત અથવા કબાલા રજુ કરવાથી તે ગુન્હામાં આવે તેવું હોય એવાં ખત રજુ કરવાને તે સખસને ફરજ પાડી શકાય, અને વળી કયારે પાડી શકાય?

ઊત્તર-કલમ ૧૩૦ જુઓ.

૫૮. પ્રશ્ન-કોઈ દસ્તાવેજો બીજા કોઈ સખસ પાસે હોય તો તે સખસનો તે દસ્તાવેજ હાજર કરવાની ના કેહેવાનો હક હોત એવા દસ્તવેજ જે સખસના કબજામાં હોય તેને તે હાજર કરવાની ફરજ પાડી શકાય?

ઊત્તર-કલમ ૧૩૧ જુઓ.

૫૯. પ્રશ્ન-જવાબ દીધાથી ગુન્હામાં આવીશું અથવા દ્રવ્યદંડ અથવા કાયદો તોડવાની ગુન્હેગારીમાં આવીશું એજ સબબ ઉપરથી કોઈ શાહેદી સવાલના

જવાબ દેવાની ના કહી શકે? એવી બાબતોમાં શાહેદીઓને શું રક્ષણ કાયદાએ આપ્યું છે?

ઊત્તર-કલમ ૧૩૨ જુઓ.

૬૦. પ્રશ્ન-ગુન્હાના કામમાં તોહમતવાળા સખસનો સોબતી તોહમતવાળા સખસની વિરૂધ્ધ શાહેદી આપવાને લાયક છે? એવા સોબતીની વગર પુષ્ટીની શાહેદી ઉપરથી ગુન્હેગાર ઠરાવ્યો હોય તે કાયદેસર છે?

ઊત્તર-કલમ ૧૩૩ જુઓ.

૬૧. પ્રશ્ન-હકીકત શાબીત કરવાને શાહેદીઓની અમુક સંખ્યાની શાહેદી જોઇએ એવો કાંઈ ધારો છે?

ઊત્તર-કલમ ૧૩૪ જુઓ.

૬૨. પ્રશ્ન-શાહેદો કેવે અનુક્રમે ગુજારવા તથા શાહેદી લેવી એનો નિયમ શો છે?

ઊત્તર-કલમ ૧૩૫ જુઓ.

૬૩. પ્રશ્ન-અમુક પુરાવો લેવા લાયક છે અથવા લગતો છે તે કોણ નકી કરે?

ઊત્તર-કલમ ૧૩૬ જુઓ.

૬૪. પ્રશ્ન-મુખ્ય તપાસણી, ઉલટ તપાસણી અને ફરી તપાસણી એટલે શું? તેમનો અનુક્રમ અને મતલબ શો છે?

ઊત્તર-કલમ ૧૩૦ અને ૧૩૮ જુઓ.

૬૫. પ્રશ્ન-કોઈ સખ્સને દસ્તાવેજ રજુ કરવાનો હુકમ થયો હોય તે ફક્ત રજુ કરેથી શાહેદ થઈ શકે છે, અને તેને ઉલટ તપાસી શકાય?

ઊત્તર-કલમ ૧૩૯ જુઓ.

૬૬. પ્રશ્ન-આલગલગત બાબતના શાહેદોની ઉલટ તપાસણી અને ફરી તપાસણી કરી શકાય છે?

ઊત્તર-કલમ ૧૪૦ જુઓ.

૬૭. પ્રશ્ન-સુચક સ્વાલ કયા છે, અને તેઓ ક્યારે પુછાય, અને ક્યારે ના પુછાય?

ઊત્તર-કલમ ૧૪૧-૧૪૨ અને ૧૪૩ જુઓ.

૬૮. પ્રશ્ન-કોઈ કરાર અથવા બક્ષીસ વગરે લખેલાં હોય તે બાબતમાં શાહેદ શાહેદી આપતો હોય તો શો વહિવટ છે?

ઊત્તર-કલમ ૧૪૪ જુઓ.

૬૯. પ્રશ્ન-પેહેતરનો મજકુર લખી લેવામાં આવ્યો હોય તે સબંધી ઉલટ તપાસણી શી રીતે થઈ શકે, અને લખાણ મજકુરથી તેને જોટો પાડવાનો હોય તો શું કરવું જોઈએ?

ઊત્તર-કલમ ૧૪૫ જુઓ.

૭૦. પ્રશ્ન-ઉલટ તપાસણીમાં કયા સ્વાલો પુછવા કાયદેસર છે?

ઊત્તર—કલમ ૧૪૬ જુઓ.

૭૧. પ્રશ્ન—સ્વાલોની યોગ્યતા વિશેનો કોણે ઠરાવ કરવો જોઈએ, અને વળી શાહેદ જવાબ દેવાને બંધાએલો છે કે નહી, અને અમુક સવાલનો જવાબ દેવાને તે બંધાએલો નથી એવી કોરટ શાહેદીને ક્યારે સુચના આપે, અને સુચના આપવામાં કોરટે શું લક્ષમાં રાખવું જોઈએ?

ઊત્તર—કલમ ૧૪૮ જુઓ.

૭૨. પ્રશ્ન—કોઈ શાહેદને કોઈ હકીકત જેમાં ઉલટ તપાસવામાં આવે કે જેથી કરીને તેની બેઆબરૂ થાય તેમાં ઉલટ તપાસનારની શી ફરજ છે?

ઊત્તર—કલમ ૧૪૯ જુઓ.

૭૩. પ્રશ્ન—યોગ્ય કારણ વગર આવા સ્વાલ હરકોઈ બારીસ્ટર, વકીલ અથવા આટર્ની પુછે તો શો વહિવટ છે?

ઊત્તર—કલમ ૧૫૦ જુઓ.

૭૪. પ્રશ્ન—શાહેદીને કયા વર્ગના સ્વાલો પુછવાને કોરટ પક્ષકારને મના કરે?

ઊત્તર—કલમ ૧૫૧ અને ૧૫૨ જુઓ.

૭૫. પ્રશ્ન—શાહેદની સાચવટ સબંધી સ્વાલના જવાબ જોટા પાડવાને પુરાવો આપી શકાય, અને તેને બે અપવાદ કયા લાગુ છે?

ઊત્તર-કલમ ૧૫૩ જુઓ.

૭૬. પ્રશ્ન-શાહેદીના સાચવટપણા ઉપર કોણ દોષ મુકી શકે, અને તે શી રીતે મુકી શકાય?

ઊત્તર-કલમ ૧૫૫ જુઓ.

૭૭. પ્રશ્ન-લગતી હકીકતના પુરાવાને પુષ્ટી મળે એવા સ્વાલો ક્યારે પુછી શકાય છે?

ઊત્તર-કલમ ૧૫૬ જુઓ.

૭૮. પ્રશ્ન-શાહેદીએ કહેલી હકીકતને શીરીતે પુષ્ટી અપાય છે?

ઊત્તર-કલમ ૧૫૭ જુઓ.

૭૯. પ્રશ્ન-સન ૧૮૭૨ ના પેહેલા આકટની કલમ ૩૨ અને ૩૩ મુજબ લગતી વાતો શાબીત થાય તે સબબથી કેવી બાબતો શાબીત કરી શકાય છે?

ઊત્તર-કલમ ૧૫૮ જુઓ.

૮૦. પ્રશ્ન-શાહેદી ક્યારે અને શી રીતે યાદદાસ્ત તાજી કરે છે, અને શાહેદી પોતાની યાદદાસ્ત તાજી કરવાને માટે દસ્તાવેજની નકલ ક્યારે વાપરે છે?

ઊત્તર-કલમ ૧૫૯ જુઓ.

૮૧. પ્રશ્ન-યાદદાસ્ત તાજી કરવાના કામમાં લીધેલા દસ્તાવેજ બાબત સામા પક્ષકારનો હક શો છે?

ઊત્તર-કલમ ૧૬૧ જુઓ.

૮૨. પ્રશ્ન-દસ્તાવેજ રજુ કરવાને શાહેદી ઉપર સમન થયો

હોય તો તે શું કરવાને બંધાએલો છે, અને તેને રજુ કરવાની હરકતોનો કોણ ઠરાવ કરવો?

ઉત્તર—કલમ ૧૬૨ જુઓ.

૯૩. પ્રશ્ન—સામા પક્ષકાર તરફથી કાંઈ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપવા ઉપરથી તે દસ્તાવેજ રજુ કરનાર પક્ષકાર તેની મરજી હોયતો પુરાવામાં રજુ કરવાને હઠ કરી શકે?

ઉત્તર—કલમ ૧૬૩ જુઓ.

૯૪. પ્રશ્ન—નોટીસ ઉપરથી દસ્તાવેજ ગુજરવાની કોઈ પક્ષકારે ના કહી હોય તે દસ્તાવેજ પછી પુરાવામાં ગુજરી શકે, અને તે તે પ્રમાણે ક્યારે કરી શકે છે!

ઉત્તર—કલમ ૧૬૪ જુઓ.

૯૫. પ્રશ્ન—શાહેદીયોને અને પક્ષકારોને સ્વાલ પુછવાનો તથા દસ્તાવેજ રજુ કરવાનો હુકમ કરવાનો જડજને અથવા જ્યુરીને અથવા આસેસરોને શો અખત્યારછે!

ઉત્તર—કલમ ૧૬૫ જુઓ.

૯૬. પ્રશ્ન—લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય અથવા નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી કોઈ કામનો ઠરાવ રદ કરી શકાય છે અને ફરી તજવીજ કરવાનો હુકમ કરી શકાય છે?

ઉત્તર—કલમ ૧૬૭ જુઓ.

હિંદુસ્તાનના કરારના આકટ વિષે.

(સન ૧૮૭૨ નો આકટ ૯ મો.)

૧. પ્રશ્ન—સન ૧૮૭૨ ના નવમા આકટનું શું નામ છે? તે આકટ ક્યારથી અને ક્યાંહાં અમલમાં આવશે, અને તેથી કયા કાયદા રદ થાય છે?

ઊત્તર—કલમ ૧ જુઓ.

૨. પ્રશ્ન—નિચે લખેલા શબ્દનો શો અર્થ થાય છેઃ—"સુચના" "વચન" "વચન આપનાર" "વચન લેનાર" "અવેજ" "કબુલત" "પરસ્પર વચન" "નિરર્થક કબુલત" "કરાર" "નિરર્થક થવા યોગ્ય કરાર" અને "નિરર્થક કરાર?"

ઊત્તર—કલમ ૨ જુઓ.

૩. પ્રશ્ન—સુચના સ્વિકારવી તથા રદ કરવી શી રીતે જણાવવામાં આવે છે? સુચના, સ્વિકાર, અથવા રદ કરવી એ જણાવવું ક્યારે સંપુર્ણ થાય છે?

ઊત્તર—કલમ ૩ અને ૪ જુઓ.

૪. પ્રશ્ન—સુચના તથા સ્વિકાર ક્યારે અને શી રીતે રદ થાય છે?

ઊત્તર—કલમ ૫ અને ૬ જુઓ.

૫. પ્રશ્ન—સુચનાને વચનનું રૂપ આપવા સારૂ શી રીતે સ્વિકાર કરવો જોઈએ?

ઊત્તર–કલમ ૭ જુઓ.

૬. પ્રશ્ન–બીજી રીતે સુચનાનો સ્વિકાર શી રીતે થાય છે, અને વચનો કયારે સ્પષ્ટ અને ગાભિત હોય છે?

ઊત્તર–કલમ ૮ અને ૯ જુઓ.

૭. પ્રશ્ન–કેઈ કબુલતો કરાર હોય છે? કરારે કરવાને કોણ લાયક છે? કરાર કરવાને સાવધબુધ્ધિનો સબબ કયારે સમજવો?

ઊત્તર–કલમ ૧૦-૧૧ અને ૧૨ જુઓ.

૮. પ્રશ્ન–"સમતી," "રાજી ખુશીથી આપેલી સમતી," "સખતી," "ગેરવ્યાજબી દાબ," "કપટ," અને "ગેરસમજુતી" એટલે શું?

ઊત્તર–કલમ ૧૩-૧૪-૧૫-૧૬-૧૭ અને ૧૮ જુઓ.

૯. પ્રશ્ન–કબુલત કેવા કારણથી નિરર્થક થઈ શકે છે? કાયદાની ચુકનો શો પરિણામ થાય છે? હકીકત વિશે કરારના એક પક્ષકારની ચુક થઈ હોય તો માત્ર તેજ કારણથી કરાર નીરર્થક થાય છે?

ઊત્તર–કલમ ૧૯-૨૦-૨૧ અને ૨૨ જુઓ.

૧૦. પ્રશ્ન–કબુલતનો અવેજ અથવા કારણ કયારે ગેરકાયદેસર છે?

ઊત્તર–કલમ ૨૩ જુઓ.

૧૧. પ્રશ્ન–નિરર્થક કબુલતો કેઈ છે? એવા કરારના જુદા જુદા વર્ગના દાખલા આપો?

ઊત્તર–કલમ ૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯ અને ૩૦ જુઓ.

૧૨. પ્રશ્ન–અવલંબી કરાર એટલે શું?

ઊત્તર–કલમ ૩૧ જુઓ.

૧૩. પ્રશ્ન–કાંઈ બીના બનવા ઉપર અથવા ન બનવા ઉપર અવલંબી કરાર હોય તે કયારે અમલમાં આવે છે

ઊત્તર–કલમ ૩૨ અને ૩૩ જુઓ.

૧૪. પ્રશ્ન–જે બીના ઊપર કોઈ કરાર અવલંબી હોય તે બીના કોઈ હયાત હોય એવા સખસની ભવિષ્ય વર્ત- ણુંકને રૂપે હોય તો, બીના મંજુર બનવી અશક્ય થઈ એમ કયારે સમજવું!

ઊત્તર–કલમ ૩૪ જુઓ.

૧૫. પ્રશ્ન–અમુક બીના નિમેલા વખતની અંદર બનવા ઉપર કરેલા અવલંબી કરાર નિરર્થક કયારે થાય છે, અને વળી નીમેલી મુદતની અંદર અમુક બીના બનવા ઉપર કરેલો કોઈ કરાર અવલંબી કયારે નિરર્થક થાય છે!

ઊત્તર–કલમ ૩૫ જુઓ.

૧૬. પ્રશ્ન–અશકય બીના ઉપર કરેલી અવલંબી કબુલતો કયારે નિરર્થક થાય છે!

ઊત્તર–કલમ ૩૬ જુઓ.

૧૭. પ્રશ્ન–કરારના પક્ષકારોની શી ફરજ છે, અને એવા ક-

રારી કોને બંધનમાં નાંખે છે?

ઊત્તર- કલમ ૩૭ જુઓ.

૧૮. પ્રશ્ન-વચન પુરૂં કરૂં છું એવું કહ્યા છતાં કબુલ ન કરયું તો તેનો શો પરીણામ થાય છે, અને એવું કહેવું તેની શી શરતો હોવી જોઈએ?

ઊત્તર-કલમ ૩૮ જુઓ.

૧૯. પ્રશ્ન-પક્ષકાર પોતાનું વચન તમામ પુરૂં કરવાની ના કહેતો તેનો શો પરીણામ થાય?

ઊત્તર-કલમ ૩૯ જુઓ.

૨૦. પ્રશ્ન-કરાર કયા સખસે પુરા કરવા જોઈએ? કોઈ ત્રાહીત સખસ પાસેથી વચન પુરૂં કરી લેવાનું કબુલ કરયાનો શો પરીણામ થાય છે?

ઊત્તર-કલમ ૪૦ અને ૪૧ જુઓ.

૨૧. પ્રશ્ન-કરારમાં એકઠેમતે જવાબદારી હોય તો તે કોના ઉપર શી તરેહ પડે છે? એકઠેમતે વચન આપનારાઓ પઈકી કોઈપણ એકને તે બધો કરાર પુરો કરવાની ફરજ વચન લેનાર પાડી શકે છે?

ઊત્તર-કલમ ૪૨ અને ૪૩ જુઓ.

૨૨. પ્રશ્ન-એકઠેમતે કરાર કરનાર પઈકી એક સખસને કરાર કરી લેનાર છુટો કરે તો તેનો શો પરિણામ થાય છે? એકઠેમતે ઉત્પન્ન થએલા હક કેવી રીતે કોને

પોહોચે છે?

ઉત્તર—કલમ ૪૪ અને ૪૫ જુઓ.

૨૩ પ્રશ્ન—વચન પુરૂં કરવાનો વખત નીમેલો ન હોય તથા અગાઉથી પુરૂં કરવાની વિનંતી પણ કરવાની ન હોય એવાં વચન ક્યારે પુરાં કરવાં, વચન પુરૂં કરવાનો વખત નીમેલો હોય પરંતુ પુરૂં કરવાની વિનંતી કરવાની ન હોય તો વચન ક્યારે તથા કયે ઠેકાણે પુરૂં કરવું જોઈએ?

ઉત્તર—કલમ ૪૬ અને ૪૭ જુઓ.

૨૪. પ્રશ્ન—જ્યારે કંઈ વચન અમુક દીવસે અને અમુક જગાએ પુરૂં કરવાનું વચન લેનારની તરફથી વિનંતી આવ્યા શિવાય તે પુરૂં કરવાનું વચન આપનારે પોતાને માથે ન રાખ્યું હોય એવી બાબતમાં વચન લેનારની શી ફરજ છે?

ઉત્તર—કલમ ૪૮ જુઓ.

૨૫. પ્રશ્ન—વિનંતી કરવાની ન હોય, અને ઠેકાણું નિમ્યું ન હોય ત્યારે વચન આપનારની શી ફરજ છે?

ઉત્તર-કલમ ૪૯ જુઓ.

૨૬. પ્રશ્ન—કરાર કેવી રીતે અને કંઈ જગાએ પુરા કરવા તે બતાવવાનું કોનું કામ છે?

ઉત્તર—કલમ ૫૦ જુઓ.

૨૭. પ્રશ્ન—પરસ્પર વચન બાબતમાં કરાર કોણે પુએ કરવો જોઈએ? આવી બાબતમાં વચન પુરાં કરવાનો શો અનુક્રમ છે?

ઊત્તર—કલમ ૫૧ અને ૫૨ જુઓ.

૨૮. પ્રશ્ન—જે બીના બનવા ઉપર કરારનો અમલ થવાનો હોય તે બીના બનતી કોઈ પક્ષકાર અટકાવે તો તેની શી જવાબદારી છે?

ઊત્તર—કલમ ૫૩ જુઓ.

૨૯. પ્રશ્ન—પરસ્પર વચનોના કરારમાં જે વચન પ્રથમ પુરૂં થવું જોઈએ તે પુરૂં ન થાય તો શો પરિણામ નિપજે?

ઊત્તર—કલમ ૫૪ જુઓ.

૩૦. પ્રશ્ન—જે કરારમાં વખત એ અવશ્યની વાત હોય તે કરારમાં ઠરાવેલી મુદતના અંદર કરાર પુરો ન કરયો તો તેનો શો પરિણામ થાય છે, અને વળી વખત એ અવશ્યની વાત ન હોય તો કેમ થાય?

ઊત્તર—કલમ ૫૫ જુઓ.

૩૧. પ્રશ્ન-જે કૃત્ય અશકયત્વ છે તેવું કૃત્ય કરવાની કબુલતનો શો પરિણામ થાય? જે કૃત્ય કરવાને અશકય છે અથવા જે પછાડીથી અશકય થાય છે તેવું કૃત્ય કરવાનો કરાર ક્યારે ગેરકાયદેસર થાય છે?

ઊત્તર—કલમ ૫૬ જુઓ.

૩૨. પ્રશ્ન–કાયદેસર વસ્તુ કરવાનાં તેમજ ગેરકાયદે વસ્તુ કરવાનાં પરસ્પર વચનો આપવામાં આવે તેવા કરાર પૈકી કેટલો અમલમાં લાવી શકાય છે?

ઉત્તર–કલમ ૫૭ જુઓ.

૩૩. પ્રશ્ન–વચન બેમાંથી એકવાત કરવાનું હોય તેનો એક ભાગ કાયદેસર હોય અને બીજો ગેરકાયદે હોય તો, તેનો કેટલો ભાગ અમલમાં આવે છે?

ઉત્તર–કલમ ૫૮ જુઓ.

૩૪ પ્રશ્ન–અમુક કરજ અદા કરવાનું બતાવ્યું હોય તે પેટે કોઈ રકમ આપેલી હોય તે મજરે લેવાની હોય ત્યારે કેમ કરવું, અને જ્યારે અદા કરવા દેવાની રકમ ન બતાવી હોય ત્યારે કેમ કરવું?

ઉત્તર–કલમ ૫૯ અને ૬૦ જુઓ.

૩૫. પ્રશ્ન–જો બેમાંથી એક પક્ષકારે રકમ કોઈ અમુક કરજને પેટે મુજરે પકડી ન હોય તો કેમ કરવું?

ઉત્તર–કલમ ૬૧ જુઓ.

૩૬. પ્રશ્ન–ક્યારે કરાર પુરા કરવાની જરૂર નથી? કરાર બાબત વચન લેનારને શી મુખત્યારી આપી છે?

ઉત્તર–કલમ ૬૨ અને ૬૩ જુઓ.

૩૭. પ્રશ્ન–નિરર્થક થવા યોગ્ય કરાર રદ કરવાનો શો પરીણામ થાય છે?

ઊત્તર-કલમ ૬૪ જુઓ.

૩૮. પ્રશ્ન-નિરર્થક કબુલત અથવા નિરર્થક થએલા કરારની રૂઈએ જે સખસને કાંઈ ફાયદો થયો હોય તેની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૬૫ જુઓ.

૩૯. પ્રશ્ન-નિરર્થક થવા યોગ્ય કરાર રદ કરયો હોય એ વાત શી રીતે જણાવવી?

ઊત્તર-કલમ ૬૬ જુઓ.

૪૦. પ્રશ્ન-કરાર પુરો કરવાને જે યોગ્ય સોઈ આપવાને વચન લેનાર ગફલત કરે તો તેનો શો પરિણામ થાય?

ઊત્તર-કલમ ૬૭ જુઓ.

૪૧. પ્રશ્ન-કરાર કરવા જે અશકત છે તેને અથવા તેના તરફથી બીજા કોઈને ખોરાકી પોશાકીની જરુર આપી હોય તેવા કરારનો બંધનકારક અમલ શીરીતે છે?

ઊત્તર-કલમ ૬૮ જુઓ.

૪૨. પ્રશ્ન-એક સખસે આપવાના પઈસા બીજે સખસ તે વાતમાં પોતાનો સબંધ હોવાથી આપે તો તે આપનારને પઈસા પાછા શી રીતે મળે?

ઊત્તર-કલમ ૬૯ જુઓ.

૪૩. પ્રશ્ન-મફત ન કરેલા કૃત્યથી જે ફાયદો ભોગવ્યો હોય તે વિશે ઉપભોગ કરનારની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૭૦ જુઓ.

૪૪. પ્રશ્ન-કોઈને કાંઈ માલ જડે તેની શી જવાબદારી છે, અને વળી કોઈ સખસને ચુકથી અગર સખતીના કારણથી પઈસા અથવા કાંઈ વસ્તુ આપવામાં આવી હોય તો તે લેનાર સખસની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૭૧ અને ૭૨ જુઓ.

૪૫. પ્રશ્ન-કરાર તોડ્યાથી શો પરિણામ થાય છે? કરાર સરખી ફરજ ન અદા કરી તો શું નુકશાન ભરી આપવું પડે છે?

ઊત્તર-કલમ ૭૩ જુઓ.

૪૬. પ્રશ્ન-કરાર તોડયો તો અમુક રકમ આપવી એવું જે કરારમાં ઠરાવ્યું હોય ને કરાર તોડ્યાથી કેટલો બદલો આપવો જોઈએ?

ઊત્તર-કલમ ૭૪ જુઓ.

૪૭. પ્રશ્ન-વ્યાજબી રીતે કરાર બંધ પાડનાર પક્ષકારને બીજા પાસેથી બદલો ભરી લેવાનો દાવો કરવાનો હક છે?

ઊત્તર-કલમ ૭૫ જુઓ.

૪૮. પ્રશ્ન-"માલ," અને "વેચાણ" એ શબ્દના શા અર્થ થાય છે? વેચાણ શી રીતે થાય? જે માલ મુકરર કરવામાં આવ્યો છે તેના કરારની બાબતમાં તે વસ્તુ ક્યારે અપાય છે, અને વળી જે બાબતમાં માલ મુકરર કરયો નથી, તૈયાર થયો નથી અથવા

પુરો થયો નથી તેમાં કેમ થાય?

ઊત્તર-કલમ ૭૬-૭૭-૭૮ અને ૭૯ જુઓ.

૪૯. પ્રશ્ન-ખરીદદારને જે સ્થીતીમાં માલ લેવાનો હોય તે સ્થીતિમાં તે માલને વેચનાર આણવાનો હોય ત્યારે માલ મજકુરનું વેચાણ પુરૂં કયારે થાય છે, અને વળી માલની કીમત શી થાય છે તે ઠરાવવા સારૂ વેચનારે તે માલને કાંઈપણ કરવાનું હોય ત્યારે વેચાણ કયારે પુરૂં થાય છે?

ઊત્તર-કલમ ૮૦ અને ૮૧ જુઓ.

૫૦. પ્રશ્ન-કરાર થતી વખતે માલ મુકરર થયો ન હોય તો વેચાણ કયારે પુરૂં થાય છે? જ્યારે કોઈ વેચાણનો કરાર કરતી વખતે માલ મુકરર કરયો ન હોય ત્યારે તે માલ મુકરર શી રીતે કરવો?

ઊત્તર-કલમ ૮૨-૮૩ અને ૮૪ જુઓ.

૫૧. પ્રશ્ન-જંગમ મીલકત સ્થાવર મીલકત જોડે વેચી હોય ત્યારે જંગમ મીલકત ઉપર સ્વામીત્વપણું કયારે ઉત્પન્ન થાય છે?

ઊત્તર-કલમ ૮૫ જુઓ.

૫૨. પ્રશ્ન-માલ વેચાણ લેનારનો થયા પછી કોના જોખમે તે માલ રહે છે?

ઊત્તર-કલમ ૮૬ જુઓ.

૫૩. પ્રશ્ન–જે માલ મોજુદ નથી તે વેચવા વિશે કરાર થયો હોય તો તે માલ ઉપર શી રીતે અને ક્યારે સ્વામીત્વપણું થાય?

ઊત્તર–કલમ ૮૭ જુઓ.

૫૪. પ્રશ્ન–વેચનારના કબજામાં માલ નથી તે ભવિષ્યકાળે વેચવાનો કરાર અમલમાં લાવી શકાય છે?

ઊત્તર–કલમ ૮૮ જુઓ.

૫૫. પ્રશ્ન–કરારથી જે માલની કીમત ઠરાવી ન હોય તે કેમ મુકરર કરવી?

ઊત્તર–કલમ ૮૯ જુઓ.

૫૬. પ્રશ્ન–જે માલ વેચ્યો હોય તે શી રીતે સ્વાધીન કરવામાં આવે છે? માલનો કોઈ ભાગ સ્વાધીન કરયો હોય અથવા ડક્કાવાળાને અથવા હુંડા ભાડાવાળાને સ્વાધીન કરયો હોય તો શો પરિણામ થાય?

ઊત્તર–કલમ ૯૦-૯૧ અને ૯૨ જુઓ.

૫૭. પ્રશ્ન–વેચેલા માલને સ્વાધીન કરવાને વેચનાર ક્યારે બંધાએલો છે? વેચેલો માલ સ્વાધીન કરયો એવું ક્યારે કેહેવાય?

ઊત્તર–કલમ ૯૩ અને ૯૪ જુઓ.

૫૮. પ્રશ્ન–વેચેલા માલ ઉપર તે વેચનારનો લીઅન ક્યારે રહે છે? કોની બાબતમા લીઅન વેચનારનો નથી? કી-

મત પાછળથી આપવાની હોય એવો કરાર થયો હોય તો કેઈ બાબતમાં એ વેચેલા માલ ઉપર વેચનારનો લીઅન છે? પાછળના વેચાણ વિરૂદ્ધ વેચનારનું લીઅન શરૂ રહે છે?

ઊત્તર–કલમ ૯૫-૯૬-૯૭ અને ૯૮ જુઓ.

૫૯. પ્રશ્ન–માલ જતો રસ્તામાં ક્યારે રોકાય છે? તે હક માલ વેચનારો ક્યારે અમલમાં આણે છે? માલ રસ્તામાં જતો છે એવું ક્યારે ગણવું? ફરીથી વેચાણની બાબતમાં એ હક ક્યાંહાં સુધી જારી રહે છે?

ઊત્તર–કલમ ૯૯-૧૦૦ અને ૧૦૧ જુઓ.

૬૦. પ્રશ્ન–કેઈ બાબતમાં ખરીદ કરનાર હકનો દસ્તાવેજ કરી માલ સોંપી શકે છે, અને આવી રીતે રોકવાનો હક બંધ પાડે છે, અને ખરીદ કરનારે કાંઈ કરજે આપેલી રકમને પેટે હકનો દસ્તાવેજ ધરાણે મુકી બીજાના નામ ઊપર કરી આપ્યો હોય તો વેચનારે માલ રોકવા માટે શું કરવું જોઈએ?

ઊત્તર–કલમ ૧૦૨ અને ૧૦૩ જુઓ.

૬૧. પ્રશ્ન–માલ શી રીતે રોકી શકાય છે? વેચનારના હકની ખબર કોને આપવી? માલ રોકાયાથી વેચનારનો શો હક છે?

ઊત્તર–કલમ ૧૦૪-૧૦૫ અને ૧૦૬ જુઓ.

૬૨. પ્રશ્ન–ખરીદદારે કરાર પુરો ન કરયાથી શો પરીણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૦૭ જુઓ.

૬૩. પ્રશ્ન-માલ વેચનાર તરફથી ખરીદદારને કેવી જાતનો હક મળે છે?

ઊત્તર-કલમ ૧૦૮ જુઓ.

૬૪. પ્રશ્ન-ગેર હક બાબતમાં વેચનારની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૦૯ જુઓ.

૬૫. પ્રશ્ન-માલ વેચ્યો હોય તેના ગુણ અથવા વજનની ખાતરી ગર્ભિત શી બાબતમાં છે?

ઊત્તર-કલમ ૧૧૦-૧૧૧-૧૧૨-૧૧૩ અને ૧૧૪ જુઓ.

૬૬. પ્રશ્ન-છુપી ખામીઓ વિશે વેચનાર ક્યારે જુવાબદાર નથી? નક્કી થએલા માલની ખાતરી તોડવા બાબત વેચનારનો શો ઈલાજ છે, અને વળી જ્યારે નક્કી નહી થએલા માલ બાબતમાં શો ઈલાજ છે?

ઊત્તર-કલમ ૧૧૬-૧૧૭ અને ૧૧૮ જુઓ.

૬૭. પ્રશ્ન-મંગાવેલો માલ ક્યારે ખરીદ કરનાર સ્વિકારવાની ના કહે? વેચેલો માલ સ્વિકારવાની ગેરવ્યાજબી રીતે ના કહ્યાનો શો પરિણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૧૯ અને ૧૨૦ જુઓ.

૬૮. પ્રશ્ન-ખરીદદારે નીમેલી વખતે કીમત ન આપ્યાથી વેચનારનો શો હક છે?

ઊત્તર-કલમ ૧૨૧ જુઓ.

૬૯. પ્રશ્ન-લિલામથી માલ વેચવામાં આવે ત્યારે વેચાણ શી રીતે થાય છે, અને માલ સ્વાધીન શી રીતે કરવામાં આવે છે? કીમત વધારવા સારૂ બનાવટની માગણીઓ કરી હોય તો તેનું શું પરીણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૨૨ અને ૧૨૩ જુઓ.

૭૦. પ્રશ્ન-હામીનો કરાર એટલે શું? દાવો થાય ત્યારે હામીદારની જવાબદારી તથા હક શા છે?

ઊત્તર-કલમ ૧૨૪ અને ૧૨૫ જુઓ.

૭૧. પ્રશ્ન-જામીનગીરી એટલે શું? તે શી રીતે અપાય છે? જામીનગીરીનો અવેજ શો છે? જામીન થનારની જવાબદારી કેટલી છે, અને સ્થિર જામીનગીરી એટલે શું?

ઊત્તર-કલમ ૧૨૬-૧૨૭-૨-૧૨૮ અને ૧૨૯ જુઓ.

૭૨. પ્રશ્ન-જામીનગીરી શી રીતે રદ કરાય છે? સ્થીર જામીગીરી બાબતમાં જામીન મરણ પામ્પાથી શો પરિણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૩૦ અને ૧૩૧ જુઓ.

૭૩. પ્રશ્ન-કરાર અથવા દેવા બાબત બે સખસોની પ્રથમ જવાબદારી હોય તે બે સખસો જામીની બાબતમાંહોમાંહે ખાનગી બન્દોબસ્ત કરે તો તેથી તેઓની પ્રથમની જવાબદારીમાં કંઇ જાદે થાય છે?

ઊત્તર- કલમ ૧૩૨ જુઓ.

૭૪. પ્રશ્ન-જામીનની મંજુરી વગર મુખ્ય દેણદાર તથા માગનાર વચ્ચે કરારની શરતોમાં ફેરફાર કરવામાં આવે તો શો પરિણામ થાય?

ઊત્તર-કલમ ૧૩૩ જુઓ.

૭૫. પ્રશ્ન-માગનાર દેણદારને છુટો અથવા મોકળો કરે તો શો પરિણામ થાય?

ઊત્તર-કલમ ૧૩૪ જુઓ.

૭૬. પ્રશ્ન-માગનારના કાર્યથી બીજી કેઈ રીતે જામીન છુટો થાય છે?

ઊત્તર-કલમ ૧૩૫ અને ૧૩૯ જુઓ.

૭૭. પ્રશ્ન-સહજામીનોમાંના એકને માગનારે છુટો કર્યાનો શો પરિણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૩૮ જુઓ.

૭૮. પ્રશ્ન-જામીને રૂપીયા આપ્યા અગર કામ પુરૂં કર્યું તો જામીનના શા હક છે?

ઊત્તર-કલમ ૧૪૦ અને ૧૪૧ જુઓ.

૭૯. પ્રશ્ન-ગેરસમજુતી કરીને અથવા કોઈ વાત છુપાવી રાખ્યાથી માગનારે જામીનગીરી મેળવી હોય તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર-કલમ ૧૪૨ અને ૧૪૩ જુઓ.

૮૦. પ્રશ્ન-જામીનગીરીમાં ગર્ભિત શું વચન રહેલું હમેશા હોય

છે? મુખ્ય દેણદાર કરાર પુરો કરવાને ચુકે તે બાબતમાં સહજામીનની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૪૫ અને ૧૪૬ જુઓ.

૮૧. પ્રશ્ન-જામીનોએ જુદી જુદી રકમની જવાબદારી લીધી હોય ત્યારે તેમની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૪૭ જુઓ.

૮૨. પ્રશ્ન-"નિક્ષેપ" "નિક્ષેપી" અને "નિક્ષેપ્તા" એટલે શું? નિક્ષેપીને માલ શી રીતે સ્વાધીન કરવામાં આવે છે? નિક્ષેપ કરયા પહેલાં નિક્ષેપ્તાની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૧૪૮-૧૪૯ અને ૧૫૦ જુઓ.

૮૩. પ્રશ્ન-નિક્ષેપ થએલા માલ વિશે નિક્ષેપીની શી ફરજ છે? નિક્ષેપ થએલો માલ ખોવાઈ જાય અથવા કાંઈ બીગાડ થાય તો નિક્ષેપી કયારે જવાબદાર નથી?

ઊત્તર-કલમ ૧૫૧ અને ૧૫૨ જુઓ.

૮૪. પ્રશ્ન-નિક્ષેપની સમાપ્તી નિક્ષેપતા પોતાની ઈછાથી કયારે કરે છે? નિક્ષેપ માલનો વગર અધિકારનો ઉપયોગ કરવામાં નિક્ષેપીની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૫૩ અને ૧૫૪ જુઓ.

૮૫. પ્રશ્ન-નિક્ષેપ્તાની ખુશીથી તેનો માલ નિક્ષેપીના માલ સાથે ભળ્યો હોય તો તેનો શો પરિણામ થાય છે? તેની સમતી ન હોય અને જયારે માલ જુદો પાડી

શકાય તેમ હોય ત્યારે કેમ થાય, અને વળી માલ જુદો પાડી શકાય એમ ન હોય ત્યારે કેમ થાય?

ઊત્તર-કલમ ૧૫૫-૧૫૬ અને ૧૫૭ જુઓ.

૮૬. પ્રશ્ન-નિક્ષેપના કામ સારૂ નિક્ષેપીએ જરૂરનો ખરચ કરયો હોય તો તે શી રીતે પાછો અપાય છે? વખત પુરો થયાથી અથવા કામ પુરૂં થયાથી નિક્ષેપીની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૧૫૮ અને ૧૬૦ જુઓ.

૮૭. પ્રશ્ન-માલ યોગ્ય રીતે સ્વાધીન ન કરયો અથવા પાછો ન આપ્યો તો નિક્ષેપીની શી જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૬૧ જુઓ.

૮૮. પ્રશ્ન-બન્ને પક્ષકારોનું મરણ થાય તો નિક્ષેપ ઉપર શી અસર થાય છે? નિક્ષીપ્ત માલમાંથી નફો થાય તે કોણ લે?

ઊત્તર-કલમ ૧૬૨ અને ૧૬૩ જુઓ.

૮૯. પ્રશ્ન-નિક્ષેપ્તાની નિક્ષેપીને શી જવાબદારી છે? નિક્ષીપ્ત માલ જ્યારે કેટલાક સમસ્ત માલીકોએ નિક્ષેપ કરયો હોય ત્યારે નિક્ષેપીએ તે માલ કોને પાછો આપવો?

ઊત્તર-કલમ ૧૬૪ અને ૧૬૫ જુઓ.

૯૦. પ્રશ્ન-જે નિક્ષેપ્તાને હક નથી તેને માલ પાછો આપવાને નિક્ષેપી જવાબદાર છે? નિક્ષીપ્ત માલ ઉપર ત્રીજો સખસ દાવો કરતો હોય તો તેનો શો હક છે?

જેને માલ જડે તેનો હક બદલા બાબત શો છે?

ઊત્તર-કલમ ૧૬૬-૧૬૭ અને ૧૬૮ જુઓ.

૯૧. **પ્રશ્ન**-જેને માલ જડે તે કયારે વેચી શકે? નિક્ષીપ્ત માલ ઉપર નિક્ષેપીનું વિશેષ લીઅન કયારે છે? નિક્ષીપ્ત માલ ઉપર બીજા લોકોનું સાધારણ લીઅન છે?

ઊત્તર-કલમ ૧૬૯-૧૭૦ અને ૧૭૧ જુઓ.

૯૨. **પ્રશ્ન**-"ઘરેણ," "ઘરેણ આપનાર" અને " ઘરેણ લેનાર" નાં લક્ષણો કહો? ઘરેણ મુકેલો માલ કયાંહાં સુધી ઘરેણ રાખનાર અટકાવી શકે છે? ઘરેણ મુકેલો માલ અટકાવી રાખવાને ઘરેણ લેનારનો હક કેટલા સુધી પોહોંચે છે?

ઊત્તર-કલમ ૧૭૨-૧૭૩ અને ૧૭૪ જુઓ.

૯૩. **પ્રશ્ન**-ઘરેણે મુકેલા માલના રક્ષણને અર્થે ઘરેણ લેનારને જે કાંઈ વિશેષ ખરચ થયો હોય તે કોણ આપવો?

ઊત્તર-કલમ ૧૭૫ જુઓ.

૯૪. **પ્રશ્ન**-ઘરેણ મુકનાર દેવું પાછું આપવાને અથવા વચન પુરૂં કરવામાં કસુર કરે તો ઘરેણ લેનારનો શો હક છે? ઠરાવેલો વખત પુરો થયા પછી ઘરેણ આપનાર ઘરેણ મુકેલી રકમ કયારે અને શી રીતે છોડી શકે છે?

ઊત્તર-કલમ ૧૭૬ અને ૧૭૭ જુઓ.

૯૫. પ્રશ્ન-'બીજુ' કોણ માલ ઘરેણે મુકી શકે છે?

ઊત્તર-કલમ ૧૭૮ જુઓ.

૯૬. પ્રશ્ન-જે વસ્તુ ઘરેણે મુકી હોય તેના ઉપર અમુક મર્યાદા સુધીનો ઘરાણે આપનારનો હક હોય તો ઘરાણે લેનારનો કેટલો હક પોંહોંચે છે?

ઊત્તર-કલમ ૧૭૯ જુઓ.

૯૭. પ્રશ્ન-નિક્ષીપ્ત કરેલા માલના કબજાનો અથવા ઉપયોગનો ગેરકાયદે અપકાર કરવા બદલ કોણ ફરીયાદ કરી શકે? એવા નુકશાન બદલ જે મળે તેની વ્યવસ્થા શી રીતે થાય છે?

ઊત્તર-કલમ ૧૮૦ અને ૧૮૧ જુઓ.

૯૮. પ્રશ્ન-"આડતીયો" અને "મુખ્ય" એટલે શું? આડતીયો કોણ નીમે? આડતીયો કોણ થાય? આડત ઉત્પન્ન કરવામાં અવેજની જરૂર છે?

ઊત્તર-કલમ ૧૮૨-૧૮૩-૧૮૪ અને ૧૮૫ જુઓ.

૯૯. પ્રશ્ન-કેટલી રીતે આડત થઈ શકે? "સ્પષ્ટ" અને "ગર્ભિત આડત" એટલે શું? આડતીયાનો અખત્યાર ક્યાંહાં સુધી ચાલે છે? અણચીતવ્યા તાકીદના કામમાં આડતીયાને શો અધિકાર છે?

ઊત્તર-કલમ ૧૮૬-૧૮૭-૧૮૮ અને ૧૮૯ જુઓ.

૧૦૦. પ્રશ્ન-આડતીયો પોતાનું કામ બીજાને ક્યારે સોંપી શ-

કનો નથી, અને ક્યારે સોંપી શકે છે "પેટા આ-
ડતીયો" એટલે શું?

ઊત્તર-કલમ ૧૯૦ અને ૧૯૧ જુઓ.

૧૦૧. **પ્રશ્ન**-યોગ્ય રીતે નિમેલો પેટા આડતીયો ત્રીજા પુરૂષ
વિશે ક્યારે મુખ્યનો પ્રતિનીધી છે?

ઊત્તર-કલમ ૧૯૨ જુઓ.

૧૦૨. **પ્રશ્ન**-મુખ્યના અખત્યાર વગર પેટા આડતીઓ ની-
મ્યો હોય તો તેના કૃત્ય વિશે આડતીયાની શી
જવાબદારી છે?

ઊત્તર-કલમ ૧૯૩ જુઓ.

૧૦૩. **પ્રશ્ન**-આડતનું કામ કરવાને જે આડતીયાએ કોઈ સખ-
સને નિમ્યો હોય તેનો તથા મુખ્યનો શો સબંધ છે?

ઊત્તર-કલમ ૧૯૪ જુઓ.

૧૦૪. **પ્રશ્ન**-મુખ્યને સારૂ બીજો આડતીયો નીમવામાં તે
આડતીયાની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૧૯૫ જુઓ.

૧૦૫. **પ્રશ્ન**-કોઈ માણસને સારૂ તેના અધિકાર શિવાય કૃ-
ત્ય કરવામાં આવ્યું હોય તો તેવા સખસનો શો
હક છે? ગેરઅધિકારનું કામ શી રીતે બાહાલ
રાખવામાં આવે છે?

ઊત્તર-કલમ ૧૯૬ અને ૧૯૭ જુઓ.

૧૦૬. પ્રશ્ન–કાયદેસર બાકુલી આપવાને શું જરૂર છે? અધિકારે શિવાય કરેલું કૃત્ય કાંઈ કાર્યનો ભાગ હોય અને તે કૃત્ય બાહાલ રાખ્યું તો તેનું શું પરીણામ થાય છે?

ઊત્તર–કલમ ૧૯૮ અને ૧૯૯ જુઓ.

૧૦૭. પ્રશ્ન–વગર અધિકારે કરેલું કૃત્ય બાહાલ રાખ્યાથી ત્રીજા સખસને નુકશાન થાય છે?

ઊત્તર–કલમ ૨૦૦ જુઓ.

૧૦૮. પ્રશ્ન–આડતની સમાપ્તી શી રીતે થાય છે? આડતમાં આડતીયાનો સ્વાર્થ હોય તો તે સમાપ્ત થઈ શકે છે? મુખ્યની મરજી હોય ત્યારે આડતીયાનો અખત્યાર ગમે ત્યારે તે રદ કરી શકે છે? આડતીયાને આપેલો અખત્યાર કેટલેક ભાગે વાપરવામાં આવ્યો હોય તો તે રદ કરવાથી શો પરિણામ થાય?

ઊત્તર–કલમ ૨૦૧-૨૦૨-૨૦૩ અને ૨૦૪ જુઓ.

૧૦૯. પ્રશ્ન–મુખ્ય આડત રદ કરે અગર આડતીયો પોતાનું કામ છોડી દે, અને આડત અમુક મુદત સુધી ચલાવવાનો કરાર હોય તો શો પરીણામ થાય?

ઊત્તર–કલમ ૨૦૫ જુઓ.

૧૧૦. પ્રશ્ન–યોગ્ય ખબર આપ્યા વગર આડત રદ કરવાનો અથવા આડતીયો આડત છોડી દે તો તેનો શો

પરિણામ થાય? આડતીયાના સબંધે આડતની સમાપ્તી ક્યારે થાય, અને ત્રીજા પુરૂષને સબંધે ક્યારે થાય?

ઊત્તર-કલમ ૨૦૬ અને ૨૦૮ જુઓ.

૧૧૧. **પ્રશ્ન**-મુખ્ય મરણ પામે અથવા અસાવધબુદ્ધિનો થાય તેથી આડત સમાપ્ત થાય ત્યારે આડતીયાની શી ફરજ છે? પેટા આડતીયાનો અખત્યાર ક્યારે સમાપ્ત થાય છે?

ઊત્તર-કલમ ૨૦૯ અને ૨૧૦ જુઓ.

૧૧૨. **પ્રશ્ન**-મુખ્યનું કામ આડતીયાએ શી રીતે ચલાવવું જોઈએ? આડતીયાએ કેવી જાતના ઉદ્યમ તથા કુશળતા વાપરવાં જોઈએ?

ઊત્તર-કલમ ૨૧૧ અને ૨૧૨ જુઓ.

૧૧૩. **પ્રશ્ન**-મુખ્ય જ્યારે માગે ત્યારે આડતીયો હિસાબ આપવાને ના પાડી શકે? મુશકેલીના કામમાં આડતીયાએ શું કરવું જોઈએ?

ઊત્તર-કલમ ૨૧૩ અને ૨૧૪ જુઓ.

૧૧૪. **પ્રશ્ન**-મુખ્યની સમતી વગર આડતીયો પોતાના હિસાબે આડતના કામમાં કાંઈ ધંધો કરે ત્યારે મુખ્યનો હક કેવો છે?

ઊત્તર-કલમ ૨૧૫ અને ૨૧૬ જુઓ.

૧૧૫. **પ્રશ્ન**—આડતીયાના હાથમાં મુખ્ય તરફથી બધું નાણું આવ્યું હોય તો શા ઉપર અને શા સારૂ આડતીયાનું લીઅન ચાલે છે?

ઊત્તર—કલમ ૨૧૭ અને ૨૨૧ જુઓ.

૧૧૬. **પ્રશ્ન**—આડતીયાના હાથમાં બધું નાણું આવે તેનો વહિવટ તેણે શી રીતે કરવો જોઈએ? આડતીયાનું મેહેનતાણું ક્યારે લેહેણું થાય છે? કયા કામ માટે મેહેનતાણા ઉપર આડતીયાનો હક થતો નથી?

ઊત્તર—કલમ ૨૨૦ જુઓ.

૧૧૭. **પ્રશ્ન**—આડતીયાને નુકશાન ભરી આપવાને મુખ્ય ક્યાંહાં સુધી બંધાએલો છે?

ઊત્તર—કલમ ૨૨૨-૨૨૩-૨૨૪ અને ૨૨૫ જુઓ.

૧૧૮. **પ્રશ્ન**—ત્રીજા પુરૂષ સાથે આડતીયાએ કરાર કરયો હોય તે ઉપર આડતનો શો પરિણામ છે? આડતીયો પોતાના અખત્યાર કરતાં બાહાર કામ કરે તો આડતીયા અને મુખ્યની વચ્ચે મુખ્ય ક્યાંહાં સુધી બંધાએલો છે, અખત્યારવાળા ભાગમાંથી કામનો વગર અખત્યારનો ભાગ જુદો થઈ ન શકે તો ક્યાંહાં સુધી? અને વળી જુદો થઈ શકે ત્યારે ક્યાંહાં સુધી?

ઊત્તર—કલમ ૨૨૬-૨૨૭ અને ૨૨૮ જુઓ.

૧૧૯ પ્રશ્ન—આડતીયાને તેના અને ત્રીજા પુરૂષના સબંધે ખબર આપી હોય તો તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર—કલમ ૨૨૯ જુઓ.

૧૨૦. પ્રશ્ન—આડતીયાએ ત્રીજા પુરૂષ સાથે કરેલા કરાર ઉપરથી ક્યારે આડતીયો ફરીયાદ કરી શકે અથવા આડતીયા ઉપર ક્યારે ફરીયાદ થઈ શકે અને ક્યારે નહી?

ઊત્તર—કલમ ૨૩૦ જુઓ.

૧૨૧. પ્રશ્ન—આડતીયો પોતાના મુખ્યને બતાવે નહી ત્યારે તેણે કરેલા કરારના પક્ષકારોનો શો હક છે?

ઊત્તર—કલમ ૨૩૧ જુઓ.

૧૨૨. પ્રશ્ન—મુખ્ય તરફથી આડતીયાએ કરાર કર્યો હોય તે અમલમાં લાવવા મુખ્ય યત્ન કરે તો ત્રીજા પુરૂષનો શો હક છે?

ઊત્તર—કલમ ૨૩૨ જુઓ.

૧૨૩. પ્રશ્ન—મુખ્ય અથવા આડતીયામાંથી એક જણ ઉપર ફરીયાદી કરવાને ત્રીજા પુરૂષનો ક્યારે હક છે?

ઊત્તર—કલમ ૨૩૩ જુઓ.

૧૨૪. પ્રશ્ન—માત્ર મુખ્યનેજ અથવા આડતીયાનેજ જવાબદાર ગણવામાં આવશે એવી ધારણા ઉપર મુખ્ય પાસે અથવા આડતીયા પાસે કાંઈ કૃત્ય કરાવે તો શું પારણામ થાય છે?

ઊત્તર—કલમ ૨૩૪ જુઓ.

૧૨૫. પ્રશ્ન—બીજા આડતીયો થનાર સખસની શી જવાબદારી છે?

ઊત્તર—કલમ ૨૩૫ જુઓ.

૧૨૬. પ્રશ્ન—પોતે આડતીયો છે એવું જૂઠું કહીને જે સખસ કરારમાં પક્ષકાર થાય તે તે કરાર પુરા કરાવી શકે છે?

ઊત્તર—કલમ ૨૩૬ જુઓ.

૧૨૭. પ્રશ્ન—આડતીયાએ વગર અધિકારે કરેલાં કૃત્યો અધિકારથી કર્યા છે એવી ધારણા મુખ્યે ઉત્પન્ન કરી હોય તો તે મુખ્યની શી જવાબદારી છે?

ઊત્તર—કલમ ૨૩૭ જુઓ.

૧૨૮. પ્રશ્ન—આડતીયાએ ગેરસમજુતી કરી અથવા કપટ કર્યું તો તેનું કરાર ઉપર કેવું પરિણામ થાય છે?

ઊત્તર—કલમ ૨૩૮ જુઓ.

૧૨૯. પ્રશ્ન—"પંત્યાળું" અને "પેઢી" એટલે શું? ભાગ અથવા નફા સારૂ નાણું ધીર્યું હોય તો તે સખસ પંત્યાળાનો ભાગદાર બની શકે છે?

ઊત્તર—કલમ ૨૩૯ અને ૨૪૦ જુઓ.

૧૩૦. પ્રશ્ન—પંત્યાળામાંથી છુટો પડનાર પંત્યાળ ભાગદારે અથવા મરનાર પંત્યાળાના પ્રતિનીધીએ વાપરવા સારૂ રહેવા દીધેલી મીલકત કેવા રૂપમાં ગણવામાં આવે છે?

ઊત્તર—કલમ ૨૪૧ જુઓ.

૧૩૧. પ્રશ્ન—નોકરને અથવા આડતીયાને નફામાંથી હિસ્સા તરીકે મેહેનતાણું આપ્યું હોય તેથી તે પંત્યાળો

ભાગદાર થઈ શકે છે?

ઊત્તર-કલમ ૨૪૨ જુઓ.

૧૩૨. પ્રશ્ન-મરનાર પંત્યાળા ભાગદારની વિધવાને અગર બ-
ચ્ચાંને નફામાંથી વર્ષાસન મળતું હોય તેથી તે-
ઓ પંત્યાળા ભાગદાર થાય છે, અને વળી કોઈ
સખસને માલ વેચવા બદ્દલ નફાનો ભાગ મળે
તો તેથી કરીને તે પંત્યાળો ભાગદાર થાય છે?

ઊત્તર-કલમ ૨૪૩ અને ૨૪૪ જુઓ.

૧૩૩. પ્રશ્ન-પોતે પંત્યાળો ભાગદાર છે એવી ધારણા અથવા
સમજુતી બીજાને કરાવે તો તે સખસની શી
જવાબદારી છે?

ઊત્તર-કલમ ૨૪૫ અને ૨૪૬ જુઓ.

૧૩૪. પ્રશ્ન-પંત્યાળો ભાગદાર સગીર હોય તો તેના સગીર
પણામાં તેની કેટલી જવાબદારી છે, અને વળી
તે ઉમર પોહોચ્યા પછી કેટલી છે?

ઊત્તર-કલમ ૨૪૭ અને ૨૪૮ જુઓ.

૧૩૫. પ્રશ્ન-પંત્યાળાના દેવા બદ્દલ અથવા ત્રીજા સખસની
સાથે સહપંત્યાળાની ગફલત અથવા કપટ બ-
દ્દલ પંત્યાળો ભાગદાર ક્યાંહાં સુધી જવાબદાર છે?

ઊત્તર-કલમ ૨૪૯ અને ૨૫૦ જુઓ.

૧૩૬. પ્રશ્ન-સહપંત્યાળા ભાગદારને જવાબદાર કરવાને એક
પંત્યાળીયાનો શો અધિકાર છે? પંત્યાળીયાઓનો

અરસ્પરસ સબંધ નક્કી કરવાને શા નિયમ છે?

ઊત્તર-કલગ ૨૫૧ અને ૨૫૩ જુઓ.

૧૩૭. પ્રશ્ન-કોરટ પંત્યાળુ ક્યારે ભાગી શકે છે? જે મુદતને માટે પંત્યાળું કર્યું હોય તે મુદત થઈ ગયા પછી પંત્યાળીયાઓના હક તથા જવાબદારી શી રીતે ઠરાવવામાં આવેછે? પંત્યાળીયાના સામાન્ય ધર્મ શું છે?

ઊત્તર-કલમ ૨૫૪-૨૫૫-૨૫૬ અને ૨૫૭ જુઓ.

૧૩૮. પ્રશ્ન-પેઢીમાં ફેરફાર થયાથી જાથુ જામીનગીરી ઉપર શો અસર થાય છે?

ઊત્તર-કલમ ૨૬૦ જુઓ.

૧૩૯. પ્રશ્ન-કોઈ પંત્યાળો ભાગદાર મરણ પામ્યા પછી જવાબદારી ઉત્પન્ન થઈ હોય તો તેને વાસ્તે મરનારની મીલકત જવાબદાર છે?

ઊત્તર-કલમ ૨૬૧ જુઓ.

૧૪૦. પ્રશ્ન-પંત્યાળાનાં કરજો તથા પંત્યાળાઓનાં પોતાનાં જુદાં જુદાં કરજો શી રીતે આપવામાં આવે છે?

ઊત્તર-કલમ ૨૬૨ જુઓ.

૧૪૧. પ્રશ્ન-પંત્યાળું ભાગ્યા પછી શા કામો માટે પંત્યાળીયાઓના હક અને કરજો કાયમ રહે છે પંત્યાળું ભાગ્યા બાબતની ખબર શી રીતે આપવામાં આવે છે?

ઊત્તર-કલમ ૨૬૩ અને ૨૬૪ જુઓ.

જનરલ સ્ટાંપ આકટ.

(સન ૧૮૬૯ ના આકટ ૧૮ મો.)

૧. પ્રશ્ન—સન ૧૮૬૯ ના ૧૮ મા આકટને શેનો કાયદો કહે છે? કયાંહાં અને કયારથી ચાલુ છે?

ઊત્તર—કલમ ૧ જુઓ.

૨. પ્રશ્ન—નિચેના શબ્દોમાં કિયા કિયા અર્થનો સમાસ થાય છે, "આરબીટ્રેશન," "આવાર્ડ," "બિલ આફ એક્સચેંજ," "બિલ આફ લેડીંગ," "બાંડ," "બાટમ રીબાંડ," "ચાર્ટરપાર્ટી," "ચેક," "કમ્પોઝિશન ડીડ," "ડાકવારંટ," "બારખત," "પટો," "ભળામણનો કાગળ," "લેટર આફ લાઈસેન્સ," "ગીરવી ખત," "વેચાણ તેવો દસ્તાવેજ," "કાગળ," "પવર આફ આટર્ની," પ્રામિસરીનોટ," "વ્હાણના માસ્તરનો પ્રોટેસ," "ફારગતી," "રસ્પાંડેન્શિયા બાંડ,"? અને નિચે લખેલા શબ્દનો અર્થ શો થાયછેઃ—"કલેક્ટર," "કન્વેયન્સ," "કોંટરપાર્ટ," "નોટેરીયલ આકટ," "પાર્ટિશનડીડ," "પાલિસી આફ ઈન્સ્યુરન્સ,""માલમિલકત," 'પ્રોટેસ્ટ,'"પ્રાક્સી અને સેટલમેંટ."

ઊત્તર-કલમ ૩ જુઓ.

૩. પ્રશ્ન-આ આકટ સાથેના પરિશીષ્ટમાં લખેલો કરાર કયા દસ્તાવેજોને લાગુ છે?

ઊત્તર-કલમ ૪ જુઓ.

૪. પ્રશ્ન-કયા વર્ગના દસ્તાવેજોને વળગે તેવો સ્ટાંપ ચોડાઈ શકાય છે, અને વળી બીજા દસ્તાવેજો ઉપર શી રીતે મારવો?

ઊત્તર-કલમ ૫ જુઓ.

૫. પ્રશ્ન-આ આકટની સાથેના પેહેલા પરીશિષ્ટમાં બતાવેલા દસ્તાવેજોનો સ્ટાંપ કોણે ઘણુંકરીને પુરો પાડવો જોઈએ?

ઊત્તર-કલમ ૬ જુઓ.

૬. પ્રશ્ન-કયા વર્ગના બીલ આફ એકસચેંજ ઉપર સ્ટાંપનો કર લાગુ પડે છે?

ઊત્તર-કલમ ૭ જુઓ.

૭. પ્રશ્ન-બ્રિટિશ ઇંડીયાની બહાર લખેલા બીલ આફ એ-કસચેંજ ઉપર કયારે સ્ટાંપ લગાડવામાં આવે છે?

ઊત્તર-કલમ ૮ જુઓ.

૮. પ્રશ્ન-નિચે લખેલા પરરાજના નાણાનો પરિમાણ શો છે? પાઉ સ્ટરલીંગ, ૧૦૦ફ્રેંકસ, મિનાઈ ડાલર અને એક મોરીસનો ડાલર?

ઊત્તર-કલમ ૧૦ જુઓ.

૯. પ્રશ્ન-દસ્તાવેજ ઉપર ક્યારે મરજીમાં આવે તેટલો સ્ટાંપ વાપરી શકાય છે, અને તેવા સ્ટાંપની કીમત શું હોય છે?

ઊત્તર-કલમ ૧૧ જુઓ.

૧૦. પ્રશ્ન-આન્યુઈટી અનિયમિત કાળ સુધી મુદતેને મુદતે આપવા બાબતની રકમનું ખત. પ્રામિસરી નોટ અથવા ગીરો ખત થયાં હોય તેને સ્ટાંપ મારવાને કેઈ રકમ ઉપર સ્ટાંપ ગણવામાં આવે છે, અને વળી કન્વેયન્સનો અવેજ, એન્યુઈટી પ્રમાણેજ આપવાનો હોય ત્યારે તેને સ્ટાંપ મારવા સારૂ (કેઈ રકમ ઉપર સ્ટાંપ ગણવો?)

ઊત્તર-કલમ ૧૨ જુઓ.

૧૧. પ્રશ્ન-એક કામમાં વાપરેલા ઘણા દસ્તાવેજો ઉપર શી રીતે સ્ટાંપ મારવામાં આવે છે, અને તે કલમ પ્રમાણે મુખ્ય દસ્તાવેજ કયો છે?

ઊત્તર-કલમ ૧૩ જુઓ.

૧૨. પ્રશ્ન-ત્રીજી કલમ માંહેની બે અથવા વતીવ્યાખ્યા પ્રમાણે જે દસ્તાવેજનો અર્થ થતો હોય તો, તેના ઉપર શી રીતે સ્ટાંપ મારવામાં આવે છે?

ઊત્તર-કલમ ૧૪ જુઓ.

૧૩. પ્રશ્ન-સ્ટાંપના કરની માફી કયા દસ્તાવેજોને છે?

ઊત્તર-કલમ ૧૫ જુઓ.

૧૪. પ્રશ્ન-આ આકટ પ્રમાણે સ્ટાંપનો કર માફ કરવાનો અથવા દર કમી કરવાનો કોને અધિકાર છે?

ઊત્તર-કલમ ૧૬ જુઓ.

૧૫. પ્રશ્ન-આ આકટ પ્રમાણે સ્ટાંપનો કર લાગુ પડે તેવા દસ્તાવેજો ઉપર સ્ટાંપ ન માર્યા હોય તો શું થાય? એવા દસ્તાવેજો કયા કામમાં ફકત પુરાવામાં લેઈ શકાય છે?

ઊત્તર-કલમ ૧૮ જુઓ.

૧૬. પ્રશ્ન-ફોરેન બીલ આફ એકસચેંજ અથવા પ્રામીસરી નોટને સ્ટાંપ વગર કોઈ માણસ રૂપિયાના અવેજમાં અથવા વેચાતું લેતો તેનો શો પરિણામ નિપજે?

ઊત્તર-કલમ ૧૯ જુઓ.

૧૭. પ્રશ્ન-વગર સ્ટાંપના અથવા ઓછી કીમતવાળા સ્ટાંપના દસ્તાવેજો પુરાવામાં રજુ કરવામાં આવે તે બાબતમાં દિવાની કોર્ટનો શો અધિકાર છે? શો દંડ કાયદાએ ઠરાવ્યો છે? એવા દંડની વત્તામાં વત્તી શી રકમ છે?

ઊત્તર-કલમ ૨૦ જુઓ.

૧૮. પ્રશ્ન–દિવાની અથવા ફોજદારી કોરટમાં રજુ થએલા દસ્તાવેજ સ્ટાંપ આકટના અખાડા કરવાને ઈરાદે તે રજુ કર્યા છે એવું તે કોરટ ધારે ત્યારે શો વહિવટ છે?

ઊત્તર–કલમ ૨૨ જુઓ.

૧૯. પ્રશ્ન–કોઈ રજીસ્ટરીંગ અમલદાર અથવા કોઈ સરકારી નોકરની રૂબરૂ વગર સ્ટાંપના અથવા ઓછા સ્ટાંપના કાગળ ઉપરનો દસ્તાવેજ રજુ કરવામાં આવે તો શો વહિવટ છે, અને જે કલેકટરને એવા દસ્તાવેજ મોકલવામાં આવે તે બાબતમાં તેણે શું કરવું જોઈએ?

ઊત્તર–કલમ ૨૩-૨૪ અને ૨૫ જુઓ.

૨૦ પ્રશ્ન–કોઈ માણસના હાથમાં એક આનાનો સ્ટાંપ મારવા જોગ દસ્તાવેજ સ્ટાંપ વગરનો આવે તો તેને શું કરવું?

ઊત્તર–કલમ ૨૬ જુઓ.

૨૧ પ્રશ્ન–જયારે રૂપીઆ વીસ અથવા વધારે આપ્યા હોય તેની પોહોચો લેવાનો કેવો વહિવટ છે, અને તે પોહોચો માગવાનો હક છે તેને આપવાની ના કહે તો શી શિક્ષા થાય?

ઊત્તર–કલમ ૨૭ જુઓ.

૨૨. પ્રશ્ન–સ્ટાંપ માર્યા વગરના કાગળ ઉપર દસ્તાવેજ કરવામાં આવે તો શો દંડ થાય?

ઊત્તર-કલમ ૨૯ જુઓ.

૨૩. પ્રશ્ન-સ્ટાંપ માર્યા વગરના ફોરેન બીલો અથવા પ્રામીસરી નોટોનો દેખાડ કરવામાં આવે અથવા વેચવામાં આવે તો શો દંડ છે?

ઊત્તર-કલમ ૩૦ જુઓ.

૨૪. પ્રશ્ન-દેખાડ, શિકાર અથવા વેચ્યા પેહેલાં કલમ આઠ મુજબના દસ્તાવેજોને જે સખસ અથવા પેહેડી સ્ટાંપ લગાવે તેની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૩૧ જુઓ.

૨૫. પ્રશ્ન-જે બીલોના અથવા મરીન પોલીસીના સેટ હોય તેની સઘળી નકલો ન લખવામાં આવે તો શો દંડ થાય?

ઊત્તર-કલમ ૩૨ જુઓ.

૨૬. પ્રશ્ન-વળગે તેવો સ્ટાંપવાળો દસ્તાવેજ કોઈને આપતાં પેહેલાં તે દસ્તાવેજ કરી આપનારની શી ફરજ છે?

ઊત્તર-કલમ ૩૩ જુઓ.

૨૭. પ્રશ્ન-ખરીદીની પુરી રકમ દસ્તાવેજમાં દાખલ કરવામાં ન આવે તો શો દંડ થાય? અટર્નિ, વકીલ, પ્લીડર અને મુખત્યાર અથવા બીજા કોઈ સખસને એવા દસ્તાવેજ કરવામાં કામે લગાડ્યા હોય તેઓ આવું કરે તો તે શી શિક્ષાને પાત્ર થાય?

ઊત્તર-કલમ ૩૪ અને ૩૫ જુઓ.

૨૮. પ્રશ્ન—આ કાયદામાં કહેલા ગુન્હા પઈકી કોઈને મદદ ગારી બદલ શી શિક્ષા થશે?

ઊત્તર—કલમ ૩૬ જુઓ.

૨૯. પ્રશ્ન—આ કાયદા પ્રમાણે દંડ કરવામાં આવે તે શી રીતે વસુલ થાય, અને ખબર આપનારને ઈનામ શી રીતે અપાય છે?

ઊત્તર—કલમ ૩૭ અને ૩૮ જુઓ.

૩૦. પ્રશ્ન—યોગ્ય સ્ટાંપ બાબતના શકનો નિકાલ શી રીતે કરવામાં આવે છે? અને એવા નિકાલ ઉપર કોને અપીલ કરવામાં આવે છે?

ઊત્તર—કલમ ૩૯ અને ૪૦ જુઓ.

૩૧. પ્રશ્ન—યોગ્ય સ્ટાંપ કેટલો છે તે વિશેના શકની બાબતોમાં હાયકોર્ટને લખી મોકલવાની કયારે જરૂર છે?

ઊત્તર—કલમ ૪૧ જુઓ.

૩૨. પ્રશ્ન—આ કાયદા પ્રમાણે કોણે ફરીયાદ ચલાવવી, અને કયા માજીસ્ત્રેટો તેઓનો ઈનસાફ કરે?

ઊત્તર—કલમ ૪૩ અને ૪૪ જુઓ.

૩૩. પ્રશ્ન—સ્ટાંપનો કર કયારે પાછો આપવામાં આવે છે?

ઊત્તર-કલમ ૪૫ જુઓ.

૩૪. પ્રશ્ન—કયો સ્ટાંપનો કાગળ નકામો થયો, ખરાબ થયો અથવા ન લાયક થયો એમ ગણવામાં આવે છે?

ઊત્તર-કલમ ૪૬ જુઓ.

૩૫. પ્રશ્ન—અવેજ દસ્તાવેજમાં લખ્યો ન હોય તેને સારૂ ક્યારે ફરીયાદ ચાલી શકે?

ઊત્તર—કલમ ૪૭ જુઓ.

૩૬. પ્રશ્ન-સ્ટાંપને વેચવા સારૂ કાનુનો કોણે કરવી જોઈએ? એવી કાનુનો તોડવામાં આવે તો શી શિક્ષા થાય?

ઊત્તર—કલમ ૪૮ જુઓ.

૩૭. પ્રશ્ન—મારેલો એકજ સ્ટાંપ ક્યારે વાપરવો, અને ક્યારે ઘણા સ્ટાંપ વાપરી શકાય?

ઊત્તર—કલમ ૪૯ જુઓ.

૩૮. પ્રશ્ન—કોઈ દસ્તાવેજ લખવામાં એક કરતાં વધારે સ્ટાંપના કાગળ વાપરવામાં આવ્યા હોય તો તે દસ્તાવેજ શી રીતે લખવા?

ઊત્તર—કલમ ૫૦ જુઓ.

કોરટ ફી આકટ.

(સન ૧૮૭૦ નો આકટ ૭ મો.)

૧. પ્રશ્ન-સન ૧૮૭૦ના ૭ મા આકટનું શું નામ છે? તે કયા-રથી ચાલુ છે અને કયાંહાં કયાંહાં લાગુ છે?

ઉત્તર-કલમ ૧. જુઓ.

૨. પ્રશ્ન-હાઈકોરટમાં અને ઈલાકાનાં મુખ્ય શેહેરો માંહેની સ્માલકાઝકોર્ટોમા ફી શી રીતે લેવાય છે, અને વળી હાઈકોરટ વિશેષ હકુમત ચલાવતી હોય ત્યારે, આપીલ લેવાની હકુમત ચલાવતી હોય ત્યારે, મં-જુરીયાત આપવાની તથા તપાસની કોરટ તરીકે તે કોરટમા ફાઈલ કરેલા દસ્તાવેજ ઉપર શી રી-તે લેવાય છે?

ઉત્તર-કલમ ૩ અને ૪ જુઓ.

૩. પ્રશ્ન-ફી આપી છે કે નહી તે તપાસવાનું કામ જે અમ લદારનું હોય તેની અને દાવો કરનારની અથવા આટર્નીની વચ્ચે દસ્તાવેજ ઉપર ફી આપવાની જ-રૂરી બાબત અથવા ફીની રકમ બાબત તકરાર પડે તો શો વહિવટ છે? આ બાબતમાં કોનો ફેંસલો આખરનો સમજવો?

ઊત્તર-કલમ ૫ જુઓ.

૪. પ્રશ્ન-નિચે લખેલી ફરિયાદીઓમાં શીની રકમ શી રીતે ગણાય છે:-પઈસા બાબતની ફરિયાદીમાં; ખોરાકી પોશાકી તથા આન્યુઈટી બાબત; બજારમાં કીમત થાય તેવી કોઈ જંગમ માલમિલકત બાબત; બજારમાં કિંમત થતી નહી હોય તેવી જંગમ માલ મિલકત બાબત; અવિભકત કુટુંબની માલમિલકત માંહેના હિસ્સા સંબંધી હક અમલમાં લાવવા બાબત; છેવટની દાદ મેળવવાના હકના હુકમનામાં અમલમાં લાવવા બાબત; જમીનના હિસાબ સંબંધીના દાવામાંથી થતો નફો મળવા બાબત; તાકીદ થવા બાબત; જમીનનો તથા ઘરોનો તથા વાડીઓનો કબજો લેવા બાબત; અગ્રક્રિયાધિકારનો હક અમલમાં લાવવા બાબત; જમીનના મેહેસુલના આસેનીના હક સંબંધ બાબત; દાવાવાળી જમીનની જમી બરોડવા બાબત; ઘરેણે મુકેલું છોડાવવા અને ઘરેણે મુકેલી માલમીલકત છોડાવવાનો હક રદ કરવા તથા કરાર પુરો કરાવવા બાબત જમીનદાર અને ખેડુતની વચ્ચે કેટલીક ફરિયાદોમાં શીની રકમ શી રીતે ગણાય છે!

ઊત્તર-કલમ ૭ જુઓ.

૫. પ્રશ્ન–સાર્વજનીક કામ સારૂ જમીન લીધી હોય તેના વળતરના હુકમ ઉપરની આપીલ બાબતમાં શી રીતે ફી ગણવામાં આવે છે?

ઊત્તર–કલમ ૮ જુઓ.

૬. પ્રશ્ન–તકરારી મુકરદમામાં કલમ ૭ પ્રમાણે વાર્ષિક એન નફો અથવા બજારની કીમત શી રીતે મુકરર કરવામાં આવે છે? અને તે ઉપર શો વહિવટ છે?

ઊત્તર–કલમ ૧૦ જુઓ.

૭. પ્રશ્ન–દરમિયાન ઉપજ બાબતના અથવા હિસાબ બાબતના મુકરદમામાં જેટલા રૂપીયાનો વાદીએ દાવો કરયો હોય તે કરતાં વત્તા રૂપીયાનું હુકમનામું કરવામાં આવે ત્યારે કામ ચલાવવાની શી રીત છે?

ઊત્તર–કલમ ૧૧ જુઓ.

૮. પ્રશ્ન–અરજી અથવા અપીલની યાદીમાં કીમત બાબતની તકરારોનો ફેંસલો કરવાનો કોનો અખત્યાર છે?

ઊત્તર–કલમ ૧૨ જુઓ.

૯. પ્રશ્ન–ફેંસલો ફરીથી તપાસવાની અરજીઉપરથી અપીલની યાદી ઉપરનો સ્ટાંપ કયારે પાછો આપવામાં આવે છે?

ઊત્તર–કલમ ૧૩–૧૪ અને ૧૫ જુઓ.

૧૦. પ્રશ્ન–અપીલના કામમાં અપીલનો જવાબ દેનાર કયારે બીજી વધારે ફી આપે છે?

ઊત્તર–કલમ ૧૬ જુઓ.

૧૧. પ્રશ્ન–ફરિયાદીમાં જુદી જુદી બે અથવા વત્તી બાબતો હોય ત્યારે ફરિયાદ અથવા અપીલની યાદી ઉપર સ્ટાંપની શી શી રીતે ગણવામાં આવે છે?

ઊત્તર–કલમ ૧૭ જુઓ.

૧૨. પ્રશ્ન–વગર વારંટે ગુન્હેગારોને પોલીસ ગુન્હા બદલ પકડી શકે તેવા ફોજદારી મુકરદમામા ફરિયાદીની પેહેલવેહેલી તપાસણીની વખતે ફરિયાદી એ શું આપવું જોઈએ?

ઊત્તર–કલમ ૧૮ જુઓ.

૧૩. પ્રશ્ન–કયા દસ્તાવેજોને સ્ટાપનો કર માફ છે?

ઊત્તર–કલમ ૧૯ જુઓ.

૧૪. પ્રશ્ન–પોતાની કોરટોમાં પ્રાસેસ બજાવવા બાબતના કાનુન કરવા અથવા ફેરવવા બાબતમા હાઈકોર્ટોના શો અધિકાર મળેલો છે, અને વળી પોતાના તાબાની બધિ દિવાની અને ફોજદારી કોર્ટોમાં શો અધિકાર મળેલો છે?

ઊત્તર–કલમ ૨૦ જુઓ.

૧૫. પ્રશ્ન–ડીસ્ટ્રીકટ જડજ, ડીસ્ટ્રકટ માજીસ્ટ્રેટ, અને ડીસ્ટ્રીકટ કલેકટરને આવી બાબતોમાં શો અખત્યાર મળેલો છે?

ઊત્તર–કલમ ૨૨ અને ૨૩ જુઓ.

૧૬. પ્રશ્ન–આ કાયદામાં કહેલી રી રી રીતે વસુલ કરવામાં

આવે છે, અને આ કાયદામાં કહેલી મતલબને માટે કેટલી જાતનો સ્ટાંપ વાપરવામાં આવે છે?

ઊત્તર–કલમ ૨૫-૨૬ જુઓ.

૧૭. પ્રશ્ન–સ્થાનિક સરકારને સ્ટાંપ સબંધી કાનુનો કરવાની કેઈ કલમ છે?

ઊત્તર–કલમ ૨૭ જુઓ.

૧૮. પ્રશ્ન–જે દસ્તાવેજો ચુકથી ટીકીટ ચોડયા વગરના આવે તે દસ્તાવેજને ટીકીટ ચોડવાની શી રીત છે?

ઊત્તર–કલમ ૨૮ જુઓ.

૧૯. પ્રશ્ન–કોરોમાં ટીકીટો ચોડાઈ આવ્યા પછી તે ટીકીટોને શી રીતે કરવું?

ઊત્તર–કલમ ૩૦ જુવો.

૨૦. પ્રશ્ન–કામની તપાસ ચાલાવવાને માટે ફરીયાદી ફરીયાદની અરજી ઉપર સ્ટાંપ ચોડે તેની કીમત તેમને કેવી રીતે પાછી અપાય છે?

ઊત્તર–કલમ ૩૧ જુઓ.

૨૧. પ્રશ્ન–ફોજદારી કામોમાં જે દસ્તાવેજોને ચોગ્ય ફી આપેલી ના હોય તે ફી લેવાને માટે કેઈ કલમ છે?

ઊત્તર–કલમ ૩૩ જુઓ.

૨૨. પ્રશ્ન–આ કાયદાના પેહેલા અને બીજા પરિશિષ્ટમાં કહેલી ફી કોણ ઓછી કરી શકે અથવા પાછી આપી શકે છે?

ઊત્તર–કલમ ૩૫ જુઓ.

હિંદુસ્થાનનો દસ્તાવેજો નોંધવા બાબતનો આકટ.

(સન ૧૮૭૭ નો ૩ જો.)

૧. પ્રશ્ન–સન ૧૮૭૭ ના ૩ જા આકટનું શું નામ છે? તે કયાં અને કયારથી લાગુ છે, અને તે કયા કાયદા રદ કરે છે? અને આ આકટથી કેઈ ફરિયાદો, મુકરદમા અને વહિવટ ઉપર અસર થતો નથી?

ઊત્તર–કલમ ૧ અને ૨ જુઓ.

૨. પ્રશ્ન–નીચે લખેલા શબ્દોમાં શો સમાસ થાય છે:–"પટો" "સહી" "સ્થાવરમીલકત" "જાંગમમીલકત" "બુક" "શેરો," "વારસવકીલ" "ડિસ્ટ્રીકટકોર્ટ" અને "સગીર," "પત્તો," "ડિસ્ત્રીકટ," અને "સબડિસ્ત્રીકટ" એના અર્થ શા થાય છે?

ઊત્તર–કલમ ૩ જુઓ.

૩. પ્રશ્ન–ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન, સિંધનો એ ચ ઈન્સ્પેકટર જનરલ આફ રજીસ્ટ્રેશન, ડિસ્ત્રીકટ એ સબડિસ્ટ્રીકટ કરવી; ડિસ્ત્રીકટ ફેરવવાં; ડિસ્ત્રીકટ જીસ્ટ્રાર અને સબરજીસ્ટ્રાર એવા અમલદારોની ચેરીનાં માણસો અને નોંધવાની કચેરીઓના ઈન્સ્પેકટરોની નેમણુંક કરવાનો કોનો અધિકાર છે?

ઊત્તર-કલમ ૪-૫-૬-૭ અને ૮ જુઓ.

૪. પ્રશ્ન-પોતાની ડિસ્ટ્રિક્ટમાંથી રજીસ્ટ્રાર ગેરહાજર હોય અથવા તેની જગા ખાલી પડે તે શી રીતે પુરાવ છે? રજીસ્ટ્રારો અથવા સબરજીસ્ટ્રારો પોતાની કચેરી મુકીને પોતાની તુકડીમાં અથવા પેટા તુકડીમાં કામગીરી ઉપર જાય અથવા તેમની જગા ખાલી પડે તો શી રીતે પુરાવમા આવે છે?

ઊત્તર-કલમ ૧૦-૧૧-અને ૧૨ જુઓ.

૫. પ્રશ્ન-આ કાયદા પ્રમાણે નિમેલા કોઈ સખસને મોકુફ અથવા દુર કરવાનો અખત્યાર કોનો છે?

ઊત્તર-કલમ ૧૩ જુઓ.

૬. પ્રશ્ન-રજીષ્ટર ખાતાના અમલદારોને મેહેનતાણું શી રીતે આપવામાં આવે છે, અને એવું મેહેનતાણું ઠરાવવાનો કોનો અધિકાર છે? નોંધનારા અમલદારોના શીક્કો,રજીષ્ટર બુકો, નમુના, કોણ ઠરાવે છે અને આગની ધાસ્તી નહી હોય તેવી પેટીઓ કોણ પુરી પાડે છે?

ઊત્તર-કલમ ૧૪-૧૫- અને ૧૬ જુઓ.

૭. પ્રશ્ન-કિયા દસ્તાવેજો નોંધાવવાજ જોઈએ? એક વર્ષ કરતાં વધારે મુદતના પટા બાબતમાં સ્થાનિક સરકારને શો અખત્યાર આપેલો છે; કલમ ૧૭ ની રકમ ૨ અને ૩ માં કયા દસ્તાવેજો આવતા નથી?

ઊત્તર–કલમ ૧૭ જુઓ.

૮. પ્રશ્ન–કયા દસ્તાવેજો મરજીમાં આવે તો નોંધાવવા?

ઊત્તર–કલમ ૧૮ જુઓ.

૯. પ્રશ્ન–નોંધનાર અમલદાર જાણતો ન હોય તે ભાષામાં અથવા જે ડિસ્ટ્રિક્ટમાં નોંધવાનો હોય તેમાં ન વપરાતી ભાષામાં દસ્તાવેજ લખ્યો હોય તો તેનું કેમ કરવું? જે દસ્તાવેજમાં અંતરઓળ અથવા કોરે જગા મુકી હોય અથવા ચેરયું અથવા ફેરફાર કરયો હોય તેનું શું કરવામા આવે છે?

ઊત્તર–કલમ ૧૯ અને ૨૦ જુઓ.

૧૦. પ્રશ્ન–દસ્તાવેજ નોંધવા લાયક કરવાને શી અવશ્યની શરતો છે, અને તેમા ચુક થાય તો શો પરિણામ થાય?

ઊત્તર–કલમ ૨૧ અને ૨૨ જુઓ.

૧૧. પ્રશ્ન–જે દસ્તાવેજ નોંધાવવોજ જોઇએ તે નોંધાવવાને આણવાની શી મુદત ઠરાવી છે?

ઊત્તર–કલમ ૨૩ જુઓ.

૧૨. પ્રશ્ન–બ્રિટિશ ઇંડ્યામાં લખાયલો દસ્તાવેજ નોંધવાની મુદત ચાર માસની ઠરાવી છે. ત્યાર પછી કોઇ અવશ્ય કારણને લીધે અથવા નિરૂપાય સબબને લીધે ઢીલ થઇ હોય ત્યારે કેમ કરવું? એવો દ–

સ્તાવેજ બ્રિટિશઈંડીયાની બહાર થયો હોય તો તેમાં
કેમ કરવું?

ઊત્તર-કલમ ૨૪ અને ૨૫ જુઓ.

૧૩. પ્રશ્ન-દસ્તાવેજ રજુ કરવાને ઠરાવેલી મુદતને છેલે દહાડે
કચેરી બંધ હોય તો શો ઠરાવ છે?

ઊત્તર-કલમ ૨૬ જુઓ.

૧૪. પ્રશ્ન-વશિયતનામાં નોંધાવવામાં અથવા અનામત મુક-
વામા કયારે આવે છે?

ઊત્તર-કલમ ૨૭ જુઓ.

૧૫. પ્રશ્ન-સ્થાવરમીલકત સંબંધીનો દસ્તાવેજ કયારે અને
વળી કલમ ૨૮ મા જે દસ્તાવેજ બતાવ્યો નથી
તે કયારે નોંધાવવો જોઈએ?

ઊત્તર-કલમ ૨૮ અને ૨૯ જુઓ.

૧૬. પ્રશ્ન-જે દસ્તાવેજો પોતાના તાબા માંહેલા અધિકારીએ
નોંધવા જોઈએ તે વિશે રજીસ્ટ્રારનો શો અ-
ધિકાર છે?

ઊત્તર-કલમ ૩૦ જુઓ.

૧૭. પ્રશ્ન-દસ્તાવેજો ઘણુંકરીને કયાંહાં નોંધાવવા જોઈએ,
પક્ષકારોને રહેવાની જગાએ કયારે નોંધાવવામાં
આવે છે?

ઊત્તર-કલમ ૩૧ જુઓ.

૧૮. પ્રશ્ન-નોંધવાને સારૂ દસ્તાવેજ કોણે લાવવો જોઈએ? કલમ ૩૨ પ્રમાણે મુખ્યત્યારોનો શો અધિકાર છે? જે માણસો અશક્ત હોય, કેદખાનામાં હોય, અથવા જાતે હાજર થવાને માફી હોય તેવા સખસો મુખ્યત્યાર શી રીતે કરે છે?

ઊત્તર-કલમ ૩૨ અને ૩૩ જુઓ.

૧૯. પ્રશ્ન-દસ્તાવેજ નોંધતા પેહેલાં નોંધનાર અધિકારી શી તજવીજ કરે છે?

ઊત્તર-કલમ ૩૪ જુઓ.

૨૦. પ્રશ્ન-પક્ષકારો અથવા તેમના મુખ્યત્યારો દસ્તાવેજ કરયાનું કબુલ કરે તો તેમનો શો વહિવટ છે, અને જો બધા અથવા તેમાંનો એક ના પાડે તો શો છે?

ઊત્તર-કલમ ૩૫ જુઓ.

૨૧. પ્રશ્ન-નોંધનાર અમલદારની રૂબરૂ દસ્તાવેજ કરનારાઓને અથવા શાહેદીઓને હાજર કરવાનો શો વહિવટ છે? અને જે સખસો અશક્ત છે, આજારી છે, અને જાતે હાજર થવાને માફી છે તેને શી રીતે તપાસવામાં આવે છે?

ઊત્તર-કલમ ૩૬-૩૭ અને ૩૮ જુઓ.

૨૨. પ્રશ્ન-સમન, કમીશન અને તપાસણી બાબત કયા ધારા લાગુ છે?

ઊત્તર-કલમ ૩૯ જુઓ.

૨૩. પ્રશ્ન-વશિયતનામા અથવા દત્તક લેવાના અધિકારીયો નોંધવાને કોણે રજુ કરવા જોઈએ? વશિયતનામાં અથવા દત્તક લેવાના અધિકારીઓ વશિયતનામું કરનારે અથવા દત્તક લેનારે નોંધવાને રજુ કર્યા હોય તો શો અને જ્યારે બીજાઓએ રજુ કરયા હોય ત્યારે શો વહિવટ છે?

ઊત્તર-કલમ ૪૦ અને ૪૧ જુઓ.

૨૪. પ્રશ્ન-વશિયતનામું શી રીતે અનામત મુકવામાં આવે છે અને પાછું લેઈ લેવામાં આવે છે? અનામત મુકવાનો અનામત મુકનાર મરી જાય તો શો વ-વહિવટ છે?

ઊત્તર-કલમ ૪૨-૪૩-૪૪-અને ૪૫ જુઓ.

૨૫. પ્રશ્ન-નોંધેલા દસ્તાવેજ ક્યારથી ચાલુ થાય છે? મીલ-કત બાબતના નોંધેલા દસ્તાવેજોની આગળ મોઢાની કબુલત ઉપર ક્યારે અમલમાં આવે છે?

ઊત્તર-કલમ ૪૭ અને ૪૮ જુઓ.

૨૬. પ્રશ્ન-જે દસ્તાવેજ નોંધાવવાજ જોઈએ તે ન નોંધાવ્યાનું શું પરિણામ થાય છે? અને વળી દસ્તાવેજ મ-રજીમાં આવે તો નોંધાવવા તેવા દસ્તાવેજ નોં-ધાવ્યા હોય તો તેઓની આગળ તેજ મિલકત

સંબંધી નોંધાવ્યા વગરના દસ્તાવેજ ઉપર શો પ-
રિણામ થાય છે?

ઊત્તર-કલમ ૪૯ અને ૫૦ જુઓ.

૨૭. પ્રશ્ન-નોંધવાની બધી કચેરીઓમાં કઈ બુકો રાખવી
જોઈએ?

ઊત્તર-કલમ ૫૧ અને ૫૪ જુઓ.

૨૮. પ્રશ્ન-દસ્તાવેજ નોંધવાને રજુ કરયો એટલે નોંધનાર અ-
મલદારે શું કરવું જોઈએ અને જે દસ્તાવેજ નોં-
ધવાને કબુલ રાખ્યો એટલે શું કરવું જોઈએ?

ઊત્તર-કલમ ૫૨ જુઓ.

૨૯. પ્રશ્ન-કેઇ બુકો બધાને જોવા દેવી અને જે સખસોને
સહીવાળી નકલો જોઈતી હોય તો કયા દફતરની
આપવી?

ઊત્તર-કલમ ૫૭ જુઓ.

૩૦. પ્રશ્ન-દસ્તાવેજ નોંધવાને કબુલ રાખ્યો તેના ઉપરના શે-
રામાં શી હકિકત લખવી જોઈએ અને દસ્તાવેજ
નોંધ્યા પછી નોંધનાર અમલદારે કયું સર્ટિફીકટ
લખવું જોઈએ.

ઊત્તર-કલમ ૫૮ અને ૬૦ જુઓ.

૩૧. પ્રશ્ન-નોંધવાનું કામ પુરે થયા પછી દસ્તાવેજોને શું
કરવું જોઈએ?

ઊત્તર-કલમ ૬૧ જુઓ!

૩૨. પ્રશ્ન-નોંધનાર અમલદારે સખસોને શી રીતે તપાસવા જોઈએ, અને મજકુરનો સારાંશ દફતરમાં શી રીતે લખી મુકવો જોઈએ!

ઊત્તર-કલમ ૬૩ જુઓ.

૩૩. પ્રશ્ન-સ્થાવરમિલકત કેટલાએક સબડિસ્ટ્રિકટમાં હોય તે સંબંધીના દસ્તાવેજ જ્યારે સબરજીસ્ટ્રાર નોંધે ત્યારે શો અને વળી મિલકત કેટલીક ડિસ્ટ્રિકટમાં કલમ ૩૦ રકમ (બ) પ્રમાણે તે દસ્તાવેજ નોંધે તો તેનો શો વહિવટ છે?

ઊત્તર-કલમ ૬૪ અને ૬૫ જુઓ.

૩૪. પ્રશ્ન-પ્રમાણે તે દસ્તાવેજ નોંધે તો તેનો શો?

૩૪. પ્રશ્ન-સ્થાવરમિલકત સંબંધી દસ્તાવેજો રજીસ્ટ્રાર નોંધે તો શો અને વળી તે કલમ ૩૦ રકમ (બ) પ્રમાણે દસ્તાવેજ નોંધે ત્યારે શો વહિવટ છે?

ઊત્તર-કલમ ૬૬ અને ૬૭ જુઓ.

૩૫. પ્રશ્ન-સબરજીસ્ટ્રાર ઉપર રજીસ્ટ્રારનો શો અખત્યાર છે, અને બધી નોંધનાર કચેરીઓ ઉપર ઈન્સ્પેકટર જાનરલનો શો છે!

ઊત્તર-કલમ ૬૮ અને ૬૯ જુઓ.

૩૬. પ્રશ્ન-કલમ ૨૪ અને ૩૪ મુજબ દંડ કરવામાં આવ્યો

૩૭. **પ્રશ્ન**—નોંધનાર અમલદાર જ્યારે દસ્તાવેજ નોંધવાની ના પાડે ત્યારે શો વહિવટ છે? દસ્તાવેજ નોંધવાને ના પાડવાના હુકમ સબરજીસ્ટ્રારે કર્યા હોય તેના ઉપર રજીસ્ટ્રારનો શો અખત્યાર છે?

ઊત્તર—કલમ ૭૧ અને ૭૨ જુઓ.

૩૮. **પ્રશ્ન**—કલમ ૧૭ અથવા ૧૮ ની રકમ ૧-૨-૩ અને ૪ મુજબના દસ્તાવેજ નોંધવાને જ્યારે રજીસ્ટ્રાર પોતેજ ના પાડે અથવા નોધવાને હુકમ કરે તો શો વહિવટ છે?

ઊત્તર—કલમ ૭૩ અને ૭૪ જુઓ.

૩૯. **પ્રશ્ન**—કલમ ૭૩ પ્રમાણે જ્યારે દસ્તાવેજ નોંધવાને ના પાડી હોય તે ઉપર અપીલના કામમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટે શી ચોકશી કરવી જોઈએ? નોંધવાના કામમાં કાંઇ ખરચ થયો હોય તે શી રીતે અપાવવામાં અને વસુલ કરવામાં આવે છે?

ઊત્તર—કલમ ૭૫ જુઓ.

૪૦. **પ્રશ્ન**—નોંધવાના કાયદામાં ફીનું કોષ્ટક બતાવ્યું છે તે કોણે કરવું જોઈએ, અને વળી તે કોણે ફેરવવું જોઈએ?

ઊત્તર—કલમ ૭૮ જુઓ.

૪૧. **પ્રશ્ન**—દસ્તાવેજ નોંધવાની ફી ક્યારે આપવામાં આવે છે?

ઊત્તર—કલમ ૮૦ જુઓ.

૪૨. પ્રશ્ન—નુકશાન કરવાના ઇરાદાથી દસ્તાવેજ ઉપર અશુદ્ધ રીતે શેરા લખ્યો હશે, નકલ કરી હશે, નોંધ્યો હશે, તરજુમો કરયો હશે, ખોટો મનજુર કરયો હશે, ખોટી નકલ અથવા ખોટો તરજુમો આપ્યો હશે, હું ફલાણો છું એવી રીતે ખોટું કહયું હશે, અને વળી આવા ગુન્હા કરવામાં મદદગારી કરી હશે તેને શી શિક્ષા થશે?

ઊત્તર—કલમ ૮૧ અને ૮૨ જુઓ.

૪૩ પ્રશ્ન-આ કાયદામાં બતાવેલા કોઈ ગુન્હા બાબત કોણે ફરિયાદ માંડવી અને કયા અમલદારે તેનો ઈનસાફ કરવો?

ઊત્તર—કલમ ૮૩ જુઓ.

૪૪. પ્રશ્ન—નોંધવાની કચેરીમાં કયા દસ્તાવેજનો નાશ કરવામાં આવે છે, અને નોંધવાની કચેરીમાંથી પક્ષકારોએ કેટલી મુદતમાં દસ્તાવેજો પાછા માગવા દાવો કરવો જોઈએ?

ઊત્તર—કલમ ૮૫ જુઓ.

૪૫. પ્રશ્ન—નોંધનાર અમલદારોએ શુદ્ધબુદ્ધિથી કાંઈ કરયું હોય તેનું કાયદો શું રક્ષણ કરે છે?

ઊત્તર—કલમ ૮૬ જુઓ.

૪૬. પ્રશ્ન—પોતાના સરકારી હોદ્દાની રૂઇએથી દસ્તાવેજ કરી આપ્યા હોય તે નોંધાવા બાબત નોંધનાર અમલદારની કચેરીમાં જાતે હાજર નહી થવા સારૂ કયા સખ્સોને ખાસ માફી છે? એવી બાબતમાં શો વહિવટ છે?

ઊત્તર—કલમ ૮૮ જુઓ.

૪૭. પ્રશ્ન—કેવા દસ્તાવેજો નોંધવાથી ખાસ બાતલ છે?

ઊત્તર—કલમ ૯૦ જુઓ.

હિંદુસ્તાનનો મુદ્દતનો આકટ.

(સન ૧૮૭૭ નો આક્ટ ૧૫ મો.)

૧ **પ્રશ્ન**-સન ૧૮૭૭ ના ૧૫ મા આક્ટનું શું નામ છે? તે ક્યાંરથી અમલમાં આવે છે, અને ક્યાંહાં લાગુ છે, અને છેવટ તેના અમલમાંથી કેઈ અરજીઓ બાતલ કરી છે?

ઊત્તર-કલમ ૧ લી જુઓ.

૨. **પ્રશ્ન**-આ અ કટથી કયા કાયદા અને તેનો કેટલો ભાગ રદ થાય છે?

ઊત્તર-કલમ ૨જી તથા આ કાયદાનું પરિશીષ્ટ પેહેલું જુઓ.

૩. **પ્રશ્ન**-"ફરીયાદ" "નોંધેલો," "પરકો મુલક," અને "ગૂડફેઇથ" એ શબ્દના અર્થ શા થાય છે, અને "વાદી" "ઈઝમેન્ટ" "બિલ આફ એકસચેંજ," અને "ટ્રસ્ટી" એ શબ્દોમાં શો સમાસ થાય છે?

ઊત્તર-કલમ ૩ જી જુઓ.

૪ **પ્રશ્ન**-આ કાયદા પ્રમાણે મુદત વિતી ગયા પછી ફરિયાદો, અપીલો અને અરજીઓ કરી હોયતો તેનું શું કરવું?

ઊત્તર-કલમ ૪ થી જુઓ.

૫. **પ્રશ્ન**-કોરટ બંધ હોય તે રોજ કાયદામાં લખેલી મુદત પુ-

રી થતી હોય તો ફરિયાદો, અપીલો અને અરજી- ઓ કયારે અપાય? બીજી રીતે ઢીલ થઈ હોય તો તે સારૂ કાયદામાં શો ઈલાજ બતાવ્યો છે?

ઊત્તર-કલમ ૫ મી જુઓ.

૬. **પ્રશ્ન**-આ કાયદાથી કયા કાયદાને અસર થતી નથી?

ઊત્તર-કલમ ૬ ઠી જુઓ.

૭ **પ્રશ્ન**-જે સખસો કાયદેસર નલાયક છે તે વખતમાં ફરિ- યાદ કરવાનું કારણ તેમને ઉત્પન્ન થાય તો કાયદા એ તેમના લાભમાં શું ઠરાવ્યું છે? તેમના મરણ સુધી નલાયકી ઠરી હોય તો શું, અને એવી બા- બતોમાં લાંબામાં લાંબી મુદત કેટલી આપી છે?

ઊત્તર-કલમ ૭ મી જુઓ.

૮. **પ્રશ્ન**-ફરિયાદ કરવાનો હક ઉત્પન્ન થાય તે વખતે મજી- યારાના લેહેણદારોમાંનો અથવા દાવા કરનારાઓ માંનો કોઈ સખસ નલાયક હોય તો તે બધા વિ- રૂદ્ધ મુદત કયારે ચાલશે, અને કયારે નહી?

ઊત્તર-કલમ ૮ મી જુઓ.

૯ **પ્રશ્ન**-ફરિયાદ કરવાનો હક ઉત્પન્ન થાય તે પછી કાયદે- સર નલાયકી થાય તો તેનો શો પરીણામ થાય, અને કેઈ બાબત અપવાદ છે?

ઊત્તર-કલમ ૯ મી જુઓ.

૧૦ પ્રશ્ન-મુદ્દામ ટ્રસ્ટી અને તેઓના વારસ વકીલની ઉપર ફરિયાદ કરવાની શી મુદત ઠરાવી છે?

ઊત્તર-કલમ ૧૦ મી જુઓ.

૧૧ પ્રશ્ન-પરરાજ્યમાં કરેલા કરાર ઉપરથી થતી ફરિયાદીઓને કયો મુદતનો કાયદો લાગુ છે? બીજે કોઈ ઠેકાણે કરાર કરવામાં આવ્યો હોય તેની ફરિયાદ બ્રિટિશ ઇંડ્યામાં કરવામાં આવે તો તેના બચાવમાં મુદત બાબત પરરાજ્યના કાનુનની ક્યારે હરકત ચાલશે?

ઊત્તર-કલમ ૨૦ મી જુઓ.

૧૨ પ્રશ્ન-મુદતનો કાળ ગણવામાં કયો દાહાડો મુકી દેવો જોઇએ? અને વળી અપીલના કામમાં, નાદાર તરીકે અપીલ કરવાની રજા માગવાના કામમાં, સ્પેશિયલ અપીલના કામમાં, અને ફેસલાની ફરી તપાસ કરવાના કામમાં કેટલી મુદત બાદ કરવી જોઇએ?

ઊત્તર-કલમ ૨૧ મી જુઓ.

૧૩ પ્રશ્ન-બ્રિટિશ ઇંડ્યામાંથી પ્રતિવાદી ગેરહાજર હોય તેમાં વાદીના લાભમાં કાયદાએ શું ઠરાવ્યું છે? અને વળી તેજ સખ્સ અથવા પ્રતિવાદીની સામે વાદીઓ કોઈ બીજી અસલ દાવાની અથવા અપીલકોર્ટમાં પ્રમાણીકપણે પોતાના હકની ખોટી ફરિયાદી ચલાવતા હોય તે બાબતમાં શું, અને છેવટ ફ-

રીયાદ માંડવાનું કામ વાદીને તારીખ ઉપરથી બંધ રહ્યું હોય તો શું કરાવ્યું છે?

ઊત્તર-કલમ ૧૨, ૧૩, અને ૧૪ મી જુઓ.

૧૪ **પ્રશ્ન**-કોર્ટમાં લીલામથી ખરીદ કરેલી મીલકત લેવાને વાદીએ ફરિયાદ કરી હોય તો તેને શી રાહેત આપેલી છે!

ઊત્તર-કલમ ૧૫ મી જુઓ.

૧૫. **પ્રશ્ન**-ફરિયાદ કરવાનો અથવા પોતાના ઉપર ફરિયાદ થવાનો હક થયા પેહેલાં મરણ થાય તો શો પરીણામ થાય છે; કોઈ વાદીને ફરિયાદ કરવાનો હક હોય તેને તે હક છે એ વાત તેને કપટથી માલમ પડવા દીધી ન હોય તો તેનો શો પરિણામ થાય છે; અને છેવટ હર કાંઈ કરજ બાબત અથવા મુત્યુલેખાર્પિતદાન બાબત કબુલત લખીને કરી હોય તેના ઉપર અગર તેના એજન્ટ ઉપર તેનો શો પરિણામ થાય છે? વ્યાજ આપ્યાનો શો પરિણામ થાય છે; મુદલને પેટે કાંઈ ભરયું હોય ત્યારે તેનો શો પરિણામ થાયછે?

ઊત્તર-કલમ ૧૬-૧૭-૧૮ અને ૧૯ જુઓ.

૧૬. **પ્રશ્ન**-નવો વાદી અથવા પ્રતિવાદી બદલવાથી અથવા નવો સામીલ કરવાથી શો પરિણામ થાય છે! મરી ગએલા વાદી અથવા પ્રતિવાદીથી દાવો ચલાવવાને

મુદત ઉપર શી અસર થાય છે?

ઊત્તર-કલમ ૨૨ જુઓ.

૧૭. **પ્રશ્ન**-કરાર ઉપર ફરિયાદીના કામમાં મુદત શી રીતે ગણવામા આવે છે? (૧.) કરાર ઉપરા ઉપરી તોડ્યા છે તો; (૨.) જેમાં કરાર તોડવાનું કામ જારી છે તો, જારી લોકાપકારક કૃત્યના કામમાં મુદત શી રીતે ગણવામાં આવે છે?

ઊત્તર-કલમ ૨૩ અને ૨૪ જુઓ.

૧૮. **પ્રશ્ન**-કાયદાસર કામ હોય પણ નુકશાની થાય ત્યારે તે કામ કાયદા વિરૂદ્ધ ગણાય, તે કામમાં નુકશાનીના બદલા બાબત ક્યારથી મુદત શરૂ થાય છે?

ઊત્તર-કલમ ૨૪ જુઓ.

૧૯. **પ્રશ્ન**-આ કાયદા પ્રમાણે મુદત ગણવાની હોય ત્યારે કયા ક્યાલેંડરનો ઉપયોગ કરવામાં આવે છે?

ઊત્તર-કલમ ૨૫ જુઓ.

૨૦. **પ્રશ્ન**-અજવાળું; હવા, ઈમારત, રસ્તો, પાણીના રસ્તાના અથવા પાણી વાપરવાના ઈઝમેંટનો હક મેળવવાને કેટલી મુદતની જરૂર છે? કલમ ૨૭ માં આડ્યાણ વિશે લખ્યું છે તેનો અર્થ શો થાય છે?

ઊત્તર-કલમ ૨૭ જુઓ.

૨૧. **પ્રશ્ન**-જે જમીન અથવા પાણી પડોશીને કામ લાગે તેની

હયાતી પછી અથવા કેટલીએક મુદત ગયાપછીપાછું મ-
ળવાનો જેનો હક હોય તેના ફાયદા સારૂ કાયદામાં શું છે?

ઊત્તર–કલમ ૨૭ જુઓ.

૨૨. પ્રશ્ન–જમીનના કબજા અથવા વંશપરંપરાના વતનના હક
બાબતની ફરિયાદીના કામમાં આ કાયદામાં ઠરાવેલી
મુદત ગઈ હોય તો તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર–કલમ ૨૮ જુઓ.

૨૩. પ્રશ્ન–આ કાયદાના બીજા પરિશિષ્ટમાં કેટલા ભાગ કરેલાછે?
પેહેલા, બીજા અને ત્રીજા ભાગમાં શેનું શેનું વર્ણન છે?

ઊત્તર–પરિશિષ્ટ ૨ જું જુઓ.

૨૪ પ્રશ્ન–જુદી જુદી જાતની ફરિયાદીઓ તેની મુદત સહિત બ
તાવો, અને બીજા પરિશિષ્ટના પેહેલા ભાગમાં જે બાબ-
તો લખેલીછે તે દરેકમાં મુદત ક્યારથી શરૂ થવા માંડે છે?

ઊત્તર–પરિશિષ્ટ ૨ જાનો પેહેલો ભાગ જુઓ.

૨૫ પ્રશ્ન–જુદી જુદી જાતની અપીલો તેમની મુદત સહિત
બતાવો, અને ક્યારથી મુદત શરૂ થવા માંડે છે?

ઊત્તર–પરિશિષ્ટ ૨ જાનો બીજો ભાગ જુઓ.

૨૬ પ્રશ્ન–જુદી જુદી જાતની અરજીઓ તેમા દરેકને મુદત
લાગુ પડે છે તે સહિત બતાવો, અને મુદતો ક્યારથી
શરૂ થવા માંડે છે?

ઊત્તર–પરિશિષ્ટ ૨ જાનો ત્રીજો ભાગ જુઓ.

વહિવટના દિવાની નિયમો.

---

૧. પ્રશ્ન—હુકમનામાં અથવા હુકમ ઉપર અપીલની અરજીઓ કોણે આપવી જોઈએ? કોને અને કોની મારફતે?

ઊત્તર—તાબાની કોર્ટોનાંહુકમનામાં અથવા હુકમો ઉપર અપીલની અરજી પક્ષકારોએ જાતે અથવા તેમના વકીલેરી રસ્તેદારની મારફતે ડિપ્યુટી રજીસ્ટ્રારને આપવીજોઈએ.

૨. પ્રશ્ન-દરેક અપીલની અરજીમાં શું આવવું જોઈએ?

ઊત્તર—કોરટ ફી આક્ટ પ્રમાણે અપીલની કીમતની પાવતી દરેક અપીલમાં જોઈએ?

૩. પ્રશ્ન—જ્યારે સીરસ્તેદારને અરજી આપી હોય ત્યારે તેની શી ફરજ છે?

ઊત્તર—પ્રોસેસ બજાવવાના અને છાપવાના ખરચનો શેરા અપીલની અરજી ઉપર સીરસ્તેદાર કરવો જોઈએ.

૪. પ્રશ્ન—પ્રોસેસ બજાવવાનું અને છાપવાનું ખરચ પક્ષકારે શી રીતે આપવું?

ઊત્તર—અરજી આપતી વખતે પ્રોસેસનું ખરચ સ્ટાંપથી અને છાપવાનું નાણાથી આપવું જોઈએ, અને સીરસ્તેદાર તેની પોંહોંચ આપશે.

૫. પ્રશ્ન—અપીલ આપવાની મુદત ઠરાવી છે તે કેઈ તારીખથી ચાલુ થશે, અને તેને કેઈ શરતો લાગુ છે?

ઊત્તર જે હુકમનામાં અથવા હુકમ ઉપર અપીલ કરવા-
ની હશે તેની તારીખથી અપીલની મુદત ગણવામાં
આવશે, પણ ફેંસલા ફરીથી વિચારમાં લેવાને અ-
રજી થઈ હશે તેનો નિકાલ કરવાને જે મુદત લાગી
હશે તે અપીલ કરવાની મુદતમાં ઉમેરવામાં આ-
વશે એવી અરજી જો અપીલની મુદત પુરી થયાના
પેહેલી કરી હશે તો. સીવીલ પ્રાસીજરકોડની કલમ
૫૪૧ પ્રમાણે હુકમનામાની અથવા હુકમની નકલ મ-
ળવામાં જે કાળ લાગ્યો હશે તે બાદ કરી વખત
સ્ટાપનો કાગળ રજુ કરવામાં ઢીલ થઈ હશે તે ગણવામાં
નહી આવે પણ નકલો આપવામાં જે મુદત ખરેખરી
કોર્ટને લાગી હશે તે ફકત બાદ કરવામાં આવશે.

૬. પ્રશ્ન-અપીલની અરજી આપતી વખતે કયા બીજા કાગળો
તેની જોડે આપવા જોઈએ, અને જે ફેંસલા ઉપર
અપીલ કરી હશે તે કેઈ ભાષામાં લખવી જોઈએ?

ઊત્તર-તાબાની કોર્ટોએ ફેંસલા જ્યારે ઈંગ્રેજીમાં લ-
ખ્યા હશે ત્યારે ઈંગ્રેજી નકલો શિવાય બીજી કબુલ
કરવામાં નહી આવે. જ્યાંહાં પેહેલા દાવાની કોર્ટે અ-
થવા નીચેની અપીલકોર્ટે પોતાનો ફેંસલો ફરી વિ-
ચારમાં લીધો હશે ત્યાંહાં પક્ષકારોએ પેહેલા અને
સુધારેલા ફેંસલાની નકલો રજુ કરવી જોઈએ.

૭. **પ્રશ્ન**–અપીલની અરજી જો નામંજુર કરવામાં આવે તો કોર્ટમાં પક્ષકારે અનામત મુકેલું નાણું તેને પાછું આપવામાં આવશે?

ઊત્તર–દિવાની કાયદાની કલમ ૫૪૩ મુજબ જો અપીલની અરજી રદ કરવામાં આવે તો પક્ષકારે અનામત મુકેલું નાણું તેને પાછું મળશે. વળી સ્ટાંપની કીમત પણ પાછી આપવામાં આવશે.

૮. **પ્રશ્ન**–નિચે લખેલી દરેક બાબતોમાં ડિપુટી રજીસ્ટ્રારની શી ફરજ છેઃ—

જો અપીલની અરજી બરાબર નમુના પ્રમાણે હોય તો, જો સ્ટાંપ બરોબર નથી એમ ડિપુટી રજીસ્ટ્રારનો અભિપ્રાય હોય તો, અને તેની અને પક્ષકારની અથવા તેના વકીલની વચમાં સ્ટાંપની રકમ કેટલી જોઈએ તે બાબતના અભિપ્રાયમાં વાંધો પડે તો?

ઊત્તર–જો અપીલની અરજી બરાબર નમુના પ્રમાણે હશે તો સ્ટાંપ બરોબર છે કે નહી તે વિશે ડિપુટી રજીસ્ટ્રાર નક્કી કરશે. જો સ્ટાંપ બરોબર નથી એવો અભિપ્રાય ડિપુટી રજીસ્ટ્રારનો થશે તો પોતાના અભિપ્રાયનો શેરો અરજીની પીઠે કરશે, અને જો જાસ્તી સ્ટાંપ જોયતો હશે તો કેટલી મુદતમા તે પુરો કરી આપવો તેની મુદત ઠરાવશે. જો પક્ષકાર અથવા તેના

વકીલ અને ડિપુટી રજીસ્ટ્રારની વચમાં સ્ટાંપની રકમ બાબત વિરૂદ્ધ મત પડશે તો તે હકીકત રજીસ્ટ્રાર કે જે સન ૧૮૭૦ ના ૭ મા આકટની કલમ ૫ મુજબ કર મુકરર કરનાર અમલદાર છે તેને પુછવામાં આવશે.

૯. પ્રશ્ન—અપીલની અરજીમાં ધાણુંકરીને શું લખવું જોઈએ? સુનાવણી વખતે અરજીમા નહી લખેલી હરકતો ઉભી કરવાને એક્કે પક્ષકારને પરવાનગી મળશે?

ઉત્તર—અરજીમાં અથવા અપીલની પાદીમાં અથવા જે હરકતો અપીલમાં નોંધી હશે તેમાં હરકતનું કારણ એમ કેહેવામાં આવે કે જે ઠરાવ ઉપર અપીલ કરવામાં આવી છે તે કાયદાથી અથવા રૂઢીથી વિરૂધ્ધ છે, અથવા વહિવટમાં અથવા કામની ચોકશીમાં બરૂબરી ચુક અથવા ખામી છે અથવા તે મતલબનું બીજુ' લખાણ બસ થશે નહી, પણ કાયદાની કાંઈ ચુક, રૂઢીને ભંગ અથવા વહિવટ અથવા ચોકશીની જે ખામી ઉપર ભરૂસો રખાયો હોય તે ખામી ખુલ્લી રીતે બતાવવી જોઈએ; અને અપીલના વાદી અથવા પ્રતિવાદીને અપીલની સુનાવણી વખતે કાયદેસર હરકત સદરહુ મુજબ અરજીમાં નહી લખી હોય તે ઉભી કરવા દેવામાં નહી આવે.

૧૦. પ્રશ્ન—લેનાર અધિકારીએ આવી અરજીઓ અથવાં

પાદીઓ પક્ષકારે આપી હોય તેમાંની કોઈ કોઈ ચુકો અથવા ખામીઓ સંભાળથી તપાસવી જોઈએ, અને તે માટે તે બાબતોમાં શો ખાસ વહિવટ કરાવવામાં આવ્યો છે?

ઊત્તર-અપીલનું અથવા હરકતનું બીજું કારણ નહી લખતાં અપીલની પાદીમાં અથવા હરકતમાં અથવા અરજીમાં સાધારણ મજકુર લખ્યો હશે તો રજીસ્ટ્રાર ની કચેરી તે લેશે નહી.

સ્પેશીયલ અપીલમાં અપીલના પ્રતિવાદીએ કરેલી અરજી અથવા સ્પેશીઅલ અપીલની પાદી અથવા હરકત રજીસ્ટ્રરને અથવા તેની ગેરહાજરીમાં ડિપ્યુટી રજીસ્ટ્રારને સન ૧૮૭૭ના ૧૦ મા આકટની ૫૯૩ મી કલમ મુજબ સ્પેશીઅલ અપીલ જે ખાસ હરકત ઉપરથી કબુલ કરવામાં આવે છે તે ખાસ હરકત સ્પષ્ટ રીતે લખી નથી એવી ખામી હશે તો, જડજ હુકમ કરશે ત્યાંહાં સુધી લેઈને નોંધવામાં આવશે નહી.

રજીસ્ટ્રાર અથવા તેની ગેરહાજરીમાં ડિપુટી રજીસ્ટ્રારના ફરમાવ્યા પ્રમાણે પક્ષકારે અથવા તેની તરફથી જાણે એવી અરજી અથવા અપીલની પાદી અથવા હરકત આણી હશે તે સુધારવાને માટે રજીસ્ટ્રાર અથવા ડિપુટી રજીસ્ટ્રારના મત સાથે મળશે

નહી તો જડજના વિચાર અને હુકમ સારૂ મોકલવ માં આવશે. જો સુધારવાને કબુલ કરશે તો તે અરજી અથવા યાદી સુધારવા સારૂ પાછી આપવામાં આવશે કે હરકતનું કબુલ કરવા લાયક કારણ તેમાં ઉમેરવા માં આવે, અને તે કામ સારૂ ચોખ્ખા ત્રણ દાહાડાની મુદત આપવામાં આવશે.

૧૧. પ્રશ્ન-અપીલ ફાઈલ થયા પછી અપીલના જાસ્તી કારણની યાદી નોંધવાને રજા મળવાને અપીલનો વાદી દરખાસ્ત ક્યારે અને શી રીતે કરે? એવા કારણની પુષ્ટી માં અપીલના વાદીનું એકદમ સાંભળવામા આવે છે?

ઊત્તર-અપીલ નોંધાયા પછી સુનાવણીના દીવસના પેહેલાં ચોખ્ખા દસ દીવસની અંદર અપીલના જાસ્તી કારણની યાદી નોંધવાની પરવાનગી મળવાને અપીલના વાદીએ દરેક દરખાસ્ત કરવી જોઈએ; અને જ્યારે પરવાનગી આપવામાં આવે ત્યારે એવા કારણની પુષ્ટીમાં ખાસ સબબને માટે કોર્ટની રજા વગર અપીલના વાદીને સાંભળવામાં નહી આવે, પણ ચોખ્ખા આઠ દીવસ પેહેલાં અપીલના પ્રતિવાદીને અથવા તેના એડવોકેટને અથવા વકીલને તેની નકલ પોંહોચાડી હશે તો સાંભળવામાં આવશે.

૧૨. પ્રશ્ન-પ્રિવિલકૌંસીલને અરજી અથવા અપીલ મોકલ-

વાનો પક્ષ ... એ અથવા કાનસલે (વકીલે)જે કાનુન ઉપર ધ્યાન આપવું જોઈએ તેના સારાંઉશનો પુરો વિસ્તાર કહો, અને સદરકોર્ટે કયા પુરવણી કાનુન કરયા હતા?

ઊત્તર-(૧) ફેસલો, હુકમનામું અથવા હુકમનામાં જેવો હુકમ થયાના પછી છ મહિનાની મુદતમાં અરજી કરવામાં આવી ન હોય અને તકરારી દાવો રૂ૧૦૦૦૦) સુધીનો ન હોય તો અપીલ થાય નહી.

(૨) જે કોર્ટથી અપીલ કરવી હોય તેને મુકરદમા ઉપર સર્ટિફીકટ આપવું જોઇએ કે તેની અપીલમાં તકરારી બાબતની કીમત રૂ૧૦૦૦૦) ની છે અને તે સર્ટિફીકટ નિશ્ચયકાર્ક છે.

(૩) ઉપલ્યાકાનુનછે તોપણ અપીલ કરવાને ખાસ રજા આપવાનો અખત્યાર પ્રીવીકૌંસીલ પાસે રાખેલોછે.

(૪)દફતરની નકલ પોહોંચેથી પ્રીવીકૌંસીલમાં નોંધવામાં આવશે.નકલ જોડે મુકરદમાના બધા કાગળો, દસ્તાવેજો અને એકઝીબીટોનું સાંકળીઉ જોઈએ. નકલમાંથી કાયદેસર દસ્તાવેજો બાતલ કરવા જોઈએ પણ તે વાત સાંકળીયામાં નોંધવી જોઈએ. એવી નકલો તૈયાર કરવામાં શી અને ખરચ થયું હોય અને આપવામાં આવ્યું હોય તે રજીસ્ટ્રારે લખવું જોઈએ.

(૫.) પ્રિવીકૌંસીલમાં નકલો પોંહોંચ્યા અને નોંધ્યાની તારીખથી છ મહિનાની મુદતમાં અપીલના વાદીએ અપીલ ચલાવવામાં કારગત ઉપાય લીધા નહી હોય તો અપીલ કાહાડી નાંખવામાં આવશે.

(૬.) નોંધ્યાની તારીખથી એક વર્ષની અંદર અપીલનો પ્રતિવાદી હાજર થવાને કાંઈ ઉપાય નહી લે તો અપીલ એકતરફી સાંભળવામાં આવશે.

(૭.) અપીલના વાદીની મરજી પ્રમાણે દફતરની નકલો હિંદુસ્થાનમાં અથવા ઇંગ્લંડમાં છપાશે. હિંદુસ્તાનમાં છપાઈ હશે તો તા૦ ૨૪ મી માર્ચ સન ૧૮૭૧ ના કૌંસીલના હુકમમાં ફરમાવેલા નમુના પ્રમાણે તે છાપવી જોઈએ. જો હિંદુસ્તાનમાં છાપી હોય તો પચાસ છાપેલી નકલો ઇંગ્લંડ મોકલવી તેમાંની એ ખરી છે એવો ખાતરીનો લેખ રજીસ્ટ્રારે તે બે ઉપર કરવો જોઈએ. આ કાનુનો પ્રિવીકૌંસીલે કરી હતી. નિચે લખેલી પુરવણી કાનુનો સદરકોર્ટે કરી છે:—

(૧) પ્રિવીકૌંસીલને કરવાની અપીલ કબુલ રાખવાની દરખાસ્ત કોર્ટને અરજીથી કરવી જોઈએ, અને રાણીસાહેબની કૌંસીલને કરવાની અપીલનાં કારણો અપીલની યાદીમાં દાખલ કરી તે સાથે અપીલ આપવી જોઈએ.

(૨.) નિચલી કોર્ટો ઉપરની અપીલમાં જે પ્રમાણે મિલકતની કીમત ગણવામાં આવે છે તેજ પ્રમાણે તકરારી બાબતની કીમત ગણવી જોઇએ.

(૩.) અપીલના પ્રતિવાદીના છેવટના ખરચ સારૂ જમાની તરીકે ૪૦૦૦)રૂપીયા અને દફતર બનાવવાના ખરચના રૂ ૪૦૦) (જો જરૂર હોય તો પાછળથી વધારવામાં આવશે) કોરટ તે બાબતમાં મુદત આપશે તેની અંદર અનામત મુકવામાં નહી આવે તો સદર કોર્ટના હુકમનામા ઉપર રાણીસાહેબની કોંસીલને અપીલની અરજી કરવા દેવામાં નહી આવે.

(૪.) જમાનીની હમેશાની રકમ પુરી નથી એવું કારણ હશે તો અપીલનો પ્રતિવાદી વધારે રકમ માગવાને સારૂ દરખાસ્ત કરશે, અને જો વધારે રકમ અપીલના વાદીએ અનામત મુકવી જોઇએ તે આંકડાનો ઠરાવ રજીસ્ટ્રાર કરશે, તોપણ કોઈ પણ બાબતમાં રૂ ૧૦૦૦૦) કરતાં વધારે રકમ માગવામાં આવશે નહી.

(૫.) સરકારી લોનના રૂપમાં અનામત મુકવામાં આવશે ત્યારે તે જમાની ઉપર હાયકોર્ટના અપીલ ખાતાનો રજીસ્ટ્રાર શેરો મારશે. એ અનામતનું વ્યાજ જેમ જેમ લેહેણું થશે તેમ તેમ અનામત મુકનાર

ને આપવામાં આવશે અથવા તેની મરજી હશે તો એકઠું ચડવા દેશે.

(૬.) એવી વધારાની જમાની અથવા એવું જોઈએ અનામત રજીસ્ટ્રાર માગશે, તે અનામત મુકવાની ખબર આપવાની તારીખથી છ અઠવાડીઆની અંદર અપીલનો વાદી અનામત મુકવાને ચુકશે તો તેને અપીલ કરવા દેવામાં નહી આવે.

(૭.) પ્રિવીકૌંસીલને જે બાબતમાં અપીલ કરવા દેવામાં આવશે અને ઘટતી રકમ અનામત મુકવામાં આવશે, તો જે કાગળોનો તરજુમો અને નકલો કરવાની હશે તે રજીસ્ટ્રારની કચેરીમાં તૈયાર કરવામાં આવશે, અને જે હરકતો અથવા સુચનાઓ પક્ષકારોને અથવા તેઓના વકીલોને કરવાની હશે તે તેની ખબર આપવાની તારીખથી બે અઠવાડીઆમાં કરવી જોઈએ.

(૮.) દફતરનો તરજુમો કરવાનો હશે તે સારૂ કોર્ટના એક અથવા વધારે તરજુમો કરનારને નિમવામાં આવશે, અને આ કામ માટે તેઓના હમેશના કામથી દુર રાખવામાં આવશે. તેઓ તરજુમા કરશે તેમને અસલના દરેક પુષ્ટે ૨૪૦ શબ્દો ગણી એક રૂપીઆ પ્રમાણે મેહેનતતાણું મળશે.

(૯.) તરજુમો પુરો પડ્યેથી કચેરીમાં કાગળોની સારૂ નકલો કરવામા આવશે, અને તેનું ખરચ દરેક પાંચ પૃષ્ઠે એક રૂપિઆ પ્રમાણે થશે.

(૧૦.) તપાસવાનું ખરચ દરેક પૃષ્ઠે બે આના પ્રમાણે થશે, અને હાથે લખેલી બાબતમાં આ રકમ માંથી દરેક પૃષ્ઠે અડધા આના પ્રમાણે વાંચનારને આપવામાં આવશે.

(૧૧.) પ્રિવીકૌંસીલનાં હુકમનામાં બજાવવાની દરખાસ્ત સાથે પ્રિવીકૌંસીલના હુકમનામાની અથવા હુકમની ખરી નકલ જોડવી જોઈએ. જ્યારે દરખાસ્ત મંજુર રાખવામાં આવશે ત્યારે બજાવવા માટે નીચલી કોર્ટને હુકમનામું મોકલવામાં આવશે.

૧૩. **પ્રશ્ન**-નકલ માગવાની અરજી ક્યારે અને કોને કરવી જોઈએ? તેશેના ઉપર અને તેમાં શું લખવું જોઈએ, અને તે સાથે બીજું શું મોકલવું જોઈએ?

ઉત્તર-સીરસ્તેદારની મારફતે ડીપ્યુટી રજીસ્ટ્રારને ગમે તે દાહાડે નકલો સારૂ અરજી કરવી. એક આનાની કીમતના સ્ટાંપના કાગળ ઉપર તે લખવી જોઈએ (સન ૧૮૭૦ ના આક્ટ ૭ માના પરિશિષ્ટ ૨ જાની કલમ ૧ ની રકમ (अ), અને તેમા નિચેની હકીકત આવવી જોઈએઃ- (૧) અરજદારનુ નામ (૨.)

કોર્ટની આગળ અરજીમાં અથવા મુકરદમામાં તેની સ્થિતિ જે હોય તે. જો અરજીના અથવા મુકરદમાના પક્ષકાર નહી હોય તે સખસે અરજી કરી હશે તો શા કામ માટે નકલ જોઈએ છીએ તે લખવું જોઈએ; (૩), જે દસ્તાવેજની નકલ તેને જોઈએ તે; (૪) નકલ સહીવાળી અથવા સહી વગરની જોઈએ છીએ તે. જે કાગળ ઉપર નકલ કરવી જોઈએ તેનો કાગળ (સ્ટાંપનો અથવા સાદો) અરજી જોડે જોઈએ. સાદા કાગળની બાબતમાં કોર્ટમાં રોજ વપરાય છે તેવી જાતનો જોઈએ. સ્ટાંપના કાગળની બાબતમાં સન ૧૮૭૦ ના આકટ ૭ માના પરિશિષ્ટ ૧ લાની કલમ ૬-૭-૮ અને ૯ પ્રમાણે કીમત ગણવી જોઈએ. જો જાદે સ્ટાંપના કાગળની જરૂર હોય તો તે વગર ઢીલે પુરા પાડવા જોઈએ.

૧૪. પ્રશ્ન–કયા કાગળોની નકલો આપી નહી શકાય? જે નકલો આપવામાં આવે તેના ઉપર સહીની જરૂર છે? અને સહીવાળી અને વગર સહીની નકલોમાં શો ભેદ છે?

ઊત્તર–જે જડજના મિનિટના કાગળો ખરેખરા ઈનસાફી કામના નથી તેની, જે કામ બીજા પક્ષકારના ખાનગી સ્વાર્થ ઉપર અસર કરે તેની અથવા કોઈ ગુપ્ત ભરૂંસા લાયક કામના કાગળો હોય તેની નક-

લો આપવામાં આવશે નહી.

સહીવાળી અથવા વગર સહીની નકલો વિશે અ-રજદારની ખુશી ઉપર છે, ફકત ભેદ એટલોજ છે કે સ-હીવાળી નકલોના કામમાં નકલ કરવાને માટે તથા તપાસવાને માટે જાદે શી બેસશે. કાયદા પ્રમાણે જે નકલો સ્ટાંપના કાગળ ઉપર જોઈએ તે બધી બા-બતમા સહીવાળી જોઈએ.

૧૫. પ્રશ્ન—જે મુકરદમાની યાદી કરવામાં આવી હોય તે સાં-ભળવા સારૂ હમેશ શો અનુક્રમ હોય છે?

ઊત્તર—જે કામમાં વકીલો હાજર થશે તે કામો દાવાની યાદીમાં દાખલ કરેલા અનુક્રમ મુજબ કોર્ટમાં સાં-ભળવામાં આવશે. જો વકીલ ગેરહાજર હશે તો અ-નુંક્રમનો બીજો મુકરદમો પોકારવામાં આવશે. શ-નનું બીજુ કામ પુરૂં થયા પછી જે મુકરદમામાં પ-ક્ષકારો જાતે હાજર હશે તે સાંભળવામાં આવશે.

૧૬. પ્રશ્ન—ફોજદારી કામની અપીલોની સુનાવણી શી રીતે થાય છે? અને એકલા કોને સાંભળવામાં આવશે?

ઊત્તર—ફોજદારી અપીલમાં મુકરદમાનું દફતર મંગાવવામાં આવ્યું હશે ત્યારે ફરિયાદી તરફના વકીલને સાંભ-ળવામા આવશે; પણ દરેક કામમાં ફકત એકજ એ-ડવોકેટ અથવા વકીલને સાંભળવામાં આવશે, અને

જે કામોમાં સરકારી વકીલ હાજર થશે તેમાં તેને એકલાનેજ સાંભળવામાં આવશે.

૧૭. પ્રશ્ન–તકરારી હુકમનામાં અથવા હુકમમાં અપીલનો પ્રતિવાદી હરકત ઉભી કરી શકશે? જો તેમ હોય તો તે ક્યારે ઉભી કરી શકશે, અને તેની પુછી સારૂ ક્યારે તેને તપાસવામાં આવશે, અને અપીલની સુનાવણી વખતે વાદી હાજર નહી થાય તો નિચલી કોર્ટના હુકમનામામાં તે હરકત લેઈ શકશે?

ઊત્તર-સુનાવણીના દિવસ પેહેલાં ચોખા આઠ દિવસની અંદર એવી હરકતની યાદી (બરાબર સ્ટાંપના કાગળ ઉપર) રજીસ્ટ્રારની કચેરીમાં જ્યાંહાં સુધી નોંધાવશે નહી ત્યાંહાં સુધી તકરારી હુકમનામાં અથવા હુકમમાં અપીલના પ્રતિવાદીને હરકત ઉભી કરવાનો હક નથી, અને આગળ મુજબ મુદતમા અપીલના વાદી ઉપર અથવા તેના એડવોકેટ અથવા વકીલ ઉપર હરકતની નકલ તે પોંહોંચાડશે નહી તો ખાસ કારણને માટે કોર્ટની પરવાનગી શિવાય એવી હરકતની પુછીમાં સાંભળવામા નહી આવે. અપીલની સુનાવણી વખતે અપીલનો વાદી હાજર નહીથયો હોય તો નિચલી કોર્ટના હુકમનામામા પ્રતિવાદી હરકત લેઈ શકે નહી.

૧૮ પ્રશ્ન–જ્યારે કોઈ મુદ્દાની તજવીજ કરવાને ફરમાવવામાં

આવ્યું હોય અને નીચલી કોર્ટનો ઠરાવ પાછો મો-
કલ્યો હોય ત્યારે શો વહિવટ છે?

ઊત્તર-જ્યારે કોઈ મુદ્દો તજવીજ સારૂ મોકલ્યો હોય
અને નિચલી કોર્ટનો ઠરાવ પાછો મોકલ્યો હોય
ત્યારે એક જાહેરખબર પાટિયા ઉપર ચોઢવામાં આ-
વશે, અને તે જાહેરખબરની તારીખથી ૧૫ દિવશમાં
એવા ઠરાવ વિરૂધ્ધ હરકતની યાદી દાખલ કરવી જોઈએ.

૧૯ પ્રશ્ન-અપીલના ગુજરેલા વાદી અથવા પ્રતિવાદીના પ્ર-
તિનિધીને દાખલ કરવાને ક્યારે ઉપાય લેવામાં આવશે?

ઊત્તર-પક્ષકારોની દરખાસ્ત વગર અપીલના ગુજરેલા વા-
દી અથવા પ્રતિવાદીના પ્રતિનિધીને દાખલ કરવાને
કાંઈ ઉપાય લેવામાં આવશે નહી, અને એવી અ-
રજી હમેશા ત્રણ મહિનાની મુદતમાં કરવી જોઈએ.

૨૦ પ્રશ્ન-છેલા પ્રસ્નના જવાબમાં અરજી બતાવીછે તે શી રીતે
કરવી જોઈએ, અને તે ઉપરથી કોર્ટનો વહિવટ શો છે?

ઊત્તર-અરજી પ્રતિજ્ઞાવાળી જોઈએ અને જે પક્ષકા-
રનું નામ લખ્યું હોય તે કાયદેસર પ્રતિનિધી છે તે-
ની ખાત્રી કરવા માટે નિચલી કોર્ટમાં મોકલવામાં
આવશે, અને તેમ હોય તો અપીલની નોટીસ તેના
ઉપર બજાવવામાં આવશે. જો અપીલની સુનાવણી
વખતે અપીલનો વાદી અથવા પ્રતિવાદી મરણ

પામ્યાની ખબર કોર્ટને કરવામાં આવી હોય ને કાયદેસર પ્રતિનિધી દાખલ કરવાને એક મહિનાની મુદતમાં અરજી કરવામા નહી આવે તો અપીલનું કામ ચલાવવું બંધ રાખવાનો હુકમ કરવામાં આવશે.

૨૧ પ્રશ્ન·હાયકોર્ટને અરજીઓ કરવામાં આવે તે શેના ઉપર લખવી જોઈએ?

ઉત્તર–હાયકોર્ટને દરેક દરખાસ્ત (બીજી રીતે કાયદામા ફરમાવ્યું ન હોય તો) અરજી કરવાની તારીખથી ચોખા ત્રણ દાહાડાની અંદર નોંધાવવી જોઈએ અને જે હકીકત ઉપરની અરજીનું કારણ ઉત્પન્ન થયું છે તે નકામું લંબાણ ન કરતાં લખવું જોઈએ, અને પ્રતિજ્ઞાનો નમુનો કાયદામાં લખ્યો છે તે મુજબ અરજી નીચે પ્રતિજ્ઞા કરવી જોઈએ, જે ઉપર અરજદાર અથવા અરજદારોએ અથવા તેના વકીલે અથવા એટર્નિએ જો તેમના માનવામાં તથા જાણવામાં હકીકત હોય તો સહી કરવી જોઈએ.

૨૨. પ્રશ્ન–હાઈકોર્ટને આપવાની અરજીઓ કોણે બરાબર રીતે નોંધાવવી જોઈએ?

ઉત્તર–કોર્ટના વકીલે અથવા પક્ષકારે જાતે અથવા પક્ષકારના કાયદેસર મુખત્યારે અરજીઓ નહી આણી આપી હોય તો તે નોંધવામાં નહી આવે.

૨૩. પ્રશ્ન—દુરસ્ત કરવાને કેવી અરજીઓ પાછી આપવામા આવશે?

ઊત્તર—અયોગ્ય ભાષામાં લખેલી અથવા ઉકલે નહી તેવી અથવા નકામું લાંબુ લખાણ કરેલી દુરસ્ત કરવાને પાછી આપવામાં આવશે.

૨૪. પ્રશ્ન—દરેક અરજીમાં શું આવવું જોઇએ?

ઊત્તર—અરજદારનું નામ અને ફરિયાદની બાબત ખુલાસા વાર, જે દાદ માગી હોય તે, અને જે કાયદાથી દાદ માગી હોય તે દરેક અરજીમાં લખવું જોઈએ.

૨૫. પ્રશ્ન—હાઈકોર્ટના પ્લીડર, એડવોકેટ અને વકીલની ફરક શી છે?

ઊત્તર—અંગ્રેજીમા કોર્ટને હાઈકોર્ટના પ્લીડરોએ ભાષણ કરવું જોઈએ, અને ગમે તે જાતની અરજી પ્લીડરે હાઈકોર્ટને આપવી હોય તે અંગ્રેજી ભાષામા જોઈએ. હાઈકોર્ટના એડવોકેટ, વકીલ, એટર્નિઓને તે હાઈકોર્ટના તાબાની ગમે તે કોર્ટમાં કામ કરવાનો હક છે. એડવોકેટ અને વકીલને કામ પ્રસંગે મુંબાઈથી બાહાર જવું હોય તો શુમારે તે કેટલા દિવસ ગેરહાજર રેહેશે તેની ખબર રજીસ્ટ્રારને આપવી જોઈએ.

૨૬. પ્રશ્ન—જો કોર્ટ બંધ હોય તે દરમિયાન કોઈ અરજી આપવાની નીમેલી મુદત પુરી થાય તો, ઠરાવેલી મુદતની

અંદર અરજી વગેરે અપાઈ નહી એ પુરતું કારણ છે તેવી તકરાર કરી શકાય?

ઊત્તર-જ્યારે અરજી;ફરિયાદી અથવા બીજો કાગળ આપવાની મુદત નીમેલી હોય તે કોર્ટ બંધ હોય ત્યારે પુરી થાય તો, એવી અરજી, ફરિયાદ અથવા કાગળ કોર્ટ બંધ હોય ત્યારે તે કાગળો લેવાને માટે જે કારકુન રાખ્યો હોય તેને આપવા જોઈએ, ને તે કાગળો મુદતની અંદર અથવા નીમેલી મુદત પુરી થાય તેને પહેલે દહાડે સદરહુ કારકુન હાજર થાય ત્યારે આપવા જોઈએ. અરજી, ફરિયાદ અથવા બીજો કાગળ નિમેલી વખતમાં કોર્ટ બંધ હતી તેથી તે અપાયા નહી તે એકલું કારણ પુરતું નથી, પણ જે કોર્ટને આવી બાબતમાં આપ અખત્યાર છે તે દરેક કામમાં ખાસ હકીકત બતાવવી જોઈએ. જ્યારે કોર્ટને અખત્યારનહી હોય ત્યારે કાયદાએ ઠરાવેલી મુદતની અંદર તે આપવાજ જોઈએ.

૨૭. પ્રશ્ન-ફરિયાદ વગેરે કયારે મુલત્વી રખાય છે, અને એવી રીતે મુલત્વી રાખવામાં શા ઉપર ખાસ લક્ષ રાખવું જોઈએ?

ઊત્તર-ફરિયાદની એટલુંજ નહી પણ વળી દરખાસ્ત વગેરે મુલત્વી રાખવાં હોય તો એક મુકરર દહાડો ઠરાવવો જોઈએ, અને તે રોજ ફરી જોઈ વિચારવાનું લખી

કરવું જોઈએ, રજાથી અથવા વગર રજાથી, વકીલની ગેરહાજરી અને વકીલને પુરતી રીતે માહિતગારી નહી મળવાથી અથવા બીજી રીતે તે કામ ચલાવવાને તૈયાર ન્હોતો તે, મુકરદમો મુલત્વી રાખવાને પુરતું કારણ નથી. મુલત્વી રાખવાની અરજીનો નિવેડો કરવામાં બંને પક્ષકારના હિત ઉપર અને દરેક મુકરદમાની અમુક હકીકત ઉપર ધ્યાન આપવું જોઈએ.

૨૮. પ્રશ્ન—અપીલ આપતી વખતે તેની સાથે શું બાંધવું જોઈએ?

ઊત્તર—હુકમ ઉપર અપીલ આપતી વખતે તેવા હુકમની અને તે બાબત વિશેના બીજા તમામ હુકમની સહી વાળી નકલો તે સાથે બાંધવી જોઈએ.

૨૯. પ્રશ્ન—અપીલ આપવાની ઠરાવેલી મુદત પ્રથમથી વધારી શકાય, અને ઠરાવેલી મુદત વીત્યા પછી અપીલ કરવાની જો સબબસની મરજી હોય તેણે શું કરવું જોઈએ?

ઊત્તર—અરજી કરવાના કામ માટે દિવાની વહિવટના કાયદાની કલમ ૫૪૧ મુજબ પેહેલેથી અપીલ કરવાને નિમેલી મુદતમાં વધારો કરી શકાશે નહી. નિમેલી મુદત વિત્યા પછી જો પક્ષકારને અપીલ કરવી હોય તેણે નિમેલા સ્ટાંપના કાગળ ઉપરની અપીલ અરજી સાથે આપવી તેમાં વાર લાગવાના કારણનો ખુલાસો લખવો અને અપીલ લેવાને કોર્ટને વિનતી કરવી.

૩૦. **પ્રશ્ન**—જ્યારે કોઈ તાબાનો સરકારી નોકર લવાદ તરીકે કોઈ કામમાં જોઈતો હોય તો તે વિશે શો વહિવટ છે?

ઊત્તર—જ્યારે કોઈ તાબાનો સરકારી નોકર લવાદ તરીકે કામ કરવાને જોઈતો હોય તો, તેના ખાતાના ઉપરી તરફ લખીને પુછવું જોઈએ કે તેને હાજર થવાને કયો દિવસ અનુકુળ પડશે, અને તે પ્રમાણે બધા લવાદોને હાજર થવાને માટે સમન કરવા જોઈએ.

૩૧. **પ્રશ્ન**—જીલ્લાની કોર્ટના દિવાની પ્રોસેસથી રવિવારને દહાડે કોઈને પકડવામાં આવે તો તે કાયદેસર ગણાય?

ઊત્તર—હા.

૩૨. **પ્રશ્ન**—દફતરની નકલોને માટે કયારે અને કયા અમલદારને અરજી કરવી જોઈએ, અને એવી રીતે અરજી કરવામાં આવે તે અધિકારીનું શું કામ છે?

ઊત્તર—એવી અરજીઓ કોર્ટના દરેક દિવસે સીરસ્તેદારે લેવી જોઈએ. તે દિવસે કોર્ટ દિવાની અથવા ફોજદારી કામ કરવાને બેઠી હોય તોપણ તેની હરકત નહી. અરજી જ્યારે કરવામાં આવે ત્યારે સીરસ્તેદારનું કામ છે કે તેમાં જડજનો હુકમ લેવો જોઈએ કે નહી તે જોવું, અને લેવા જેવી અરજી હોય તો તેમ કરવું. સબાર્ડિનેટ જડજની કોર્ટમાં કલાર્કે અરજીઓ લેવી જોઈએ. જે અરજીઓ આવી હોય તે બધી અનુક્રમે નોંધવી જોઈએ.

૩૩. પ્રશ્ન—હાયકોર્ટને તે હુકમ અને અરજીઓ ઉપર અ- પીલ થઈ શકતી હોય તેની સહીવાળી નકલો ઉપર શી મુખ્ય હકીકત લખવી જોઈએ?

ઉત્તર-(૧) નકલ માગવાને કઈ તારીખે અરજી કરી તે; (૨) વધારાનો સ્ટાંપ કઈ તારીખે માગવામાં આવ્યો તે; (૩) એવો વધારાનો સ્ટાંપ આણી આપ્યો હોય તે તારીખ; (૪) ફરિ વિચારમાં લેવાને માટે અરજી કરી હોય તેની તારીખ; (૫) એવી અરજી ઉપર હુ- કમ થયો હોય તેની તારીખ; (૬) નકલ આપવાને તૈયાર થઈ તે તારીખ; એ શિવાયની હકીકત હા- ઈકોર્ટને અપીલ કરવા લાયક હુકમનામાં અને હુ- કમોની સહીવાળી નકલો ઉપર લખવી ન જોઈએ. દફતરની બધી સહીવાળી નકલોના છેલા તાર ઉપર એક ટીપ કરવી જોઈએ તેમા તારની સંખ્યા જણા- વવી જોઈએ, અને એવી ટીપો ઉપર શાહી પત્રી જો- ઈએ. દફતરની સહીવાળી નકલ અથવા દફતરમાં જ્યારે સુધારો કરવામાં આવે ત્યારે એવા સુધારા ઉપર ઈકરાર કરવો જોઈએ.

૩૪. પ્રશ્ન—બીજી કચેરીના કોઈ દફતરની નકલ પોતાના કા- મને જરૂર હોય તે પક્ષકારને ન મળે તો કોર્ટે શું કરવું જોઈએ, અને આ સાધનથી તેનો ઈરાદો પાર

નપડે તો કોર્ટે શો ઉપાય કરવો જોઈએ?

ઊત્તર-જ્યાંહાં બીજીકચેરીમાં કોઈ દફતરની નકલ પોતાના કામને જરૂર હોય તે પક્ષકાર મેળવવાને અશકત હોય, ત્યાંહાં તેવા પક્ષકારની દરખાસ્તથી કોર્ટે તેને એક હુ-કમ આપવો જોઈએ તેમાં લખવું કે એવા દફતરની અગત્ય છે, અને આ ઉપાયથી નકલ ન મળે તો કાયદાની કલમ ૧૩૭ મુજબ એવું દફતર રજુ ક-રવાને માટે યોગ્ય અધિકારીને સમન કરવો જોઈએ.

૩૫. પ્રશ્ન-અરજીમાં જે દાદ માગી હોય તે શિવાય બીજી દાદનો ઈનસાફ કોર્ટ આપી શકે?

ઊત્તર-દાવાના પક્ષકારોના સઘળા વ્યાજબી અથવા કા-યદેસર હક ઉપરવિચાર કરવાને કોર્ટ કાયદા પ્રમાણે બં-ધાએલા છે, અને બની શકે ત્યાંહાં સુધી એવા હુ-કોને પોતાના હુકમનામાથી અમલમાં લાવવાના છે, તોપણ અરજીમાં માગ્યા શિવાયની દાદ કોર્ટે આપવી નહી જોઈએ.

૩૬ પ્રશ્ન-હુકમનામાં અને બીજા કાગળો કેટલી મુદતમાં તૈયાર થવા જોઈએ, અને તે કરનાર જડજ સહી ક-રતાં પેહેલાં ગુજરી જાય તો કોણ સહી કરવી જોઈએ?

ઊત્તર-ફેસલો સંભળાવવાની તારીખથી પાંચ દાહાડાની મુદતમાં દરેક હુકમનામું તૈયાર કરવું જોઈએ, અને

તેજ મુદતની અંદર કોર્ટના દફતર સારૂ ફેસલાની સાફ નકલ અને તરજુમો કરવો જોઈએ. જો લખેલો ફેસલો તૈયાર કરયા પછી અને ખુલ્લી કોર્ટમાં પોતાનો ફેસલો સાંભળયા પછી જડજ ગુજરી જાય અથવા પોતાની જગા છોડે તો એવાં હુકમનામાં ઉપર તેની જગાએ આવનાર સખસે સહી કરવી.

૩૭ પ્રશ્ન–કયા નમુના પ્રમાણે હુકમનામાં લખવા જોઈએ, અને તેમાં ચોખી રીતે શું આવવું જોઇએ, અને હાયકોર્ટે પોતાના રીપોર્ટમાં કેઈ બાબત સારૂ જુદો નમુનો આપેલો છે? પક્ષકારોએ રાજીનામું આપ્યું હોય ને દફતરમાં તેને દાખલ કરયું હોય તો તે રૂઈથી કેટલી મુદતમાં હુકમનામું તૈયાર કરવું જોઈએ?

ઊત્તર–વખતે વખતે હાયકોર્ટે નિચલી કોર્ટને નમુના મોકલ્યા હોય તે પ્રમાણે ઘણુંકરીને હુકમનામાં તૈયાર કરવાં જોઇએ. હુકમનામાં સ્પષ્ટ લખવાં જોઈએ અને બીજા દસ્તાવેજનો કાંઈ સંબંધ બતાવવો જોઈએ નહી. અરજીમાં વિનંતી કરવામાં આવી હોય તે મુજબ વાદીના લાભમાં હુકમનામું કરવું બસ નથી. હાયકોર્ટે પોતાના રીપોર્ટમાં ઘરાણે મુકેલી મિલકત છોડવવાનો ઘરાણે મુકનારનો દાવો કાહાડી નાંખવાના હુકમનામાનો જુદો નમુનો આપેલો છે. પક્ષકારોએ

આપેલું રાજીનામું દફતરમાં દાખલ કરયા પછી પાંચ વર્ષની મુદતે પણ હુકમનામું તઈયાર થાય.

૩૮. પ્રશ્ન—હાઈપાથીકેશનના કરારથી લેહેણાદાર અરજી કરતો હોય તો તેણે શું શાબેત કરવું જોઈએ, અને ત્યારે હુકમનામું શી બાબતનું અને તે કઈ શરતોવાળુ જોઈએ?

ઉત્તર—હાઈપ.થ.કેશનના કરારની રૂઈએ દાવો કરનાર લેહેણદારે શાબીત કરવું જોઈએ કે મિલકત ખરેખરી ધરેણે મુકી હતી અને ધરેણે મુકતી વખતે તે જામીન દેણદારની મિલકત પેકીની હતી. કોર્ટ ઠરાવે તે મુદતમાં વ્યાજ સહિત દેણદાર રકમ ના આપે તો ધરેણે મુકેલી મિલકત વેચવાને કોર્ટનું હુકમનામું થશે.

૩૯ પ્રશ્ન—વેચાણ વગેરેના ખરચમાં હાયકોર્ટે શું શું આવવું જોઈએ ઠરાવ્યું છે?

ઊત્તર—હાયકોર્ટમા દાવા અને અરજીઓના નિકાલ કરવામાં આવ્યા હોય તેના ખરચમાં નિચેની બાબતોનો સમાસ થાય છેઃ—છાપવાના ખરચ સારૂ અને પ્રોસેસ બજાવવા સારૂ જે રકમ આપવામાં આવી હોય તે; તથા જે હુકમનામાં અને ઠરાવ ઉપર અપીલ કરી હોય તેની સહીવાળી નકલો વાસ્તે સ્ટાંપ ફી લેવામાં આવી હોય તે અને વકીલાતનામું હોય તો તેની સ્ટાંપ ફી.

૪૦. **પ્રશ્ન** વકીલની ફી શી રીતે ગણવામાં આવે છે, અને દાવાનો દરેક સખસ એક અથવા વધારે વકીલ કરે અને જયાંહાં એકજ તરફના પક્ષકારો દરેક જુદ જુદા વકીલ કરે તો વકીલની ફી શી રીતે ગણવામાં આવે છે? દિવાની પરચુરણ અપીલમાં વધારેમાં વધારે ખરચ કેટલો આપવામાં આવે છે?

ઉત્તર-અપીલની યાદી ઉપર જે રકમ ગણીને સ્ટાંપ વાપરવામાં આવે છે તેજ રકમ ઉપર વકીલની ફી ગણવામાં આવે છે. દાવાનો દરેક પક્ષકાર એક અથવા વધારે વકીલ રાખી શકે છે અને એકજ તરફના બધા પક્ષકારો મળીયારે એક અથવા વધારે વકીલ રાખી શકે છે, પણ બીજી તરફના એક પક્ષકારે એક વકીલ કરતાં વધારે વકીલની ફી કોઈપણ કારણસર હારનાર પક્ષકારને માથે નાંખવામાં આવશે નહી. જ્યાંહાં એકજ તરફના પક્ષકારોમાંનો દરેક જણ જુદા વકીલ રાખશે અને સામો પક્ષકાર જો હારશે ને વકીલ રાખનાર પક્ષકારોનો સ્વાર્થ જુદો હશે તો એવા દરેક વકીલની ફી તેને માથે નાંખવામાં આવશે, અને જો એકજ રીતનો સ્વાર્થ હશે તો એક વકીલની ફી લેવામાં આવશે. દિવાની પરચુરણ અપીલના કામમાં ગમે તે કારણે રૂ ૫૦) કરતાં વધારે આપવામાં આવશે નહી.

૪૧. **પ્રશ્ન**—નિચે લખેલી દરેક બાબતમાં વકીલની ફી શી રીતે ગણવામાં આવે છેઃ—(૧) જ્યારે દાવો અથવા અપીલ દિવાની વહિવટના કાયદાની કલમ ૫૬૨ મુજબ વધારે તપાસ કરવાને માટે પાછી મોકલવામાં આવે ત્યારે; (૨) જ્યારે અપીલ કાહાડી લેવામાં અથવા ખાનગી રીતે નિકાલ કરવામાં આવે અને ખરચ સારૂ બંદોબસ્ત ન કર્યો હોય ત્યારે; (૩) અને જ્યારે ફેંસલો ફરી વિચારમાં લેવા સારૂ અરજી કરવા ઉપરથી અપીલ ફરી દાખલ કરી હોય અને સુધારેલું હુકમનામું કરવામાં આવે ત્યારે?

ઉત્તર—આ દરેક બાબતમાં વકીલની ફીનો અપીલના ગુણ દોષ ઉપર ઠરાવ કરવામાં આવે તેની ફીના હિસાબે ફી ગણવામાં આવશે.

૪૨. **પ્રશ્ન**—હુકમનામું બજાવવા સારૂ જંગમ મિલકત જપ્ત કરવામાં હમેશ શો નિયમ લક્ષમાં રાખવાનો છે?

ઉત્તર—જંગમ મિલકત પ્રતિવાદીના કબજામાં માલમ પડે અને કાયદાની કલમ ૨૬૯ મુજબ 'ખરેખર કબજો' લેઈ જપ્તી કરવામાં આવે તો જમાનના કબજામાં રાખી શકાય નહી, પણ એવી મિલકત કોઈથી વેગળી હોય અને ખસેડવાને હરકત હોય તો તે જપ્ત કરવાને જે બેલીફ મોકલ્યો હોય તે બેલીફ તે જગ્યા

ઉપર તે મિલકત કબજામાં રાખે અને તેનો રીપોર્ટ આવાવાથી એવી જપ્ત કરેલી મિલકત ૨૭૭-૨૮૪ મી કલમ મુજબ ૨૨૫-૨૨૬ વેચવાને કોર્ટ એકદમ હુકમ કરે.

૪૩. પ્રશ્ન—એવું વેચાણ કોણે અને કેટલી મુદત સુધીમાં કરવું જોઈએ?

ઉત્તર-જ્યાંહાં સુધી હુકમનામું બજાવવામાં સરકારને મેહેસુલ આપનારી જમીન વેચવાનો અખત્યાર કલેકટરોને અથવા અમુક રીતે કોઈ પણ કલેકટરને સામાન્ય રીતે સરકારઆપે ત્યાંહાં સુધી કાયદાની કલમ ૨૮૬-૨૯૧ મુજબ કોર્ટ પોતાના અમલદારો વડે એવું વેચાણ કરાવવું.

૪૪. પ્રશ્ન—હુકમનામું બજાવતી વખતે માલમ પડે કે અરજીમાં દરશાવેલી સ્થીતીની જમીન નથી તો, શો. વહિવટ છે?

ઉત્તર-જો અરજીમાં વર્ણન કરયા મુજબની જમીન નથી એવું હુકમનામું બજાવવા જતાં માલમ પડે તો, નવેસરથી દાવો કરવાને પક્ષકારોને ફરમાવવું જોઈએ.

૪૫. પ્રશ્ન—હુકમનામું બજાવવામાં વેચાણ કરવાને અરજી થઈ હોય તો શું કરવું જોઈએ ને તેને કંઈ શરતો લાગુ છે? એવું વેચાણ મોકુફ રાખી શકાય છે, અને જો તેમ હોય તો શા કારણસર અને એવું વેચાણ ક્યારે મંજુર કરવામાં આવે છે? વેચાણ ઉપર કોર્ટથી કાંઈ કમીશન અપાય છે?

ઉત્તર-હુકમનામું બજાવવાને સારૂ વેચાણ કરવાના હુકમ સારૂ અરજી કરી હોય ને મિલકત જપ્તીમાં લીધા પછી વ્યાજબી મુદત થઈ હોય તો ઢીલ કરયા વગર હુકમ અને જાહેરનામું કાઢવાં જોઈએ, પણ એ-ટલી શરતે કે દાવો અથવા હરકત થઈ ન હોય અથવા કદાચ થઈ હોય ને તે રદ કરી હોય તો. વે-ચાણ સારૂ એકવાર દિવસ મુકરર કરવામાં આવ્યો હોય અને જાહેરનામું કાઢ્યું હોય તો ખાસ કારણ વગર તે મુલતવી રાખવાં ન જોઈએ ને તે કારણ ખસુસ કરીને દફતરમાં નોંધવાં જોઈએ. જો મુલતવી રાખ્યા વગર ચાલે નહી તેવું હોય તો અસલ જાહેરનામા માફકની નોટીસ તે જગાએ ને તેવીજ રીતે પ્ર-સિદ્ધ કરવી જોઇએ, અને વેચાણનો નવો દાહાડો ઠ-રાવી બનતી થોડી ઢીલે જાહેર કરવું જોઈએ. કોઈ પણ અપવાદ વગર બધી બાબતોમાં જેનું વેચાણ એકવાર શરૂ કરયું હોય તે તેજ દાહાડે પુરૂં કરવું જોઈએ. ત્રીસ દાહાડા પછી દરેક વેચાણ મંજુર કરવું જોઈએ પણ તે વેચાણ રદ કરવાને માટે અરજી થઈ હોય તો તે હરકત નામંજુર કરયા પછી તુરતજ મંજુર કરવું જોઈએ. કોર્ટના હુકમ ઉપરથી મિલકત વેચવામાં આવી હોય તેના ઉપર કમીશન આપવું ન જોઈએ.

૪૬ **પ્રશ્ન**-વેચાણનું નાણું કોના કબજામાં રાખવું જોઈએ?

ઊત્તર-મિલકત વેચવાથી જે નાણું ઉપજે તે નાજરના કબજામાં રાખવું જોઈએ નહી, પણ જે પક્ષકારનો તેના ઉપર હક હોય તેને કાંઈ કારણસર એકદમ આપી શકાય નહી તો મુલકી તીજોરીમાં ભરી દેવું જોઈએ.

૪૭ **પ્રશ્ન**-દિવાની કેદમાંથી છુટકારો થવા માટે પક્ષકારોએ કોને અરજી કરવી જોઈએ?

ઊત્તર-કાયદાની ૩૪૪ ૩૪૫-૩૪૬મી કલમ મુજબ પક્ષકારે પોતાના છુટકારા સારૂ હુકમનામું બજાવવામાં જે કોર્ટના હુકમથી તે કેદમાં હોય તેને અરજી કરવી જોઈએ, અને તે લેઈને કેદખાનાના અધિકારીએ ટપાલ ખરચ ભરીને જો જરૂર હોય તો તે કોર્ટ તરફ મોકલવી.

૪૮ **પ્રશ્ન**-પુરાવામાં જે કાગળો લીધા હોય તેના ઉપર શી રીતે નીશાની કરવી જોઈએ?

ઊત્તર-વાદીએ જો પુરાવામાં કાગળ આપ્યા હોય અને કબુલ રાખવામાં આવ્યા હોય તો તેના ઉપર કકાના અક્ષરથી નીશાની કરવી જોઈએ, અને પ્રતિવાદીએ આપ્યા હોય તો અંકથી નીશાની કરવી જોઈએ.

૪૯ **પ્રશ્ન**-વાદીના દસ્તાવેજ ઉપર નિશાની કરવાને કયા અક્ષર વાપરવામાં આવે છે, અને પુરાવામાં પાછળથી વધારાના કાગળ લીધા હોય તો તેના ઉપર શી નિશાની

કરવામાં આવે છે? કેટલાએક વાદીયો અથવા પ્ર-
તિવાદીયો પઈકી એક જુદા જુદા દસ્તાવેજ રજુ
કરે તો તેના ઉપર શી રીતે અક્ષરો અથવા અંક
મુકવામાં આવે છે? ફેંસલા વગરેમાં દસ્તાવેજ શી
રીતે બતાવવમાં આવે છે? કાગળનો અથવા વકીલ
ની તકરારનો ઈંગ્રેજી તરજુમો લેઈ શકાય છે, અને તેના
ઉપર કાંઈ કામ ચલાવતાં પેહેલા તેનુ શું કરવું જોઈએ?

ઊત્તર-વાદીના દસ્તાવેજ ઓળખવાને સારૂ તેના ઉપર
મોટા અક્ષરની નિશાની કરવી જોઈએ, અને કકાના
અક્ષર પુરા થઈ જાય તો બેવડા મોટા અક્ષર કરવા
જોઈએ, (अ अ, ब ब.) જો પાછળથી એટલે અ-
પીલમાં અથવા કામ પાછું મોકલ્યું હોય ત્યારે નવા
દસ્તાવેજ પક્ષકાર રજુ કરે તે જો પુરાવામાં લેવામાં
આવે તો આગળ છેલ્લા દસ્તાવેજ ઉપર જે નિશાની
કરવામાં આવી હોય તે પછીના અક્ષર અનુક્રમે
મુકવા જોઈએ. જો ઘણા વાદી અથવા પ્રતિવાદી
હોય અને દરેક જુદ જુદા દસ્તાવેજ આપે તો તેઓના
ઉપર જુદ જુદા અક્ષર અથવા અંક મુકવા જો-
ઈએ નહી પણ અનુક્રમ જારી રાખવો જોઈએ, જાણ
કે એકજ વાદીએ અથવા પ્રતિવાદીએ રજુ કર્યા
હોય તેમ. દફતરમાં જે નંબર પડયો હોય તેગમે તે

કારણુસર દસ્તાવેજ, જુબાની અથવા બીજા કાગળ ઉપરનો બતાવવો જોઈએ નહી પણ તેની જુદી જુદી નિશાની પ્રમાણે ફકત બતાવવો જોઈએ. જેમ કે "વાદીનો દસ્તાવેજ અ" "પ્રતિવાદીના પેહેલા શાહેદીની જુબાની" ઈત્યાદી. કોઈ પક્ષકાર પુરાવામાં વકીલની તકરારનો અથવા દસ્તાવેજનો ઈંગ્રેજી તરજુમો રજુ કરયો હોય તે લેવાય પણ તે ઉપર અમલ કરવા પેહેલાં તેના ખરાપણાની ચોકશી કરવી જોઈએ.

૫૦. પ્રશ્ન-દસ્તાવેજ નોંધ્યાની તારીખનો શેરો લખવાનું કામ કોને સોંપ્યું છે? તે કેટલા વર્ષનો છે તે નક્કી કરવા માટે અથવા તેમાં ચેરચુંથ અથવા પાછળથી વચમાં લખેલું શોધી કાહાડવા માટે કોઈ દસ્તાવેજ પક્ષકાર અથવા વકીલ જોવાને ઈચ્છા રાખતો હોય તો તે તેમ કરી શકે છે; અને તેમ કરી શકતો હોય તો કયારે અને કેવા કારણુસર? દસ્તાવેજની સહીવાળી નકલો કેવા કારણુસર મુકવાને રજા આપવામાંઆવે છે?

ઊત્તર-દસ્તાવેજ નોંધવાની તારીખનો શેરો કરવાનું કામ કોર્ટના મુખ્ય તાબાના નોકરને સોંપવામાં આવે છે, અને તે શેરા ઉપર જડજે એકાક્ષરી અથવા પુરી સહી કરવી જોઈએ. દસ્તાવેજની સંભવિત મુદત નક્કી કરવા માટે અથવા ચેરચુંથ અથવા વચમાં વધારવાનું

લખાણ જોવા માટે પક્ષકાર અથવા વકીલની અસલ દસ્તાવેજ જોવાની મરજી હોય તો અરજીની સુનાવણી વખતે ખુલ્લી કોર્ટમાં તે તેમ કરી શકે છે. અરજીનું કામ ચાલતું હોય તેવામાં કાયદાની કલમ ૧૪૪ મુજબ અસલ દસ્તાવેજ જે બાબતમાં પાછા આપવાના હોય તેમાંજ ફક્ત દસ્તાવેજની સહીવાળી નકલો મુકવા દેવામાં આવે છે પણ અરજી પુરી થયા પછી કલમ ૧૪૪ મુજબ અસલ દસ્તાવેજો પાછા આપ્યા હોય ને તે ન જોપતા હોય તો.

૫૧. પ્રશ્ન—દાવાની તારીખ સુધી વ્યાજ કયારે અપાવવામાં આવે છે? મુદલ કરતાં વધારે વ્યાજનો દાવો કરવાને હરકત છે એવો કોઈ આગળ ઠરાવ હતો, અને હજુ તે અમલમાં છે? સન ૧૮૭૭ ના ૧૦ મા આકટની કલમ ૨૦૯ મુજબ વધારે વ્યાજ આપવાને જ્યારે કોર્ટ હુકમ કરે ત્યારે તે કેઈ તારીખથી ગણવું જોઈએ! હુકમનામામાં વ્યાજ સારૂ કાંઈ ઠરાવ કર્યો નહોય તો, બજાવનારી કોર્ટ તેની સાથે વ્યાજ અપાવી શકે?

ઊત્તર—લખેલા દસ્તાવેજનું દેણુ આપવામાં ગેરકાયદે ઢીલ થઈ હોય તો લખેલી માગણી શિવાય જે રકમો આપવા જોગ થઈ નથી તેનું વ્યાજ દાવાની તારીખ સુધી અપાવી શકાય નહી. સન ૧૮૦૨ નો

૩૪ મો કાયદો રદ થયા પછી મુદલ દરતાં વધારે વ્યાજ માગવાના દાવાને બાધ આવે તેવું કશું નથી. સન ૧૮૭૭ ના ૧૦ મા આકટની કલમ ૨૦૯ મુજબ વધારે વ્યાજ આપવાને કોર્ટ હુકમ કરે ત્યારે મુદલ રકમનું હુકમનામું થયું હોય તે તારીખથી તે મુદલ આપવાની તારીખ સુધી ગણવું જોઈએ અને નિમેલી મુદત સુધી ગણવું જોઇએ નહી. વ્યાજ આપવા બાબત હુકમનામામાં લખ્યું ન હોય તો હુકમનામું બજાવનારી કોર્ટથી વ્યાજ આપી તેમાં વધારો કરાય નહી.

૫૨. **પ્રશ્ન**—પેહેલી સુનાવણી વખતે કોર્ટે ખાસ ધ્યાન શેના ઉપર આપવું જોઈએ, અને તેણે શો રસ્તો લેવો જોઈએ? તેણે તજવીજ શી રીતે શરૂ કરવી જોઇએ, અને અંતે તે તજવીજમાં શું ઉઘાડું કરવું જોઈએ? હકીકત ઉપરથી જે તકરારી બાબત નિકળી આવી હોય તેના ઉપર કોર્ટે શું કરવું જોઈએ?

ઊત્તર—કાયદાની કલમ ૧૧૦-૧૧૮-૧૩૮ અને ૧૪૯-૧૪૭ ઉપર બરાબર ધ્યાન આપવામાં આવ્યું હોય તો દાવાની પેહેલી સુનાવણી વખતે કોર્ટની આગળ કામના પક્ષકારો અથવા તેમના વકીલો અથવા કાયદેસર મુખત્યારોએ કાંઈ લખેલી હકીકત મુકેલી હોય તે અને સઘળો દસ્તાવેજી પુરાવો રજુ રાખવો. પક્ષકારો

ને કાયદાની અથવા હકીકતની જે તકરાર હોય તે નક્કી કરવા માટે પક્ષકારોને અથવા તેમના વકીલોને અથવા કાયદેસર મુખત્યારોને તપાસવાનું શરૂ કરવું જોઈએ કે પાછળથી જે પુરાવો રજુ કરવામાં આવે તે એ-વીજ તકરારોને લગતો લેવામાં આવે, અને જે બા-બતની તકરાર ન હોય તે વિશે પુરાવો સાંભળવામાં કોર્ટનો વખત વ્યર્થ રોકાય નહી. અરજી ઉપરથી અને કાંઈ લખેલી હકીકત આવી હોય તે ઉપરથી વાદીની જે તકરારો માલમ પડી આવે તે વાંચી દેખાડવાનું કોર્ટે શરૂ કરવું જોઈએ, અને પછી પ્ર-તિવાદીને પુછવું જોઈએ કે વાદીના કહેવાની કેટલી બાબતો તે કબુલ રાખે છે અથવા નામુકર જાય છે. પ્રતિવાદીની તકરારો વિશે પણ પાછળથી તેમજ ક-કરવું જોઈએ કે, વાદી તે તકરારો પઈકી કેટલી ક-બુલ રાખે છે અથવા નામુકર જાય છે. આ તજ-વીજનું ફળ એ નિકળશે કે એક તરફથી કેટલી બા-બતો કબુલ રાખવામાં આવે છે અને બીજી તરફથી કેટલી નાકબુલ થાય છે, તે ઉપરથી જાણશે કે પક્ષ-કારોમાં ખરી તકરારો કેઈ છે. આવી રીતે તકરારી બાબતો નિકળી આવે તે ઉપર કોર્ટે મુદ્દા તૈયાર ક-રવા જોઇએ. એનો અર્થ એવો કે પક્ષકારોએ કેઈ

બાબતનો પુરાવો આપવો જોઈએ કે તે ચોખ્ખી અને સ્પષ્ટ રીતે કોર્ટનો ફેંસલો કેઈ ખરી બાબતો ઉપર આપવો જરૂર છે. તે તેમને જણાઈ આવે,

૫૩. પ્રશ્ન–મુદ્દા કેટલે દરજ્જે દાવો કરનારને અને જેના ઉપર દાવો થયો હોય તે પક્ષકારને મદદ આપે છે, અને કયા પક્ષકારે મુદ્દાની બાબતો શાબિત કરવી જોઈએ અથવા ના શાબિત કરવી જોઈએ તે બતાવવાની જરૂર છે? વળી મુદ્દાનો ઠરાવ કરતી વખતે પુરેપુરી જુબાનીઓ લેવાની પણ જરૂર છે? નહી તો તેને બદલે શું કરવું જોઈએ, કોણ તે કરવું જોઈએ અને કેવી રીતે?

ઉત્તર–મુદ્દાની બાબતો કયા પક્ષકારે શાબિત કરવી અથવા ન કરવી તે નક્કી કરવાની જરૂર નથી. જો મોહોડાના અને લખેલા મજકુર ઉપર બરાબર વિચાર કરવામાં આવે અને મુદ્દા સંભાળથી તૈયાર કરવામાં આવે તો, દરેક મુદ્દા ઉપર દરેક પક્ષકારે કયો પુરાવો આપવો તે શોધી કાહાડવાને તેઓ ચુકનાર નથી. મુદ્દાનો ઠરાવ કરતી વખતે જુબાનીઓ લેવાની નથી, પણ કાયદાની ૧૧૮-૧૧૯ મી કલમ મુજબ કોર્ટે મ્હોડાની તપાસ ચલાવી હોય તેનો સારાંઉશ લખવો જોઈએ. આ સારાઉશ જડજે પોતાને હાથે લખવો જોઈએ અને દફતરમાં બરાબર દાખલ કરવો જોઈએ.

૫૪. **પ્રશ્ન**-મુદ્દાનો ઠરાવ કરતી વખતે કોણે અને ક્યારે કોર્ટનો હુકમ લખવો જોઈએ? તે હુકમથી શો અર્થ સરશે? કોર્ટના હુકમમાં વળી શું દાખલ કરવું જોઈએ?

ઊત્તર-પક્ષકારોની મ્હોડાની તપાસણી પુરી થાય એટલે તરતજ મુદ્દા ઠરાવતી વખતે કોર્ટનો હુકમ જડજે પોતાને હાથે લખવો જોઈએ અને દાવામાં તે કાગળ મુદ્દાનો ગણવો જોઈએ, અને પેહેલા દાવાની કોર્ટના હુકમનામા ઉપર અપીલ થાય તો તે અપીલકોર્ટ તરફ મોકલવો જોઈએ. જ્યારે મુદ્દા તૈયાર કરયા હોય, ત્યારે અરજી સાથે જે દસ્તાવેજ રજુ કરયા હોય તે કબુલ રાખવા અથવા નામંજુર કરવા. એવા કબુલ રાખેલા અથવા નામંજુર કરેલા દસ્તાવેજાની હકીકત કોર્ટના હુકમમાં હમેશ દાખલ કરવી જોઇએ.

૫૫. **પ્રશ્ન**-જુદા જુદા વર્ગના ફેંસલા અથવા હુકમનામાં લખવામાં કોર્ટે શી બાબત ઉપર ધ્યાન આપવું જોઈએ તે વિસ્તારથી કહો?

ઊત્તર-દરેક ફેંસલા અને હુકમનામાને મથાળે કોર્ટના હોદ્દા નીચે પ્રમુખ યુરોપીઅન અથવા દેશી જડજનું નામ લખવું જોઈએ. દાખલોઃ—અરજીનો નંબર.

સન . ના ડિસ્ત્રિકટ મુનસંફની કોર્ટમાં.

હાજર (પ્રમુખ જડજનું નામ) અસલ દાવામાં ફેંસલ.

ની શરૂઆતે તકરારનો સારાંશ આપવો જોઈએ, અને બધા દસ્તાવેજ રજુ થયા હોય તેના વર્ણનની યાદી અને જે શાહેદીયો તપાસવામાં આવ્યા હોય તેના નામની યાદી, પછી બંન્ને બાજુના કામના પ્રકારની હકીકત, જે બાબતો સાબિત થઈ હોય તે અને કોર્ટનો ઠરાવ આપવો જોઈએ. (૨) અપીલમાં પેહેલા દાવાની કોર્ટના ફેસલા વખતે કોર્ટમાં થએલી તકરાર, તે કોર્ટનું હુકમનામું, અપીલની યાદીમાં લીધેલી તકરારો, ફેસલ કરવાના સવાલ, પુરાવામાં જે હકીકત સ્થાપન થઈ હોય તે અને કોર્ટનો ઠરાવ, પેહેલા દાવાની કોર્ટે પુરાવા ઉપર જે વિચાર કર્યો હોય તેથી અપીલકોર્ટ વિરૂધ્ધ પડે તો તેનાં વિગતવાર કારણ આવવાં જોઈએ. ફેસલામાં અપીલના પક્ષકારોને અપીલનો વાદી અથવા પ્રતિવાદી એમ બતાવવું ન જોઈએ પણ વાદી અથવા પ્રતિવાદી એમ બતાવવું જોઈએ. (૩) જ્યારે એકજ હુકમનામા ઉપરથી સામ સામી અપીલો થઈ હોય ત્યારે બંન્ને અપીલોનો એક ફેસલો લખવો જોઈએ તેમાં દરેક અપીલમાં જે મુદ્દાની વાતો કાહાડી હોય તે આવવી જોઈએ. જ્યાંહાં ગ અરજીઓમાં પક્ષકારો એકજ હોય અને એક ફેસલો બીજાના ઉપર આધાર રાખતો હોય ત્યાંહાં

પેહેલી અરજીમાં ફેંસલાનાં જે કારણો વિગતવાર લખ્યાં હોય તે બીજી અને તેના પછીની અરજીઓમાં ટુંકી રીતે તેનો સબંધ દેખાડવાની ફકત અગત્ય છે. જે કામ પાછાં મોકલ્યાં હોય તેમાં સુધારેલા ફેંસલા પોતાની મેળે સંપુર્ણ જોઈએ અને તેનો અર્થ દરશાવવા માટે પેહેલા ફેંસલાનો સંબંધ બતાવવો જોઈએ નહી. અરજી અથવા અપીલની સુનાવણી પુરી થએ મોહોડેથી ફેંસલો આપવો. લખેલો ફેંસલો પાછળથી ખુલ્લી કોર્ટમાં સંભળાવવો જોઈએ.

૫૬ પ્રશ્ન–નિચલી કોર્ટનું હુકમનામું બાહાલ રાખવા અથવા ફેરવવા અથવા દુરસ્ત કરવાનાં કારણ સંપુર્ણ રીતે અપીલકોર્ટને લખવાની જરૂર છે? જો એમ હોયતો બીજી કોર્ટોએ તે પ્રમાણે કરવું જોઈએ એવી ફરજ પાડવાનો કેઈ કોર્ટનો અધિકાર છે? દાવાની છેવટ સુનાવણી કરયા પછી ફેંસલો કહ્યો હોય તે દફતરમાં લખ્યો નથી એવું નવા આવનાર જડજને માલમ પડે તો તે જડજે શું કરવું જોઈએ?

ઊત્તર–નિચલી કોર્ટનું હુકમનામું બાહાલ રાખવાના અથવા ફેરવવાના અથવા દુરસ્ત કરવાનાં કારણ સંપુર્ણ રીતે લખવાની જરૂર નથી તોપણ દિવાની વહિવટના કાયદાની કલમ ૫૭૧, ૫૭૨, અને ૫૭૩ મુજબ

દરેક બાબત વર્તવાને હાઈકોર્ટે અપીલકોર્ટના જ- ડજોને હુકમ કરવો જોઈએ કારણ કે અપીલના દ- રેક કારણ ઉપર કોર્ટે શો ઠરાવ કર્યો તે બતાવવું બસ છે અને હકીકતના પ્રશ્ન ઉપર ચોખ્ખુ ફેંસલ નાંમું ખાસ જોઈએ કારણ કે નીચલી અપીલકોર્ટના નિર્ણય આ બાબતમાં આખરના છે અને સ્પેશિય લ અપીલમાં હાઈકોર્ટને બંધન કરતા છે. જો જડજ કોર્ટ છોડ્યા પછી એવું માલમ પડે કે દાવાની છે- લ્લી સુનાવણી થયા પછી લખેલો ફેંસલો દફતર ઉપર મુક્યો નથી તો એ બાબતમાં એવા જડજે તે કામમાં ફેંસલો કહી દેખાડ્યો હોય અને પોતાના ઠરાવની ટુંક નોંધ કરી હોય તોપણ તેના પછી આ- વનારે જડજે દાવો સાંભળીને ઠરાવ કરવો જોઈએ.

૫૭. પ્રશ્ન- જે દાવાનો ભાગ બીજા જીલ્લામાં હોય તે ફરિયાદની તજવીજ કરવા સારૂ કાયદાની કલમ ૧૯ મુજબ અખત્યાર માગવા અરજી કરી હોય તે સાથે હાઈકોર્ટને કયા કાગળો મોકલવા જોઈએ, અ- ને તેવી અરજીમાં શું લખવું જોઈએ? બીજી કેઈ બાબતમાં એવી રીતનો રસ્તો પકડવો જોઈએ?

ઊત્તર-દાવા પઈકી કોઈ જમીનનો ભાગ બીજા જી- લ્લામાં હોય ત્યારે દાવાની તજવીજ કરવાનો હુકમ

મળવાને કંપદાની કલમ ૧૯ મુજબ હાઈકોર્ટને અરજી કરવામાં આવે ત્યારે જો અરજી ઈંગ્રેજીમા હોય તો તેની નકલ અથવા દેશી ભાષામાં હોય તો તેનો તરજુમો, એવી અરજી સાથે મોકલવો જોઈએ. બીજા દરેક જીલ્લાની કોર્ટની હકુમતમાં દાવાનો જે ભાગ હોય તે સ્પષ્ટ રીતે અરજીમાં લખવો જોઈએ. બીજી જડજની હકુમતમાં જે ભાગ હોય તે દાવો જડજે સાંભળવાની પરવાનગીની અરજી કરવામાં આવી હોય તેના વિશે પણ એજ રસ્તો પકડવો જોઈએ.

૫૮. **પ્રશ્ન**—જ્યારે ઘણા દેણદારો ઉપર અરજી કરવામાં આવી હોય તેમાંનો એક ફરિયાદી કરતી વખતે સ્માલકાજ કોર્ટની હદમાં રહેતો ન હોય અથવા નફા સારૂ જાતે કાંઈ કામ કરતો ન હોય, ત્યારે એવા બધા સખસો ઉપર કોર્ટ તે ફરિયાદ લેઈ શકે છે?

ઊત્તર—સન ૧૮૭૭ ના ૧૦ મા આક્ટની કલમ ૫૭ મુજબ સ્માલકાજકોર્ટને એવા બધા દેણદારો ઉપર અરજી લેવાને હાઈકોર્ટના હુકમની જરૂર છે. જ્યારે અરજી કરતી વખતે તેમાંનો એક જણ તે કોર્ટની હદમાં જાતે રહેતો નથી અથવા નફા સારૂ જાતે કામ કરતો નથી ત્યારે.

૫૯—**પ્રશ્ન**—એવા હુકમ સારૂ કયારે અરજી કરવી જોઈએ? સ્માલકાજકોર્ટને કયા ખાસ કામમાં હાઈકોર્ટ પરવા-

નગી આપવાને ના પાડશે?

ઉત્તર-અમુક મુકરદમાની હકીકતના મુકરદમા ઉપર અરજી લીધા પછી એવા હુકમ સારૂ પરવાનગી માગવી જોઈએ. હાઈકોર્ટની હમેશાની અસલ હકુમતની અંદર પ્રતિવાદીયો પૈકી એક રહેતો હોય ત્યારે સન ૧૮૦૨ના કાયદા બીજાની કલમ ૧૨ મુજબ હાઈકોર્ટ સ્મોલકાજકોર્ટને દાવો ચલાવવાને પરવાનગી આપશે નહી.

૬૦. **પ્રશ્ન-**સ્મોલકાજકોર્ટ માફક જે દાવામાં ડિસ્ટ્રિકટ મુનસફને તજવીજ કરવાને અખત્યાર હોય તેમાં તેણે શું કરવું જોઈએ? સંક્ષેપ હુકમ સંબંધી નીકાલ કરયો હોય તેમાં બે જડજોના જુદા જુદા મત હોય તો હાઈકોર્ટના જડજોએ શું ઠરાવ્યું છે?

ઉત્તર-દાવાની તજવીજ કરવા સારૂ સ્મોલકાજકોર્ટના જડજ માફક જેમાં મુનસફને અધિકાર હોય તેમા તેણે તેવી રીતે તજવીજ કરવી જોઈએ અને ડિસ્ટ્રીકટ મુનસફ તરીકે પોતાને ત્યાંહાં એ દાવો મોકલી શકશે નહી. સંક્ષેપ હુકમે કોઈ બાબતના હુકમનો નિકાલ કરયો હોય તેમાં બે જડજોના જુદ જુદા વિચાર હોય તેમાં બંન્ને હુકમો હકુમત વગરના છે તોપણ એ હકીકતથી એ બાબતમાં અપીલકોર્ટને હકુમત મળતી નથી.

૬૧. **પ્રશ્ન-**ઈંગલંડના દેવાળયના કોઈ સખસને સોગન લે-

વાને કાયદાથી માફી છે? ક્રિશ્ચિયન ધર્મમાં ગએલો કોઈ હિંદુ એ તરીકે સાચું બોલવાને કાયદા પ્રમાણે બંધાએલો ગણવામાં આવે છે? દાવાનો ચુકાદો કોર્ટ સોગનથી સેહેલો કરી શકે છે? આગળ એ બાબત કાંઈ કાયદો હતો, અને હાલ તે અમલમાં છે?

ઉત્તર—હાથમાં બાઈબલ લેઈને સોગન લેવાને ઈંગલંડના દેવાળપના કોઈ સખસને નિષ્કપટી હરકત હોય અને તેના મન ઉપર બંધનકારી પ્રતિજ્ઞા લેવાને તે ખુશી હોય તોપણ હિંદુસ્થાનમાં ઈનસાફની કોર્ટમાં તેને સોગન લેવાને કાયદા પ્રમાણે માફી નથી. ક્રિશ્ચિયન ધર્મ પુસ્તક પ્રમાણે સોગન લેઇને જુબાની આપે ત્યાંહાં સુધી કોઈ હિંદુ ક્રિશ્ચિયન થયો હોય તેને સાચું બોલવાને કાયદેસર બંધન નથી. સોગન લેઈને દાવાના નિકાલ કબુલ રાખવાના કાયદા રદ થયા છે તોપણ આવી જાતના નિકાલ પેહેલાં કરવાને કોર્ટને હરકત નથી, પણ પક્ષકારોએ અંદર અંદર કબુલત કરીને જરૂરની શરતો પુરી કરી હોય તે બાબત કોર્ટે ખાત્રી કરી હોય તો.

૬૨. **પ્રશ્ન**—દરેક દિવાની કામમાં પક્ષકારોને અથવા તેમના વકીલોને શેના ઉપર ધ્યાન રાખવું જોઈએ? દિવાની અધિકારીએ અરજીયો ઉપર હુકમ કરયા હોય તેમાં

અને દરેક હુકમમાં શું આવવું જોઈએ, અને કેઈ ભાષામા તે લખવા જોઈએ?

ઉત્તર—કાયદાના કયા ખાસ ઠરાવ ઉપર દરેક દિવાની કામમાં પક્ષકારો અથવા તેઓના વકીલો આધાર રાખે છે તે બતાવવું જોઈએ, અને કેઈ ખાસ કલમો પ્રમાણે કોર્ટે તે હુકમ કરેલ છે તે પણ બતાવવું જોઈએ. અરજીયો ઉપર હુકમ કર્યા હોય તેમાં અરજીના મતલબનો ટુંકામાં સારાંશ અને કયા કારણથી તે હુકમ કરવામાં આવ્યા છે તે હમેશ આવવું જોઈએ. દિવાની અધિકારીની રૂબરૂ જે હકીકત સાંભળવામાં આવી હોય તે લંબાણથી અને તે ઉપર ઠરાવ કર્યાનાં કારણ દરેક હુકમમાં આવવાં જોઈએ; અને આગલ્યા કામની બાબત અથવા બીજા જે દસ્તાવેજ તેને જોવાને પ્રસંગ પડ્યો હોય તે તેવી રીતે તેમા બતાવવા જોઈએ; એટલે દરેક હુકમ એવી રીતે તઈયાર કરવા જોઈએ કે તેની મેળે ખુલાસો કરી શકે. હુકમો જડજની સ્વભાષામા ઘણુંકરીને લખવા જોઇએ, પણ જો તેવી ભાષા ઈંગ્રેજી ન હોય અને જડજને ઈંગ્રેજી આવડતું ન હોય તો તેના હુકમ ઈંગરેજીમાં તે લખે. કોર્ટની ભાષામાં હુકમ લખ્યા ન હોય તો તેનો તરજુમો તે ભાષામા આપવાની જરૂર નથી પણ સહીવા

ળી નકલ માગવામાં આવે અને કોર્ટની ભાષામાં પક્ષકા
રને લેવાની મરજી હોય તો તરજુમો કરવો જોઇએ.

૬૩. **પ્રશ્ન**–ઉપરી કોર્ટ હુકમ કરે તેનો શો ઉપયોગ કરવો જોઈએ?

ઊત્તર–ઉપરી કોર્ટે હુકમ કાહાડ્યા હોય તે ફક્ત મુકર-
દમામાં દાખલ કરવા જોઈએ અને તેની સાથે પ્રો.
સેપ્ટ (ફરમાન) ની જરૂર નથી.

૬૪. **પ્રશ્ન**–સગીર, અસાવધ મનવાળા, બેહેરા અને મુગા,
અથવા બીજી રીતે પોતાનો વહિવટ ચલાવવાને અ
શકત માણસ હોય તેઓએ અને તેમના ઉપર કોણે
અરજી કરવી જોઈએ? આ બાબતમાં કાંઈ અપવાદ છે?

ઊત્તર–સગીરની અને તેમના ઉપરની સગીરના નામથી
તેમને સંભાળનારાએ અરજી કરવી જોઈએ અને બ-
ચાવ કરવો જોઈએ, સન ૧૮૬૪ ના પાંચમા કાયદા
ની કલમ ૨૩ માં જે કામોનો સમાસ થાય છે તે
શિવાયના કામમાં જે કોર્ટમાં મુકરદમો ચાલતો હોય
તેણે આવા કામ માટે સંભાળનાર નીમવા જોઈએ
અને તે તેવા સંભાળનારને રદ કરી શકે છે. (સંભા-
ળનાર ઠરાવવાના હુકમ ઉપર અપીલ નથી.) કોર્ટ સં-
ભાળનાર ઠરાવે અને કાહાડી નાંખે તેઓએ અસા-
વધ મનવાળા અથવા બેહેરા અને મુગા અથવા બીજી
રીતે પોતાનો વહિવટ ચલાવવાને અશકત હોય તેમ

નાં નામથી અરજી કરવી જોઈએ અને તેમના ઉપર અરજી થઈ હોય તો તેનો બચાવ કરવો જોઈએ.

૬૫. **પ્રશ્ન**–૨ છલાઃરવાલનાંજાત.બનાવેલામ.ગને રીસાતલાગુ છે?

ઉત્તર–જોગ્ય હુકમવાળી કોર્ટે કોઈ સખસને ગાંડો ઠરાવ્યો હોય અને તેના શરીર અને મિલકત સારૂ પંચ અથવા તેની મિલકતનો મેનેજર ઠરાવ્યો હોય તો તેવા સખસ તરફથી ફરિયાદ મજકુર પંચે અથવા મેનેજરે પોતાના અને મજકુર ગાંડાના સંયોગ નામથી કરવી જોઈએ અને તેના ઉપર દાવો થયો હોય તો તેજ નામથી તેનો બચાવ કરવો જોઈએ.

૬૬. **પ્રશ્ન**–સંભાળનારા શી શરતથી એવા દાવા અને બચાવ કરી શકે છે?

ઉત્તર–સગીર અસાવધ મનવાળા સખસો, અથવા બહેરા અથવા મુગા અથવા પોતાનો વહિવટ કરવાને બીજી રીતે અશક્ત હોય તેઓ તરફથી સંભાળનારે દાવો કર્યો હોય તો તેવા સંભાળનારે બધા બાબતનો જવાબ દેવાને માટે લેખી દસ્તાવેજ કરી આપવો જોઈએ.

૬૭. **પ્રશ્ન**-દફતર ઉપર પક્ષકાર તરીકે કોણ એકલા આવી શકે છે?

ઉત્તર–દફતર ઉપર પક્ષકાર તરીકે દાવાની બાબતમાં જે સખસોનો સબંધ હોય તે ફક્ત આવી શકે છે અને તેમના વકીલ અથવા મુખત્યારનાં નામ બાતલ કરવાં જોઈએ.

૬૮. **પ્રશ્ન**-વાદીએ જે સખ્સને પ્રતિવાદીમાં સામેલ કરવો જોઈએ તે સખ્સ ઉપર દાવો ન કર્યો એટલાજ કારણથી વાદીની વિરૂદ્ધ ફેસલો આપી શકાય છે? એવી બાબતમાં કોર્ટે શું કરવું જોઈએ?

ઊત્તર-જે સખ્સ ઉપર પ્રતિવાદી તરીકે ફરિયાદ કરવી જોઈએ તે ન કરી હોય એટલાજ કારણને માટે વાદીની વિરૂદ્ધ ફેસલો આપવો ન જોઈએ, પણ તેવા સખ્સને કોર્ટે પક્ષકારમાં દાખલ કરવો જોઈએ.

૬૯ **પ્રશ્ન**-પુરવણી અરજી સબંધી દિવાની વહિવટના કાયદામાં કાંઈ ઠરાવ છે?

ઊત્તર-પુરવણી અરજી લેવાને કાયદો ના પાડે છે. પક્ષકારોની ખામીમાં કોર્ટને (મજકુર કાયદાની કલમ ૩૨ મુજબ) પોતાના હુકમમાં જેને પક્ષકાર કરવો હોય તેનું નામ અને વર્ણન કેહેવું બસ છે અને તેના ઉપર તે પ્રમાણે સમન કાહાડવાને ફરમાવવું.

૭૦ **પ્રશ્ન**-દફતર ઉપર પક્ષકારોની ખામી અપીલકોર્ટને માલમ પડે ત્યારે શું કરવું જોઈએ?

ઊત્તર-અપીલકોર્ટમાં પક્ષકારોની ખામી માલમ પડે ત્યારે તે કોર્ટે યોગ્ય પક્ષકારનું નામ વધારવાને ફરમાવવું અને એવો વધારો કરવાથી મુદ્દા અથવા મુદ્દાઓ કાઢવાને જરૂર હોય તે તૈયાર કરવા અને નિચલી

કોર્ટની તજવીજ સારૂ મોકલવા અને પક્ષકારો વધ્યા હોય તેઓ ઉપર નિચલી કોર્ટે કલમ ૬૨ મુજબ સમન કાહાડવા જોઈએ.

૭૧ પ્રશ્ન–નાદારીથી અરજી ચલાવવાને કોઈ વાદીને પરવાનગી મળી હોય ત્યારે તેને દાર ક્યારે કરી શકાય છે?

ઊત્તર–જો ગરીબ તરીકે કોઈ વાદીને અરજી કરવાને પેહેલી પરવાનગી મળી હોય ને દાવો ચાલતો હોય તે દરમિયાન મિલકતવાળો થાય તો સામા પક્ષકારની અરજી ઉરથી અને તે હકીકતની ખાત્રી પુર્વક શાખીતી ઉપરથી નાદારી મોકુફ થાય છે અને યોગ્ય મુદતની અંદર ઘટતો સ્ટાંપ આપવાને હુકમ થાય છે, અને તેમ કરવાને તે ચુકે તો દાવો કાહાડી નાંખવો.

૭૨ પ્રશ્ન–દાવો શરૂ થયા પછી અને દાવો આગળ ચલાવવાને સ્ટાંપ જોઈએ તે આપવાને હુકમનામું થયા પેહેલાં અશકત થાય તો વાદીને શો રસ્તો ખુલ્લો છે?

ઊત્તર–દાવો શરૂ થયા પછી અને હુકમનામું થયા પેહેલાં દાવો આગળ ચલાવવાને સ્ટાંપ જોઈએ તે આપવાને વાદી અશકત થાય તો નાદારીથી દાવો ચલાવવાની પરવાનગી મળવા માટે તેણે અરજી આપવી જોઈએ, અને નાદારીથી દાવો કરવા સારૂ અરજી બાબતમાં જે તજવીજ કરાયછે તેજ પ્રમાણે બને ત્યાંહાં

સુધી તેવી અરજીઓ વિશે પણ કરવું.

૭૩. **પ્રશ્ન**—નાદાર સામે ખરચ સહિત ફેંસલો થયો હોય તે બજાવવા સારૂ નાદારની મિલકતના વેચાણથી તે પુરો થઈ શકે એટલો અવેજ ન ઉપજે તો પ્રથમ ખરચ કોને આપવું જોઈએ? વકીલને કે સરકારને?

ઉત્તર—નાદાર સામે ખરચ સહિત ફેંસલો થયો હોય અને તેની મિલકતના વેચાણથી બધો ખરચ પુરો થઈ શકે એટલો અવેજ ઉત્પન્ન થઈ શક્યો ન હોય તો, વકીલની ફી પેહેલી આપવી જોઈએ અને પછી સરકારનું માગણું આપવું જોઈએ.

૭૪. **પ્રશ્ન**—નાદાર વાદીએ દાવામાં નવા પ્રતિવાદી દાખલ કરયા હોય તો તેઓનો નાદાર તરીકે અરજી કરવાને પરવાનગી વિરૂધ કારણ બતાવવાને હક છે? જો હોય તો કેવાં કારણોથી?

ઉત્તર—જે નાદાર વાદીએ અરજી કરી હોય તેમાંના નવા પ્રતિવાદી દાખલ કરયા હોયતો તેઓનો નાદારીથી અરજી કરવા દેવા વિરૂધ કારણ બતાવવાનો હકછેપણ જો પેહેલી વખતે તેઓને પ્રતિવાદી કરવામા આવ્યા હોયતો.

૭૫. **પ્રશ્ન**—નાદાર વાદી ગુજરવાથી અરજીનું કામ કોને ચલાવવા દેવામા આવે છે? અરજી કરવા દેવાને કોર્ટને ખાત્રીપુર્વક શું બતાવવું જોઈએ?

ઊત્તર—નાદાર વાદીના ગુજરવાથી દાવો અટકશે એમ ફ૰રમાવવાની જરૂર નથી. કાયદા પ્રમાણે તેનો વારસ તેની નાદારી પ્રથમ દર્શનિક સીદ્ધ કરી આપશે તો દાવો ચલાવવાને પરવાનગી મળશે.

૭૬. પ્રશ્ન-નાદાર દાવામાં સાહેદીઓ હાજર કરવાનું ખરચ કોણ ભોગવે છે?

ઊત્તર—નાદાર દાવામાં બીજા દાવા માફકસાહેદીઓને સમન કરયા. પહેલા વાદીએ કોર્ટમાં ખરચ આપવો જોઈએ.

૭૭. પ્રશ્ન—અસલ અને અપીલનાં બધાં હુકમનામાની નકલો નાદાર દાવામાં હમેશ કોની તરફ મોકલવી જોઈએ?

ઊત્તર—અસલ અને અપીલનાં બધાં હુકમનામાની નકલો નાદાર દાવામાં હુકમનામું કરનાર કોરટ જે જીલ્લાના કલેકટરટમાં હશે તેને મોકલવી જોઈએ.

૭૮. પ્રશ્ન-મુકરદમાની તકરારોને રજીસ્ટર કરવા અને રજુ કરવા વિગરે બાબતને લગતા કયા કયા નિયમો છે?

ઊત્તર—જે લોકોની સ્વભાષા ઇંગ્રેજી છે ત્યાંહાં પોતાની તકરારો ઈંગ્રેજીમાં લખી આપવી, પણ પ્રતિવાદી અથવા કોર્ટનો જડજ ઈંગ્રેજી જાણતો નહી હોય તો તે સાથે કોર્ટની ભાષામાં તકરારનો તરજુમો પક્ષકારની અથવા તેના વકીલની સહી સાથેનો મુકવો જોઈએ. કાયદાની કલમ ૫૩-૫૪-૫૭ અને ૩૮૦ મુજબ જડજે

તે તપાસીને ફાઇલ ઉપર લેવા હુકમ આપ્યો ન હોય ત્યાંહાં સુધી કાંઈ તકરાર નોંધાશે નહી. જો કુલ મુખત્યારનામાની રૂઈથી તકરાર મુકી હોય તો, અરજી ના દફતરે સાથે રહેવાને તેવા અખત્યારપત્રની સહીવાળી નકલ મુખત્યારે આપવી જોઈએ. જયારે બે અથવા વધારે તકરારપત્ર એક બીજાને સબંધવાળાં હોય તો એવી દરેક જાતની અરજી ઉપર પક્ષકારે અથવા તેના વકીલે એક ટીપ કરી તેમાં લખવું જોઈએ કે બીજા તકરારપત્ર સાથે ફલાણાનો સબંધ છે. ટપાલ મારફતે અથવા તાર મારફતે આવેલાં તકરારપત્ર લેવામાં નહી આવે અથવા તેના ઉપર કાંઈ ધ્યાન આપવામાં આવશે નહી. જે તકરારપત્ર કોર્ટને અથવા જડજને અથવા બીજી કોઇ કોર્ટને અથવા બીજા કોઈ સરકારી અધિકારીને અપમાન ભરેલી ભાષામાં લખ્યાં હશે તે અથવા જેમાં બીજા પક્ષકારને ઠપકાના શબ્દ લખ્યા હશે તે લેવામાં આવશે નહી. ઉકલે નહી એવા અક્ષરે અથવા સમજણ પડે નહી તેવી રૂપમાં લખ્યા હશે તેવા તકરારપત્ર નોંધવામાં આવશે નહી. કોર્ટની પરવાનગીથી ગમે તે વખતે તકરારપત્રમા ભોટાકેથી સુધારો કરી લેવામાં આવશે.

૭૯. **પ્રશ્ન**-સબાર્ડિનેટ જડજ કોર્ટમાં સરકાર સામે અરજી થઈ હોય તો સમન કોના ઉપર અને દિવાની વહિવટના કાયદાની કેઈ કલમ મુજબ કાહાડવો જોઈએ? સમન અને સુનાવણીની તારીખની વચમાં કેટલો કાળ આપવો જોઈએ?

ઉત્તર-સબાર્ડિનેટ જડજની કોર્ટમાં સરકાર સામે અરજી થઈ હશે તો ડિસ્ટ્રીક્ટ કોર્ટના સરકારી વકીલને કાયદાની ૪૧ મી કલમ મુજબ સમન કાહાડવો. સરકારના સામી ફરીયાદોમાં સમનની તારીખ અને સુનાવણીની તારીખની વચમાં ત્રણ મહિનાથી ઓછી મુદત આપવી ન જોઈએ?

૮૦. **પ્રશ્ન**-સમન પોંહોંચ્યાની કબુલતની સહી કરવાને પ્રતિવાદી ના કહે તો તે ના કહેવું શી રીતે શાબિત કરવું જોઈએ?

ઉત્તર-જ્યાંહાં પ્રતિવાદીએ સમન પોંહોંચ્યાની સહી કરવાને ના કહી એવું કેહેવામાં આવે ત્યાંહાં સમન પોંહોંચાડનાર અમલદારની જુબાનીથી સમન પોંહોંચાડવાનું શાબિત કરવું જોઈએ.

૮૧. **પ્રશ્ન**-સમન પોંહોંચાડનાર અમલદારની શાહેદીથી કોર્ટને શું કરવાને શકતીવાન કરે છે?

ઉત્તર-સમન પોહોચાડનાર અમલદારની શાહેદી જો સ્પષ્ટ અને મુકરર હોય તો કાયદાની કલમ ૧૦૦ મી મુ-

જબ એકતરફી દાવો સાંભળવાને વ્યાજબી છે એવું થવાને હમેશ ખાત્રીપુર્વક પુરાવો છે. પણ જ્યારે ખરેખાત સમન પોહોચાડવામાં આવ્યો હતો તે વિશે કોર્ટના મનમાં શક રહે તો, તે પછીની કલમ મુજબ બીજો સમન કાહાડવાને કોર્ટે હુકમ કરવો.

૮૨. પ્રશ્ન—હાઈકોર્ટની અસલ દાવાની હદમાં દિવાની પ્રોસેસો બજાવવા કાહાડવાની જરૂર હોય તો તે સાથે કયા બીજા કાગળો જોઈએ, અને પકડવાનાં વારંટ શી રીતે મોકલવાં જોઈએ?

ઉત્તર—હાઈકોર્ટની અસલ દાવાની હદમાં પકડવાનાં વારંટ સિવાય બીજાં દિવાની પ્રોસેસો કાહાડવાં હોય તો ઈંગ્રેજીમાં સહીવાળા તરજુમા સાથે પ્રોસેસની નકલો અને જેના ઉપર બજાવવી હોય તે દરેક સખસ સારૂ તરજુમો જોઈએ. પકડવાનાં વારંટ ટપાલમાં મોકલવાં નહી પણ ડિપ્યુટી શેરીફ તે સખસને પકડીને જે અમલદારના હવાલામાં સોંપવો હોય તેને આપવાં જોઈએ.

૮૩. પ્રશ્ન—લશકરી છાવણીની હદમાં દિવાની પ્રોસેસ બજાવવાનાં હોય તો શો વહિવટ છે?

ઉત્તર—જો લશકરી છાવણીની હદમાં દિવાની પ્રોસેસ બજાવવાનાં હોય તો તે સાથે કમાન્ડીંગ આફીસરને

એક કાગળ મોકલવો જોઈએ, તેમાં પ્રોસેસનો પ્રકાર બતાવવો જોઈએ અને તેને વિનંતી કરવી જોઈએ કે તે બજાવવું.

૮૪. **પ્રશ્ન**—સરકારી અથવા મુલકી કાગળો રજુ કરવાને સરકારી કચેરીઓમાં હાથ નીચેના કામદારો ઉપર સમન કાહાડવાનો વહિવટ છે?

ઉત્તર—સરકારી કાગળ રજુ કરવાને સરકારી કચેરીઓમાંના હાથ નીચેના કામદારો ઉપર સમન કાહાડી શકાય નહી. ખાતાના જે મુખ્ય અધિકારીને એવા કાગળો લાગતા વળગતા હોય તેને દિવાની વહિવટના કાયદાની કલમ ૫૦૬ પ્રમાણે કોર્ટને જોવા સારૂ મોકલવાને વિનંતી કરવી. બધા કામમાં મુલકી કાગળો સારૂ જીલ્લાના કલેકટરને વિનંતી કરવી જોઈએ.

૮૫. **પ્રશ્ન**—સમન ઉપર ઘણુંકરીને સાહેબની સહીની જરૂર છે? જો નહી, તો ક્યારે?

ઉત્તર—એક ધારાની રીતે સાક્ષીની સહીની જરૂર નથી પણ કોર્ટની મરજીમા આવે તો કોઈ ખાસ કામમા તેમ થવાને હુકમ આપે દાખલાને માટે કલમ ૧૦૦ મુજબ જ્યારે પેહેલો સમન બરાબર પોહોચ્યો નથી તેની ખાત્રીપુર્વક શાબિતી ન હોય તો બીજો સમન કાહાડવામાં આવે તેમાં જરૂર છે.

૮૬. **પ્રશ્ન**–અપીલની સુનાવણીના દિવસની નોટીસ ક્યાંહાં અને ક્યારે ચોહડવામાં આવે છે? આ નોટીસ કોને વાસ્તે છે?

ઊત્તર–અપીલ નોંધ્યા પછી અને અપીલનો વાદી કોર્ટમાં હાજર છે એમ માનવામાં આવે એટલે કાયદાની કલમ ૩૪૫ મુજબ બને તેમ તાકીદથી અપીલ સાંભળવાની તારીખ મુકરર કરી અપીલકોર્ટમાં નોટીસ ચોહોડવી જોઈએ, અને ફાઈલની સ્થિતી જોઈને તારીખ ઠરાવવામાં આવે છે તથા જો જરૂર હોય તો તે પછીની તારીખ ઉપર સુનાવણી પણ મુલત્વી રાખવામાં આવે છે. નોટીસ ફકત અપીલના પ્રતિવાદીને સારૂ કાયદાની કલમ ૫૫૩ મુજબ કાહાડવામાં આવે છે. સ્પેશીઅલ નોટીસ કાહાડ્યા વગર સુનાવણીને સારૂ અપવા સુનાવણી સારૂ મુલત્વી રાખ્યાની તારીખો મુકરર કર્યા વિશે કોર્ટના બધા હુકમ ઉપર અપીલવાળાએ ધ્યાન રાખવું જોઈએ.

૮૭. **પ્રશ્ન**–અપીલના પ્રતીવાદીને નોટીસ ક્યારે કાહાડવામાં આવે છે, અને પેહેલા દાવાની કોર્ટમાં દાવો ચલાવવાનું કામ સરકારે માથે રાખ્યું હોય તે બાબતમાં શું કરવામાં આવે છે?

ઊત્તર–અપીલ નોંધવામાં આવે એટલે તુરતજ અપીલના પ્રતીવાદીને નોટીસ આપવી જોઈએ, અને પેહેલા

દાવાની કોર્ટમાં બચાવ કરવાને માટે જે બાબતમાં સરકારે માથે લીધું હોય ત્યાંહાં હાજર થઇને અપીલનો બચાવ કરવા સારૂ રેવન્યુ કમીશનરનો અને સરકારનો હુકમ કલેક્ટર મેળવી શકે એટલો પુરતો વખત આપવો જોઇએ.

૮૮. પ્રશ્ન-કોર્ટની આગળ અપીલ આવી હોય તે સાથે તાલુક ધરાવનાર સરકારી દસ્તાવેજને માટે કોર્ટે શા નિયમ પાળવા જોઇએ?

ઊત્તર-જ્યારે કોઇ સરકારી કચેરીમાંથી અથવા કોર્ટમાંથી કાયદાની કલમ ૧૩૭ મુજબ કોઇ સરકારી દસ્તાવેજ અથવા કાગળ મંગાવવાનું દિવાનીકોર્ટ મુકરર કરે, ત્યારે ઠરાવેલા નમુના પ્રમાણે સમન કાહાડવો જોઇએ. જ્યારે કોઇ કોર્ટ અથવા સરકારી કચેરીમાંથી તે કામ માટે અરજીની સુનાવણી વખતે સરકારી દસ્તાવેજો નિમેલા કોઇ અમલદારે રજુ કરયા હોય તો તે દસ્તાવેજો ખુલ્લી કોર્ટમાં તપાસવા જોઇએ અને કોર્ટની આગળ દાવામાં દાખલા તરીકે રાખવાના હોય અથવા પ્રમુખ જડજની જાતે તપાસને સારૂ રાખવાના હોય તો, રજુ કરનાર અધિકારીને પાછા આપવામાં આવશે. જ્યારે એવા દસ્તાવેજો રાખવામાં આવે, ત્યારે તેની વિગતની

યાદી કરીને તે પોંહોંચ દાખલ રજુ કરનારને આ-
પવી અને તે પોંહોચની બીજી નકલ દસ્તાવેજો સાથે
રાખવી. કોઈ દસ્તાવેજમાં કાંઈ ચેરચુથ અથવા કાંઈ
ફેરફાર ઉઘાડા માલુમ પડે તો તે યાદીમાં નોંધવા
જોઈએ. એવા દસ્તાવેજો જ્યાંહાં સુધી કોર્ટના તા-
બામાં રહે, ત્યાંહાં સુધી એક મોહોર કરેલા પર-
બીડીયામાં તે ઉપર એક ચીઠી મારી રાખવા
જોઈએ, અને પ્રમુખ જડજની રૂબરૂ શિવાય આ
પરબીડીઉ ઉઘાડવું જોઈએ નહી. અપીલ સાથે જે સર-
કારી દસ્તાવેજ સંબંધ રાખતા હોય તેના વિશે પણ
અપીલકોર્ટે આ નિયમ પાળવા જોઈએ, અને આ
નિયમ નિચલી કોર્ટે અમલમાં આણે છે કે નહી તે
જોવાની તેની ફરજ છે. કોઈ કોર્ટ અથવા ક-
ચેરીમાંથી આવેલા કોઈ દસ્તાવેજ જ્યારે વધારે મુદત
રાખવાની જરૂર ન જણાય, ત્યારે જે કોર્ટ અથવા
કચેરીમાંથી તે આવ્યા હોય તે તરફ મોહોર કરેલા
પરબીડીયામાં ઘાલીને પાછા મોકલવા.

૮૯. પ્રશ્ન—બજાવવાના, ફાઇલ કરવાના અથવા કબુલ રા-
ખવાના દાવાનાં દફતર સાચવવા વગેરેનું કામ શી
રીતે કરવામાં આવે છે? એ બાબત કેટલાએક નિયમ
છે તે કહો?

ઊત્તર-અરજીના દફતર ઉપર કાગળો આપ્યા હોય તે બધા ઉપર તેના મજકુર પ્રમાણે શેરા કરવો જોઈએ, દરેક કાગળને મથાળે શેરામાં તે જે દાવાને લગતો હોય તેનો નંબર લખવો જોઈએ; જેમકે "અસલ દાવો નંબર ૧ સન ૧૮૬૦ અરજી" "અસલ દાવો નંબર ૧ સન ૧૮૬૦ પ્રતિવાદી ઉપરનો સમન" ઉપલી વિગતના વધારામાં અરજી ઉપર વાદી અને પ્રતિવાદી અને પક્ષકારોના વકીલના નામનો શેરા કરી તે સાથે એક ટીપમાં અરજી સાથે કાંઈ દસ્તાવેજ રજુ થયા હોય તેની સંખ્યા લખવી જોઈએ. જો કોઈ પક્ષકારો મરી જાય તોપણ તેમના નામ ઉપર નંબર પડયો હોય તે ચલાવવો જોઈએ, અને તેમના કાયદેસર પ્રતિનીધી ઉપર અસલ પક્ષકારોના નંબરના અનુક્રમે નંબર નાખવો જોઈએ. જ્યારે નવા પક્ષકારો દાખલ કરવામાં આવે છે ત્યારે અસલ પક્ષકારોના ઉપર જે નંબર નાંખવામાં આવે ત્યાર પછીનો અનુક્રમ નંબર તેમના ઉપર નાંખવામાં આવે છે. જ્યારે દાવામાં આગળથી વાદી અથવા પ્રતિવાદીના ઉપર જે નંબર નાંખવામાં આવ્યો હોય છે તેમાં નવા પક્ષકારનો ઉમેરો થાય તો તેના ઉપર નંબર અનુક્રમ પછીનો જે પ્રમાણે હોય તેમ નાંખવામાં આવે છે. વાદી અથવા પ્રતિવાદીએ

બોલાવેલા શાક્ષિઓના ઉપર નંબર અનુક્રમે નાંખવામાં આવે છે, અને જે કામમાં ઘણા વાદીઓ અથવા પ્રતિવાદીઓ હોય તેમાં દરેક જણે પોતાના શાહેદીઓ આપેલા હોય તેના ઉપર જુદા નંબર, પણ ચાલતા અનુક્રમ પ્રમાણે નાંખવામાં આવે છે, જાણે કે બધાને એકજ વાદી અથવા પ્રતિવાદીએ બોલાવ્યા ન હોય તેમ. જ્યારે દાવાના અથવા મુકરદમાના કાગળો કોર્ટના દફતરમાં મુકવામાં આવે ત્યારે ફેરીશ્ત કારકુને તે સંબંધીની યાદી સંગાથે તરતજ મેળવી જોવા અને તેમાંના કોઈ ખુટતા કાગળ બાબત જડજને ખબર ન આપી હોય તો તે કાગળો સારૂં તે જવાબદાર છે. જો બીજી કોર્ટમાંથી એવા કાગળો આવ્યા હોય તેમાં શું છે તે તપાસવાને ફેરીશ્ત કારકુન તૈયાર ન હોય ત્યાંહાં સુધી તે પરબીડીયાની મોહોર તોડવી નહી. નિચલી કોર્ટના શેરનીશીમાંથી બધા કામમાં કામ સંબંધી ઇંતેખાબ મોકલવા જોઈએ. નિચલી કોર્ટના ફેંસલામાં બીજા દાવાના કાગળોનો સંબંધ બતાવ્યો હોય તો તે દાવાના કાગળો સાથે અપીલકોર્ટને એવા કાગળોની નકલો મોકલવી જોઈએ. મહીને મહીને જીલ્લાકોર્ટને સબાર્ડિનેટ જડજોએ બધા દાવાનાં દફતર તેના રક્ષણ સારૂ મોકલવાં જોઈએ. હુકમનામું બજાવવાના હુકમ

સામે હાયકોર્ટને અપીલ થઈ હોય તો જે કોર્ટે હુકમ કરયો હોય તેણે હુકમનામું અને હુકમને લાગતા વળગતા બધા કાગળો. સાથે, જે હકીકત ઉપરથી હુકમ કર્યો હોય અને મુકરદમામાં જે કામ ચાલ્યું હોય તેની તારીખની ટુંકામાં હકીકત લખી મોકલવી જોઈએ.

૯૦. પ્રશ્ન-હાયકોર્ટને દિવાની કોર્ટો કાંઈ પુછે તે બાબતમાં શા વહિવટ છે? એવા પ્રશ્નનો નિકાલ હાઈકોર્ટ શી રીતે કરે છે?

ઊત્તર-હાઈકોર્ટને કાંઈ પુછવામાં આવે તો ડિસ્ટ્રીકટ જડજે બતાવવું જોઈએ કે કોર્ટનો અભિપ્રાય પુછવાનું કારણ શાથી ઉત્પન્ન થયું છે અને જે સ્વાલ પુછવામાં આવ્યો હોય તે બાબત પોતાનો વિચાર કેવો છે. તાબા માંહેના દિવાની અમલદારોએ કાંઈ પુછવું હોય તો ડિસ્ટ્રીકટ જડજને લખવું જોઈએ અને તેમણે પોતાના અભિપ્રાય સહિત નિકાલ કરવા સારૂ હાઈકોર્ટને સ્વાલ મોકલવા જોઈએ. તાબા માંહેલા દિવાની અમલદારોએ પ્રશ્ન પુછ્યા હોય તે ઉપર ડિસ્ટ્રીકટ જડજે પોતાનો અભિપ્રાય આપીને તેમને વર્તવા સારૂ તે સ્વાલ મોકલવા જોઈએ નહી પણ તે સ્વાલ ઉપર કોર્ટના અભિપ્રાય સારૂ રાહ જોવી જોઈએ. અપીલમાં ઈનસાફ થવા સારૂ જે સ્વાલો પાછળથી

આવવાના હોય તે ઉપર હાઈકોર્ટના જડજોએ કાંઈ અભિપ્રાય આપવો નહી, પણ ફકત વહિવટ સારૂ સ્વાલો પુછ્યા હશે તેનો જવાબ દેવામાં આવશે કારણ કે આવા સ્વાલોનો નિકાલ એક સત્તાધારી તરીકે થાય અને કોર્ટોનો વહિવટ એકસરખો રેહે.

૯૧ પ્રશ્ન–ફેંસલો ફરીથી વિચારમા લેવાની અરજીયોનો નિકાલ શી રીતે કરવામાં આવે છે? અપીલની સુનાવણી વખતે જે સખસ હાજર ન થાય તેને નકો નુકશાન હોય તો તેની અરજી ફેંસલો ફરી વિચારમાં લેવાને સાંભળવામાં આવે?

ઊત્તર–ફેંસલો ફરી વિચારમાં લેવાની દરેક અરજી આપ્યા પછી કોર્ટને બીજે દાહાડે સાંભળવી જોઈએ. જો તે વખતે અરજદાર ફરીથી વિચારમાં લેવાનાં બરાબર કારણ છે તેની કોર્ટને ખાત્રી કરી આપવામાં ચુકે તો તે અરજી છેવટ નામંજુર કરવામાં આવશે. જો ફરિથી વિચારમાં લેવાનું કોર્ટની નજરમાં જરૂરીયાત આવશે તો તેજ દાહાડે અરજદારના ખરચથી બીજા પક્ષકારને આપવાની એક નોટીસ કાહાડવામાં આવશે, તે ઉપરથી તેણે કયારે હાજર થવું તે તારીખ તેમાં મુકરર કરવામાં આવશે અને હુકમના માની પુષ્ટી સારૂ તેને સાંભળવામાં આવશે, અને જે

રીખ મુકરર કરી હશે તે દાહાડે છેવટનો હુકમ ક-
રવામાં આવશે. કોર્ટની આગળ કામ રજુ હશે તે
વખતે કોઈ સખસ હાજર નહી થાય અને કોર્ટના
હુકમનામાથી તેના સ્વાર્થને પોહેલ વેહેલો નફો નુ-
કશાન હશે તોપણ ફેસલો ફરી વિચારમાં લેવાની અ-
રજી ઉપર અપીલ સાંભળવામાં નહી આવે.

૯૨. પ્રશ્ન–કોર્ટની હકુમત બાહાર રેહેનાર જમાનની લાયકી
વિશે શી રીતે નક્કી કરવામાં આવશે?

ઊત્તર–કોર્ટની હકુમતમાં રેહેનારો જામીન નહી હોય તો
જે કોર્ટની હકુમતમાં તે રેહેતો હશે તેને પુછીને તે
ની લાયકી મુકરર કરવી, અને જો તે સારી છે એમ ખા-
ત્રી કરવામાં આવે તો જમાની કબુલ રાખવી જોઈએ.

૯૩. પ્રશ્ન-પોતાની આગળ ચાલતા મુકરદમામાં ગામના
મુનસફોએ કેવી રીતે કામ ચલાવવું?

ઊત્તર–ગામના મુનસફે દરેક ક્યાલેંડર મહિનાની પેહેલી
તારીખે જે જીલ્લાના મુનસફની હકુમતમાં પોતાનાં
ગામો હોય તેની તરફ આગલ્યા મહિનામાં જે મુ-
કરદમા ચુકવ્યા હોય તેનો સન ૧૮૧૬ ના ૪ થા
કાયદાની કલમ ૩૬-૩૭-૩૮ મુજબ કરનમનો લખેલો
રીપોર્ટ મોકલવો. વળી ગામના મુનસફે દરેક વર્ષમાં
તા૦ ૧ લી જાન્યુઆરીએ તથા તા૦ ૧ લી જુલાઈને

રોજા જીલ્લાના મુનસફ તરફ સન ૧૮૧૬ના કાયદા ૫ માની કલમ ૧૯ માં ઠરાવેલા નમુના પ્રમાણે પોતાની રૂબરૂ જે કામો ચાલુ હોય તેના રીપોર્ટ મોકલવો. આ રીપોર્ટો સરકારી ટપાલની મારફતે અગર સીપાઈની સાથે જીલ્લાના મુનસફ તરફ મોકલવા નજીકના પોલીસ આફીસરને આપવા અને તે આફીસરે તે બાબતની પોહોંચ આપવી અને તેમણે તે રીપોર્ટો જીલ્લા મુનસફ તરફ મોકલી દેવા. ગામની પંચાતની રૂબરૂ જે મુકરદમા તપાસેલા હોય અગર ચાલુ હોય તેના રીપોર્ટો સન ૧૮૧૬ ના ૪ થા કાયદાની કલમ ૩૬-૩૭-૩૮ મા ઠરાવેલી મુદતે અને તેમાં બતાવેલી રીતી પ્રમાણે જીલ્લા મુનસફને ગામના મુનસફે મોકલવા.

ફોજદારી વહિવટના નિયમ.

૧. પ્રશ્ન—સોબતીની એકલીજ જુબાનીથી ગુન્હો શાબિત ઠરાવી શકાય છે?

ઊત્તર—હા; પણ વહિવટનો સાધારણ નિયમ એ છે કે જે ગુન્હો થયો છે અને માણસને ઓળખવું એ એ બાબતોમાં જ્યાંહાં સુધી પ્રત્યંતરી પુરાવ ન હોય ત્યાંહાં સુધી એવી જુબાની ઉપરથી ગુન્હો શાબિત ઠરાવવો એ નિર્ભય ગણવામાં આવતું નથી.

૨. પ્રશ્ન—સોબતીના શાક્ષિ ઉપર જુરી અથવા આસેસરને કેહેવામાં જરૂર કઈ બાબતો બતાવવી જોઈએ?

ઊત્તર—બાબતો એ છે જે (૧) સોબતીની જુબાનીને પ્રત્યંતરી પુરાવ ન હોય તો તે જુબાની ઉપરથી ગુન્હો શાબિત ઠરાવવો નહી એવો કોઈ કાયદાનો નિયમ નથી, (૨), વહિવટના સાધારણ નિયમ પ્રમાણે એવી શાક્ષિઓ ઉપરથી ગુન્હો શાબિત ઠરાવવો એ નિર્ભય ગણવામાં આવતું નથી અને પુરાવા ઉપર વિશ્વાસ રાખવાને કોઈ અમુક કામમાં પુરતુ કારણ હોય તો તે બાબતની હકીકત બતાવવી.

૩. પ્રશ્ન—જ્યારે કેદી કેદમાં હોય ત્યારે અપીલની અરજી શી રીતે આપે?

ઊત્તર—એવી અરજી ઉપર કેદખાનાના સુપ્રીનટેન્ડેન્ટે સહી કરવી જોઈએ.

૪. પ્રશ્ન—ફોજદારી કોર્ટે શિક્ષા કરી હોય તે સામે અપીલ કરવામાં મુદત શી રીતે ગણવામાં આવે છે?

ઊત્તર—એવી ગણતરી કરવામાં શિક્ષાના હુકમની નકલ કરવાને કોર્ટને જેટલા દિવસ લાગે તે બાદ કરવા જોઈએ.

૫. પ્રશ્ન—આસેસરોનો જથો ક્યારે બદલવામાં આવે છે?

ઊત્તર—દરેક ત્રીજા અથવા ચોથા મુકરદમાની ચોકશી પઈ રહયા પછી ઘણુંકરીને આસેસરો બદલવા જોઈએ.

૬. પ્રશ્ન—ફોજદારી તજવીજ ક્યારે રદ બાતલ ગણવામાં આવેછે?

ઊત્તર—મુકરદમાની કેફીયત સમજવાને આસેસરો પૈકી એક જણ મુકરદમાની તજવીજ પુરી થતી વખતે જ્યારે એવો બહેરો અને આંધળો માલમ પડે કે તે હકીકત સમજવાને એ અશક્ત છે ત્યારે.

૭. પ્રશ્ન—કેઈ કોર્ટોએ ક્યાલેંડર રાખવાં જોઈએ, અને તે ક્યારે અને કોને મોકલવા જોઈએ?

ઊત્તર—દરેક જડજ અને માજીસ્ટ્રેટોએ તજવીજ કરી હોય તે સખસોનું એક ક્યાલેંડર રાખવું જોઈએ, અને શિક્ષાની તારીખથી ૨૪ કલાકની અંદર અપીલકોર્ટ તરફ તેની એક નકલ મોકલવી જોઈએ.

૮. પ્રશ્ન—અપીલકોર્ટ તરફ કયા કામમાં ક્યાલેંડર મોકલવા-

ની જરૂર નથી?

ઊત્તર-જ્યારે ફરિયાદ કલમ ૧૪૭ અથવા ૨૧૫ મુજબ કાહાડી નાંખી હોય અથવા કલમ ૨૧૦ મુજબ કાહાડી લીધી હોય તેવા કામમાં મોકલવાની જરૂર નથી.

૯. **પ્રશ્ન**-કયા કામમાં ક્યાલેંડર મોકલવુંજ જોઈએ?

ઊત્તર-કલમ ૪૬ મુજબ જ્યારે માજીસ્ટ્રેટ શિક્ષા કરે અથવા સન ૧૮૫૯ ના ૧૩ માં આકટ મુજબ કરાર પુરો કરવાનો અથવા ધીરેલાં નાણાં પાછાં આપવાનો હુકમ કરે ત્યારે જુદું ક્યાલેંડર મોકલવું જોઇએ.

૧૦. **પ્રશ્ન**-જે સખસોના વિરૂદ્ધ ગુન્હો કરયો હોય તેઓનું વર્ણન શી રીતે કરવું જોઈએ?

ઊત્તર-ફરિયાદી અથવા સાહેદી એમ તેઓને કેહેવા ન જોઈએ પણ તેમનાં નામ આપવાં જોઈએ.

૧૧. **પ્રશ્ન**-તોહમતનામામાં સેશનકોર્ટે ફેરફાર અથવા સુધારો ક્યારે કરવો જોઈએ?

ઊત્તર-તજવીજ શરૂ થાય તે પેહેલાં તે કરવો જોઈએ એવો નિયમ છે; તોપણ જે તોહમત રાખવામાં આવે તે કમીટીંગ માજીસ્ટ્રેટેજ રાખેલું છે એમ ખાત્રી રેહેવું જોઈએ.

૧૨. **પ્રશ્ન**-જ્યારે કેદી ઉપર ગુન્હો આગળ શાબિત થયો હોય તે કામમાં તોહમતનામું શી રીતે તૈયાર કરવું જોઈએ?

ઊત્તર-કે તું ફલાણો ફલાણો મનકુર ગુન્હો કરતાં પેહે-
લાં તારા ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાના બાબ
૧૭ મા પ્રમાણે ત્રણ વર્ષની કેદની શિક્ષા થઈ શકે
એવો ગુન્હો તારા ઉપર ફલાણી તારીખે ફલાણાના
દફતરના ક્યાલેંડર નંબર ફલાણામાં શાબિત ઠરાવ્યો
છે એટલે ફલાણો ગુન્હો જે શાબિતી હજુ સુધી કા-
યમ છે તે માટે તું હિંદુસ્તાનના ફોજદારી કાયદાની
કલમ ૭૫ મુજબ વધારે શિક્ષાને લાયક છું અને ફ-
લાણો સાંભળી શકે.

૧૩. પ્રશ્ન જ્યારે કેદીએ બે વિરૂદ્ધ મનકુર લખાવ્યા હોય
ત્યારે તેના ઉપર શી રીતે તોહમત મુકવામાં આવે?

ઊત્તર-બે મનકુર પઈકી કયો જુઠો છે તે દેખાડવાને
સમતોલ પુરાવો ન હોય તો, બે મનકુર પઇકી એક
માં અથવા બીજામાં ખોટી સાહેદી આપી એવું તો-
હમત તેના ઉપર મુકવું જોઈએ.

૧૪. પ્રશ્ન-નજીવી અને ઈજાવાળી ફરિયાદ માટે માજી-
સ્ટ્રેટ વળતર કીયા કામમાં અપાવી શકે છે?

ઊત્તર-ફોજદારી વહિવટના કાયદાના બાબ ૧૬ મા મુજબ
ફકત તપાસ કરવા લાયક જે સમનનાં કામ હોય તેમાં.

૧૫. પ્રશ્ન-જે મિલકત ચોરાઈ છે એવું જાણાય તે અજાણતાં
ખરીદ કરનારને માજીસ્ટ્રેટ વળતર અપાવી શકે છે?

ઊત્તર—ના.

૧૬. પ્રશ્ન—માજીસ્ટ્રેટની રૂબરૂ થએલી ફરિયાદનો પ્રકાર નક્કી કરવાને શી રીત છે?

ઊત્તર—માજીસ્ટ્રેટે ફરિયાદીને તપાસવો જોઈએ અને તેની જુબાની લખવી જોઈએ, અને જો તેમાંથી એવી હકીકત માલમ પડે કે તેથી ગુન્હો થતો નથી તો ફરિયાદી કાહાડી નાખવાનો હુકમ લખવો જોઈએ, અને અરજી અથવા ફરિયાદ તેને પાછી નહી આપવી જોઈએ.

૧૭. પ્રશ્ન—પ્રોસેસ કાહાડતાં પેહેલાં અથવા ફરિયાદ કાહાડી નાંખતાં પેહેલા માજીસ્ટ્રેટે પેહેલ વેહેલું શું કરવું જોઈએ?

ઊત્તર—ફરિયાદીને તપાસવો જોઈએ.

૧૮. પ્રશ્ન—ફાઈલ ઉપરથી મુકરદમો ક્યારે ખશેડવામાં આવેછે?

ઊત્તર—જ્યારે તેમાં કાંઈ વધારે ઈલાજ લેવાનો સંભવ ન હોય ત્યારે.

૧૯. પ્રશ્ન—ફરિયાદી વગર મુકરદમા સાંભળવાને જે સબાર્ડિનેટ માજીસ્ટ્રેટોને અધિકાર નથી તેવા માજીસ્ટ્રેટોને કેવી રીત નું કામ ચલાવવું કે જેથી ફોજદારી વહિવટના કાયદાની કલમ ૩૪ મુજબ તેમનું પાછળનું કામ રદ થાય નહી?

ઊત્તર—રીતસર ફરીયાદ લેવી રહી ગઈ હોયતો તે તથા ફરિયાદ મુકરદમો પુરો થતાં પેહેલાં દફતરમા દાખલ થવી જોઈએ.

૨૦. પ્રશ્ન—ઉપર મુજબ ચુક થઈ હોય તો અપીલ અથવા

તપાસ ઉપરથી ફેંસલો ફેરવવાને તે પુરતું કારણ છે?

ઊત્તર—ના.

૨૧. **પ્રશ્ન** કોઈ પોલીસ આફીસરના તાબામાં કેદીએ ગુન્હો કબુલ કર્યાનો મનજુર કહયો હોય તે બાબત તે પોલીસ અમલદારની જુબાની પુરાવામાં શાથી ન લેવાય?

ઊત્તર—કબુલત થતી વખતે માજીસ્ટ્રેટ ગેરહાજર હોય તો.

૨૨. **પ્રશ્ન**—કેદી અથવા કેદીપણનો મનજુર લીધા પેહેલા તેને ચેતવણી આપવાને માજીસ્ટ્રેટ બંધાએલા છે?

ઊત્તર—ના.

૨૩. **પ્રશ્ન**—તનકીજ પુરી થતી વખતે કેદીએ કબુલ કીધેલા ગુન્હા વિશે જુરીનો અથવા આસેસરોનો અભિપ્રાય લીધા પેહેલાં જડજ ફેંસલો આપી શકે છે?

ઊત્તર—ના.

૨૪. **પ્રશ્ન**—સાથેનો કેદી ગુન્હો કબુલ કરે તેટલાજ ઉપરથી કોઈ કેદીના ઉપર ગુન્હો શાબિત ઠરાવી શકાય?

ઊત્તર—ના.

૨૫. **પ્રશ્ન**—ફોજદારી તજવીજના દફતરની નકલો કોને અને કેવી રીતે અપાય છે?

ઊત્તર—યોગ્ય સ્ટાંપ આપવા ઉપરથી અને સહવાદીની ફી આપવાથી પક્ષકારોને આપી શકાય.

૨૬. **પ્રશ્ન**—ફોજદારી મુકરદમામાં સાહેદીયોની જુબાની ઉપર

જુબાની આપનારની સહીની જરૂર છે?

ઊત્તર—જુબાની આપનારની જુબાનીયો ઉપર કાયદા પ્રમાણે સહીની જરૂર નથી, તોપણ તેઓની પોતાની ભાષામાં સાક્ષિ લીધી હોય તો તેઓની સહીની જરૂર છે.

૨૭. પ્રશ્ન—પડદે પોસ રેહેનારી ઓરતોની સાહેદી ક્યારે અને શી રીતે લેવાય છે?

ઊત્તર—જ્યારે ઈનસાફની મતલબ જે કામમાં બીજી રીતે પાર પડતી ન હોય તો એવા લોકોની જુબાની લેવી જોઈએ એવી જરૂર હોય ત્યારે જ્યાંહાં એવી બાઈડીઓ આવી શકે તેવી જગાએ કોર્ટ ભરવી જોઈએ અને તોહમતદારની રૂબરૂમાં પડદા પછવાડે તે ઓરતને તપાસવી તથા તે બાઈડી તેજ છે તે ઓળખવા માટે જડતે ઘટતી સાવચેતી રાખવી જોઈએ.

૨૮. પ્રશ્ન—તોહમતદારની રૂબરૂ માજીસ્ટ્રેટની આગળ પડદે પોસની બાઈડીયોની જુબાની કયારે પુરાવામાં વંચાતી નથી?

ઊત્તર—જો કોર્ટના હુકમથી જુબાની આપનારને જાતે હાજર કરી શકાય તો.

૨૯. પ્રશ્ન—રોજનામું કયા માજીસ્ટ્રેટોએ, કયા મુકરદમામાં અને શી રીતે રાખવું જોઇએ?

ઊત્તર—આરંભની તજવીજમાં અથવા તપાસ સારૂ હરેક

કોઈ માજીસ્ત્રેટની રૂબરૂ જે મુકરદમા ચાલે તેમાં શી શી તજવીજ ચલાવી તેનું એક રોજનામું દરેક માજીસ્ત્રેટે રાખવું જોઇએ. રોજનામામાં બધું નોંધવું જોઈએ અને કામ ચાલે તેજ રોજે માજીસ્ત્રેટે એકાક્ષરી સહી કરવી જોઈએ, અને તે રોજનામાનો ઇંતેખાબ સેશનકોર્ટને મુકરદમા કમીટ કરયા હોય તે સાથે અથવા ફુલપાવરવાળા માજીસ્ત્રેટોને મોકલ્યા હોય તે સાથે મોકલવા જોઈએ.

30. **પ્રશ્ન**—ફોજદારી વહિવટના કાયદાની કલમ ૩૩૫ મુજબ અધિકાર આપવાનો કોને અખત્યાર છે, અને એવા અધિકાર સારૂ અરજીયો શી રીતે કરવામાં આવે છે?

ઊત્તર—હાયકોર્ટની મારફતે સ્થાનિક સરકારને એવા અધિકાર સારૂ બધી અરજીઓ જડજ અને માજીસ્ત્રેટ તરફથી કરવી જોઈએ. પણ એવી અરજીઓ તાબા માં હેના માજીસ્ત્રેટો કરે તો, તે અરજીઓ સાથે ડિસ્ત્રિક્ટ માજીસ્ત્રેટનો અભિપ્રાય જોઈએ કે એવો અધિકાર આપવો કે નહી.

31. **પ્રશ્ન**—ઉપર લખેલો અધિકાર ક્યાંહાં સુધી ચાલે?

ઊત્તર-એવો અધિકાર જે સખસને મળે તે તે સખસના અંગનોછે, અને જે જીલ્લામાં તેઅધિકાર આપ્યો હોય તે જીલ્લામાં તે અમલદાર રેહે ત્યાંહાં સુધી ચાલે છે.

૩૨. **પ્રશ્ન**—દંડ નહી આપવાથી કેદની શિક્ષા કરવામા આવી હોય અને તે દંડ વસુલ થાય તો દરેક ફોજદારી કોર્ટના મુખ્ય માજીસ્ટ્રેટની શી ફરજ છે?

ઊત્તર—જેલના અધિકારીઓને તુરતજ તેણે ખબર આપવી જોઇએ.

૩૩. **પ્રશ્ન**—સમુદ્રપારની શિક્ષાના વધારામાં દંડ કરવામાં આવ્યો હોય તે બધો અથવા તેનો ભાગ વસુલ થવા ઉપરથી કોને ખબર આપવી જોઇએ?

ઊતર—પોર્ટ બ્લેરના અધિકારીઓને.

૩૪. **પ્રશ્ન**—દંડની શિક્ષામાં શેની જરૂર છે.

ઊત્તર—દરેક આદમીની જવાબદારી કાંઇ શક વગર મુકરર કરવી જોઇએ.

૩૫. **પ્રશ્ન**—ફી, દંડ અને ગુન્હેગારી વસુલ થાય તે શી રીતે અને કોને જણાવવી જોઇએ?

ઊત્તર—ફી, દંડ અને ગુન્હેગારી મહીનામા વસુલ થઇ હોય તેની યાદી ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટને દરેક માજીસ્ટ્રેટે દરેક મહીનાની છેલ્લી તારીખે મોકલવી, અને એક સાધારણ પત્રક તેણે તૈયાર કરીને સેશનકોર્ટને મોકલવું. પછી એક સંપુર્ણ યાદ સેશનકોર્ટે હાઇકોર્ટ તરફ મોકલવી.

૩૬. **પ્રશ્ન**—કાંઇ ઠરાવ ન હોય તો ૩૫૯ મી કલમ મુજબ ફોજદારી કોર્ટ કાંઇ મીલકત સરકારમાં દાખલ ક-

રવાનો હુકમ કરી શકે છે?

ઊત્તર—ના.

૩૭. પ્રશ્ન—ફોજદારી વહિવટના કાયદા મુજબ ગામનો મુખી કોણ છે, અને પોલીસના કબજામાં કોઈ કેદી રહીને તેની વિદમાન ગુન્હો કબુલ કરે તો પછી તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર—ફોજદારી વહિવટના કાયદાના અર્થ પ્રમાણે ગામનો મુખી એ એક માજીસ્ટ્રેટ છે, અને પોલીસના કબજામાં રહીને જો તોહમતદાર સખસે તેની રૂબરૂ ગુન્હો કબુલ કર્યો હોય તો તે પુરાવમાં લેઈ શકાય છે.

૩૮. પ્રશ્ન-કલમ ૪૩૫ મી મુજબ તિરસ્કાર બાબતના ગુન્હાનો ગામનો મુખી ન્યાય કરી શકે છે? જો ન કરી શકે તો શા વાસ્તે?

ઊત્તર—ના. કારણ કે કાયદાની કોઈ કલમ પ્રમાણે તેને દંડ કરવાનો અધિકાર નથી. કલમ ૫૪૧ મી મુજબ તેની હકુમત અને વહિવટ ઉપર કાંઈ અસર થતી નથી.

૩૯. પ્રશ્ન—ગામના મુખીના અમલની હદ ક્યાંહાં સુધી બાંધેલી છે?

ઊત્તર—ગુન્હો વધે એવી હકીકત શિવાય જે હલકી ચોરીઓ હોય તેના ઉપર તેની હકુમત છે, અને તે માટે મકાનમાં ચોરી અથવા ચાકરે કરેલી ચોરીની તજવીજ તેનાથી થઈ શકતી નથી.

૪૦ પ્રશ્ન-ફોજદારી કોર્ટે કરેલી કેદની શિક્ષા કયારથી ગણ-
વામાં આવે છે?

ઊત્તર-શિક્ષાનો હુકમ કરયો હોય તે દિવસથી.

૪૧. પ્રશ્ન-જે ગુન્હાઓની શિક્ષા ફોજદારી કાયદા પ્રમાણે કેદ અને દંડની થઈ શકે તેવા કામમાં કેદ ઠરાવ-
વાનું ફોજદારી કોર્ટની મરજી ઉપર રહેલું છે?

ઊત્તર-ના. દંડ કરવો તે ફકત વધારેની શિક્ષા છે, અને કાંઈ કેદને બદલે દંડ કરવાનો નથી.

૪૨. પ્રશ્ન-સન ૧૮૬૮ ના ૧ લા આકટ પેહેલાં કોઈ ખાસ અથવા સ્થાનિક આકટ મંજુર થયો હોય તે મુજબ દંડ આપવાની કસુર થયાને બદલે દંડ અથવા કેદની શિક્ષા કરી શકાય છે?

ઊત્તર-ના.

૪૩. પ્રશ્ન-ફોજદારી વહિવટના કાયદાની કલમ ૫૩૬ મુજબ અથવા સન ૧૮૫૯ ના આકટ ૧૩ માની કલમ ૨ મુ-
જબ અમુક કરાર કરવા બદલ હુકમ કરવામાં આવ્યો હોય તે અમલમાં આવશે નહી એવું પેહેલેથી ધા-
રીને કેદની શિક્ષા કરી શકે?

ઊત્તર-ના.

૪૪. પ્રશ્ન-સેશનકોર્ટ તથા માજીસ્ટ્રેટને જે મુકરદમા બાબત એક સરખી હકુમત હોય તેવા કામમાં માજીસ્ટ્રેટ પોતાનો

અખત્યાર શી રીતે મુકરર કરે છે, અને એવાજ મું-
કરદમામાં તાબાના માજીસ્ટ્રેટોએ કેમ કરવું જોઈએ?

ઊત્તર—એવા મુકરદમામાં અમુક કામ સેશનકોર્ટને ક-
મીટ કરવું અથવા શિક્ષા કરવાનો તેને જેટલો અ-
ધિકાર છે તેટલાથીજ કામનો ન્યાય થશે તે બાબતમાં
માજીસ્ટ્રેટે પોતાનું ડાહાપણ વાપરવું જોઈએ. ચોરીના
કામમાં આ સ્વાલનો નિર્ણય કરવાને ચોરાએલી મિ-
લકતની રકમ વિચારમાં લેવી અને કુલ કામની
બીજી બધી હકીકત ઉપર સંભાળથી તોળના કરવી એ
બરોબર છે. પોતાના ઉપરી માજીસ્ટ્રેટોના હુકમને અ-
નુસરીને તાબાના માજીસ્ટ્રેટોએ પોતાનું ડાહાપણ વા-
પરવું જોઈએ.

૪૫. પ્રશ્ન—જ્યારે ફોજદારી કાયદાની બે કલમોમાં એક ગુ-
ન્હાનો સમાસ થતો હોય, અને તે બેમાંથી એક ક-
લમ સામાન્ય હોય તેનો ઈનસાફ નીચા દરજ્જાની કો-
ર્ટથી થઈ શકતો હોય, અને બીજી કલમ ખાસ હોય
તેનો ઈનસાફ ઊંચા દરજ્જાની કોર્ટથી થઈ શકતો હોય
ત્યારે તે હકુમતનો કેવી રીતે નિર્ણય કરવો જોઈએ?

ઊત્તર—તે બાબતમાં નિચા દરજ્જાની કોર્ટનો અધિકાર
બંધ થઈ શકતો નથી. સામાન્ય કલમ મુંજબ તેનો
નિવેડો પોતે કરવો અથવા કામની હકીકતના વજન

ઉપર યોગ્ય ધ્યાન આપી ઊંચી કોર્ટને કામ કમીટ કરવું કે નહી તે તેણે નક્કી કરવું જોઈએ?

૪૬. **પ્રશ્ન**–બે અથવા વધારે સખસો ઉપર કોઈ ગુન્હાનો આરોપ સાથે લાગો મુકવામાં આવ્યો હોય, અને એક જણની બાબતમાં માજીસ્ત્રેટને અધિકાર ન હોય તો તે માજીસ્ત્રેટે શી રીતે કરવું?

ઊત્તર–તેણે આરંભની તજવીજ કરી સેશનકોર્ટ તરફ કામ કમીટ કરવું જોઈએ.

૪૭. **પ્રશ્ન**–તોહમતદાર રાણી સરકારની વિલાયતી રૈયત છે તે સબબ ઉપરથી અધિકારની તકરાર પાર પડે તે સારૂ શું શાબિત કરવું જોઈએ, અને એવી બાબતમાં કયો પુરાવો લેઇ શકાય નહી?

ઊત્તર–ખરી ઓલાદ શાબિત કરવાની જરૂર છે એટલુંજ નહી, પણ દેશ શાબિત કરવો જોઇએ. દેશ શાબિત કરવામાં સાંભળેલો પુરાવો લેવામાં આવતો નથી.

૪૮. **પ્રશ્ન**–કાયદાના ૨૫ મા બાબ પ્રમાણે મંજુરી મળી નથી તેથી કોર્ટનો અધિકાર નથી તેવી હરકત કયારે લેઈ શકાય છે?

ઊત્તર–તજવીજની વખતે તે લેવી જોઈએ.

૪૯. **પ્રશ્ન**-ન્હાની ઉમરના કોણ કેહેવાય છે?

ઊત્તર-૧૬ વર્ષ અંદરની ઉમરના બધા ગુન્હેગારો.

૫૦. પ્રશ્ન—હાઈકોર્ટને કયા કાગળો મોકલવાને સેશનકોર્ટ બંધાએલી છે?

ઊત્તર—માજીસ્ટ્રેટના ક્યાલેંડરની તપાસ ઉપરથી અથવા અપીલ ઉપરથી દરેક હુકમ અથવા ઠરાવ કર્યો હોય તે દરેકની નકલ, તેની સાથે જે હુકમ ઉપર અથવા ક્યાલેંડર ઉપર ટીકા કરી હોય તે સહિત સેશનકોર્ટે મોકલવી જોઈએ, અને અપીલના કામમાં માજીસ્ટ્રેટની શિક્ષા બહાલ રાખી હોય ફેરવી હોય અથવા દુરસ્ત કરી હોય તેનાં કારણ પણ મોકલવાં જોઈએ

૫૧. પ્રશ્ન—તપાસવાને માટે અપીલકોર્ટ તરફ કયા કાગળો મોકલવાને માજીસ્ટ્રેટો બંધાએલા છે?

ઊત્તર—ફોજદારી વહિવટના કાયદા મુજબ માજીસ્ટ્રેટે જે હુકમ કર્યો હોય તે દરેકની નકલ ૪૮ કલાકની અંદર મોકલવી જોઈએ; પણ તાબાના માજીસ્ટ્રેટોની બાબતમાં એવા કાગળો માહાલના ઈનચાર્જ સાહેબની મારફતે ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટને મોકલવા જોઈએ.

૫૨. પ્રશ્ન—તપાસવાને મારૂ અપીલકોર્ટને માજીસ્ટ્રેટ હુકમ મોકલે તે સાથે શું જોઈએ?

ઊત્તર—ફરિયાદનો મતલબ, પુરાવો અને કયા કારણથી હુકમ કરવામા આવ્યો છે તેની સ્પષ્ટ હકીકત તે સાથે મોકલવી જોઈએ.

૫૩ **પ્રશ્ન**-સેશનકોર્ટને માજીસ્ટ્રેટ કયા કાગળો મોકલવાને બં-
ધાએલા છે?

ઊત્તર-તાબાના માજીસ્ટ્રેટોના કયૂ.લેંડર ઉપર માજીસ્ટ્રેટોએ
ટીકા કરી હોય તે કામની નકલો.

૫૪-**પ્રશ્ન**-પ્રાંતની અંદર કેવા મુખત્યારનામાં અથવા વ-
કીલાતનામાં ઉપર સહી કરી આપવાને ન્યાયના અ-
ધિકારીઓ ના પાડી શકે?

ઊત્તર-કોર્ટના વકીલ અથવા એડવોકેટ શિવાય બીજા
સખસને સાંભળવાને હાઈકોર્ટને મનાઈ છે, ગુન્હેગારે
હાઈકોર્ટને અપીલ કરવા સારૂ ખાનગી માણસને વ-
કીલાતનામું આપ્યું હોય તો તે સહી કરવાને તેઓએ
ના પાડવી.

૫૫. **પ્રશ્ન**-હાઈકોર્ટના એડવોકેટ, વકીલ અને એટર્નિઓને
શા હક આપવામાં આવેલા છે?

ઊત્તર-હાઈકોર્ટના તાબાનીબધિ ફોજદારી કોર્ટોની વકીલાત
કરવાને તેઓનો હક છે, અને વિશેષ કોઈ કોર્ટમા
તેમને વકીલાતનામું ફાઈલ કરવાની જરૂર નથી અને
તે બાબત તેમને માફી છે.

૫૬. **પ્રશ્ન**-સેશનકોર્ટના વકીલના શા હક છે?

ઊત્તર-સેશનકોર્ટના તાબાની બધિ કોર્ટોમાં વકીલાત ક-
રવાને તેઓને હક છે.

૫૭. પ્રશ્ન—ઇંગ્રેજીમાં નિચલી કોર્ટને એડવોકેટ ક્યારે ભાષણ કરે, અને મુખ્ય જડજે શો બંદોબસ્ત કરવો જોઇએ?

ઊત્તર—જડજની ભાષા ઇંગ્રેજી હોય તો કોઈ નિચલી કોર્ટમાં તેઓ તકરાર કરી શકે, મુખ્ય જડજે જો જરૂર હોય તો સામા પક્ષના વકીલને તેનો અર્થ સમજાવવા સારૂ બંદોબસ્ત કરવો જોઇએ.

૫૮. પ્રશ્ન—ફોજદારી વહિવટના ૪૦ મા બાબ પ્રમાણે શી તજવીજ કરવાનું છે?

ઊત્તર—હુકમ કરયા પેહેલાં માજીસ્ત્રેટે જાતે તજવીજ કરવી જોઇએ.

૫૯. પ્રશ્ન—ફોજદારી વહિવટના કાયદાની કલમ ૫૩૦ મુજબ હુકમ કરતાં પેહેલાં માજીસ્ત્રેટનો શો વહિવટ છે?

ઊત્તર—પેહેલાં તેણે સુલેહનો ભંગ થાય એવો કજીયો છે તેવી ખાત્રી કરવી જોઇએ, અને તેની એવી ખાત્રી શી રીતે થઈ તેનાં કારણ તેણે નોંધવાં જોઇએ.

૬૦. પ્રશ્ન—જ્યારે ઉપર કહેલી તજવીજ નોંધવાને ચુકે ત્યારે કરેલો હુકમ ક્યારે નકામો થાય છે?

ઊત્તર—જો એવી ચુકથી પક્ષકારને નુકશાન થયું છે એવું બતાવવામાં આવે તો.

૬૧. પ્રશ્ન—ફોજદારી વહિવટના કાયદાની કલમ ૫૩૦ મુજબ કયા કામમા માજીસ્ત્રેટને અધિકાર છે, અને

કયા કામમાં તેને અધિકાર નથી?

ઊત્તર-જમીનના પાક વગેરેના ખરેખરા કબજાની હકી-કત વિશે તકરાર હોય તે કામમાં, પણ ભાડું લેવાના હક વિશે બે જમીનદારોની વચમાં તકરાર હોય તે કામમાં તેને અધિકાર નથી.

૬૨. પ્રશ્ન-કોઈ ફક્ત પ્રદેશ કરનારનો કબજો ફોજદારી વ-હિવટના કાયદાના બાબ ૪૦ માં બતાવ્યો છે તેવો છે?

ઊત્તર-ના.

૬૩. પ્રશ્ન-ફોજદારી વહિવટના કાયદાની કલમ ૫૩૧ મુ-જબ માજીસ્ટ્રેટ બ્યાજબી રાહે ક્યારે હુકમ કરી શકે છે?

ઊત્તર-ખરેખાત કબજાની હકીકત નક્કી કરવાને તે અ-શક્ત હોય ત્યારે.

૬૪. પ્રશ્ન-કલમ ૫૩૨ મુજબ હુકમ કરવાને કેવી જાતનો પુરાવો માજીસ્ટ્રેટને અખત્યાર આપે છે, અને તેમાં ઉપભોગનો પ્રકાર કેવો જોઈએ?

ઊત્તર-એવો પુરાવો સ્પષ્ટ અને ખાત્રીપુર્વક જોઇએ. અને ઉપભોગ કરનાર એવો જોઈએ કે તેણે એક હક તરીકે ભોગવટો કર્યો છે અને કેટલીક લાંબી મુ-દત સુધી અડચણ વગર તે ભોગવવા દેવામાં આવ્યો હતો એવી ખાત્રિ કરી આપવી જોઈએ.

૬૫. પ્રશ્ન-ફોજદારી વહિવટના કાયદાની કલમ ૫૩૨ મુજબ

જમીન વાપરવાનો હક એટલે શું?

ઊત્તર-બીજાની જમીન ઉપર થઈને જવાનો હક અથવા પાણી વેહેવાનો જે હક તે.

૬૬. પ્રશ્ન-બધા વર્ગના માજીસ્ત્રેટો શું રાખવાને બંધાએલા છે?

ઊત્તર-આરંભની તજવીજનું રજીસ્ટર.

૬૭. પ્રશ્ન-એવા રજીસ્ટરનો ઈંતેખાબ સેશનકોર્ટ તરફ ક્યારે મોકલાય છે?

ઊત્તર-જ્યારે તોહમતવાળા સખ્સને ઈનસાફ થવા સારૂ સેશનકોર્ટમાં કમીટ કરયા હોય, અથવા તેને છોડી મુક્યા હોય, અથવા તેના સામેની ફરિયાદ કાહાડી નાંખી હોય ત્યારે.

૬૮. પ્રશ્ન-રજીસ્ટરના ઈંતેખાબ વાચવા ઉપરથી ફોજદારી વહિવટના કાયદાની કલમ ૨૯૬ મુજબ સેશનકોર્ટે હુકમ કરયા હોય તે કોહોને જણાવવા જોઇએ?

ઊત્તર-જે માજીસ્ત્રેટને સંબંધ હોય તેને.

૬૯. પ્રશ્ન-કલમ ૪૬૭-૪૬૮ અને ૪૬૯ મુજબ મંજુરીની અરજી પેહેલવેહેલી કોહોને કરવી જોઈએ?

ઊત્તર-કહેલા ગુન્હો જે કોર્ટની રૂબરૂ કરવામાં આવ્યો હોય તેને.

૭૦. પ્રશ્ન-કોર્ટનો અધિકારી બદલાયાથી તેના બંધારણમાં ફેરફાર થાય છે?

ઊત્તર—ના.

૭૧. પ્રશ્ન—ફરિયાદી ચલાવવાને લજેલી મંજુરીની જરૂર છે, અને મંજુરીના સરખું શું છે?

ઊત્તર—કાયદા પ્રમાણે જરૂર નથી પણ હોયતો સારૂ. જે અધિકારીએ મંજુરી આપવી જોઈએ તેણે કામ ચલાવવાની ફરિયાદ માંડી હોય તો તે મંજુરી બરોબર છે.

૭૨. પ્રશ્ન—વ્યભિચાર માટે કોણે ફરિયાદ માંડવી જોઈએ, અને વ્યભિચાર કરવા માટે ગ્રહપ્રવેશ કરવામાં આવ્યો હોય તો તેની ફરિયાદ ચલાવવાને માટે ધણીની કબુલતની જરૂર છે?

ઊત્તર—એવી ફરિયાદી ધણીએ અથવા ઓરતના વાલીએ માડવી જોઈએ. એવી કબુલતની જરૂર નથી.

૭૩. પ્રશ્ન—વ્યભિચારની ફરિયાદી ચલાવવા માટે સગીર ધણીના ઠેકાણે બીજો સખ્સ ફરિયાદી ચલાવી શકે?

ઊત્તર—ના.

૭૪. પ્રશ્ન—ધણીનું મરણ થાય તો વ્યભિચારની ફરિયાદી ચલાવવાનો છેડો આવે છે?

ઊત્તર—ના. કાયદા પ્રમાણે એટલીજ જરૂર છે કે તે કામ ચલાવવાની ફરિયાદ ધણીએ માંડવી જોઈએ.

૭૫. પ્રશ્ન—કોઈ માજીસ્ટ્રેટની રૂબરૂ તજવીજ મુલતવી રાખવામાં આવે તો તે પોતાની રૂબરૂ હાજર થવાને ફરિ-

યાદી અથવા સાહેદીના મુચલકા લેઈ શકે છે?

ઊત્તર-ના. એવા મુચલકા લીધા હોય તે રદ છે, અને એથી કાંઈ દંડ કરવામાં આવ્યો હોય તે ગેરકાયદે છે.

૭૬. પ્રશ્ન-મુકરદમો પુરો થાય ત્યાંહાં સુધી વખતે વખતે હાજર રેહેવાને માટે તોહમતદારો જામીન ઉપર હોય તેની પાસેથી મુચલકા માગી શકાય, અને ગુન્હેગારી અમલમાં લાવતાં પેહેલાં તેમને ખબર આપવાની જરૂર છે?

ઊત્તર-હા. ના.

૭૭. પ્રશ્ન-કલમ ૩૯૬ મુજબ મુચલકા અમલમાં લાવતાં પેહેલાં માજીસ્ટ્રેટે શું કરવું જોઈએ?

ઊત્તર-પ્રોસેસ કાહાડતાં પેહેલાં માજીસ્ટ્રેટે કારણ સહિત પુકત અભિપ્રાય બાંધવો જોઈએ કે જાણી જોઈને મુચલકા તોડવામાં આવ્યો છે.

૭૮. પ્રશ્ન-મુચલકામાં લખેલી ગુન્હેગારી શિવાય બીજી ગુન્હેગારી તે કસુર બદલ અમલમાં લાવી શકે?

ઊત્તર-ના.

૭૯. પ્રશ્ન-ફોજદારી દફતર ક્યાંહાં સુધી સાચવી રાખવું જોઈએ, અને તે મુદત ક્યારથી ગણવામા આવે છે?

ઊત્તર-૨૦ વર્ષ સુધી કપાલેંડરો સાચવી રાખવાં જોઈએ, અને બીજાં દફતર ત્રણ વર્ષ સુધી. શિક્ષાની તારીખ થી તે મુદત ગણવી.

૯૦. પ્રશ્ન—ફોજદારી વહિવટના કાયદાની કલમ ૪૫ મુજબ તાબાના માજીસ્ત્રેટો શી રીતે મુકરદમો મોકલી શકે છે, અને ઉપરી માજીસ્ત્રેટ તરફ શું મોકલવું જોઈએ?

ઊત્તર—મુકરદમાના પ્રકારનો એક ટુંકો રીપોર્ટ કરવો જોઈએ. તાબાના માજીસ્ત્રેટોએ કામ ચલાવ્યું હોય તે બધુ મોકલવું જોઈએ.

૯૧. પ્રશ્ન—કલમ ૪૬ મુજબ જે માજીસ્ત્રેટને મુકરદમો મોકલ્યો હોય તે તે બીજા માજીસ્ત્રેટ તરફ મોકલી શકે છે?

ઊત્તર—ના. તેનો નિકાલ તેણે પોતેજ કરવો જોઈએ.

૯૨. પ્રશ્ન—મોતની શિક્ષા મંજુર કરવા સારૂ હાઈકોર્ટને શી રીતે પુછવામાં આવે છે?

ઊત્તર—જડજે રજીસ્ટ્રારને એક કાગળ મોકલવો તેમાં પુરાવાની હકીકત અને જડજની ટીકા દાખલ કરવી જોઈએ. બધા પુરાવાનો અંગ્રેજી તરજુમો મોકલવો જોઈએ.

૯૩. પ્રશ્ન—જે મુકરદમામાં પુછવામાં આવ્યું હોય તેના ઉપર અપીલ કરવાનો કેદીનો ઈરાદો છે તેની ખબર હાઈકોર્ટને સેશન જડજે શી રીતે આપવી?

ઊત્તર—રજીસ્ટ્રારને મજકુર રીતે કાગળ લખવામાં આવે તેમાં તે બતાવવું જોઈએ.

૯૪. પ્રશ્ન—પુછેલા મુકરદમામાં સેશન જડજ કેદી ઉપર દયા રાખવાને ભલામણ કરી શકે?

ઊત્તર—ના. કેમકે કાયદા પ્રમાણે જડજે એકને બદલે બીજી શિક્ષા કરવી તે તેની મરજી ઉપર છે.

૮૫. પ્રશ્ન—કલમ ૨૯૬ મી મુજબ પુછવામાં આવ્યું હોય તેમાં શું જોઈએ?

ઊત્તર-તેમાં જે ગુન્હા વિશે પુછવામાં આવ્યું હોય તે ઉપર અભિપ્રાય અને તે અભિપ્રાય જે કારણ ઉ- પરથી બાંધવામાં આવ્યો હોય તે કારણો.

૮૬. પ્રશ્ન-કાયદાની તકરાર કેઈ ગણવામાં આવે છે, પુરાવા રહિતનો મુકરદમો કે અધુરા પુરાવનો મુકરદમો?

ઊત્તર-પુરાવા વગરનો મુકરદમો, પણ અધુરા પુરાવાનો મુકરદમો તે એક હકીકતની તકરાર છે.

૮૭. પ્રશ્ન-કેદીની ગેરહાજરીમાં રીમાન્ડ આપવામાં આવે છે, અને રીમાન્ડનો અર્થ શો થાય છે?

ઊત્તર—ના. કેદીને હાજર કરવામાં આવ્યો હોય અને ફ- રીથી કેદમાં મોકલવામાં આવ્યો હોયતો તેનો અર્થ રીમાન્ડ છે.

૮૮. પ્રશ્ન—સેશન જડજ અથવા માજીસ્ટ્રેટને શો સામાન્ય અધિકાર છે?

ઊત્તર—તે અધિકાર એ છે જે તાબાની કોર્ટમાં કામ ચા- લ્યું હોય તેમા કાંઈ અયોગ્યતા માલુમ પડે તે બ- તાવવી અને દુરસ્ત કરાવવી, પણ શિક્ષા કરવામાં આવી

હોય તેમાં હાથ ઘાલવો નહી. એવા કામમાં કાંઈ ઢીલ થઈ હોય તે વાસ્તે ખુલાસો માગવો અને તે ના ઉપર ટીકા કરવી.

૮૯. પ્રશ્ન–એક કોર્ટે ગુન્હો શાબેત ઠરાવ્યો હોય તે રદ કરવાનો અને ઊંચા દરજ્જાની કોર્ટની રૂબરૂ તેની તજવીજ ચલાવવાનો હુકમ કરવાનો કોહોને અધિકાર છે?

ઊત્તર–હાઈકોર્ટને.

૯૦. પ્રશ્ન–કલમ ૫૦૩ મુજબ કસુરદારોને કેદ કરવામાં આવે છે?

ઊત્તર–ના.

૯૧. પ્રશ્ન–તજવીજની આખરે ગુન્હો શાબેત ઠરાવવાને પુરાવો ન હોય તો તોહમતદાર સખસ પાસેથી સારી ચાલ સારૂ જામીન માગી શકાય છે?

ઊત્તર–ના.

૯૨. પ્રશ્ન–કલમ ૫૦૪-૫૦૫ અને ૫૦૬ પ્રમાણે સારી ચાલ સારૂ જમાનીનો આંકડો ઠરાવવાને કોર્ટે શી તોળના કરવી જોઈએ, અને તેમાં કસુર કરવામાં આવે તો શાવાસ્તે કેદ ઠરાવવામાં આવે છે?

ઊત્તર–જે માણસનો સબંધ હોય તેની જીંદગાનીની સ્થિતી, અને અમુક રકમના તે જામીન શોધી કાહાડી શકશે તેનો જે સંભવ હોય તે કરતાં વધારે રકમના માગવા ન જોઈએ કસુર બદલ કેદ કરવામાં આવે છે

તેની મતલબ એ છે જે તે સખ્ખસ ગુન્હો કરે તે-
માંથી લોકોનો બચાવ થાય, અને ગુન્હો કર્યો છે તે
બદલ શિક્ષા નથી.

૯૩. પ્રશ્ન—જો કેદી ગુન્હેગાર જણાય તો તેને કાંઈ શિક્ષા ક-
રવાને કોર્ટ બંધાએલી છે?

ઊત્તર—હા.

૯૪. પ્રશ્ન—જ્યુરીએ ગુન્હો ઠરાવ્યો હોય તે સાથે જડજનો
અભિપ્રાય મળતો આવતો ન હોય તો તેટલાજ કા-
રણ માટે જડજ નામની શિક્ષા કરી શકે છે? જો કરી
શકતા નથી તો શી શિક્ષા કરવાને તે બંધાએલ છે?

ઊત્તર—ના. જ્યુરીએ જે ગુન્હો ઠરાવ્યો હોય તેને બસ
થાય એવી શિક્ષા કરવાને તે બંધાએલ છે.

૯૫ પ્રશ્ન—સેશનકોર્ટે શિક્ષા કરી હોય તે કોહોને જણાવવી
જોઇએ અનેછેવટ તેની ખબર કોહોનેઆપવીજોઈએ?

ઊત્તર—સેશનકોર્ટે ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને ખબર આપવી
જોઈએ તે ઉપરથી તેણે પોલીસ સુપ્રીનટેનડેન્ટને
આપવી જોઈએ.

૯૬. પ્રશ્ન—અપીલકોર્ટે અપીલ ઉપરથી શિક્ષા રદ કરે, કમી
કરે અથવા મુલતવી રાખે, તેની ખબર કોહોને આ-
પવી જોઈએ?

ઊત્તર—જે કેદખાનામાં એવો સખ્ખસ કેદ કરવામાં આ-

વ્યો હોય તેના સુપ્રીનટેનડેન્ટને અથવા રખવાળને તેની ખબર આપવી જોઈએ.

૯૭. પ્રશ્ન–સખત મજુરી સાથે કેદની અને આસાન કેદની શિક્ષા મોકુફ રાખવાનો શો પરિણામ થાયછે?

ઊત્તર–સખત મજુરીની કેદ મોકુફ રાખવામાં આવે તો શિક્ષા થએલાની સંભાળ રાખવી જોઈએ, અને કેદીને ફકત કેદમાં રેહેવા દેવો. આસાન કેદની શિક્ષા મુલત્વી રાખવી એટલે કાચા કામનો કેદી તેને ગણવો જોઈએ.

૯૮. પ્રશ્ન–સેશનકોર્ટમાં સેશન કયારે ભરવામાં આવે છે, અને જુરીને,આસેસરોને, ફરિયાદ ચલાવનારાઓને, સાક્ષિઓને અને તોહમતદારોને હાજર થવાનું કયારે હોય છે?

ઊત્તર–દરેક મહિનાના પેહેલા શોમવારે સેશન ભરવું જોઈએ, અને તે દિવશે બધા સખસોને હાજર થવાને હુકમ કરવો જોઈએ. પણ જો તેવા શોમવારે તેહેવાર હોય તો તે શોમવાર પછી કોર્ટને પેહેલે દાહાડે પણ કોર્ટ બંધ હોય તે દરમિયાનમાં સેશન ભરાશે નહી, પણ તહકુબી પેહેલાં ખાસ સેશન ભરવું હોય તો કમીટ કરનારા માજીસ્ટ્રેટને ખબર થવા ગેઝેટમાં નોટીસ કરવામાં આવશે.

૯૯. પ્રશ્ન–દરેક સેશને કયાં કામોની તજવીજ કરવામાં આવે છે?

ઊત્તર–જે મુકરદમાનું દફતર આવી પોહોચ્યું હોય અને

સેશનના પેહેલા દહાડા પેહેલાં જે પક્ષકારો હાજર થયા હોય તેની.

૧૦૦. પ્રશ્ન—દરેક સેશન પુરૂં થએ શું પ્રગટ કરવું જોઈએ, અને હકીકત કોહોને મોકલવી જોઈએ?

ઊત્તર—જીલ્લાના ગેઝીટમાં કેટલા મુકરદમા તપાસવામાં આવ્યા, કોર્ટની રૂબરૂ જે સખસોને રજુ કરયા તે, કેટલાની વ્યવસ્થા કરવામાં આવી, અને કેટલા બંધ રાખવામાં આવ્યા અને કેટલા મુકરદમામાં ફાંશીની શિક્ષા કરવામાં આવી તે બાબતની હકીકત પ્રસિદ્ધ કરવી જોઈએ.

૧૦૧. પ્રશ્ન—સન ૧૮૬૫ ના ૩ જા આક્ટનો શો મતલબ છે, (મદ્રાસ.)?

ઊત્તર—ખાસ અગર સ્થાનિક કાયદાઓથી તમામ ગુન્હાની બાબતમાં હરકોઈ માજીસ્ટ્રેટને તેથી હકુમત આપવામાં આવે છે. પ્રાવેટ કરતાં ઊંચા દરજ્જાના પોલીસ અધિકારી હોય છે તેમની બાબતમાં દેશી માજીસ્ટ્રેટોને તેથી અખત્યાર આપવામાં આવેલો છે. વળી સન ૧૮૫૯ ના આક્ટ ૧૩ મા પ્રમાણે કરેલા ગુન્હા સંબંધી સબાર્ડિનેટ માજીસ્ટ્રેટને પણ અખત્યાર આપવામાં આવેલો છે.

૧૦૨.—પ્રશ્ન—ફરિયાદીઓને સ્ટાંપ ફી પાછી આપવા બાબત શી રીતે વિચાર કરવામાં આવે છે, અને એવું નાણું કયાંહાં સુધી આપવામાં આવતું નથી?

ઉત્તર—દંડ કરવામાં આવે છે તે માફક તેઓને ગણવામાં આવે છે, અને એવા દંડ ઉપર અપીલ થઈ શકતી હોય તો અપીલની મુદત ગુજરયા સુધી અથવા અપીલ થઈ હોય તો તે નામંજુર થાય ત્યાંહાં સુધી એવું નાણું પાછું આપવામાં આવતું નથી.

૧૦૩. પ્રશ્ન—સરકારે હાયકોર્ટને શો અખત્યાર આપેલો છે?

ઉત્તર—હરકોઈ સબાર્ડિનેટ માજીસ્ટ્રેટ નીચામાં નીચા દરજ્જાના હોય તે પોતાના કામમાં ગેરવર્તણુંકથી ચાલે, પોતાનું કામ કરવામાં અસ્તાન અગર જોઈતી રીતે હુંશીયાર ન હોય તો તેમને બરતરફ કરવાનો અખત્યાર છે, પરંતુ સબાર્ડિનેટ માજીસ્ટ્રેટને જીલ્લા માજીસ્ટ્રેટની નીચા પાયરીમાં ઉતારવાનો હુકમ કરે તો તે હુકમ ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલે નહી.

૧૦૪. પ્રશ્ન—હાઈકોર્ટને કોઇ સબાર્ડિનેટ માજીસ્ટ્રેટને બરતરફ ડવાને ભળામણ કરવામાં આવેલી હોય ત્યારે શી રીતે કામ ચલાવવું?

ઉત્તર—તોહમતવાળાની રૂબરૂ રીતસર તપાસ કરવી, અને મુખજુબાનીનો તથા દસ્તાવેજી પુરાવ દફતરમાં દાખલ કરી હાઈકોર્ટ તરફ મોકલી દેવો.

૧૦૫. પ્રશ્ન—સેશનકોર્ટના તરજુમા કરનારે પુછેલા કામમાં હમેશાં કેટલા પાનાનો તરજુમો કરવો જોઈએ, અને

વધારેના તરજુમા કરનારાઓને કયારે રાખવામાં આવે છે, અને તેમને શું આપવામાં આવે છે?

ઊત્તર-સેશનકોર્ટના તરજુમા કરનારે હમેશ ૧૦ પૃષ્ટ પ્રમાણે તરજુમો કરવો જોઈએ. જો તેની તેજ સેશનમાં બે અગર વધારે મુકરદમા હોય અગર એક કામનાજ કાગળો ઘણા હોય તો, વધારેના તરજુમા કરનાર રાખવા જોઈએ અને તેમને ૩૦૦ દેશી શબ્દાએ રૂ ૧) ના દરથી આપવું જોઈએ.

૧૦૬. પ્રશ્ન-સન ૧૮૬૨ પેહેલાં જે ગુન્હાઓ બનેલા હોય તેનો તપાસ શી રીતે ચાલે છે, અને તેમાં નવો પ્રોસીજર કયારે ને જુનો પ્રોસીજર કયારે લાગુ કરવામાં આવે છે?

ઊત્તર-સન ૧૮૬૨ પેહેલાં બનેલા ગુન્હાનો તપાસ તે વખતના ચાલુ કાયદા પ્રમાણે થવો જોઈએ. અને સાધારણ નિયમ પ્રમાણે પ્રોસીજરકોડમાં ઠરાવેલી રીતી પ્રમાણે કામ ચલાવવું જોઈએ, પરંતુ જ્યારે ફોજદારી કાયદો થતાં પેહેલાં થએલા ખુનના ગુન્હામાં કાયદાના ખરા ઠરાવો પ્રોસીજર સાથે મીશ્ર હતા તેમ મીશ્ર હોય, ત્યારે જુનો પ્રોસીજર લાગુ કરવો જોઈએ.

૧૦૭. પ્રશ્ન-બેહેરા અથવા બોબડા માણસ ઉપર કામ ચલાવવું હોય તો શી રીતે કરવું જોઈએ?

ઊત્તર-બધું કામ એને સંમજાવવાને માટે કોર્ટ કોઈ ઉ-

પાય શોધી કાહાડવો જોઇએ.

૧૦૮. પ્રશ્ન-કેદીને ફોજદારી કોર્ટ મરજીમાં આવે ત્યારે ત-પાસવાનો અધિકાર આપ્યો છે તેની મતલબ શું છે?

ઊત્તર-તેના સામે પુરાવો માલમ પડી આવે તે હકીકતનો ખુલાસો તે શી રીતે કરશે તે કેદીથી નક્કી કરવાની છે, પણ તેને ગુન્હેગાર બનાવે તેવો મનજુર કેહેવરાવવાની નથી.

૧૦૯. પ્રશ્ન-કેદીનો મનજુર શી રીતે લખી લેવામાં આવે છે?

ઊત્તર-બની શકે તો જે ભાષામાં મનજુર કહેવામાં આવે તેજ ભાષામાં બધો બરાબર લખી લેવો જોઈએ.

૧૧૦ પ્રશ્ન-સેશન જડજને માજીસ્ટ્રેટે ઈનિસાફ સારૂ કામ કમીટ કરયુ' હોય તે પાછું મોકલી શકાય?

ઊત્તર-ના. તેણે પોતાની જાતે ઈનસાફ કરવો જોઈએ, અને કમીટ કરનાર માજીસ્ટ્રેટે કાંઈ અયોગ્યતા કરી હોય તે તેણે બતાવવી જોઇએ.

૧૧૧. પ્રશ્ન-શેશનકોર્ટને કોઈ માણસ કમીટ કરવામાં આવ્યો હોય તેની તજવીજ કરયા વગર કહાડી મુકી શકે?

ઊત્તર-ના. કાયદા મુજબ તજવીજ માગવાનો તેનો હક છે, અને ગુન્હેગાર માલમ ન પડે તો ગુન્હા રહીતનો હુકમ માગવાનો તેનો હક છે.

૧૧૨. પ્રશ્ન-કોઈ માણસને અધુરે પુરાવે કમીટ કરવામા આ-

ળ્યો હોય તો સેશનકોર્ટનો શો વહિવટ છે

ઊત્તર–તોહમતનો જવાબ કરવાને તેને ફરમાવવાને અને સરકારી પ્રોસીક્યુટર જે પુરાવ દાખલ થઈ શકે તે ; પુરાવ ગુજારવાને ચાહાતા હોય તે સાંભળવાને કોર્ટ બંધાએલા છે.

૧૧૩. પ્રશ્ન–જ્યારે કેદી ગુન્હો કબુલ કરે ત્યારે સેશનજડ્જે કયા બે રસ્તે ચાલવું જોઈએ?

ઊત્તર–તેણે પુરાવો લેવો જોઈએ અને ગુન્હો કર્યાની તકરાર બાજુ ઉપર મુકી દેઈ મુકરદમો જ્યુરીને સોંપવો જોઈએ, અથવા ગુન્હો કર્યાની દલીલ ઉપર તેણે ગુન્હો શાબિત ઠરાવવો તે બાબતમાં જ્યુરીનું કાંઈ કામ નથી.

૧૧૪. પ્રશ્ન–તોહમતવાળા સખ્સની જુબાની કયારે પુરાવામાં લેવામાં આવે છે, અને સેશનની તજવીજમાં તેનું શી રીતે કરવામાં આવે છે?

ઊત્તર–બચાવ કરવાનું કામ શરૂ કરવાના પેહેલાં ફરિયાદના એક ભાગ તરીકે તેને વાંચવી જોઈએ, અને તે મુકરદમાનો એક કાગળ છે એમ નિશાની કરવી જોઈએ.

૧૧૫. પ્રશ્ન–ફોજદારી વહિવટના કાયદાની કલમ ૪૬ મુજબ તાબાના માજીસ્ટ્રેટે મોકલેલા કામનો નિકાલ માજીસ્ટ્રેટે શી રીતે કરવો જોઈએ?

ઊત્તર–દફતર ઉપરથી જે હકીકત તેને માલમ પડી આવે

તે પ્રમાણે સ્વતંત્ર ફેસલો તેણે આપવો જોઈએ, અને નિચલી કોર્ટને જે પ્રમાણે માલમ પડ્યું હોય તે પ્રમાણે તેણે સ્વિકાર કરવું ન જોઈએ. જો ફેંસલા સારૂ અધુરી હકીકત તેને માલમ પડે તો, તેણે સાહેદીઓને બોલાવીને તપાસવા જોઈએ, અને જરૂર હોય તો વધારે પુરાવો લેવો જોઈએ.

૧૧૬. પ્રશ્ન—સોળમા બાબ પ્રમાણે તજવીજ કરવા સારૂ તોહમતદારના સાક્ષિયોને બોલાવવાને માજીસ્ટ્રેટ બંધાએલા છે?

ઉત્તર—ના. તેણે તો તોહમતદાર જે સાહેદીઓ રજુ કરે તેટલાજ તપાસવા જોઈએ.

૧૧૭. પ્રશ્ન-ફોજદારી વહિવટના ૧૭ મા બાબ મુજબ આરંભની તજવીજમાં જે માણસને નુકશાન થયું હોય તેને હાજર કરવાની જરૂર હોય તો માજીસ્ટ્રેટે શું કરવું જોઈએ?

ઉત્તર—મુકરદમો મુલતવી રાખવો જોઈએ.

૧૧૮. પ્રશ્ન—બાબ ૧૭ મા મુજબ તજવીજના કામમાં તોહમતનામું તૈયાર કર્યા પેહેલાં કેટલો પુરાવો લેવો જોઈએ તેના વિશે કાંઈ નિયમ કરી શકાય છે?

ઉત્તર—ના. દરેક મુકરદમાનો આધાર તેના મુળ ઉપર રહેવો જોઈએ. એવી તજવીજમાં તોહમતના સાચાપણા વિશે ખાતરી કરવાને જોઈએ તેના કરતાં વ-

ધારે સાક્ષિયો તપાસવાની જરૂર નથી, અને તે વિચારથી કલમ ૧૯૩ અને ૩૪૨ મુજબ તોહમતવાળા સખસને સવાલો પુછવાને તે મુખત્યાર છે. એવા પ્રશ્નોના જવાબ મળશે તે ઉપરથી નિકાલ આવશે કે ફરિયાદી તરફના કેટલા સાહ્દીઓ તપાસવાની જરૂર છે. પોતાના મનમાં ગુન્હો થયાનો શક ન હોય તો ફરિયાદી અને આરોપીતની તપાસણી ઉપરથી માજીસ્ત્રેટ તોહમતનામું તૈયાર કરી શકે છે.

૧૧૯. પ્રશ્ન–બાબ ૧૭ મા મુજબની તજવીજમાં તોહમતદારને વધારે હક કયા આપવામાં આવ્યા છે.

ઉત્તર–ફરિયાદીનો પુરાવો પુરો થાય ત્યાર પછી ફરિયાદી તરફના સાક્ષીઓને પાછા બોલાવીને તેમને પ્રશ્ન કરવાનો તેનો હક છે.

૧૨૦. પ્રશ્ન–ફોજદારી વહિવટના કાયદાના બાબ ૧૭ મા મુજબ તજવીજના કામમાં માજીસ્ત્રેટની શી ફરજ છે?

ઉત્તર–તોહમતદાર પાસે પોતાના બચાવ સ રૂ કાંઈ સાહેદીઓ છે તે વિશે તોહમતદારને પુછવાને તે બંધાએલા છે. જો હા કેહે અને સાહેદીઓ હાજર ન હોય તો તેમને સમન કરવાને તે બંધાએલા છે.

૧૨૧. પ્રશ્ન–ફોજદારી વહિવટના કાયદાના બાબ ૩૮ મા મુજબ તજવીજમાં તોહમતદારના શા હક છે?

ઊત્તર-તેના સામા સાહેદીઓ રજુ કરવામાં આવ્યા હોય તેને આડા અવળા સ્વાલ કરવાનો, પોતાની હકીકત કેહેવાનો, અને પોતાની તરફના સાક્ષીઓ બોલાવવા નો લાગ મળવો જોઈએ. ચાલ ચલગત વિશેનો પુરાવો સામાન્ય જોઈએ અને અમુક ન જોઈએ.

૧૨૨. પ્રશ્ન-સારી ચાલ માટે જામીન આપવાને ઘણા સખસોને હુકમ કરવામાં આવ્યો હોય તેઓ બધાની સામે શી રીતે તજવીજ કરવી જોઈએ, અને બધાની તજવીજ એકઠી કયારે કરવામાં આવે છે?

ઊત્તર-ઘણુંકરીને દરેક સખસની બાબતમાં જુદી જુદી તજવીજ થવી જોઈએ. પણ જો તેમની વચમાં કાંઈ સંબંધ હોય તો તેમની એકઠી તજવીજ કરવી જોઈએ.

૧૨૩. પ્રશ્ન-સેંટ્રલ અથવા ડિસ્ટ્રીકટ જેલના અધિકારીઓને વારંટ અથવા હુકમ કેઈ ભાષામાં લખવામાં આવે છે?

ઊત્તર-અંગ્રેજી ભાષામાં.

૧૨૪. પ્રશ્ન-કેદખાનામાં જે સખસ હોય તેને છોડવાને વારંટ અથવા હુકમ કોહોના નામના કરવા જોઈએ, અને તેની તરફ શી રીતે મોકલવા જોઈએ?

ઊત્તર-કેદખાનું જેના કબજામાં હોય તે અમલદારને, અને તેની તરફ બારોબાર મોકલવા જોઈએ.

૧૨૫. પ્રશ્ન-છોડી દેવાનું કાયદા પ્રમાણે વારંટ જેલના સુપ્રીન

ડેનડેન્ટના નામનું ક્યારે કરવું જોઇએ?

ઊત્તર—તજવીજ કરયા પછી સેશનકોર્ટ કેદીને નિરદોષ ગણીને છોડી દે ત્યારે.

૧૨૬. પ્રશ્ન—એટલું ગુજરાન વસુલ કરવાને માટે ફોજદારી કોર્ટ વારંટ કાહાડી શકે છે?

ઊત્તર—હા.

૧૨૭. પ્રશ્ન—જે માજીસ્ટ્રેટે ફટકાની શિક્ષા કરવાનો હુકમ કર્યો હોય તે શિક્ષા અમલમાં લાવતી વખતે જો તે હાજર હોય તો તેની શી ફરજ છે?

ઊત્તર—તે હકીકત દફતર ઉપર લખવી જોઇએ.

મુશલમાની દિવાની કાયદો.

૧. પ્રશ્ન–મુશલમાની દિવાની કાયદાનું કેવું સ્વરૂપ છે?

ઊત્તર–તે એક ધર્મનો છે. એવું ધારવામા આવે છે કે તે પેગંબર આપ્યો છે.

૨. પ્રશ્ન–મુશલમાની કાયદાનું મુળ શું છે?

ઊત્તર–ચાર મુળ છેઃ–૧ કુરાન; ૨ સુનત અથવા હાડીઝ એટલે દંતકથાએ પરંપરાથી ચાલતા આવેલા મહમદની આજ્ઞા, કર્મ, અને વચનો. ૩ ઈઝમાયા એટલે અનુમત તે પેગંબરના સોબતીઓ અને તેમના ચેલાના ઠરાવ છે, અને ૪ કયાસ તે સુનત અને ઈઝમાયા સાથે કુરાનનો મુકાબલો કરીને તેમાંથી સદ્રશ્ય અનુમાન કાહાડેલા છે.

૩ પ્રશ્ન–મુસલમાની કાયદાની બાબત ઉપર ગ્રંથકાર કયા છે?

ઊત્તર–બંગાળા અને હિંદુસ્તાનમાં અબુહનીફ અને તેના ચેલા અબુયુસફ અને ઈમામ મહમદ છે. પોતાના ગુરૂથી બંને ચેલાઓના જુદા મતહોય, ત્યારે ન્યાયાધીશ એમાંથી એક મત અંગીકાર કરવું. જ્યારે બંને ચેલાઓ એક બીજાથી જુદા મતના હોય, ત્યારે જેનો મત અબુહનીફ સાથે મળતો હોય તે સ્વિકારવો. ન્યાયના કામમાં ઈમામ મહમદ કરતાં અબુયુસફ માન્ય ક-

રવામાં આવે છે.

૪. પ્રશ્ન—મુશલમાનોમાં કાયદાના શિક્ષા સંપ્રદાય કેટલા છે?

ઊત્તર—સુની અથવા ધર્માંધ અને શિઆ અથવા શાસ્ત્ર વિરૂદ્ધ. અલી ગાદી ઉપર બેઠા તે ઉપરથી રાજદ્વારી કજીયા ઉત્પન્ન થતાં આ બે પંથ નિકળ્યા છે. અલીના પક્ષકારો શિઆ છે અને અબુબેકરના ઉમર અને ઉસમાનના સુની છે. શિયાના સંપ્રદાયનું સ્થળ લખનોર છે?

૫. પ્રશ્ન—મુસલમાની કાયદામાં ગ્રંથકારો અને પ્રમાણ પુસ્તકો કયાં છે?

ઊત્તર—હેમીલ્ટનનું હિદાયાઃ સર વુલ્યમ જોન્સનું વારસા વીશે સિરાજઃ સર વુલ્યમ જોન્સનું સિરાજ ઉપર ટીકા તે શેરીફિયા છેઃ મેકનાટનના તત્વ અને દાખલા છેઃ બેલીનું વારસા ઉપર અને વેચાણ ઉપર છેઃ કાયદાના અધિકારીઓ ઉપર ફત્વા આલમગીરી મતછેઃ અનેએલબર્લિંગનો વારસા વેચાણ અને બક્ષિસ વિશેનો ગ્રંથછે.

૬. પ્રશ્ન—મુસલમાની કાયદાને લગતા વારસાના સામાન્ય નિયમ કયા છે?

(અ) સ્થાવર અને જંગમ અને વડીલોપાર્જિત અને સ્વકાર્યોર્જિતની વચમાં ભેદ નથી.

(બ.) જ્યેષ્ટપણાથી વધારે હક થતો નથી.

(ક.) વારસામાથી સ્ત્રિઓ બાતલ નથી અને સ્ત્રિ-

લકત પરસ્વાધીન કરવાને તેઓના અખત્યાર મર્યાદ શીલ નથી. સ્ત્રીની મિલકત ગમે તે રીતે સંપાદન થ- ઇ હોય તે તેના પોતાના વારસોને મળે છે.

(ડ) દત્તક તે કાયદેસર કબુલ રાખવામાં આવતો નથી.

(ઈ) કોઈ માણસની મિલકત તેના મોત પછી તેના નજીકના જીવતા વારસોને મળે છે, પણ પ્રતિનિધી- ત્વનો હક વેગળા સગાને બાતલ કરી પાસેના સગા સારૂ ઉત્પન્ન થતો નથી.

(ફ) બાપ પોતાની હયાતીની વખતમાં પોતાની મિલકતની વેહેંચણમાંથી પોતાના કોઈ વારસને વારસો નહી આપે, પણ તે ના કબુલ કરેલાના કા- રણસર પોતાના ગુજરયા પછી તે વારસને વારસો લેવાથી અટકાવ થતો નથી.

(ગ) વારસો પૈકી કોઈપણ કાંઈ અવેજ લઈને પો- તાના ભાગ ઉપરથી હાથ ઉઠાવી શકે છે. તોપણ વે- હેંચણ કરતી વખત તેને ગણવો જોઈએ શાથી કે તેથી બીજા ભાગદારોના ભાગ ઉપર અસર થાય છે.

(હ) વર્ણશંકર પ્રજાને પોતાની મા અને માના સ- ગા તરફથીજ ફકત વારસો મળે છે.

(આઈ) બાપના મરણ પછી જનમેલા પુત્રોને ભાગ મળવાનો હક છે.

(જો) સમાન પાયરીની સ્ત્રિ અને પુરૂષ તેઓ બંનેને એકઠો વારસો મળે તો પુરૂષ જાત કરતાં સ્ત્રી જાતને અર્ધો હિસ્સો મળે છે. બાપ અને મા અને આંગલીયાત ભાઈ અને બહેનો એકજ માથી પણ જુદા બાપથી ઉત્પન્ન થયાં હોય તે બાબતમાં અપવાદ છે.

(કે) એકજ વર્ગના વારસોમાં અપુર્ણ લોહીવાળા કરતાં પુર્ણ લોહીવાળાઓ પસંદ કરવામાં આવે છે. માની તરફથી આંગળીયાત ભઈ અને બહેનો એ અપવાદ છે.

૭. **પ્રશ્ન**–વારસામાંથી બાતલ થવાને કયા કારણો છે?

ઊત્તર–માણસનું ખુન.

૮. **પ્રશ્ન**–ગુજરેલા માણસને ઘણા વારસ હોય?

ઊત્તર–એકીજ વખતે ઘણા માણસો વારસ થાય. એકીજ વખતે કેટલાક વારસો ચઢે અને ઉતરે.

૯. **પ્રશ્ન**–વારસા ઉપર શાં શાં ખરચ છે?

ઊત્તર-દેવું આપતા પેહેલાં પ્રેત સંસ્કારનું ખરચ પેહેલું આપવું જોઈએ, વારસા પેહેલાં દેવું આપવું, અને મિલકતની વેહેંચણ કરતા પેહેલાં બાકીના $\frac{1}{3}$ સુધી વશિયત અપાય છે.

૧૦. **પ્રશ્ન**–મરનારની મિલકતમાં વધારો થાય તેને શી રીતે ગણવામાં આવે છે?

ઊત્તર-ભાગ પાડતાં સુધી મરનારની એ મિલકત ગણવી.

૧૧. પ્રશ્ન-વારસના કેટલા વર્ગ છે?

ઊત્તર-સાત છે: કાયદેસર હિસ્સેદાર, શેષાધિકારી, દુરના સગા, કરારથી ઠરાવેલો વારસ, કબુલકરાએલા સગા, જગત પ્રસિદ્ધ વશિયતનામું પામેલા અને સરકાર.

૧૨. પ્રશ્ન-કાયદેસર વારસ કોણ છે?

ઊત્તર-વારસા ઉપરનું ખર્ચ આપ્યા પછી પેહેલ વેહેલા કેટલાક ભાગ કાયદાથી મરનારના કેટલાએક સગાને મળે તે. સંખ્યાના પ્રમાણમાં અને બાકીના વારસોના વર્ગ પ્રમાણે તે અટકાવી, વધારી, અથવા કમી કરી શકાય છે.

૧૩. પ્રશ્ન-બાકીના વારસો કોણ છે?

ઊત્તર-કાયદેસર ભાગિયાના હક આપ્યા પછી બાકીનું જે રહે તેનો વારસો મરનારના જે બીજા સગાને મળે તેઓ. કાયદેસર ભાગિયાઓમાં જેમ ફેરફાર થાય છે તેમ તેમનામાં પણ ફેરફાર થાય છે.

૧૪. પ્રશ્ન-દુરના સગા કોણ હોય છે?

ઊત્તર-કાયદેસર ભાગિયા અથવા બાકીના વારસો જેઓ નથી તેવાં બધાં મરનારના સગા.

૧૫. પ્રશ્ન-ઉપર લખેલા બધા સગા ન હોય તો મિલકત કોહોને મળે છે?

ઊત્તર-કરારથી થએલા વારસને તે મળે છે, એટલે મિલકતના માલેક પોતાના વારસ તરીકે કોઈ પરાયાને નિમ્યો હોય તેને.

૧૬. પ્રશ્ન-કરારથી વારસ ન હોય તો મિલકત કોહોને મળે છે?

ઊત્તર-કબુલ કરેલા સગાને મળે છે, એટલે ગુજરેલા માણસે પોતાનો સગો છે એવું કબુલ કરયું હોય તે માણસને, પણ એવી કબુલાત પાછળથી રદ કરી હોય તો.

૧૭. પ્રશ્ન-કબુલ કરેલો સગો ન હોય તો મિલકત કોહોને મળે?

ઊત્તર-જગત પ્રસિદ્ધ વારસને, એટલે જે માણસને ગુજરેલા સખસે બધી મિલકત આપી હોય તેને, પણ વારસો જીવતા હોય તો તે અપાય નહી.

૧૮. પ્રશ્ન-આ બધા વારસોને અભાવે મિલકત કોહોને મળે છે?

ઊત્તર-સરકારને.

૧૯. પ્રશ્ન-કાયદેસર ભાગ કયા છે, અને કાયદેસર ભાગિયા કેટલા છે?

ઊત્તર- $\frac{1}{2}$, $\frac{1}{4}$, $\frac{1}{8}$, $\frac{2}{3}$, $\frac{1}{3}$ અને $\frac{1}{6}$, ભાગ છે. ભાગિયા બાર છે, તેમાં ચાર મરદ જાત અને આઠ સ્ત્રી જાત.

મરદ-૧ બાપ; ૨ ખરા વડાઉવો; ૩ એક માથી પણ આગળીપાત ભાઈ; ૪ ધણી.

સ્ત્રી-૧ દીકરીઓ; ૨ દીકરાની દીકરીઓ ગમે એટલી ઉતરતી હોય તો; ૩ સગી બહેન; ૪ એક બા-

પથી અધિ બેહેન; ૫ એક માથી અર્ધિં બેહેન; ૬ મા; ૭ ખરી વડીઆઇ; ૮ વહુ.

૨૦. પ્રશ્ન-કાયદેસર વારસોના કેટલા વર્ગ થઈ શકે છે?

ઊત્તર ચાર.

૧ લો-બાપ, મા, દીકરી, વર અને વહુ.

૨ જો.-ખરો વડાઉવો; ખરી વડીઆઈ, દીકરાની દીકરીઓ ગમે તેવી ઉતરતી હોય તો.

૩ જો-સગી બેહેન, અર્ધો ભાઈ અને એજ માથી બેહેન.

૪ થો.-એકજ બાપથી અર્ધી બેહેન.

૨૧. પ્રશ્ન-કયા ભાગિયાને ભાગ મળવાનો હમેશ હક છે?

ઊત્તર-પેહેલા વર્ગમાં જે વારસો લખ્યા છે તે વર્ગનાને.

૨૨. પ્રશ્ન-કયા વર્ગના ભાગિયા બાતલ થવાને પાત્ર છે?

ઊત્તર-જે સખસ મરનારના ઘણા પાસેના સગા હોય તેના કરતાં બીજા ત્રણ વર્ગોના વારસો તે સખસની જીંદગાનીમાં, પણ અર્ધા ભાઈ અને બેહેનો એકજ માથી ઉત્પન્ન થયાં હોય અને તેણે તેઓને બાતલ કરયા ન હોય તેઓ વગર.

૨૩. પ્રશ્ન-કાયદેસર ભાગિયામાંથી કુલ બાતલ થએલાનાં નામ આપો?

ઊત્તર-મુસલમાની દિવાની કાયદાના સાડાગોપાંના પુસ્તકનું પાનું ૧૬ મું જુઓ.

૨૪. પ્રશ્ન-બાર ભાગિયાનેવારસામાંભાગ મળે તેની યાદીઆપો!

ઊત્તર-મુસલમાની દિવાની કાયદાના સોડાગોપાના પુસ્તકનું પાનું ૧૭-૧૮ અને ૧૯ મું જુઓ.

૨૫. પ્રશ્ન-બાકીના વારસો કેટલી જાતના છે?

ઊત્તર-બે જાતના છે: સગાઈથી અને બીજા ખાસ કારણથી.

૨૬. પ્રશ્ન-સગાઈથી બાકીના ભાગિયાના વિભાગ શી રીતે કરવામા આવે છે?

ઊત્તર-તેના ત્રણ વિભાગ છે: ૧ લો પોતાના હકથી હોય તે; ૨ જો બીજાના ભેગા તેઓ હોય તે; ૩ જો બીજાના હકમાં તેઓ હોય તે.

૨૭. પ્રશ્ન-આ વર્ગના પેહેલા વર્ગમાં કોણ આવી જાય છે?

ઊત્તર-જેના સગપણની હારમાં સ્ત્રિયો દાખલ થઈ શકતી નથી તે દરેક મરદ પેહેલા વર્ગમાં આવી જાય છે. તેના વિભાગ આસેનડેન્ટસ, ડીસેનડેન્ટસ, અને કોલાટરલસ એવા ત્રણ કરવામાં આવેલા છે.

૨૮. પ્રશ્ન-ડીસેનડેન્ટોને વારસો કયારે મળે છે?

ઊત્તર-બાકીના બધા વર્ગના વારસોના પેહેલાં બાકી રહયું હોય તે તેમને મળવાનો હક છે. ગુજરેલા માણસની તે સીધી પુરૂષ પ્રજા છે, એટલે છોકરો, પૌત્ર, પડપૌત્ર ગમે તેવા ઉતરતા હોય તોપણ. પાસેના જે હોય છે તે ઘણા વેગળાને બાતલ કરે છે.

૨૯. પ્રશ્ન-આસેનડેન્ટોને વારસો કયારે મળે છે?

ઊત્તર-બધા ડીસેનડેન્ટોને અભાવે તેઓને વારસો મળે છે. મરનારના તેઓ પરંપરાના પુર્વજો છે, એટલે પિતા, દાદો, દાદાનો બાપ વિગરે, પાસેના વેગળાને બાતલ કરે છે.

૩૦. પ્રશ્ન-કોલાટરેલ્સ કોણછે, અને તેમને વારસો કયારે મળે છે?

ઊત્તર-તેઓ બાપની પ્રજા છે, એટલે મરનારના ભાઈ અને તેઓના પુત્ર ગમે એટલા ઉતરતા હોય તોપણ; પછી દાદાની પ્રજા એટલે મરનારના કાકા અને વેગળી પેહેડીના તેઓના દીકરા; ૩ જું. દાદાના બાપની પ્રજા અને વેગળી પેહેડીના તેઓના દીકરા. પાસેની પેહેડીના જે હોય તે વેગળી પેહેડીને બાતલ કરે છે, અને અધં લોહીના હોય તેના કરતાં પુર્ણ લોહીવાળા પસંદ કરવામાં આવે છે.

૩૧. પ્રશ્ન-બીજા વર્ગના રેસીડીઓારીઝ કોણ છે? અને તેઓને વારસો કયારે મળે છે?

ઊત્તર-તેઓ અમુક જાતની સ્ત્રિઓ છે, જોપણ તેઓ તેજ પેહેડીની સ્ત્રિઓને અભાવે કાયદેસર ભાગને પામે છે તોપણ તેમની સાથે તેઓ રેસીડીઓારીઝ થાય છે. તેઓ દીકરીઓ છે, દીકરાની દીકરીઓ છે, સગી બહેનો છે અને બાપની તરફથી અધી બહેનો છે.

૩૨. પ્રશ્ન-સગાઈથી ત્રીજા વર્ગના રેસીડીઓારીઝ કોણ છે?

ઊત્તર-એક અથવા વધારે દીકરીઓ સાથે તેઓ બહેનો છે.

૩૩. **પ્રશ્ન**-ખાસ કારણથી રેસીડીઓરીઝ કોણ છે?

ઊત્તર-ગુલામગીરી રદ થઈ ત્યારથી આ બંધ પડ્યું છે,

૩૪. **પ્રશ્ન**-વેગળા સગાને મિલકત કયારે મળે છે?

ઊત્તર-કાયદેસર ભાગિયા અને રેસીડીઓરીઝના અભાવે.

૩૫. **પ્રશ્ન**-કેટલા વર્ગના વેગળાના સગા છે.

ઊત્તર-ચાર વર્ગના છેઃ- ૧ લો વર્ગ, દીકરીનાં છોકરાં અને છોકરાની દીકરીઓ પુરૂષ અથવા સ્ત્રિઓ ગમે તે નિચા દરજ્જાની હોય તોપણ; ૨ જો વર્ગ, ખોટા દાદા અને ખોટી દાદી ગમે એટલા નીચા દરજ્જાનાં હોય તોપણ; ૩ જો વર્ગ, બાપની તરફથી પુર્ણ અને અર્ધ બહેનોના છોકરાં, અને સગા અને અર્ધા ભાઈઓની દીકરીયો ગમે તેટલા નિચા દરજ્જાની હોય તોપણ; અને એકજ માની તરફથી અર્ધા ભાઈના છોકરાઓ; ૪ થો વર્ગ, બાપની બહેનો એકજ માથી કાકા અને મામા અને મામીયો અને તેઓનાં છોકરાં.

૩૬. **પ્રશ્ન**-આ વર્ગની અંદર વારસાના શા નિયમ છે?

ઊત્તર-૧ આ વર્ગના દરેક જણ તેમની નજીકના ઉતરતાને બાતલ કરે છે; ૨ ઘણા વેગળાના કરતાં પાસેની, પેહેડીમાં નજીકના પસંદ કરવામાં આવે છે; ૩ સરખા દરજ્જાના દાવેદાર હોય જેઓ વારસ તરફથી દાવો

કરતા હોય તેને, જેઓ વારસ ન હોય તેઓની તરફથી દાવો કરતા હોય તેના કરતાં વધારે પસંદ કરવામાં આવે છે; ૪ જેઓ પુરું લોહીના હોય છે તેઓ અર્ધા લોહીવાળાને બાતલ કરે છે; ૫ સ્ત્રીની તરફથી જેઓ દાવો કરતા હોય તેનાથી બમણો દાવો પુરૂષ કરે તેમના દાવાના કરતાં જેઓ પુર્વજોની જાતીઓ વગર જે દાવાદારો બધી બાબતમાં એકજ પાયા ઉપર દાવેદારો હોય તે, એટલે દીકરીના દીકરાની દીકરી અને દીકરીની દીકરીની દીકરીઃ ૬ માની તરફથી જેઓ દાવો કરતા હોય તેના કરતાં બાપની તરફથી જેઓ દાવો કરતા હોય તેઓને બમણું મળેઃ ૭ દાવેદારની જાતિના તફાવતથી વારસો મળવાના તેઓના હક ઉપર અથવા તેઓના ભાગના પ્રમાણ ઉપર કાંઈ અસર થતી નથી.

૭૭. પ્રશ્ન—બદ્ધિ મિલકત કરતાં ભાગનો સરવાળો જો વધી જાય તો મરનારની મિલકતની વેંહેચણ શી રીતે કરવી?

ઊત્તર—દરેક ભાગના પ્રમાણમાં તે કમી કરવામાં આવે છે અથવા ભાગની સંખ્યા વધારવી જોઈએ.

૭૮. પ્રશ્ન—કેઈ બાબતમાં વધારો થાય છે?

ઊત્તર—ફકત ત્રણ બાબતમાં તે થાય છે. ૧ લો, જ્યાંહાં મિલકતના ૬ અથવા ૧૨ અથવા ૨૪ ભાગ કરવામાં

આવે છે ત્યાંહાં. જો તેઓની સંખ્યા વધારીને ૭, ૮, ૯ અથવા ૧૦ કરવામાં આવેતો, જો ૧૨ થી ૧૩, ૧૪, ૧૫ અથવા ૧૭, જો ૨૪ થી ૨૭.

૩૯. **પ્રશ્ન**-રીટર્ન એટલે શું, અને તે કયારે થાય છે?

ઊત્તર-જો કાયદેસર ભાગિયા ન હોય તો મિલકત રે. સીડિઓરીઝને મળે છે. જો રેસીડિઓરીઝ ન હોય તો વધારાનું અથવા બાકીનું એક લોહીના સંબંધથી મરનારની સાથે સંબંધવાળા ભાગિયાઓને મળે છે. આને રીટર્ન કહે છે.

૪૦. **પ્રશ્ન**-રીટર્નનો વારસો શી રીતે નક્કી કરવામાં આવે છે?

ઊત્તર-લોહીના વારસ જીવતા હોય ત્યાંહાં સુધી રીટર્નનો ભાગ વર અને વહુને મળતો નથી; એવા વારસને અભાવે વર અથવા વહુને બધી મિલકત મળે છે. લોહીથી બાતલ થએલો વારસ તે વેગળાનો સગો થાય.

૪૧. **પ્રશ્ન**-રીટર્નના ભાગ શી રીતે પાડવામાં આવે છે?

ઊત્તર-જો ભાગિયાનો એકજ જથો અથવા વર્ગ હોય તો તેઓની માંહે રીટર્ન સરખા ભાગે વેંહેંચવામાં આવેછે. જો તેઓના જુદા વર્ગ હોય તો દરેક વર્ગનાને તેમના ભાગના પ્રમાણમાં રીટર્નનો ભાગ મળે છે.

૪૨. **પ્રશ્ન**-ઓવાએલા સખ્સનો હક કયાંહાં સુધી ઉભો રાખવામાં આવે છે?

ઊત્તર-તેના જન્મથી ૯૦ વર્ષ સુધી તે ભાગ મુલત્વી રાખવો જોઇએ. તે મુદતની અંદર તે પોતાના ભાગ અથવા મિલકત સંબંધી જીવતો ગણવામાં આવે છે પણ બીજાઓના સંબંધી તે મરી ગએલો ગણાય છે. વારસામાં સાથે ભાગ લેનાર જો ખોવાએલો સખસ હોય તો બીજા વારસામાં સાથે ભાગ લેનારા હોય તેઓ સંબંધે મિલકતની વેંહેંચણી કરવી જોઇએ, પણ એવો ખોવાએલો સખસ જીવતો હોય તે સબબથી તેઓ બાતલ થયા ન હોય તો.

૪૩. પ્રશ્ન-એકજા વખતે મોત થયાં હોય તો તે વીશે શા કાયદા છે?

ઊત્તર-જો એકજા વખતે બે અથવા વધારે મરી ગયાં હોય, અને પેહેલો કોણ મરી ગયો હોય તે નક્કી ન થઈ શકે તો, તેઓ બધા એકજીજ વખતે મરી ગયા છે એમ અનુમાન થાય છે, અને અસલ માલીક જીવતો ન હોય તેની સાથે એકજા વખતે વચલા વારસો મરી ગયા છે એમ ગણીને વારસાના ભાગ કરવા જોઈએ.

૪૪. પ્રશ્ન-શિયાની અંદર વારસો અપાવાના શા નિયમ છે?

ઊત્તર-લગ્ન, એક લોહી સંબંધ અને વશિયતનામાં.

૪૫. પ્રશ્ન-લગ્નથી કોણ વારસ છે?

ઊત્તર-તેઓ વહુ અને વર છે. બધી બાબતમાં સુની

પ્રમાણે તેઓ પોતાનો ભાગ લે છે. સ'પી'ડ વારસોને અભાવે વહુની બધી મિલકત વર લે છે. પણ એવી બાબતમાં વહુ ફક્ત પોતાનો કાયદેસર ભાગ લે છે, બાકીનું સરકારને મળે છે.

૪૬. **પ્રશ્ન**–એક લોહીથી વારસોની શી રીતે વે'હે'ચણ થાય છે?

ઊત્તર–તેના ચાર વર્ગ થાય છેઃ પેહેલા વર્ગમાં મા બાપ, છોકરાં અને છોકરાનાં છોકરાં તેઓ ગમે તેવા નીચા દરજ્જાનાં હોય તોપણ. બીજા વર્ગમાં પેહેલા મા બાપનાં મા બાપ અને તેનાં મા બાપ અને તેઓના પુર્વજો ગમે તેવા નીચા દરજ્જાના હોય તો પણ, બીજા વર્ગમાં ભાઈ અને બેહેન અને તેમની પ્રજા ગમે તેવા નીચા દરજ્જાનાં હોય તોપણ; ત્રીજા વર્ગમાં કાકા, મામા અને કાકીઓ, મામીઓ અને તેઓની પ્રજા ગમે એટલા વેગળાં હોય તોપણ: ચોથા વર્ગમાં મા અને બાપના કાકા, કાકીઓ તથા મામા, મામીઓ અને તેઓની પ્રજા ગમે એટલી વેગળી હોય તોપણ.

૪૭. **પ્રશ્ન**–એ ચાર વર્ગમાં વારસાના શા નિયમ છે?

ઊત્તર–પેહેલું આ ચાર વર્ગ પૈકી દરેક પોતાથી ઉતરતાને બાતલ કરે છે, પણ એક વર્ગનો એક ભાગ બીજાને બાતલ કરી શકતો નથી; બીજુ' વારસના છોકરા અથવા જે સખસો તરફથી તેઓ દાવો કરતા

હોય તે સબંધી કાંઈ ભેદ નથી; ત્રીજું દરેક ભાગ અથવા દરેક વર્ગ કે જેમાં ભાગ નથી તેમાં વધારે પાસેનો વધારે વેગળાને બાતલ કરે છે: ચોથું બધા લોહીના આદમી [એકજ સગાઇના દરજ્જામાં અર્ધા લોહીવાળાને બાતલ કરે છે. સગાઈની બાજુઓ જયારે જુદી હોય છે ત્યારે આ લાગુ નથી;પાંચમું સગાનાં છોકરાં જેઓ એકજ દરજ્જાનાં હોય પણ જુદા જુદા રંગનાં તથા જુદી જુદી જાતનાં હોય ત્યારે; છઠું કાયદેસર ભાગિયા અને ભાગનું પ્રમાણ તેમને મળવાનું હોય તેઓ સુનીઓ પ્રમાણે હોય છે.

૪૮. પ્રશ્ન-રીટર્નનો નિયમ શો હોય છે?

ઊત્તર-તે સુની પ્રમાણે હોય છે. અપવાદ એટલોજ કે વહુને તે મળતો નથી. વિશેષે કરીને જો જાતભાઈ હોય તો માને હિસ્સો મળતો નથી.

૪૯. પ્રશ્ન-વધારાનો નિયમ શું હોય છે?

ઊત્તર-તે સુની કરતાં જુદો હોય છે. બધા ભાગિયાને પુરી થઈ શકે એટલી મિલકત ન હોય તો, જે વારસો કેટલાએક કારણથી થોડા અથવા બધા બાતલ થઈ શકે તેમનામાંથી ઓટા બાદ કરવામાં આવે છે.

૫૦. પ્રશ્ન-વડિલપણાથી શો હક મળે છે?

ઊત્તર-તે હક ઘણોજ થોડો હોય છે. જો વડીલ પુત્ર

લાયક હોય તો, બાપની તરવાર, કુરાન, વીંટી અને પેહેરવાનો પોશાક તેને મળે છે.

૫૧. પ્રશ્ન—વસીઅતનામું એટલે શું? અને તે કરવાને કોણ પાત્ર છે?

ઉત્તર—વસીઅતનામું એટલે માલીક પોતાની મિલકત પોતાના ગુજરયા બાદ બીજાને આપવાનો કરાર કરે તે. દરેક સખસ જે કરાર કરવાને શક્તિવાન છે તે વશિઅતનામું કરવાને પાત્ર છે. સગીર ઉમરનો તેમ કરી શકતો નથી. ધણીની મંજુરી વગર વહુ બીજાને મિલકત આપી શકે છે.

૫૨. પ્રશ્ન—વારસાનો ગુણ શું છે, અને વશિઅતનામાથી કેટલું મળી શકે?

ઉત્તર—તે ફકત પારકા માણસોને કરી અપાય છે અને વારસોને નહી, અને એવું વસીઅતનામું કરનારની મિલકતમાંથી મૃત્યુ ખર્ચ અને દેવું બાદ કરયા પછી તેનો $\frac{1}{3}$ આપી શકાય છે. જો વારસોની ખુશી હોય તો વધારે રકમ પણ અપાય.

૫૩. પ્રશ્ન—વશીયતનામું કયારે કાયદેસર નથી?

ઉત્તર—જો બીજા વારસોની ખુશી વગર એક વારસને કરી આપ્યું હોય ત્યારે તે રદ છે.

૫૪. પ્રશ્ન—બક્ષિ મિલકત કયારે આપી શકાય છે?

ઉત્તર-જો મિલકતનું વસીઅતનામું કરનારને વારસ ન હોય, તો બધિ મિલકત તે બીજાને આપી શકે છે?

૫૫. **પ્રશ્ન**-વસીયતનામાની બરોબર શું હોય છે?

ઉત્તર-મોતના બીછાના ઉપર વારસના કાયદામાં કાંઈ દેવું મફત કબુલ કરયું હોય તે મૃત્યુપત્ર લેખાર્પિત દાન જેવું ગણવું જોઈએ, પરંતુ વશીયતનામાની બધિ શરતો પુરી પાડવી જોઈએ.

૫૬. **પ્રશ્ન**-વશીયતવાળી મિલકત કેવી અવસ્થામાં હોવી જોઈએ?

ઉત્તર-વારસો આપનારના મોતની વખતે તે હયાત જોઇએ અને તે વખતે તે તેના કબજામાં પણ જોઈએ.

૫૭ **પ્રશ્ન**-વશિયતનામાના ખરાપણાને ગેરકાયદેસર ઠરાવ શી રીતે અસર કરે છે?

ઉત્તર-તે તેના ખરાપણાને અસર કરતો નથી, પણ તે જ્યાંહાં સુધી ખરૂં હોય ત્યાંહાં સુધી અમલમાં આવી શકે છે.

૫૮. **પ્રશ્ન**-વારસો લેનારની અવસ્થામાં કાંઈ ફેરફાર થાય તો તેની શી રીતે અસર થાય છે?

ઉત્તર-વશિયતનામું કરતી વખતે કોઈ સખસ વારસ ન હોય પણ વશિયતનામું કરનારના મોત વખતે તેમ થાય તો, વશિયતનામાની રૂઈથી તેને મિલકત મળ-

તી નથી. પણ કોઈ સખ્સ વશિયતનામું થતી વખતે વારસ હોય, પણ વશિયતનામું કરનારના મોતની વખતે તે બાતલ થયો હોય તો, તે મિલકત લેઈ શકે છે.

૫૯ **પ્રશ્ન**—વશિયત ક્યારે ઓછી થાય છે?

ઊત્તર—જો કેટલીક લીગેસીની રકમ કાયદાએ મંજુર કરેલી હદ કરતાં વધી જાય તો, બધિ લીગેશીમાં તેના પ્રમાણમાં ઘટાડો કરવો જોઈએ.

૬૦ **પ્રશ્ન**—મોઢાના અને લખેલા વશિયતનામામાં શો ભેદ હોયછે?

ઊત્તર—તેઓ બંને સરખી મજબુતીનાં હોય છે, પણ મોઢાના વશિયતનામા પછે વશિયતનામું કરનાર તુરતજ મરી ન જાય તો તેનો અમલ બંધ થાયછે, જાણે કે તેણે પોતાનો ઈરાદો પાછળથી ફેરવ્યો ન હોય.

૬૧ **પ્રશ્ન**—વશિયતનામું એ રદ કરી શકાય એવો દસ્તાવેજ છે? તે સ્પષ્ટ અને અર્થાંત શી રીતે રદ કરી શકાય છે?

ઊત્તર—તે રદ કરી શકાય એવો દસ્તાવેજ છે. તે સ્પષ્ટ અથવા અર્થાંત રીતે રદ થઈ શકે છે. તે વારસનામાની પુરવણીથી રદ થાય ત્યારે અથવા તેનો નાશ થયો હોય ત્યારે સ્પષ્ટ રીતે થયું એમ કહેવાય; જ્યાંહા વશિયતનામું કરનાર વશિયતનામાની મિલકતમાં વધારો અથવા ઘટાડો કરે અથવા વશિયત-

નામા પછી મિલકત બીજાને આપે ત્યાંહાં અર્થાત
રીતે રદ થયો એમ કેહેવાય.

૬૨ પ્રશ્ન-વશિયતનામું કરનારને વારસનામાની મિલકત કયા-
રે પાછી મળે છે?

ઊત્તર-જેના તરફનું વશિયતનામું થયું હોય તેના વારસો
ની પ્રજાને આપવા માટે કાંઈ ઠરાવ વશિયતનામા
માં ન હોય તો, વશીઅતનામું કરનારના પેહેલાં વશિ-
યતનામું પામનાર ગુજરી જાય તો વશિયતનામાની
મિલકત વશિયતનામું કરનારને પાછી મળે છે.

૬૩ પ્રશ્ન-બે જણના નામનું વશિયનનામું કરયું હોય તેમાંનો
એક મરી જાય ત્યારે મિલકત કોહોને મળે છે?

ઊત્તર-જે જીવતો હોય તેને. જો દરેકને અર્ધું અર્ધું આ-
પવાનો ઠરાવ હોય તો, જીવનારને ફકત અર્ધું મળશે,
અનેબાકીનું અર્ધવશિયતનામું કરનારનાવારસોનેમળશે.

૬૪ પ્રશ્ન-વશિયતનામું કરનારે જો વશિયતનામું ચલાવનાર
ઠરાવ્યો ના હોય તો તેની તરફનું કોણ કામ કરશે?

ઊત્તર-એ કામ બાપ અથવા વડાઉવો કરશે. તેમના અ
ભાવે તેઓના એકસીકયુટરો કરશે. વશિયતનામું ચ-
લાવનારાઓએ એકવાર સુંપ્રત કબુલ કરી તો પા-
છળથી તેઓથી ના પાડી શકાશે નહી.

૬૫ પ્રશ્ન-જ્યારે બે અથવા વધારે વશિયતનામું ચલાવ-

નારા હોય ત્યારે તેમણે શી રીતે કામ કરવું?

ઊત્તર–નઉકરીના અથવા મિલકતના લાભના કામ શિવાયના કામમાં તેઓએ એકઠા રહીને કામ કરવું.

૬૬ **પ્રશ્ન**–બક્ષીસનામું એટલે શું? અને તે પુરું કરવાને શાની જરૂર છે?

ઊત્તર–આમણ સામણ બદલો અથવા અવેજ વગર મિલકત બીજાને આપવી તે બક્ષીસ કેહેવાય. બક્ષીસ લેનાર તરફથી અંગીકાર કરી મિલકતનો કબજો લેવો અને આપનાર તરફથી તે છોડી દેવું એ અગત્યનું છે.

૬૭. **પ્રશ્ન**–બક્ષીસની મિલકતનો કબજો કયારે થાય?

ઊત્તર–તે થોડા દિવશને માટે હોય તોપણ તુરતજ થવો જોઈએ. જો આપનારની ખુશી હોય તો પાછળથી પણ કબજો લેવાય. પોતાના જીવતરની વખતમાં બક્ષીસની મિલકત આપનારના કબજામાં ન હોય તો તે રદ સમજવું.

૬૮. **પ્રશ્ન**–જ્યારે આપનાર બધિ મિલકત કોઈ વારસને આપે તો બક્ષીસ ક્યાંહાં સુધી ચાલે?

ઊત્તર–જો આપનાર સારી તંદુરસ્તીમાં હોય અથવા તે વખતે તે માંદો હોય પણ પાછળથી સાજો થાય તો બક્ષીસ ચાલી શકે. મરતી વખત બક્ષીસ થઈ હોય તે મૃત્યુપત્રલેખાર્પિતદાનથી મળી એમ કેહેવાય.

૬૯. **પ્રશ્ન**–પોતાની બધિ મિલકત કોઇ માણસ બક્ષિસ ક-
રી શકે છે?

ઊત્તર–હા. કરી શકે છે. 'આપનારના વારસોની મં-
જુરીની જરૂર નથી.

૭૦ **પ્રશ્ન**–બક્ષીસની મિલકતની અવસ્થા કેવી જોઇએ?

ઊત્તર–તે વખતે તેની ખરેખરી હયાતી જોઇએ. જમીન
બક્ષીસ આપ્યા વગર તે જમીન ઉપર ઉગનારા ઝાડ
ની બક્ષીસ ચાલી શકે નહી.

૭૧ **પ્રશ્ન**–સંયુકત બક્ષીસ કયારે થઇ શકે છે?

ઊત્તર–જો તે બે અથવા વધારેને બક્ષીસ કરી હોય ત્યારે
દરેકનો ભાગ મુકરર કરવો જોઇએ. એવી બાબત
માં મિલકતનો કબજો આપતાં પેહેલાં ભાગ પાડવાની
જરૂર છે. વગર મુકરર કરેલી મિલકતની બક્ષીસના
ભાગ થઇ શકતા હોય તો બે ગરીબને આપે એ પણ
કાયદેસર છે.

૭૨. **પ્રશ્ન**–કાયદેસર કબજો આપવાની જરૂર છે?

ઊત્તર–ટ્રસ્ટી તરીકે લેનારના કબજામાં આગળથી મિલકત
હોય તો જરૂર નથી જો ન્હાની ઉમરના પાળનારનો વાલી
કબજો લે તો તે બસ છે.

૭૩. **પ્રશ્ન**–કેઇ બક્ષિસ ગેરકાયદે છે?

ઊત્તર–શરતથી જે બક્ષિસ આપે તે. જો કબજો મળ્યો હોય

તો બક્ષિસ કાયમ રહે છે અને શરત રદ કરવા પડે છે. શરત પુરી ન થયાના કારણથી બક્ષિસ પાછી લેઇ શકાય નહી. જો લેનાર શરત પુરી કરે તો, બક્ષિસ વેચાણ જેવી ગણાય છે અને એવી રીતે તે કાયદેસર છે.

૭૪. પ્રશ્ન–બોધમનો શો પરિણામ થાય છે?

ઊત્તર–એક સંયુકત મિલકતનો ભાગ પાડવામાં ન આવ્યો હોય તો તે બોધમ બક્ષિસને ગેરકાયદેસર કરે છે. આપનારની બધિ મિલકત બક્ષિસમાં આવી જાય તો નામ પાડવું એ જરૂર નથી અને તે એકજ માણસને બક્ષિસ કરી શકાય છે.

૭૫. પ્રશ્ન–બક્ષિસ શી રીતે કરવી જોઇએ?

ઊત્તર–મોઢેથી અથવા લખીને. તે અર્થાંત જોઇએ નહી. તે સ્પષ્ટ અને સંદેહ વગર જોઇએ, અને આપનારે છોડી દેવી જોઇએ.

૭૬. પ્રશ્ન–બક્ષિસ આપનાર શી રીતે બક્ષિસ નાબુદ કરી નાંખે છે?

ઊત્તર–જો માલકીપણાના કૃત્ય તે બજાવતો જારી રહે તો. વરને વહુ ઘર બક્ષિસ કરે અથવા ન્હાની ઉમરના દીકરાને બાપ મિલકત બક્ષિસ કરે તે અપવાદમાં છે.

૭૭. પ્રશ્ન–બક્ષિસ આપનાર કયારે બક્ષિસ પાછી લે?

ઊત્તર–જયારે બક્ષિસ લેનાર સગો હોય તે શિવાયનાની પાસેથી પાછી લે ત્યારે; બીજું જયારે તે બદલે કાંઈ

મળ્યું હોય ત્યારે; ત્રીજું જ્યારે તેમાં કાંઈ વધારો થયો હોય ત્યારે; ચોથું જ્યારે તે બીજા બક્ષિસ પામનારના અથવા પેહેલા બક્ષિસ પામનારના વારસોના કબજામાં ગઈ હોય ત્યારે.

૭૮. પ્રશ્ન-અર્પણ એટલે શું? તેનો કેવો પ્રકાર હોય છે?

ઉત્તર-પરમેશ્વરની ચાકરીને માટે જે મિલકત કાહાડી હોય તે. તે વેચાણ, બક્ષિસ તેની થઈ શકતી નથી અથવા તેનો વારસો કોઈને મળતો નથી. તે અર્પણના કાયદા માટે રાજ કરનાર અધિકારીને વેચી શકે છે.

૭૯. પ્રશ્ન-મોતના બિછાનાના અર્પણનો કેવો પરિણામ થાય છે?

ઉત્તર-તે વશિયતનામા પ્રમાણે લેવાય છે અને આખી મિલકતના $\frac{1}{3}$ પ્રમાણે તેનો અમલ થાય છે.

૮૦. પ્રશ્ન-જે મિલકત મુકરર કરેલી નથી તે અર્પણમાં આપી શકાય છે?

ઉત્તર-હા.

૮૧. પ્રશ્ન-અર્પણના સુપ્રીનટેનડેન્ટને કયારે બરતરફ કરી શકાય છે?

ઉત્તર-ગેરવર્તણુંકની ફકત શાબીતીથી. અર્પણ આપનારે તેવો હક પોતાની પાસે રાખ્યો હોય તે વગર તે તેમ કરી શકતો નથી.

૮૨. પ્રશ્ન-કોણ સુપ્રીનટેનડેન્ટ ઠરાવી શકે?

ઊત્તર-જોઅર્પણ આપનારે સરકારની મરજી પ્રમાણે સુપ્રી-
નટેનડેન્ટ ઠરાવવાનો બંદોબસ્ત ન કર્યો હોય તો સુપ્રી-
નટેનડેન્ટ પોતાના મોતની વખતે બીજાને ઠરાવી શકે છે.

૮૩. પ્રશ્ન-અર્પણમાં આપેલી મિલકત અદલબદલ કયારે
થઈ શકે છે?

ઊત્તર-જયારે તે અર્પણના ફાયદા સારૂ હોય, અને સ-
રકાર મંજુર કરે તો.

૮૪. પ્રશ્ન-અર્પણમાંથી નફો થાય તે શી રીતે ખરચવામ
આવે છે?

ઊત્તર-અર્પણના કામથી કાંઈ વધારો વધે તો અર્પણની
મરામતનો ખરચ કરવાને તેનો મેનેજર બંધાએલો
છે. મરામતને સારૂ જો નફો બસ ન હોય તો તેણ
અર્પણની મિલકતનો ભાગ વેચવો જોઈએ. અર્પણના
ઉઘાડા ફાયદા શિવાય ત્રણ વર્ષ કરતાં વધારે અર્પણની
મિલકતનો ઈજારો આપી શકાય નહી.

૮૫. પ્રશ્ન-સંયુકત સુપ્રીનટેનડેન્ટોએ શી રીતે કામ કરવું?

ઊત્તર-તેઓએ એકઠા રહી તે કામ કરવું જોઈએ. જો
અર્પણ આપનારે પોતાની મેળે એક જણને કામ ક-
રવાને ઠરાવ્યો હોય તો પોતાની મરજીમાં આવે તેવી
રીતે તે કામ કરી શકે.

૮૬. પ્રશ્ન-રાજાની બક્ષિસ શી રીતે જાણવામાં આવે છે?

ઊત્તર-તેઓ અલતમગા અને વગફ્‌ના નામથી ઓળખાય છે. અલતમગા એ કોઈ સખસને બક્ષિસ છે, તેથી કરીને તે વારસામા લેઈ શકાય તેવી મિલકત છે. વગફ્ ધર્માદાની મિલકત છે, અને તેથી કરીને તે વારસામા મળી શકે નહી.

૮૭. પ્રશ્ન-અલતમગા બાક્ષેસનો નફો વારસામાં શીરીતે મળે છે?

ઊત્તર-પ્રજાના ગુજરાણ સારૂ અલતમગા બક્ષિસનો નફો જાતિ ભેદ વગર સરખા ભાગે વેંહેંચી આપવો જોઈએ.

૮૮. પ્રશ્ન-અર્પણના મેનેજર સ્ત્રિઓ થઈ શકે છે?

ઊત્તર-તેના ધર્મપ્રકરણ કારભારમા તેઓથી ઉપરીપણું કરી શકાય નહી, પણ એકીક કારભારમાં તેઓ ઉપરીપણું ચલાવી શકે.

૮૯. પ્રશ્ન-લગ્નનું શું આવશ્યક છે?

ઊત્તર-માગણી અને કબુલત.

૯૦. પ્રશ્ન-લગનની શી શરતો છે, અને તે ન કરી હોય તો તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર-કરાર કરનારા પક્ષકારોની સમજદારી, જવાંની અને સ્વતંત્રતા તે લગનની શરતો છે. સમજદારી ન હોય તો કરાર રદ છે. છેલ્લી બે શરતો ન હોય તો કરાર કરનાર પક્ષકારોના ઉપરી અને વાલીની મરજી શિવાય ફકત કરાર રદ થઈ શકે છે.

૯૧. પ્રશ્ન—લગ્નના કરારનો શો પરિણામ થાય છે?

ઊત્તર—તેથી કરીને વહુને મેહેરનો, ખોરાકી પોશાકનો અને રેહેવાનું ઘર મળવાનો હક મળેછે. તેઓ પક્ષકારો વચમાં મનાઈ કરેલી સગાઈની પાયરી અને વારસાના અન્યો અન્ય હક ઉત્પન્ન કરે છે.

૯૨. પ્રશ્ન—એક મુસલમાન કેટલી બાઈડીઓ કરી શકે?

ઊત્તર—ચાર કરી શકે.

૯૩. પ્રશ્ન—મનાઈ કરેલી સગાઈની પાયરીઓ કઈ છે?

ઊત્તર—આદમી પોતાની મા, વડીમાઇ, સાસુ, ઓરમન મા, ઓરમાન વડીમાઈ, દીકરી, પોત્રી, છોકરાની વહુ, ઓરમાન દીકરી, બહેન, ઓરમાન બહેન, ભત્રીજી, કાકી અને ધાવણની સાથે પરણી શકતો નથી.

૯૪. પ્રશ્ન—કરાર કરનારે પક્ષકારોનો ધર્મ શો જોઈએ?

ઊત્તર—એક પરમેશ્વર છે એવું માનનાર બધા લોક સાથે મુસલમાન પરણી શકે છે.

૯૫. પ્રશ્ન—લગ્નનું વચન તોડવાનો શો પરિણામ થાય છે?

ઊત્તર—લગ્નની વિશેષ ક્રિયાઓ અમલમાં આણી શકાય નહી, કરાર તોડવાથી લગ્નની બક્ષિસો પાછી આપવી જોઈએ.

૯૬. પ્રશ્ન—લગ્નનું અનુમાન ક્યારે થાય છે?

ઊત્તર—સ્ત્રિ પુરૂષનો સમાગમ જારી હોય તો.

૯૭. પ્રશ્ન—બાળકના લગ્ન ઉપર તેના વાલીનો શો હક છે?

ઊત્તર—જો તે લગ્ન બરાબર ન હોય તો તે રદ્દ કરવાને વચમાં પડી શકે છે.

૯૮. પ્રશ્ન—લગ્નનો કરાર કરવાને ન્હાની ઉમરની છોકરી પાત્ર છે?

ઊત્તર—વાલીની મરજી વગર તે પાત્ર નથી.

૯૯. પ્રશ્ન—બાળકનું લગ્ન રદ્દ કરવાને કેટલી મુદતમાં વાલીઓ વચમાં પડી શકે છે?

ઊત્તર—સંતાનનો જન્મ થયા પેહેલાં.

૧૦૦. પ્રશ્ન—પોતાના વાલીઓએ લગ્નનો કરાર કરયો હોય તે બાળક ક્યારે રદ્દ કરી શકે છે?

ઊત્તર—જો પોતાના બાપે અથવા વડાઉવાએ કરાર કરેલો હોય તો તે પોતાની ઉમરે પોંહોંચે પણ રદ્દ કરી શકતા નથી; પણ જો બીજા કોઈ વાલીઓએ કરયો હોય તો મોટી ઉમરે પોંહોંચ્યા પછી તે રદ્દ કરી શકે છે?

૧૦૧. પ્રશ્ન—લગ્ન થયાથી સગીરની વ્યવસ્થા કરવાનો કોહોનો અધિકાર છે?

ઊત્તર—જ્યારે બાપની તરફનો વાલી ન હોય ત્યારે માની તરફના સગા બાળકના લગ્નની વ્યવસ્થા કરી શકે છે. માની તરફના વાલીને અભાવે સરકાર તેમ કરવું જોઈએ.

૧૦૨. પ્રશ્ન—મેહેરની રકમ કેટલી હોય છે, અને તે આપવા લાયક ક્યારે થાય છે?

ઊત્તર-વધારેમાં વધારે કેટલી રકમ જોઈએ તે મુકરર કરી નથી પણ ઓછામાં ઓછી દસ દરમ છે. લગ્ન સંપુર્ણ થએ અથવા એક પક્ષકારનું મોત થએ અથવા છેડા છુટકા થએ તે લેહેણું થાય છે. મેહેર માટે પોતાના વરની મિલકત ઉપર સ્ત્રિનો હક છે.

૧૦૩. પ્રશ્ન-મેહેર માટે કોઈ મિલકતની અદલા બદલી થાય તો તુર્ત કબજો લેવાની જરૂર છે?

ઊત્તર-ના.

૧૦૪. પ્રશ્ન-જે બાબતમાં મેહેરની રકમ મુકરર કરી ન હોય ત્યારે તે શી રીતે ઠરાવવામાં આવે છે?

ઊત્તર-પોતાના બાપના કુટુંબની સ્ત્રિઓને મેહેર મળી હોય તેના જેટલી રકમ તે સ્ત્રિને મળવાનો હક છે.

૧૦૫. પ્રશ્ન-મેહેર કેવા રૂપમાં ગણવામાં આવે છે?

ઊત્તર-તે એક દેવું ગણવામાં આવે છે, અને મિલકતની વેંહેંચણી થતા પેહેલાં તે અદા કરવું જોઈએ. તેના વારસો તેનો દાવો કરી શકે છે.

૧૦૬. પ્રશ્ન-મેહેરની રકમ મુકરર ન કરી હોય અથવા મેહેરને બદલે મીલકત આપવાની રકમ મુકરર ન કરી હોય તો તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર-એવા દસ્તાવેજ રદ થાય છે.

૧૦૭. પ્રશ્ન-મેહેરની બાબતમાં દસ્તાવેજ કરવાની જરૂર છે?

ઊત્તર-ના.

૧૦૮. પ્રશ્ન-જ્યારે મેહેર આપવાની કાંઈ મુદત ઠરાવી ન હોય ત્યારે તે કયારે આપવી જોઇએ?

ઊત્તર-માગે ત્યારે.

૧૦૯. પ્રશ્ન-જ્યારે ન્હાની ઉમરના ધણીએ મેહેર ઠરાવી હોય ત્યારે તે કયારે વસુલ થઈ શકે છે?

ઊત્તર-જ્યારે લગ્નનો કરાર અને મેહેરની રકમ વાલીની સમતીથી નક્કી કરેલી હોય ત્યારે.

૧૧૦. પ્રશ્ન-પોતાના વરની સાથે વહુ રેહેવાને કયારે ના પાડે?

ઊત્તર-જો મેહેર ગેરવ્યાજબી રીતે અટકાવીરાખી હોયતો. તે પોતાની ખોરાકીપોશાકી સારૂ દાવો કરી શકે છે.

૧૧૧. પ્રશ્ન-વહુને તલાક આપવાનો શો નિયમ છે?

ઊત્તર-કાંઈ ગેરવર્તણુંક અથવા કાંઈ કારણ વગર વર વહુને તલાક આપી શકે છે.

૧૧૨. પ્રશ્ન-કેઈ તારીખથી તલાક અમલમાં આવે?

ઊત્તર-તલાક પ્રગટ કરયું હોય તે તારીખથી.

૧૧૩. પ્રશ્ન-ત્રણવાર વહુને તલાક આપી હોય તો તે વહુને પાછી લેવા માટે શો વહિવટ છે?

ઊત્તર-જો બીજા સખ્સ સાથે તે પરણી તેના મોતથી અથવા તલાકથી તે જુદી પડી હોય તો તેને પાછી લેઈ શકાય છે.

૧૧૪. પ્રશ્ન-જો મરતી વખતે (ભ્રને છોડી દીધી હોય તો પોતાના ધણીની મિલકતનો વારસો તે કયારે લેઈ શકે છે?

ઊત્તર-ચાર મહીનાને દસ દહાડા વીતી ગયા પેહેલાં જો ધણી મરી જાય તો.

૧૧૫. પ્રશ્ન-તપાસણીની વખતે તલાક આપેલી વહુને શું લવાજમ મળે છે?

ઊત્તર-ખોરાકીપોશાકી તથા રેહેવાનું મકાન લેવાનો તેનો હક છે.

૧૧૬. પ્રશ્ન-તલાક લેવાનું કયારે થાય છે?

ઊત્તર-ચાર મહિના સુધી વરે ત્યાગનો સંકલ્પ કર્યો હોય તો.

૧૧૭. પ્રશ્ન-પોતાના વર પાસેથી વહુ શી રીતે તલાક ખરીદ કરી શકે?

ઊત્તર-સમતીથી, પણ પેહેલા ધણીની હયાતીમાં બીજા ધણી સાથે લગન કરે તો તે ગેરકાયદે છે.

૧૧૮. પ્રશ્ન-તલાકની ત્રીજી રીત કેઈ છે?

ઊત્તર-પોતાની વહુના વ્યભિચાર વિશે વર સોગન લે તો.

૧૧૯. પ્રશ્ન-વરમાં નામરદાઈ હોયતો તેનો શો પરિણામ થાય છે?

ઊત્તર-તે કારણથી વહુને જુદા પડવાનો દાવો કરવાનું કારણ થાય છે.

૧૨૦. પ્રશ્ન-બાપ વિશે શો નિયમ છે?

ઊત્તર-લગન થયા પછી છ મહિનાની અંદર બાળક અને

વતરે તો તે લગનનું છોકરૂં સમજવું, અને વળી વ-
રના મુઆ પછી અથવા તલાક આપ્યા પછી બે
વર્ષની અંદર છોકરૂં અવતરે તોપણ તે પ્રમાણે સમજવું.

૧૨૧. પ્રશ્ન—બીજી શી રીતે બાપ સ્થાપન થાય છે?

ઊત્તર—વર કબુલ કરે તો.

૧૨૨. પ્રશ્ન—ન્હાની ઉમર કયારે બંધ પડે છે?

ઊત્તર—જો જવાનીની નીશાન વેહેલી માલમ ન પડે તો
નર અને નારીનું સોળમું વર્ષ પુરૂં થાય ત્યારે.

૧૨૩. પ્રશ્ન—કેટલી જાતના વાલી હોય છે?

ઊત્તર—ચાર. સ્વભાવિક અને મૃત્યુપત્રથી, નજીકના અને
વેગળેના.

૧૨૪. પ્રશ્ન—નજીકના વાલી કોણ હોય છે, અને વેગળેના
વાલી કોણ હોય છે?

ઊત્તર—પીતા અને પિતામહ અને તેના એકસીકયુટરો, અને
તે એકસીકયુટરોના એકસીકયુટરો તે તમામ પાસેના
વાલી કેહેવાય છે. બાપની તરફના દુરના સગા હોય
તે દુરના વાલી કેહેવાય છે.

૧૨૫. પ્રશ્ન—નજીકના વાલી અને વેગળાના વાલીની શી ફરજ
હોય છે?

ઊત્તર—નજીકના વાલીઓનો સગીરના ફાયદાકારી માટે
મિલકત ઉપર અખત્યાર હોય છે. નજીકના વાલી

ન હોય તો, તેઓનો હક વેગળેના વ.લીઓને મળે છે.

૧૨૬. પ્રશ્ન—માની તરફના સગા ક્યારે વાલીઓ થાય છે?

ઊત્તર—તેઓ ઘણા હલકા દરજ્જાના વાલીઓ હોય છે. બાપની તરફના સગા અથવા માને અભાવે બાળકની કેળવણી અને લગન ઉપર ધ્યાન રાખવાનું તેમનું કામ છે.

૧૨૭. પ્રશ્ન—ન્હાની ઉમરનો છોકરો અથવા છોકરી ઉપર કબજો રાખવાનો માનો હક ક્યાંહાં સુધી હોય છે?

ઊત્તર—દીકરા ઉપર જ્યાંહાં સુધી તે સાત વર્ષની ઉમરનો થાય ત્યાંહાં સુધી, અને દીકરીઓ ઉપર જ્યાંહાં સુધી તે જવાંની ઉમરે પોહોંચે ત્યાંહાં સુધી. તે કોઈ પારકાને પરણે એટલે તેનો તેવો હક જાય છે, પણ વિધવા થાય એટલે તેને તે હક પાછો મળે છે.

૧૨૮. પ્રશ્ન—બાપના સગામાં વાલીપણાનો અનુક્રમ શો છે?

ઊત્તર—ન્હાની ઉમરનાની મિલકત મળવા સારૂ તેઓ નજીકના સગા પ્રમાણે જેમ દાવો કરી શકે તે મુજબ,

૧૨૯. પ્રશ્ન—બાળકના અગત્યના કામ સારૂ વાલીએ દેવું કરેલું હોય તો તે શી રીતે અપાય છે?

ઊત્તર—ન્હાની ઉમરનો મોટી ઉમરનો થાય ત્યારે.

૧૩૦. પ્રશ્ન—ન્હાની ઉમરનો શું કામ કરવાને નાલાયક છે?

ઊત્તર—પોતાના વાલીની સમતી વગર પોતાના કાયદા

કાંઈ જે અગત્ય હોય તે શિવાયનો કરાર તેનાથી થઈ શકે નહી. વિશેષે તે વાલીની મંજુરીથી દાવો કરી શકે.

૧૩૧. પ્રશ્ન–વાલીએ કાંઈ કરાર કરયો હોય તે ક્યાંહાં સુધી બાળકને બંધનકારી છે?

ઊત્તર––હાની ઉમરનાની જરૂર અગર કાંઈ ફાયદા સારૂ સ્થાવર મિલકત સબંધીમાં વાલીની વર્તણુંક તેને બંધનકારી છે, પણ જંગમ મીલકત સબંધીમાં વાલીની વર્તણુંક જો પ્રથમ દર્શનિક કપટ ભરેલી ના હોય તો.

હિંદુ ધર્મશાસ્ત્ર.

૧. પ્રશ્ન—લગનને સારૂ સ્ત્રિની કઈ ઉમરો છે?

ઊત્તર—આઠ વર્ષની ઉમર પછી અને પાકી ઉમર થાય તે પેહેલાં.

૨. પ્રશ્ન—બ્રાહ્મણની છોકરી મોટી ઉમરે પોંહોચ્યા પછી પરણાવે તો તેનો શો પરિણામ થાય?

ઊત્તર—તે નાત બહાર રહે છે.

૩. પ્રશ્ન—છોકરીને સારૂ વર પસંદ કરવાનો હક કોહોને મળે છે?

ઊત્તર-પેહેલો બાપને, પછી બાપના બાપને, પછી ભાઈને, પછી કાકાને, પછી પીતરાઈઓને, તેઓને અભાવે પછી માને.

૪. પ્રશ્ન—ત્રણ ઊંચા વર્ણના પુરૂષ, બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈશ્ય લગનને લાયક ક્યારે થાય છે?

ઊત્તર—વિદ્યાર્થિની ઉમર પુરી થયા પછી.

૫. પ્રશ્ન—તે વર્ગોને સારૂ દરેકને કઈ જાતનાં લગ્નો લાગુ છે તે બતાવો?

ઊત્તર—બ્રાહ્મણોને સારૂ બ્રહ્મ, દેવ, અર્સ અને પ્રજાપત્ય; ક્ષત્રિને સારૂ ગાંધર્વ અને રાક્ષસ; વૈશ્ય અને શુદ્રને સારૂ અસુરા; અને પિશાચ તે દરેક વર્ગને સારૂ ના પસંદ કરેલું છે.

૬. પ્રશ્ન-કુઈ હકીકત લગ્નને બંધનકાર્ક છે?

ઊત્તર-છોકરીનું દાન અને અંગીકાર અને સપ્તપાથીની ક્રિયા (અથવા સાત ડગલાં.)

૭. પ્રશ્ન-કેઈ બાબતમાં લગ્નનું વચન તોડવાનું કાયદેસર છે?

ઊત્તર-ન મટે એવો રોગ, અથવા બીજી ખોડ, મનાઈ કરેલી સગાઈ, લગ્ન થનારા પક્ષકારોનું મોત.

૮. પ્રશ્ન-લગ્નનો છેડો શાથી આવે છે?

ઊત્તર-કેટલાએક નિચા વર્ણ સિવાયમાં સ્ત્રિના વ્યભિચારથી.

૯. પ્રશ્ન-લગ્નના છેડા છુટકા થવાના શાં શાં કારણ છે?

ઊત્તર-આદમીમાં નામર્દાઇ, બાઈડીમાં મુકરર થએલું વાંઝિયાપણું, બેમાંથી એકને કંટાળા ભરેલો અથવા ન મટે એવો રોગ.

૧૦. પ્રશ્ન-કેવા કારણથી એક કરતાં વધારે વહુ હિંદુ પરણી શકે છે?

ઊત્તર-જ્યારે વહૂ વ્યભિચારી હોય ત્યારે, જ્યારે તે પોતાના ધણીની આજ્ઞા ન પાળે અથવા તેનું અપમાન કરે ત્યારે, જ્યારે તેનો ખરાબ સ્વભાવ હોય ત્યારે, જ્યારે તેની તંદુરસ્તી સારી રહેતી ન હોય ત્યારે, અને જ્યારે તે દસ વર્ષની મુદત સુધી વાંઝણી રહે અથવા જ્યારે તે ફકત છોકરીઓ જ જણતી હોય ત્યારે.

૧૧. પ્રશ્ન-પેહેલી વહુની સમતી શી રીતે મેળવવામાં આવે છે?

ઊત્તર-કાંઈ બક્ષિસથી ખરીદ કરેથી કે જે બક્ષિસ સારૂ તે ફરિયાદી કરી શકે.

૧૨. પ્રશ્ન-ત્યાગ કરેલી વહુ કયાંહાં રહે, અને તેનું ગુજરાન કોણ પુરૂં પાડે?

ઊત્તર-તેના વર જોડે અથવા પોતાના સગા જોડે તેણે રહેવું જોઈએ, અને તેનું ગુજરાન તેના ધણીએ પુરૂં પાડવું જોઈએ.

૧૩. પ્રશ્ન-વિધવાઓ ફરીથી લગન કરી શકે, અને તેવાં પુનરલગનના છોકરાંઓને શી રીતે ગણવામાં આવે છે?

ઊત્તર-હિંદુશાસ્ત્ર તેમ કરવાની મનાઈ કરે છે, પણ ઈંગ્રેજી કાયદા તેને કાયદેસર ગણે છે અને તે છોકરા પણ કાયદેસર ગણે છે.

૧૪. પ્રશ્ન-એવા પુનરલગનથી પોતાના પેહેલા ધણીની મિલકતનો વારસો લેવાના હકને કેવી રીતે અસર કરે છે.

ઊત્તર-તેની મિલકતનો વારસો મળવાનો તેનો જે હક તે તે ખુવે છે.

૧૫. પ્રશ્ન-કેઈ ન્યાતિમાં વેશ્યા સાથે લગન કરવાને રજા છે, અને કેઈ ન્યાતિમાં નથી?

ઊત્તર-શુદ્રની નિચી ન્યાતિમાં વેશ્યા સાથે લગન કરવાની રજા છે, પણ વલાળા ન્યાતિમાં નથી.

૧૬. પ્રશ્ન-લગનના કરાર કરનારા પક્ષકારો કેઈ ન્યાતિના જોઈએ?

ઊત્તર—તેઓ એકજ જાતિના જોઈએ.

૧૭. પ્રશ્ન—લગ્નમાંથી સગાઈની કઈ પાયરીઓ બાતલ કરેલી છે?

ઊત્તર—ત્રણ ઊંચા વર્ણને પોતાના ગોત્રમાં માંહો માંહે લગ્ન કરવાની મનાઈ છે, અને તેથી કરીને બાપની તરફના કોઈ સગા જોડે. તેમ માના સગાની બાબતમાં માની ઉપર ચોથી પેહેડી સુધી પુર્વજ માંથી કુળથી ઉતરી આવેલા કોઈ જોડે પરણાય નહી. બાપની ઉપર છ પેહેડી સુધી અને માની ઉપર ચાર પેહેડી સુધી કુળથી ઉતરી આવેલા કોઈ પુર્વજ સાથે શુદ્રમાં લગ્ન થઈ શકે નહી. એ બંધન ચાલતાં નથી, અને બધા વર્ગની માંહે મામા અને કાકા, ભાઈ અને બેહેન અને તેની પ્રજામાં લગ્ન થતાં નથી.

૧૮. પ્રશ્ન—દત્તક લીધેલા સખસને માટે કઈ પાયરી મનાઈ કરેલી છે?

ઊત્તર—તે અને તેની સંતતી બંને ઉપર કહેલી પાયરીવાળાં કુટંબોમાં મનાઈ છે.

૧૯. પ્રશ્ન—મુવા પછી નર્કની જગો જેને પત કહે છે તેમા જવાને કોણ પાત્ર છે?

ઊત્તર—પરણેલા હિંદુ.

૨૦. પ્રશ્ન—જો કોઈને પુત્ર ન અવતરે તો શી રીતે પુત્ર મેળવાય?

ઊત્તર—દત્ત લીધાથી.

૨૧. **પ્રશ્ન**–જેને છોકરો હતો તે મરી ગયો તો તે શાવાસ્તે દત્તક પુત્ર લે છે?

ઊત્તર–તેના મરણની ક્રિયા કરવાને માટે અને તેનો વંશ રાખવા માટે.

૨૨. **પ્રશ્ન**–ઉત્તર ક્રિયામાં શું હોય છે, અને પુરૂષ સંતતીને અભાવે તે કોણ કરે છે, અને શામાટે?

ઊત્તર–આત્માની કલ્પીત ગરજ પુરી પાડવાને માટે મરનારના નામને ચોખાનો પીંડ અને પાણી તેઓ અર્પણ કરે છે. પુરૂષ સંતતીને અભાવે વિધવા, ભાઈ અને બીજાં સગાં તે કરે છે.

૨૩. **પ્રશ્ન**–પુત્ર દત્તક લેવાને પુરૂષ સંતતીના અભાવમાં કોણોનો સમાસ થાય છે?

ઊત્તર–પુત્ર, પૌત્ર, પૌત્રના પુત્ર.

૨૪. **પ્રશ્ન**–જ્યારે કોઈને પુત્ર જીવતો હોય ત્યારે તે દત્તક ક્યારે લેઈ શકે?

ઊત્તર–નાત બાહાર થવાથી, ગાંડપણથી, મટે નહી એવા રોગથી વારસો લેવાને તે નાલાયક હોય ત્યારે.

૨૫. **પ્રશ્ન**–જે સખસને દત્તક લીધો હોય તે જીવતો હોય તે દરમિયાન કોઇ સખસ દત્તક લેઈ શકે છે?

ઊત્તર–ના. તે પુત્ર રહિત માણસ નથી.

૨૬. **પ્રશ્ન**–પોતાની સ્ત્રિ ગર્ભવંતી હોય તે દરમિયાન કોઈ

સખ્સ દત્તક લેઈ શકે છે?

ઊત્તર–ના.

૨૭. પ્રશ્ન–દત્તક લેનારની ઉમર કેટલી જોઈએ?

ઊત્તર–કોઈ સખ્સ પરણેલો પાકી ઉમરનો હોય નેતે પોતાનો અંત આવેલો લાગે તો તે દત્તક લેઈ શકે છે.

૨૮. પ્રશ્ન–કિયા સખ્સો દત્તક ન લેઇ શકે?

ઊત્તર–વગર પરણેલા પુરૂષ અને સ્ત્રિ, પરણેલા હોય કિંવા નહી પણ જો તેઓને પતની ખીહીક ન હોય તો તે દત્ત લેઈ શકે નહી વળી વારસો લેવાને જે કોઈ ન લાયક હોય તે કોઈ કુટુંબમાં જાતથી ભ્રષ્ટ થયો હોય તે.

૨૯. પ્રશ્ન–વર અને વહુમાં દત્તક લેવાનો હક કોહનો છે? સ્ત્રિ કયારે દત્તક લેઈ શકે છે?

ઊત્તર–તે હક કેવળ વરનોજ છે. વહુને પોતાનો ધણી અથવા તેના સગા દત્તક લેવાને અખત્યાર આપે તોતે લેઈ શકેછે.

૩૦. પ્રશ્ન–વિધવાઓ કયારે બીજો દત્તક લે છે?

ઊત્તર–જો તેને સામાન્ય મંજુરી મળી હોય તો.

૩૧. પ્રશ્ન–દત્તક લેવામાં શું અગત્યનું છે?

ઊત્તર–જે છોકરાને દત્તક લેવો હોય તેની બક્ષિસ અને અંગીકાર.

૩૨. પ્રશ્ન–છોકરાને દત્તકમાં કોણ આપે? મા તે પ્રમાણે કયારે કરી શકે?

ઊત્તર—બાપ. જો બાપ ગુજરી ગયો હોય અથવા સભ્ય રીતે ગુજર્યો હોય, અથવા જ્ઞાતિ બાહાર હોય, અથવા દેશાંતર જઈ વસ્યો હોય, અથવા સંસાર ત્યાગ કર્યો હોય તો મા તે પ્રમાણે કરી શકે છે.

૩૩. પ્રશ્ન—દત્તક લેવાનો છોકરો કેઈ જ્ઞાતિનો જોઈએ?

ઊત્તર—દત્તક લેનાર જે જ્ઞાતિનો હોય તેજ જ્ઞાતિનો જોઇએ.

૩૪. પ્રશ્ન—દત્તક લેવાની કેઈ પાયરીની મનાઈ છે?

ઊત્તર—જેને દત્તક લેવો હોય તે એવો જોઇએ કે તેને પુત્ર જેવો ગણી શકાય, અથવા જેની માને તે શાસ્ત્ર પ્રમાણે પરણી શકે, પણ મદ્રાસ ઈલાકામાં દીકરીના અથવા બેહેનના દીકરાને દત્તક લેવાય છે.

૩૫. પ્રશ્ન—કોઈનો એકજ છોકરો હોય તો તેને દત્તક લેવાય?

ઊત્તર—હા. તેના વિરૂદ્ધ આધારો છે તોપણ તેને દત્તક લેઈ શકાય છે.

૩૬. પ્રશ્ન—દત્તક લેવામાં વધારે પસંદ કરવાને કયો સખસ છે?

ઊત્તર—નજીકનો નજીક મરદ સગો એટલે એક લોહીના ભાઈનો છોકરો.

૩૭. પ્રશ્ન—શી રીતે અને ક્યારે સ્ત્રિને દત્તક લેઈ શકાય છે?

ઊત્તર—જે દેહેરાને ગુણકા બંધાએલી હોય તે તે દેહેરા વાળાની સમત્તીથી કોઈ છોકરીને દત્તક લેઈ શકે છે.

૩૮. પ્રશ્ન—જે છોકરાનો હજુ જન્મ થયો ન હોય તેને દત્તક

લેવાની પરવાનગી કોઈ પુરૂષ પોતાની વિધવાને આ-
પી શકે?

ઊત્તર—હા. તે આપી શકે છે.

૩૯. પ્રશ્ન—જે છોકરાને ઉપનયનની ક્રિયા થઈ ન હોય તેવા
છોકરાને કેઈ જ્ઞાતિમાં દત્તક લેઇ શકાય છે?

ઊત્તર—ત્રણ ઊંચી જ્ઞાતિમાં.

૪૦. પ્રશ્ન—શુદ્રમાં જે સખસને દત્તક લેવાનો હોય તેની મ-
ર્યાદા શી છે?

ઊત્તર—લગ્ન સુધીની છે.

૪૧. પ્રશ્ન—દત્તક લેવાની રીત શી છે?

ઊત્તર—તેનો લેખ કરવાની કાંઈ જરૂર નથી, પણ સા-
માન્ય રીતે સગાએ હાજર થવું જોઈએ અને સ્થા-
નિક સરકારને ખબર આપવી જોઈએ.

૪૨. પ્રશ્ન—હાલના યુગમાં દત્તક લેવાની કાયદેસર રીત કેઈ છે?

ઊત્તર—દત્તક લીધેલા છોકરાની સ્વતંત્ર બક્ષિસ. દત્ત વે-
ચાથી લેવો એ કાયદેસર નથી.

૪૩. પ્રશ્ન—જેને દત્તક લીધો હોય તેનો શો હક છે?

ઊત્તર—જે છોકરાને દત્તક લીધો હોય તે તેના કુટંબમાથી
બાતલ થાય છે, અને સ્વભાવિક રીતે એ છોકરા
દત્ત લેનારના કુટંબમા અવતર્યો હોય તેવી રીતે થાય
છે. તે તેના મુળ કુટુંબમાંના બધા હક ખુવે છે.

૪૪. પ્રશ્ન—ગુણકાની દત્તક લીધેલી છોકરીને તેની જીંદગાનીની દરમિયાનમાં તેની મિલકતનો ભાગ મળી શકે?

ઊત્તર—ના.

૪૫. પ્રશ્ન—લગ્ન અને દત્ત વિશે દત્તક થનારાની શી અશકતતા હોય છે?

ઊત્તર—મનાઈ કરેલા દરજાની અંદર બંને કુટુંબના કોઇની જોડે તેનાથી લગ્ન થાય નહી, તેમ પોતાના સ્વભાવિક કુટુંબમાંના કોઈ સખસને તે દત્તક લેઈ શકે નહીં. એટલે જો તેણે દત્તક ન લીધો હોત તો તેનાથી જેને દત્તક લેઈ શકાય નહી તે.

૪૬. પ્રશ્ન—જેનું દત્ત કાયદેસર નથી તેવા દત્તક લીધેલા છોકરાનો શો હક છે?

ઊત્તર—તેના પોતાના મુળ કુટંબ માંના હક પાછા મળેછે.

૪૭. પ્રશ્ન—દત્તક લીધા પછી દત્તક લેનારને સ્વભાવિક રીતે છોકરો અવતરે તો તેનો શો હક છે?

ઊત્તર—દત્તક લીધેલા છોકરાને ચોથો ભાગ મળે છે, એટલે મીલકતના પાંચ ભાગ કરવા જેમાંના ચાર ભાગ મુળ છોકરાને મળે અને બાકીનો એક ભાગ દત્તક લીધેલા છોકરાને મળે.

૪૮ પ્રશ્ન—ન્હાની ઉમર ક્યારે પુરી થાય છે?

ઊત્તર—પુરૂષ અને સ્ત્રિ એ બંનેની બાબતમાં ૧૮ વર્ષ

ર્ષની ઉમર પુરી થાય છે.

૪૯ પ્રશ્ન—ન્હાની ઉમરનાના સ્વભાવિક વાલી કોણ હોય છે?

ઊત્તર—પેહેલો તેનો બાપ, તેની મા, જેષ્ઠ ભાઈ, બાપની તરફના અને માની તરફના સગા, પણ સ્વભાવિક વાલીને ઠેકાણે ગમે તે સખ્સને રાજ્યાધિકારી ઠરાવી શકે છે.

૫૦ પ્રશ્ન—બાપને મુકીને માને વાલીપણું કયાર મળે છે?

ઊત્તર—જો ગાંડપણથી અથવા બીજા કારણથી બાપ અશકત હોય તો, મા વાલી થાય છે.

૫૧. પ્રશ્ન—ન્હાની ઉમરનાના કૃત્યનો શો અસર થાય છે?

ઊત્તર—તેણે કરેલું કાયદાસર નથી.

૫૨. પ્રશ્ન—ન્હાની ઉમરનાની મીલકત બાબત તેના વાલીનાં કયાં કયાં કૃત્ય કાયદેસર છે?

ઊત્તર—જે જે કામો સ્પષ્ટ રીતે ન્હાની ઉમરનાને જરૂરના અથવા ફાયદાનાં હોય તે.

૫૩. પ્રશ્ન—ન્હાની ઉમરનાની પોતાના બાપના દેવા બદલ શી જવાબદારી છે?

ઊત્તર—તે લાયક ઉમરનો થાય ત્યારે પોતાના બાપના દેવાનો જવાબદાર છે, અને તે પણ પોતાના બાપની મિલકત જેટલે દરજ્જે મળી હોય તેટલે સુધી.

૫૪. પ્રશ્ન—કુટંબની મિલકતમાં ન્હાની ઉમરનાનો ભાગ જુ-]

દા પાડવાને તેનો વાલી કયારે દાવો કરી શકે છે?

ઊત્તર–જ્યારે તેનીમિલકતનો ખોટો ઉપયોગ થતો હોય ત્યારે

૫૫. પ્રશ્ન–હિંદુ સ્ત્રિની સ્થિતિ કેવી હોય છે? તેને કિયા કિયા અપવાદ હોય છે?

ઊત્તર–તેઓ કોઈ દહાડો સ્વતંત્ર હોતી નથી પણ તેઓ હમેશાં બીજાને તાબે હોય છે, પણ કેટલાએક મજુરી વર્ણમાં એટલે ધોબી વિગરેમાં સ્ત્રિઓ પોતાના કુટુંબના ઉપયોગ સારૂ કરજ કાઢે તે તેઓના ધણીને બંધનકારક છે.

૫૬. પ્રશ્ન–વગર પરણેલી અને પરણેલી સ્ત્રિઓ કોહોના વાલીપણામાં હોય છે?

ઊત્તર–વગર પરણેલી સ્ત્રિ પોતાના બાપના વાલીપણા નીચે હોય છે, અને તે ન હોય તો તેના સગાના. પરણેલી સ્ત્રિ પોતાના વરના, દીકરાના, દીકરાના દીકરાના,દીકરાના પૌત્રના,ઘણુંકરીને પોતાના વરના વારસોના, પોતાના બાપના અને પોતાની માના સગાના.

૫૭. પ્રશ્ન–ન્હાની ઉમરનાની મિલકતના વહિવટ સંબંધી સ્ત્રિ કોહોની સત્તા નીચે હોય છે?

ઊત્તર–સ્ત્રિના જે વાલીઓ છે તેઓની સત્તા નીચે તે હોય છે. પણ તે ન હોય તેથી તેનાં કૃત્યો ગેરકાયદેસર થતાં નથી.

૫૮. પ્રશ્ન—જંગમ, સ્થાવર, વડીલોપાર્જિત, સ્વસંપાદન કરેલી મિલકત, સ્ત્રીધન એટલે શું?

ઊત્તર—જમીન, ઘર, તળાવ, નદીઓ અને જે ખશેડી શકાય નહીં તે, જમીનનો જાથુ પટો એટલે જાથુ ગણોત પટા તે સ્થાવર મિલકત છે. બીજી બધી જંગમ મિલકત છે. જે જંગમ અને સ્થાવર મિલકત વારસાથી મળી હોય અથવા બાપની પુંજીથી મેળવી હોય તે વડીલોપાર્જિત છે. જે મિલકત પોતાના પત્નથી વડીલોની પુંજીની મદદ શિવાય મેળવી હોય તે સ્વસંપાદન કરેલી છે. પોતાના વર પાસેથી બક્ષિસ, પોતાની જાતની, અથવા વરના સગાની, વારસાથી, હરણ અને જડેલી એ બધીનો સ્ત્રીધનની મિલકતમાં સમાસ થાય છે.

સાઉદાયક સ્ત્રીધનનો વિભાગ છે, અને પોતાના માબાપે અથવા ભાઈઓએ ગમે તે જાતનું સ્ત્રીધન આપ્યું હોય તેમાં સ્ત્રીની મિલકતનો સમાસ થાય છે. તેવી મિલકત ઉપર ફક્ત તે એકલીનોજ દાવો હોય છે.

૫૯. પ્રશ્ન—સ્થાવર મીલકત ઉપર હિંદુ પિતાનો શો હક હોયછે?

ઊત્તર—તેના દિકરાની સમત્તી વગર તે વડીલોપાર્જિત અથવા સ્વસંપાદન કરેલી સ્થાવર મિલકત બીજાને આપી શકે નહી, છોકરા ન હોય તો છોકરાના છોકરા

અને છોકરાના પૌત્રની. જો તેઓ ન્હાની ઉમરના હોય તો અગત્યની બાબતમાં તે તેમ કરી શકે છે. પોતાના ઔરસ પુત્રની સમત્તી વગર કોઇ થઇ પિતા એવી મીલકત બીજાને આપી શકે છે. જો તેને પુરૂષ સંતતી ન હોય, અથવા તેઓમાંની એકે જાતની ખરીડી શકાય તેવી મિલકત હોય, તેને પુરૂષ સંતતી હોય કિંવા નહી તોય તે પોતાની મરજીમાં આવે તે બીજાને મીલકત આપી શકે છે.

૬૦ પ્રશ્ન–બીજાને મિલકત આપ્યા પેહેલાં કયા ખર્ચનો તેણે બન્દોબસ્ત કરવો જોઇએ?

ઊત્તર–તેઓનો ગુજરાન બાબત દાવો હોય તેનો અને દીકરીઓના લગન ખરચનો.

૬૧. પ્રશ્ન–બીજા ભાગીદારોનો બીજાને મિલકત આપી દેવા સંબંધી શો હક હોય છે?

ઊત્તર–મિલકત જંગમ અથવા બીજી રીતની હોય તોપણ અરસપરસ મંજુરી વગર તેઓ મીલકત બીજાને આપી શકે નહી, પણ વિશેષ તંગીને લીધે વિભકતભાગીદાર સામાન્ય વારસાનો ભાગ વેચી શકે, પણ વેચનારના ભાગ ઉપર ખરીદ કરનારે અરજી કરવી જોઇએ. જ્યારે સહવારસો ન્હાની ઉમરના હોય ત્યારે અગત્યના અથવા ઉઘાડી રીતે તેના લાભના કામથી

તેઓ બંધાએલા છે.

૬૨. પ્રશ્ન-બીજાને મિલકત આપવા સંબંધી વિભકત ભાગીદારોનો શો હક છે?

ઉત્તર-વિભાગ થયા પછી દરેક ભાગદાર પોતાનો ભાગ બીજાને આપી શકે છે. વિધવા જીવતી હોય ત્યાંહાં સુધી પોતાના વર તરફથી વારસામાં આવેલી મીલકત તે બીજાને આપી શકે છે.

૬૩. પ્રશ્ન-જ્યારે કોઈ વિધવાએ મિલકત બીજાને આપી દીધી હોય ત્યારે તે પોતાના વરના વારસોને કયારે બંધનકાર્ક છે?

ઉત્તર-જો તેણે પોતાના ધણીના દેવાથી છુંટવા સારૂ, પોતાના ગુજરાન સારૂ, પોતાની દીકરીઓના લગ્ન સારૂં, અને પોતાના ધણીના આત્માના ફાયદા માટે ધર્મના કામ સારૂ, સ્થાવર મિલકત બીજાને આપવી હોય તો તે આપી શકે છે. જો જંગમ મીલકત હોય તો તે પણ બીજાને આપી શકે છે.

૬૪. પ્રશ્ન-સ્ત્રિધન ઉપર સ્ત્રિનો શો હક હોય છે?

ઉત્તર-પોતાના ધણીની હયાતીમાં તેની મીલકત તેની સત્તા નીચે હોય છે. પણ સૌદાયકની તો પોતાની ખુશી પ્રમાણે વ્યવસ્થા કરી શકે છે.

૬૫. પ્રશ્ન-એમાંની એક જાતની મિલકત ઉપર કુંવારી સ્ત્રિનો

શો હક છે?

ઊત્તર-તે પોતાના વાલીની સમત્તી વગર તેની વ્યવસ્થા કરી શકતી નથી.

૬૬. પ્રશ્ન-કાયદેસર રીતે બીજાને આપવાને કયા વર્ગના સખસો અશકત છે?

ઊત્તર-અશકતતા, ગાંડાઈ; મુર્ખાઈ, ન્હાનપણ, ઘરડપણથી નબળાઈ, રોગ, દબાણુ અથવા ન જીતાય એવા કાંઈ વિકારની સત્તા એટલે વિષય વાસના અથવા ક્રોધ જે સખસોમાં હોય તે સખસો.

૬૭. પ્રશ્ન-હિંદુશાસ્ત્ર પ્રમાણે વશિયતનામું થઈ શકે છે?

ઊત્તર-ના.

૬૮ પ્રશ્ન-હિંદુશાસ્ત્ર પ્રમાણે વશિયતનામાની કેમ જરૂર નથી?

ઊત્તર-કેમકે દુરના સગા સુધી મિલકત જઈ શકે છે અને છેવટે સરકાર દાખલ થાય છે, અને જે લોકોનો ગુજરાન મળવાનો હક છે તે બધાને મળી શકે છે.

૬૯ પ્રશ્ન-હિંદુ લોકોમાં વશિયતનામાને ઈંગ્રેજી કાયદો માન્ય કરે છે?

ઊત્તર-હા, કરે છે, જ્યાંહા સુધી તે હિંદુશાસ્ત્ર પ્રમાણે ચાલતો હોય ત્યાંહાં સુધી.

૭૦ પ્રશ્ન-બીજાને વારસ કરવાનો હક ક્યાંહાં સુધી છે?

ઊત્તર-હિંદુ બક્ષીસ કરી જેટલી મિલકત આપી શકે,

તેટલી વશિયતનામું કરીને આપી શકે છે.

૭૧ પ્રશ્ન–મિલકતની શી જવાબદારી છે?

ઊત્તર–વ્યાજ’મી દેવું, પુર્વજોના મૃત્યુ સુધી પ્રેતસંસ્કારની ક્રિયા, ઉપનયન, લગ્ન અને ગુજરાન સબંધી દિક્ષા દેવા ઉપયોગી ક્રિયા કરવા બાબત.

૭૨. પ્રશ્ન–પોતાના બાપનું દેવું છોકરો કયાંહાં સુધી આપવાને બંધાએલો છે?

ઊત્તર–પોનાના બાપ પાસેથી મિલકત મળી હોય કિંવા નહી તોપણ નીતીની રૂઈએ તે પોતાના બાપનું બધું દેવું આપવાને બંધાએલો છે, પણ કાયદેસર રીતે તો પોતાના બાપ પાસેથી જેટલી મિલકત મળી હોય ત્યાંહાં સુધી આપવાને બંધાએલો છે. આ નિયમ મરેનાર દેવાદારની વિધવા અને બધા વારસોને લાગુ છે.

૭૩ પ્રશ્ન–કુટંબના ઉપર જે દાવાઓ હોય તેનો જવાબદાર કોણ છે? એક વારસના દેવા બદલ કુટંબની મિલકત જવાબદાર ગણી શકાય?

ઊત્તર–કુટબનો વહિવટ કરનાર જવાબદાર છે. એવા દેવા સારૂ કુટંબની મિલકત જવાબદાર થતી નથી, પણ દેણદારના ભાગનો હિસ્સો જુદો પડાવીને તેની જાતનો ભાગ જવાબદાર કરી શકાય છે.

૭૪. પ્રશ્ન–વિધવાના વારસ તેના દેવા સારૂશી રીતે જવાબદાર છે?

ઊત્તર-જો દેવું અદા કરવામાં મિલકત બીજાને અપાઈ શકે એવા પ્રકારનું દેવું હોય તો.

૭૫ **પ્રશ્ન**-કુટંબમાંથી કોહોની દિક્ષા દેવા ઉપયોગી ક્રિયા અને લગ્ન કરવાં જોઈએ?

ઊત્તર-ભાઈયોની દિક્ષા, ભાઈઓ અને બહેનોનાં લગ્ન, મિલકત વડીલોપાર્જિત અથવા સ્વસંપાદન કરેલી હોય તો.

૭૬ **પ્રશ્ન**-દીકરાના, પૌત્રના, પૌત્રના પુત્રનાં લગ્ન અને દિક્ષા દેવા ઉપયોગી ક્રિયા, અને દીકરીયોના લગ્નનાં ખરચ કોણે આપવાં જોઈએ?

ઊત્તર-કુટંબના પીતાએ.

૭૭ **પ્રશ્ન**-કુટંબની મિલકતના ભાગ થવાથી આવાં ખરચ ઉપર શી રીતે અસર થાય છે?

ઊત્તર-પિતા અને પુત્રની વચમાં ભાગ થવાથી, દરેક પુત્રે પોતાના કાયદેશાર હક સારૂ બંદોબસ્ત કરવો જોઈએ. પુત્રીના લગ્ન સંબંધી દરેક પુત્રને ભાગે જે આવે તેના $\frac{1}{4}$ જેટલી રકમ દરેક પુત્રીના લગ્ન સારૂ બાપની પાસે રાખી મુકવી જોઈએ.

૭૮ **પ્રશ્ન**-કયા સખસોનું ગુજરાન કુટંબના મુખ્યે પુરૂં પાડવું જોઈએ?

ઊત્તર-પોતાની સ્ત્રિ અને છોકરાં શિવાય પોતાના બાપનું

બાપની વિધવાઓનું, વડાઉવાનું, વડીઆઈનું, કું-
વારી બહેનોનું, રાંડેલી બહેનો જે સારૂ કાંઈ બીજો
બન્દોબસ્ત ન હોય તે, અનઔરસ છોકરાં અને તેની
મા, જેઓ કાયદેસર વારસ થવાને અશકત હોય
તે, અને એવી બાતલ કરેલી વિધવાઓ અને છો-
કરીયો, કાંઈ કારણ વગર કાહાડી મુકેલી સ્ત્રિ, ન્હા-
ની ઉમરની સ્ત્રિ પોતાના માબાપને ત્યાંહાં રેહેતી
હોય તે, પુત્રની વિધવાઓ અને દીકરીઓ, ભાઈનું
કુટંબ જો ભાઈ પાસેથી મિલકત આવી હોય તો
તે સઘળાનું ગુજરાન પુરૂં પાડવું જોઈએ; બાપનું ગુ-
જરાન પુરૂં પાડવાને પુત્રની વિધવા બંધાએલી છે;
કાકાની વિધવા જો પુત્ર રહિત હોય તો અવિભકત
ભત્રીજાઓ તેનું ગુજરાન પુરૂં પાડવાને બંધાએલા છે,
પોતાના ભાઈની વિધવાનું ગુજરાન પુરૂં પાડવાને ગુ-
ણકાની પુત્રી બંધાએલી નથી.

૭૯ **પ્રશ્ન**—ગુજરાન ઉપરથી વિધવાનો દાવો કયારે જતો રેહેછે?
ઊત્તર—જો તે પતિવ્રતા ના હોય તો.

૮૦. **પ્રશ્ન**—જો કોઈની પાસે પોતેજ પેદા કરેલી મિલકત હોય
તો તે કોહોનું ગુજરાન પુરૂં પાડવાને બંધાએલો છે?
ઊત્તર—ઘરડા સખસોનું સ્ત્રિ અને ન્હાનાં છોકરાંનું.

૮૧. **પ્રશ્ન**—જે સખસોને, ગુજરાન મળતું હોય તેમણે કયાંહાં

રહેવું જોઈએ?

ઊત્તર–તેઓનું ગુજરાન પુરૂં પાડનારની સાથે રહેવાને તેઓ બંધાએલા નથી.

૮૨. પ્રશ્ન–ગુજરાનમાં શી સમાસ થાય છે?

ઊત્તર–ખાવા સારૂ જોઈએ તે, લુગડાં અને રહેવાનું મકાન.

૮૩. પ્રશ્ન–વારસો મળવાને કયા સખસો પાત્ર નથી?

ઊત્તર–મુર્ખ, ગાંડા, જન્મથી બેહેરા અને આંધળાં, મુગા, જેઓથી હાથ અને પગનો ઉપયોગ ન થઈ શકતો હોય તે, ન મટી શકે એવા રોગ જેને થયા હોય તે, નામર્દ ભક્તો, અને શુદ્ર અને વ્યભિચારી સ્ત્રિ સિવાય અનઔરસ છોકરાં.

૮૪. પ્રશ્ન–એવા સખસોને અશક્ત કરવાને માટે અશક્તતાનું કારણ ક્યારે ઉત્પન્ન થએલું જોઈએ?

ઊત્તર–ભાગ પડ્યા પેહેલાં બનેલું જોઈએ.

૮૫. પ્રશ્ન–વારસો મળવાનો હક ફરી જીવતો ક્યારે થાય છે?

ઊત્તર–અશક્તી ગયા પછી.

૮૬. પ્રશ્ન–નાલાયક સખસોની પ્રજા વારસો લેવાને બાતલ છે?

ઊત્તર–જ્યાંહાં સુધી તેઓ જાતે નાલાયક નથી ત્યાંહાં સુધી તેઓ બાતલ નથી.

૮૭. પ્રશ્ન–કેઈ બાબતમાં પુત્રને પિતા જેટલો ભાગ મળે છે?

ઊત્તર–વડિલોપાર્જિત મિલકતની બાબતમાં.

૮૮. **પ્રશ્ન**-ગેરહાજર રહેનારાઓનો હક શી રીતે રાખી મુકવામાં આવે છે?

ઊત્તર-તેઓની છઠી પુરૂષવંશની સીધી લીટીની પ્રજા સુધી તેઓનો હક રાખી મુકવામાં આવે છે.

૮૯. **પ્રશ્ન**-સમાંતર દરજ્જાના વારસો જે સ્વભાવિક ભાગીદાર છે તેનાં નામ ધો?

ઊત્તર-પિતા અને તેના પુત્ર, પુત્રના પુત્ર અને પુત્રના પૌત્ર; ભાઈ અને તેના પુત્ર, પુત્રના પુત્ર અને પુત્રના પૌત્ર; પુરૂષ પ્રજાના પુરૂષ ભત્રીજા; એકજ વરની વિધવાઓ; પુત્રીની પુત્રીના પુત્ર; અને પુત્રીની પુત્રીઓ શિવંશમાં વારસ થતી હોય તે.

૯૦. **પ્રશ્ન**-ઉપર લખેલા વારસોમાં માથાદીઠ અને ભંડોળે કોહોને વારસો મળે છે?

ઊત્તર-પુત્ર, ભાઈ, વિધવાઓ, પિતાથી પુત્રીઓને સરખા ભાગે અથવા માથાદીઠ વારસો મળે છે; પુત્રના પુત્ર,પુત્રના પૌત્ર; ભાઈના પુત્ર,પુત્રના પુત્ર;પુત્રના પૌત્ર, ભત્રિજા, પુત્રીના પુત્ર; તેઓની માની તરફની પુત્રીઓ અને પૌત્રીઓને જે સખસની તરફથી ભાગ પોહોંચતો હોય તે અથવા ભંડોળે મળે છે તે.

૯૧. **પ્રશ્ન**-પુત્રીઓમાં ભાગ થવાથી અગ્રમાન શી રીતે નક્કી કરવામાં આવે છે?

ઊત્તર-કુંવારી અથવા પરણેલી હોય તે પ્રમાણે, પુરૂષ સંતતીવાળી અથવા તે વગરની હોય તે, અને નેમણુંક ન કરી અથવા કરી આપી હોય તે.

૯૨. પ્રશ્ન-કોઈ સખ્સનો ગએલો ભાગ સમાંતર દરજ્જાને મળ્યો હોય તે પોતાને મળતાં પેહેલાં કેઈ પાયરીના પુરૂષવારસોનો નાશ થવો જોઇએ?

ઊત્તર-પુત્ર, પુત્રનો પુત્ર, અને પુત્રના પૌત્ર. આમને અભાવે તેના ભાઈને ભાગ મળે છે. પુત્રીનો ભાગ બીજી પુત્રીઓને મળે તે પેહેલાં પુત્રીના પુત્રનો નાશ થવો જોઈએ. બાકી રહેલા સરખા વારસોના વર્ગમાં એક વારસનો હક બીજી પ્રજામાં જતાં પેહેલાં તેજ દરજ્જાના જીવતા રહેલા વારસોને મળે છે.

૯૩. પ્રશ્ન-ભાગ કરતી વખતે ભાગદારની સ્વસંપાદન કરેલી મિલકતનું શી રીતે કરવામાં આવે છે?

ઊત્તર-તે તેના સાહવારસોને મળતી નથી. તે પેદા કરનારા વંશની છે. દરેક ભાઈ પોત પોતાની મેળવેલી મીલકત બાબત માંહો માંહે બન્દોબસ્ત કરી શકે છે.

૯૪. પ્રશ્ન-પિતાના ગુજરવાથી કુટંબની મિલકતનો વહિવટ કોણ લે છે?

ઊત્તર-ચાલ અથવા લાયકીના કારણ વિશે બીજાઓ હરકત ન લે તો, કુટંબનો વડીલ કારભાર કરે છે.

૯૫. **પ્રશ્ન-કારભાર** કરનારનાં કામ ન્હાના ભાગદારોના ઉપર ક્યાંહાં સુધી બંધાએલાં હોય છે?

ઊત્તર-કુટંબના ઉપયોગ સારૂ તેનાં કામ હોય ત્યાંહાં સુધી તેઓ બંધાએલા હોય છે, પણ મજીઆરી કુટંબની મિલકત બીજાને આપવામાં ભાગીદારોની ખાસ અથવા અર્થાંત મંજુરીની જરૂર છે.

૯૬. **પ્રશ્ન-મજીયારૂં** ક્યારે તોડવામાં આવે છે, અને તેમ કરવાનો શો પરિણામ થાય છે?

ઊત્તર-ભાગ પાડવાથી દરેક ભાગદાર પોતાનો હિસ્સો લે છે. ભાગ પડયાથી મળેલા ભાગનો અસર દરેક જુદા થએલાને થાયછે, અને તેના પછી તેના વંશમાં ચાલે છે.

૯૭. **પ્રશ્ન**-કોઈ પુરૂષ સંતતી મિલકતની વેંહેંચણ કરાવી શકે છે?

ઊત્તર-પુત્ર, પૌત્ર, પૌત્રનો પુત્ર તેઓની મરજી પ્રમાણે પોતાના પુર્વજને વડીલોપાર્જિત મિલકતનો ભાગ પાડવાની ફરજ પાડે છે.

૯૮. **પ્રશ્ન**-પોતાનો બાપ જીવતો હોય તે છતાં તેના વગર કુટંબની મિલકત પુરૂષ સંતતી ક્યારે વેંહેંચી લે છે?

ઊત્તર-જ્યારે તે વેરાગી થાય ત્યારે.

૯૯. **પ્રશ્ન**-વડીલોપાર્જિત મિલકત પિતા અને પુત્રોની વચમાં શી રીતે વેંહેંચી લેવામાં આવે છે?

ઊત્તર-સરખા ભાગે.

૧૦૦. **પ્રશ્ન**–દત્તક લીધા પછી બીજા છોકરાઓ થાય તો કુ-
ટુંબની મીલકતમાં દત્તક લીધેલા પુત્રનો શો ભાગ છે;

ઉત્તર–દત્તક લીધા પછી પુત્ર જનમ્યા હોય તે દરેકનો
ચોથો ભાગ દત્તક છોકરાને મળવાનો હક થાય છે.

૧૦૧. **પ્રશ્ન**–જ્યારે કોઈ શુદ્રને સંતતી હોય ત્યારે અનૌર-
સ છોકરાનો શો ભાગ હોય છે, અને જ્યારે સંતતી
ન હોય ત્યારે શો ભાગ મળે છે?

ઉત્તર–ઔરસ પુત્ર, પુત્રી, અથવા ભાણેજને જે ભાગ
મળે તેના નીમે ભાગ ઉપર અનૌરસ પુત્રનો હક થાય
છે, અને જ્યારે સંતતી ન હોય ત્યારે અનૌરસ
પુત્રોને પુરો ભાગ મળે છે.

૧૦૨. **પ્રશ્ન**–ભાગ પાડીને પોતાના પુત્રોને પોતે પેદા કરેલી
મિલકત આપી દીધી હોય તો બાપ તે કયારે પાછી
લેઈ શકે છે?

ઉત્તર–તેની ખરાબ અવસ્થા થએથી.

૧૦૩. **પ્રશ્ન**–ભાગીયાઓ પોતાનો ભાગ શી રીતે છોડી દે છે?

ઉત્તર–જુજ લેઈને.

૧૦૪. **પ્રશ્ન**–વિભાગ થયા પછી પુત્ર જન્મે તો તેનો શો ભાગ છે?

ઉત્તર–પિતાના ભાગમાંથી તેનો હિસ્સો લેવાય છે, અથવા
પિતા અને બીજા ભાઈઓ જુદા પડ્યા પછી પાછા
એકઠા થયા હોય તેઓનામાંથી પણ હિસ્સો પડે છે.

૧૦૫ પ્રશ્ન–જો પિતાને પાછળથી પુત્ર થયો ન હોય તો તેના ગુજરાચા બાદ તેનો ભાગ કોણ લે છે?

ઊત્તર–જુદા પડેલા પુત્રો પોતામાં સરખે હિસ્સે વેહેંચી લે છે.

૧૦૬. પ્રશ્ન–પિતાના ગુજરાચા બાદ તેણે પેદા કરેલી મિલકત પુત્રો શી રીતે વેહેંચી લે છે?

ઊત્તર–સરખે હિસ્સે.

૧૦૭. પ્રશ્ન–ન્હાની ઉમરના ભાગીયાનો વાલી તેનો ભાગ કયારે જુદો કરાવી શકે છે?

ઊત્તર–ફકત મજીયારે રહેવાથી ન્હાની ઉમરનાના સ્વાર્થને કાંઇ બિગાડથી નુકશાન થાય એવું હોય ત્યારેજ.

૧૦૮. પ્રશ્ન–કોઈ ભાગિયાને અથવા ભાઇને તેના મુવા પછી પુત્ર થાય તેના ભાગને માટે મિલકતની વેહેંચણી થતી વખતે શો બંદોબસ્ત કરવો જોઈએ?

ઊત્તર–જો તેની વિધવાને પુત્ર થાય તો, વેહેંચી લીધેલા ભાગમાંથી તેનો ભાગ કાહાડવો જોઈએ.

૧૦૯. પ્રશ્ન–કોઈ સખસની પુત્રીઓને તેના મુવા પછી મિલકત મળે તો તે શી રીતે વેહેંચી લેવી જોઈએ?

ઊત્તર–તેઓએ પુત્રોની માફક સરખે ભાગે મિલકત વેહેંચી લેવી જોઈએ.

૧૧૦. પ્રશ્ન–વેહેંચણથી મિલકતના વારસાના અનુક્રમમાં

ક્યારે ફેરફાર થાય છે?

ઊત્તર-ભાઈઓની માંહો માંહે વેંહેંચણી થવાથી વારસાના અનુક્રમમાં ફેરફાર થાયછે, પણ પુત્રોઓમાં તેમ નથી.

૧૧૧. પ્રશ્ન-વેંહેંચણી કરવાની શી રીત છે?

ઊત્તર-પંચની મારફતે, અંદર અંદરની સમજુતીથી, અથવા ચીઠીઓ નાંખવાથી.

૧૧૨. પ્રશ્ન-વેંહેંચણી કરવામાં કેવી જવાબદારીનો બંદોબસ્ત કરવો જોઈએ?

ઊત્તર-વેંહેંચણી વિશેના બાબમાં દેવું અને બીજી જવાબદારી બાબત કહેલું છે તેવાનો.

૧૧૩. પ્રશ્ન-સહભાગિયો કુટુંબની મિલકત સંતાડે અથવા ઉડાવી દે તેને વાસ્તે શો ઉપાય છે?

ઊત્તર-જે સહભાગિયો ઉડાઉ બનેનો ગુન્હેગાર હોય, અથવા મંજુરી વગર બીજાને મિલકત આપીને ઉડાવે તો, તે ઉડાવેલી અથવા બિગાડેલી મિલકત જેટલું તેના ભાગમાંથી કમી કરવું જોઈએ. પણ જો કાંઈ સંતાડવાનો તે ગુન્હેગાર હોય તો તે તેનો ભાગ ખુવે છે.

૧૧૪. પ્રશ્ન-એકવાર વેંહેંચણી થઈ તે ફરીને નહી નવી થાય છે?

ઊત્તર-સાધારણ રીતે તે નહી નવી થતીનથી, પણ જો વધારે મિલકત જડેતો ફકત તેટલીની વેંહેંચણી કરવી જોઈએ

ઈએ. જો એકવાર જ વેંહેંચણી કરી તે તે વખતે કાંઇ અજાણ્યા કારણથી સમ વિષમ અથવા ગોટાવાળી થએલી માલમ પડે તો અંદર અંદરની સમત્તીથી ફરી વેંહેંચણી કરવી જોઈએ. વેંહેંચણીમા કાંઈ દગો માલમ પડે તો, કોર્ટ ફરી વેંહેંચણી કરવાનો હુકમ કરી શકે છે.

૧૧૫. પ્રશ્ન–વેંહેંચણી થતી વખતે કોઈ સહભાગદારને વિશેષ ભાગ ક્યારે મળે છે?

ઊત્તર–મજીયારાની મિલકતની મદદથી જો તે કાંઈ જુદી મિલકત એકઠી કરે તો, ભાગ પાડતી વખતે એવી મિલકત મેળવેલી હોય તેમાંથી ફક્ત તેને બમણો ભાગ મળે છે. કુટંબની જતી રહેલી જમીનની મિલકત તે તે કુટંબની પુંજીની મદદ વગર પાછી મેળવે તો એવી પાછી મેળવેલી મિલકતનો ચોથો ભાગ તેને ખાસ બક્ષીસ તરીકે મળે છે, અને બાકી રહેલી મિલકત તેની અને તેના સહભાગીયાની વચમાં સરખે ભાગે વેંહેંચી લેવી જોઈએ.

૧૧૬. પ્રશ્ન–વેંહેંચણ થયા પછી સહભાગીયા એકઠા થઈ શકે છે, અને એવું એકઠું થવું કોહોનામા બરોબર છે?

ઊત્તર–હા. પિતા અને પુત્ર, ભાઈની વચમાં, કાકા અને ભત્રીજાની વચમા પણ એમ થઈ શકે છે.

૧૧૭ પ્રશ્ન—કેઈ મિલકતના ભાગ પડી શકતા નથી?

ઊત્તર—ધર્મના ઉપયોગ સારૂ આપેલી જમીનના, અને ધર્મના ઉપયોગ સારૂ જે વસ્તુઓ મુકરર કરી હોય તે બધીના.

રાજ્યપણું અને અર્વાચીન જમીનદારી જે વડીલ પુત્રને મળે છે તેના.

કુટુંબની આબરૂ અને દરજ્જો રાખવા માટે જમીન આપી હોય તેના.

સરકારમાંથી જમીનદારી બક્ષિસ મળી હોય અને મોટા પુત્રને નવી કરી આપી હોય તેના.

પોતાની સ્ત્રિ સાથે કોઈ પુરૂષને લગ્ન વખતે બક્ષિસ મળી હોય, પણ કુટંબની મિલકતમાંથી આવી હોય તોપણ તેના.

બાઈડીઓ રોજ લુગડાં પેહેરે છે અને જે પેહેરનારીનાજ તાબાનાં છે તેના.

૧૧૮. પ્રશ્ન—રાજાની અથવા જમીનદારની મિલકતના કયા ભાગની વેંહેંચણી થઈ શકે છે?

ઊત્તર—(૧) રાજાની અથવા જમીનદારની જાતની મિલકતની.

(૨) જાગીર, શ્રોત્રીયમ, અને ધર્મના વહિવટથી જે કાંઈ ઉત્પન્ન થાય તેની.

(૩) વર્ષાસન પામનારના પુત્રોને વર્ષાસન મળે તેની.

૧૧૯ પ્રશ્ન—વેંહેંચણી સંબંધીના વાધા શી રીતે દુર કર-

વામાં આવે છે?

ઊત્તર-વેંહેંચણીના લખેલા દસ્તાવેજ એક બીજાને આ-
પ્યાથી તેમાં દરેક ભાગની રકમો લખવી જોઈએ.

૧૨૦. પ્રશ્ન-વેંહેંચણીમાં શું આવી જાય છે?

ઊત્તર-વેંહે ચણીના ફકત દસ્તાવેજ તે વેંહેંચણીનો ક-
બજો લીધા વગરના. જ્યારે થોડી મિલકતની વેંહેં-
ચણી થાય ત્યારે, અને કાંઈ અનુકુળતાને સારૂ કાંઈ
વેંહેંચ્યા વગર રાખી મુકેલી હોય ત્યારે તેઓના ભાગ
પાડવામાં આવે છે, અને જે વેંહેંચવાનું બાકી રા-
ખ્યું હોય તેની મરનાર સખસની વિધવા વેંહેંચણી
કરાવી શકે છે.

૧૨૧. પ્રશ્ન-હિંદુ કુટંબની સ્થીતિ વિશે કાયદાનો શો અનુ-
માન છે?

ઊત્તર-વેંહેંચણ થએલી નથી એવું અનુમાન છે.

૧૨૨. પ્રશ્ન-વેંહેંચણી થઈ છે એ કેઈ હકીકત ઉપરથી મા-
લમ પડી આવે?

ઊત્તર-ધર્મની જુદી ક્રિયા કરવી, જુદા ચુલા કરી જમવું,
આરસ્પરસ દેવું કરવું, વેચાણ, ખરીદી અને કુટંબની
આશામીઓની વચમાં બીજા કરાર, એક બીજાના
જામીન થવું, મિલકત વિશે એક બીજાની વિરૂદ્ધ
અથવા લાભમાં શાહેદી આપવી, તેઓ જુદા છે

એવું પાડોસીઓનું સમજવું, અને ગામની ઉપજ જુદી લેવી. જુદા થયાના આ બધા ફક્ત અનુમાનિક સબબો છે, પણ નિશ્ચયકાર્ક નહીં. તેઓનો ખુલાસો કરી શકાય છે.

૧૨૩. પ્રશ્ન-શાથી વારસો મળી શકે છે?

ઉત્તર-મોત, દુનિયામાંથી નિકળીને જોગી થાય, અને લાંબી ગેરહાજરીથી.

૧૨૪. પ્રશ્ન-મોતનુ અનુમાન કરવાને ગેરહાજરીની કેટલી મુદત છે?

ઉત્તર-ગેરહાજર રહેનારાની ઉમરના પ્રમાણમાં ફેરફાર થાય છે. જ્યારે તે જડતો ન હોય ત્યારે તેની ૩૦ વર્ષ કરતાં વધારે ઉમર ન હોય ને ૨૦ વર્ષ સુધી તેની કાંઇ ખબર સાંભળી ન હોય તો તે મરી ગ૦ યો છે એમ ગણવામાં આવે છે. જો ૩૦ અને ૬૦ ની વચમાં હોય તો ૧૫ વર્ષ સુધી; જો ૬૦ ઉપર હોય તો ૧૨ વર્ષ સુધી.

૧૨૫ પ્રશ્ન-વારસો મળવાનો હક શેની સાથે ગુંથાએલો છે?

ઉત્તર-પ્રેતસંસ્કારના ભોગથી મરનારને ફાયદા થાય એમ સમજવામાં આવે તેની સાથે ગુંથાએલો છે. જેઓ એવી સગાઈમાં હોય તે વારસાના અનુક્રમમાં છે. અને જેઓ તેમ નથી તેઓ બાતલ છે.

૧૨૬ **પ્રશ્ન**-જ્યારે વારસો મળવાનો હોય ત્યારે વારસ જન્મ્યો છે એ જરૂરનું છે?

ઊત્તર-તે જરૂરનું નથી. જો તે ગર્ભસ્થાનમાં છે તો, પાછળથી જન્મે એટલે બસ છે.

૧૨૭ **પ્રશ્ન**-વારસોની જુદી જુદી કઈ કઈ પાયરીઓ છે?

ઊત્તર-ત્રણ છે. પીંડમાંથી ઉત્પન્ન થએલા સપીંડ, એટલે પ્રેતસંસ્કારનો ચોખાનો પીંડ મરનારને તેઓ અર્પણ કરે છે તે. ઉદકમાંથી સમાનોદક એટલે તેઓ જળ અર્પણ કરે છે તે. જે આ પ્રમાણે અર્પણ કરતા નથી તે બંધુ છે. સંપીંડ અને સમાનોદકમાં બે વર્ગ છે. નજીકના સપીંડ અને સમાનોદક અને વેગળાના સપીંડ અને સમાનોદક.

૧૨૮. **પ્રશ્ન**-સપીંડની મર્યાદા શી છે?

ઊત્તર-મુળ પુરૂષથી સીધા વંશમાં છઠા પુરૂષ સુધી, અને ચઢતી સીધી લીટીમાં છઠો પુરૂષ અને આ છેલ્લાની છઠી પેહેડી સુધી ઉતરતી સીધી લીટીનો પુરૂષ છે. અને વેગળા સપીંડમાં દાદાના બાપનો બાપ, તેનો બાપ, તેના બાપનો પૌત્ર તેના છોકરાનો છોકરો, તેના છોકરાનો છોકરો છે.

૧૨૯. **પ્રશ્ન**-નજીકના સપીંડ કોણ છે?

ઊત્તર-મુળ પુરૂષથી સીધા અનુંક્રમમાં ઉતરતા ત્રણ છે,

અને તેના ઉપરના ચઢતા સીધા અનુક્રમમાં ત્રણ છે અને બીજી પાયરીના તેમના વંશજો છે. વેગળામાં વેગળો નજીકનો સપીંડ પ્રપિતામહનો પૌત્ર છે.

૧૩૦ પ્રશ્ન—સમાનોદક કોણ છે?

ઊત્તર-તેઓ નીચેના છઠા પુરૂષ સુધી છે અને પુરૂષ સપીંડ ઉપર છઠા પુરૂષ સુધી, અને છઠી પેહેડી સુધી પાછલા છના અનુક્રમના પુરૂષ વંશજો છે. મુળ પુરૂષ સાથે તેઓનો એક સાધારણ પુર્વજ હોય છે તેમ ગણવામાં આવે છે.

૧૩૧. પ્રશ્ન-બંધુ કોણ કોણ છે?

ઊત્તર-તેઓ ત્રણ જાતના છે. ૧ લું, તે સખસના સમાંતર દરજ્જાના હોય તે, તેઓ ફોઈના છોકરા છે, માસીના છોકરા છે, અને મામાના છોકરા છે; ૨ જું તેના પિતાના સમાંતર હોય તે, તેઓ બાપની ફોઇના છોકરાઓ છે, બાપની માસીના છોકરા છે, અને બાપના મામાના છોકરા છે; ૩ જું તેની માને સમાંતર હોય તે, જે તેની ફોઈના છોકરા છે, તેની માસીના છોકરા છે, અને તેના મામાના છોકરા છે.

૧૩૨. પ્રશ્ન-કોઈ સખસની નજીકના સપીંડમાં વારસાનો શો અનુક્રમ છે- પુત્ર, પૌત્ર, પુત્રનો પૌત્ર, વિધવા, પુત્રી, ભાણેજ, માતા, પિતા, ભાઈ, ભત્રિજા, બાપની

આ, વડાઉવો, વડાઉવાના બાપ, પુત્રના (કાકા), વડાઉવાના પુત્રના પુત્ર (પિત્રાઇ), બાપના વડાઉવાના બાપ?

ઊત્તર-તેના પુત્ર, પૌત્ર, આ પછી વેગળાના સપીંડ આવે છે, અને પછી સમાનોદક તેમના અનુક્રમ પ્રમાણે આવે છે, અને છેવટે તેમના અનુક્રમે બંધુઓ આવે છે.

૧૩૩. પ્રશ્ન-પિતાનો વારસો પુત્રોને શી રીતે મળે છે?

ઊત્તર-જોપણ પુત્રો તેઓના બાપથી જુદા પડ્યા હોય, તોપણ તેઓને બાપની બાકી રહેલી મિલકત મળે છે; પણ જો જુદા પડ્યા પછી બાપને પુત્ર થાયતો તે પુત્ર એકલો વારસો લે છે. બધા પુત્રો સરખું વેંહેંચી લે છે.

૧૩૪. પ્રશ્ન-પૌત્ર અને પૌત્રના પુત્રોને તેઓના વડીલનો વારસો શી રીતે મળે છે?

ઊત્તર-તેઓના બાપના ભાગને તેઓ પ્રતિનિધી તરીકે વેંહેંચી લે છે.

૧૩૫. પ્રશ્ન-કુટુંબના ગેરહાજર રહેલા માણસનો હક ક્યાંહાં સુધી જારી રહે છે?

ઊત્તર-પોતાથી છઠી પેહેડી સુધીનો એક જણ હાજર થાય તો તેને વારસો મળવાનો હક છે, એટલે તેને વારસો આપવાને વચલી પ્રજા જીવતી હોય તેવા અનુમાન ઉપર છેલામાં છેલા સપીંડ સુધી તે રહે છે.

૧૩૬. પ્રશ્ન-ગુજરેલા પુત્રનો શો ભાગ છે?

ઊત્તર-જો વારસો મળયા પેહેલાં તે ગુજરી જાય તો તેની વિધવા સારૂ એવા સખસનો ભાગ જુદો રાખવામાં આવતો નથી.

૧૩૭. પ્રશ્ન-વિધવાઓને વારસો શી રીતે મળે છે?

ઊત્તર-સરખે હિસ્સે.

૧૩૮. પ્રશ્ન-પુત્રીઓને વારસો શી રીતે મળે છે?

ઊત્તર-કુંવારીઓને પેહેલો મળે છે; તેમના પછી પુરૂષ સંતતીવાળી પરણેલી પુત્રિઓને, અથવા તેવી સંતતી થશે એવા ભરૂંસાથી અને પુરૂષ સંતતીવાળી વિધવા પુત્રિઓને, તેમાંની છેલ્લા ત્રણ વર્ગની સરખા હિસ્સો લે છે. પછી પરણેલી વંઝયા અને પુત્ર રહિત રાંડેલી પુત્રિને એકઠો વારસો મળે છે. દરેક વર્ગમાં બક્ષીસ મળેલું હોય તેના અગાઉ નહી મળેલો લેઈ શકે છે અને વારસ થઈ શકે છે. દરેક વર્ગમાં પુત્રિઓ એકઠો વારસો અને ભાગ લે છે. પિતા તરફથી વારસો મળવાનો આ નિયમ છે. જો માતા તરફનો હોય અને જો ઘણી સ્ત્રિઓ હોય તો, દીકરીઓ પોતાની માતાઓના પ્રમાણમાં પ્રતિનિધી તરીકે લે છે.

૧૩૯. પ્રશ્ન-ભાણેજોને વારસો શી રીતે મળે છે?

ઊત્તર-તેઓની માના ભાગના પ્રમાણમાં તેઓને ભાગ મળે છે. ભાણેજીઓ વારસાના અનુક્રમમાં નથી; અને

પુત્રીઓના પૌત્રો પણ નથી.

૧૪૦. **પ્રશ્ન**—શુદ્રના અનૌરસ પુત્રોને વારસો શી રીતે મળે છે?

ઉત્તર-ભાણેજોને અભાવે તેઓને પુરો હિસ્સો મળે છે. તેઓને નિમે હિસ્સો મળવાનો હમેશ હક હોય છે.

૧૪૧. **પ્રશ્ન**—માતાને શી રીતે વારસો મળે છે?

ઉત્તર—પિતાના પેહેલાં તેને મળે છે. જો મરનારને ઓરમાન મા હોય તો તેઓને વારસો મળતો નથી, પણ તેની મા એકલીનેજ મિલકત મળે છે.

૧૪૨. **પ્રશ્ન**—ભાઈઓને શી રીતે વારસો મળે છે?

ઉત્તર-એકલોહીનાને પેહેલો મળે છે, પછી અર્ધ લોહીનાને. જ્યાંહાં ભાઈઓ જુદા પડીને પછી એકઠા થાય છે અને પછી જુદા પડે છે, એવા ફરી એકઠા થયાની દરમિયાન મોત વગેરેના કારણથી હિસ્સો ગયો હોય તો એવો હિસ્સો સરખે ભાગે એક લોહીના ફરીથી એકઠા થએલા ભાઈઓને અને એક લોહીની બહેનોને મળે છે. એક લોહીના ભાઈઓને અભાવે તે ભાગ અર્ધ લોહીના ફરીથી એકઠા થએલા ભાઈઓને અને એકલોહીની બહેનોને મળે છે.

૧૪૩. **પ્રશ્ન**—બહેનો વારસાના અનુક્રમમાં છે?

ઉત્તર—ના. ઉપર કહેલી રીત શિવાય.

૧૪૪. **પ્રશ્ન**—ભત્રિજાઓને વારસો શી રીતે મળે છે?

ઊત્તર—ભાઈઓના પુત્રોની અંદર અર્ધ લોહીના કરતાં એક લોહીના પુત્રોને પેહેલાં વારસો મળે છે, અને જુદા થએલાના પેહેલાં મજીયારાવાળાને મળે છે. તેઓના પિતા પ્રમાણે દરેકવર્ગમાં પ્રતીનીધી તરીકે ભાગ મળેછે. મિલકત આવતા પેહેલાં ભાઈઓના જે પુત્રો દાવો કરે છે તેઓને જ્યાંહાં સુધી જીવતા ભાઈઓ હોય છે ત્યાંહાં સુધી વારસો મળતો નથી.

૧૪૫. પ્રશ્ન—ભાઈના પૌત્રો વારસાના અનુક્રમમાં છે?

ઊત્તર—ના. તેઓ વેગળેના સપીંડ ગણાય છે.

૧૪૬. પ્રશ્ન—મજીયારાવાળા અને જુદા પડેલા કુટંબની વચમાં મિલકતનો વારસો મળવાને કાંઈ ભેદ છે?

ઊત્તર—તેમની વચમાં ઘણો ભેદ છે.

૧૪૭. પ્રશ્ન—કોઈ ભાગિયાએ પોતે સંપાદન કરેલી મિલકતનો વારસો મળવાને શો નિયમ છે?

ઊત્તર—ગમે તે જાતના કોઈ ભાગિયાએ પોતે સંપાદન કરેલી મિલકત તેના પૌત્રના પુત્ર સુધી પુરૂષ સંતતીને મળે છે. પુરૂષ સંતતીને અભાવે તે મજીયારાવાળા ભાઈઓને અને તેમની સંતતીને મળે છે.

૧૪૮. પ્રશ્ન—સ્ત્રિઓને વારસો ક્યારે મળે છે અથવા વારસ ક્યારે થાય છે?

ઊત્તર—ફકત જુદા પડેલા કુટુંબની અંદર અથવા મજી-

યારામાં પુરૂષ સંતતીના અભાવે તેઓને વારસો મળે છે.

૧૪૯. પ્રશ્ન-સ્ત્રિની મિલકત મળવાનો શો નિયમ છે?

ઊત્તર-સ્ત્રિની મિલકત પેહેલી તેની પુત્રિઓને તેમાં પણ પરણેલી કરતાં કુંવારીઓને પેહેલી મળે છે; અને બક્ષીસ મળેનાના પેહેલાં વગર મળેલીને, અને પછી તેની પુત્રિઓની પુત્રિઓ, પુત્રિઓના પુત્ર, પુત્ર, અને પુત્રના પુત્રને મળે છે. તેમાં પણ ભેદ એ છે જે પુત્રવાળીને અથવા પુત્ર થવાના હોય તેને પુત્ર રહિતવાળી કરતા પેહેલી મળે છે. વિધવાને પોતાના વર પાસેથી જે કાંઈ મળયું હોય તે ઉપર લખેલી સંતતીને અભાવે તેના સગાના અનુક્રમે મળે છે. પોતાના કુટુંબ તરફથી સ્ત્રિને જે કાંઈ બક્ષિસ મળી હોય તે બક્ષિસ આપનાર જો જીવતો હોય તો તેને પાછી મળે છે, જયારે કે લગન એક નામંજુરીપત એટલે રાક્ષસ, અસુર, અથવા પિશાચ જાતનું હોય ત્યારે. બક્ષિસ આપનારા ગુજરી ગયા હોય તો તે વરને અને તેના સગાને મળે છે, પણ જો લગન એક પસંદ કરેલી જાતિનું હોય તો તે તેના વર અને તેના સગાને મળે છે.

૧૫૦. પ્રશ્ન-કુંવારી સ્ત્રિઓની મિલકત કોહોને મળે છે?

ઊત્તર-કોઈ સ્ત્રિ કુંવારી મરી જાય અને જે વરની સાથે

લગ્ન કરવાનો વિચાર હતો તેની પાસેથી વિવાહ સં-
બંધી કાંઈ બક્ષિસ મળી હોય તો તે બન્ને પક્ષો તરફ
થી થએલો ખરચ બાદ કરીને બાકીનું ધનાર વરને પાછું
આપે છે. તેની બાકી રહેલી મિલકત તેના ભાઈઓને,
પછી તેની માને, અને છેવટ બાપને મળે છે.

૧૫૧. પ્રશ્ન—પૈત્રિઓને વારસો શી રીતે મળે છે?
ઊત્તર—તેઓની માના પ્રમાણમાં પ્રતીનીધો તરીકે તેઓને
વારસો મળે છે.

૧૫૨. પ્રશ્ન—જેને સગાં ન હોય તેની મિલકત કોહોને મળે છે?
ઊત્તર—બધાં સગાંને અભાવે પુરૂષની મિલકત તેના ગુરૂને,
શિષ્યને, સાથના વિદ્યાર્થિને, અને પછી સરકારને
મળે છે; જો સ્ત્રિની મિલકત હોય તો, સગાંને અ-
ભાવે સરકારને મળે છે.

૧૫૩. પ્રશ્ન—વૈરાગ લીધેલા વિગરેની મિલકત કોહોને મળે છે?
ઊત્તર—ધર્મના કામમાં જેઓ તેની સાથે હોય તેને મળે
છે. બ્રાહ્મણની તેનો ગુરૂ લે છે. ગોસાઈની તેનો સ-
દગુણી શિષ્ય લે છે. તપસ્વીની તેનો ધર્મભાઈ લે છે,
અને તેને અભાવે એજ જાતના ધર્મસ્થળમાંનો ગમે તે-
એક જણ લે છે.

૧૫૪. પ્રશ્ન—નાચનારીઓની મિલકત કોહોને મળે છે?
ઊત્તર—તેની સ્ત્રિ સંતતીને પેહેલી મળે છે, પછી તેની

પુરૂષ સંતતીને. જો સંતતી રહિત હોય તો જે દેહુ-
રાની તે હોય તે દેહેરાને મળે છે.

૧૫૫. પ્રશ્ન-ક્રીસ્પણાની મિલકત કોહોને મળે છે?

ઊત્તર-નિકળી ગયા પછી સંતતી થઈ હોય તેને મળે છે.

૧૫૬. પ્રશ્ન-મલબારની અંદર જે શાસ્ત્ર ચાલે છે તેજ મ-
દ્રાસ પ્રેસીડેન્સીના બીજા ભાગોમા ચાલે છે?

ઊત્તર-ના. મલબારમાં જે શાસ્ત્ર ચાલે છે તેને મારૂમક-
ત્પમ કહે છે, એટલે સ્ત્રિઓની પાયરીમાં વારસો
મળવાનો નિયમ.

૧૫૭. પ્રશ્ન-સ્ત્રિની પાયરીમાં મિલકત શી રીતે મળે છે?

ઊત્તર-પુરૂષની મિલકત તેની બહેનોને, બહેનોના પુત્રોને,
બહેનની પુત્રિઓને, બહેનની પુત્રિઓના પુત્ર અને
પુત્રીઓને, માને, માશીઓને, તેઓનાં છોકરાંને, અને
મા તરફની વડીવાઈ અને તેની બહેનો અને તેઓની
સંતતીને મળે છે. આ અને તેની પ્રજાને અભાવે તેના
ચેલાને અને સાથના વિદ્યાર્થિને, અને છેવટે સરકા-
રને મળે છે.

૧૫૮. પ્રશ્ન-વારસાના નિયમનો મુળ આધાર શો છે?

ઊત્તર-મલબારના પેહેલા રાજા પરશુરામ બ્રાહ્મણને પેહે-
લવેહેલા ડિસ્ત્રિકટમા લાવ્યા, તેમને મિલકત આપી,
અને તેના ભાગ થઈને વેરાણ ન થઈ જાય માટે

ફરમાવ્યું કે બધી મિલકત વડીલ ભાઈને મળે, અને તે એકલોજ પરણે. વડીલ સભ્યસોના પુત્રોને કુટંબનાપુત્ર ગણવામાં આવે છે. કનિષ્ટ સભ્યસોને લગ્ન કરવાની મનાઈ છે, પણ રાખ્ય રાખવાની છુટ છે. નિચા વર્ગના લોકો માંહોમાંહે ભેળશેળ વ્યવહાર રાખે છે. સ્ત્રિઓ પોતાની મરજીમાં આવે તેની સાથે ભોગ કરે છે.

૧૫૯. પ્રશ્ન–મારૂમકત્યમનો નિયમ કયા વર્ગના લોકો પાળે છે?

ઊત્તર–બ્રાહ્મણ શિવાય બધી જાતના. અકા પડવાલસ, કારીગરો, સોની ઈત્યાદી, ચરમર્સ, મલાયા અને પાનીપર્સ.

૧૬૦. પ્રશ્ન–મજીયારો કુટંબ છે એમ મલબારમાં શી રીતે માલમ પડી આવે?

ઊત્તર–મારૂમકત્યમના નિયમ પ્રમાણે જે કુટંબો વરતે છે તે તેમના વર્ગ બાંધે છે તેને તરવાડ કહે છે. તે માંના વડીલ માણસને કર્નાવન કહે છે તે કુટંબનો વહિવટ કરે છે અને તે મુખી છે. કનિષ્ટને અનન્દ્રાવન કહે છે તે કર્નાવનના હાથ નીચે હોય છે.

૧૬૧. પ્રશ્ન–કર્નાવનનું કામ કોહોને મળે છે?

ઊત્તર–મરનાર કર્નાવનનો જે વડીલ સગો હોય તેને મળે છે, પણ મરનારના પાસેમાં પાસેના લોહીવાળો હોય તેને મળતું નથી.

૧૬૨. પ્રશ્ન–કર્નાવનનો શો અખત્યાર હોય છે?

ઊત્તર–કુટુંબની મિલકત અને કામકાજ ઉપર તેની સંપૂ

પુર્ણ સત્તા હોય છે. કુટુંબનો કોઈ કનિષ્ટ માણસ કુટુંબની મિલકતનો ભાગ પાડવાને દાવો કરી શકતો નથી અથવા તેના ઉપર કાંઈ દેવું કરી શકતો નથી.

૧૬૩. પ્રશ્ન—તરવાડની મિલકતનો કયારે ભાગ કરવામાં આવે છે?

ઊત્તર—તરવાડની બધી આશામીઓ કબુલ કરે ત્યારે, તેવી બાબતમાં કાંઈ ગેરરીત થઈ હોય તો કોર્ટથી સારીપેઠે દાદ મળે છે.

૧૬૪. પ્રશ્ન—તરવાડની મિલકતનો ભાગ શી રીતે પડાય છે?

ઊત્તર—તરવાડ અથવા કુટંબની શાખાઓના પ્રમાણમાં, એટલે એક સાધારણ પુર્વજની બહેનોની સંખ્યાના પ્રમાણમાં કાયદેસર ભાગ પાડવામા આવે છે, આથી કરીને શાખાઓ ઉત્પન્ન થાય છે અને પછી તેમની પ્રજામાં પણ ભાગ પડે છે.

૧૬૫. પ્રશ્ન—તરવાડની મિલકત બીજાને આપવા સંબંધી તથા દેવું કરવા સંબંધી કર્નાવનનો શો હક હોય છે?

ઊત્તર—વડીલોપાર્જિત અથવા બીજી તરેહની જંગમ મિલકત તેની મરજીમા આવે તેને તે આપી શકે છે, પણ સ્થાવર મિલકત વિશે મુખ્ય અનંદ્રાવનની લખેલી મંજુરી તેની પાસે જોઈએ. અનંદ્રાવનની મંજુરી શિવાય તરવાડના ઉપયોગ સારૂ મિલકત ઘરાણે મુંકી તે નાણું લેઈ શકે છે, એવા કામમા અનંદ્રાવનની સહીઓની જરૂર નથી.

૧૬૬. પ્રશ્ન—તરવાડની મિલકતમાંથી કીયું દેવું અપાય છે?

ઊત્તર—તરવાડના ઉપયોગ સારૂ કર્નાવને અથવા તેની મંજુરીથી બીજો કોઈ સખસ વહિવટ કરતો હોય તેણે દેવું કરયું હોય તે, પણ કોઈની જાતનું અથવા કર્નાવને પોતાની જાતના ઉપયોગ સારૂ દેવું કરયું હોય તે નહી. તરવાડની મિલકતમાં કોઈ દેણદારનો ભાગ હોય તેમાંથી પણ તેવું દેવું આપી શકાય નહી.

૧૬૭. પ્રશ્ન—દેવું કરવામાં આવેલું હોય તે કામમાં શો અનુમાન થાય છે?

ઊત્તર—જો કર્નાવને કરયું હોય તો, તરવાડનું દેવું એમ અનુમાન થાય છે, અને તે તે મિલકતમાંથી અપાય છે, પણ જો અનંદ્રાવને કરયું હોય તો પોતાના ઉપયોગ સારૂ કરયું છે એમ અનુમાન થાય છે.

૧૬૮. પ્રશ્ન—કર્નાવનને ક્યારે બાતલ કરી શકાય છે.

ઊત્તર—કુટંબનો વહિવટ કરવાને તે નાલાયક હોય ત્યારે.

૧૬૯. પ્રશ્ન—કર્નાવન થવાને કોઈ સખસને નાલાયક કયાં કારણો કરે છે?

ઊત્તર—ઘરડપણ, બહેરાશ, મુગાઈ, આંધાપો, ગાંડાઈ, ફૂજેતી ભરેલી ચાલ અને કુટંબની મિલકત ઉડાવવી. એવી હકીકત હોય ત્યારે બીજો નજીકનો વડીલ પુરૂષ હોય તે કર્નાવન થાય છે.

૧૭૦. પ્રશ્ન—કોઈ આશામીએ પોતે પેદા કરેલી મિલકતનું

શું કરવામાં આવે છે?

ઊત્તર–તે મેળવનારના તાબાની છે અને તેની ખુશી પ્રમાણે તેની વ્યવસ્થા કરે છે. સ્ત્રિઓ પણ એવી મિલકત ઉપર સ્વામિત્વ રાખે છે. તે મેળવનાર ગુજરી જાય ત્યારે પુરૂષની બાબતમાં તેના ભાણેજોને અથવા નજીકના અનંદ્રાવનને મળે છે, અને સ્ત્રિઓની બાબતમાં તેમની સંતતી પુરૂષ કે સ્ત્રિ જે હોય તેને મળે છે.

૧૭૧. પ્રશ્ન–મલબારમા વિધવાપણું હોય છે?

ઊત્તર–ના. સ્ત્રિઓ પુરૂષ સાથે ગુંથાએલી હોય કિંવા નહી, પણ તેઓના કુટંબમાં રહે છે.

૧૭૨. પ્રશ્ન–મલબારના શાસ્ત્ર પ્રમાણે ગુજરાણ માગવાનો કોહોનો હક છે?

ઊત્તર–કુટંબના બધા માણસોને, ઘણા દુરના હોય તેને પણ ગુજરાણ માગવાનો હક છે.

૧૭૩. પ્રશ્ન–મિલકતનો વહિવટ કરવાને સ્ત્રિઓ પાત્ર છે?

ઊત્તર–કલ્પનામાં તો મિલકત ફકત સ્ત્રિઓનીજ છે, પુરૂષને તો ફકત વહિવટનો અને ગુજરાનના દાવાનો હક છે. વહિવટમાં તો પુરૂષો સ્ત્રિઓ સાથે ભાગિયા છે. પુરૂષોને અભાવે તરવાડનો વહિવટ કરવાનો સ્ત્રિઓને વારસો મળે છે. કેટલાએક કુટંબોમાં તો પુરૂષોને મુકી દઈને સ્ત્રિઓને વહિવટ મળે છે તેમાં વડીલ સ્ત્રિઓ હોય તે વહિવટ કરે છે.

૧૭૪. **પ્રશ્ન**–મલબારમાં દત્તક કબુલ થાય છે, અને થતો હોય તો શી રીતે?

ઊત્તર–બેહેનની પુરૂષ કે સ્ત્રિ પ્રજાને અભાવે કુટંબનો મુખ્ય માણસ દત્તક લેઈ શકે. વારસો સ્ત્રિવંશમાં હોય છે તેથી દત્તક પણ સ્ત્રિ લેવી જોઈએ. જ્યારે વહિવટ કરવાનું આવે ત્યારે તેનાં છોકરાં ઘણુંકરીને ન્હાનાં હોય માટે એક પુરૂષ તેનો ભાઈ હોય તેને તેના કુટંબની મિલકતનો વહિવટ અને ધર્મક્રિયા કરવાને દત્તક લેવામાં આવે છે.

૧૭૫. **પ્રશ્ન**–કેનેરામાં વારસાનો કાયદો શો છે?

ઊત્તર–અલાયા સંતાન શાસ્ત્રની એક રીત હોય છે. મલબારમાં આ નિયમ પ્રમાણે બ્રાહ્મણો ચાલતા નથી. તેની વિગતમાં તો મારૂમકત્યમને તે મળતો આવે છે. ફેર એટલો કે પુરૂષોને મુકી દેઈને સ્ત્રિઓને વારસો મળે છે. તે વહિવટ કેનેરામાં સારી રીતે ચાલે છે. જ્યાંહાં મિલકતનો વહિવટ હમેશાં સ્ત્રિઓને મળે છે. મલબારમાં તો સામાન્ય રીતે પુરૂષોજ તેનો વહિવટ કરે છે.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારે આંહી બધી તરેહના કાયદા પુસ્તકો તથા હિંદુ તથા મુજલમાની શાસ્ત્રોનાં પુસ્તકો વેચાય છે. તેમજ બીજી હરેક તરેહની ચોપડીયો પણ વેચાથી મળે છે. જેઓ જથ્થા બંધ ખપાવી આપશે તેને દસ ટકા કમીશન આપીશું. ને રોકડે નાણે મંગાવશે તેને સાડાબાર ટકા કમીશન આપીશું.

આજે ત્રણ વર્ષથી "ઇંડયન લા રીપોર્ટસ"નામનું ચોપાનિયું દર મહિને છપાય છે જેમાં કલકત્તા, મુંબાઈ, મદ્રાસ અને અલહાબાદ એ ચાર ઈલાકાની હાઈકોર્ટમાં પડએલા દિવાની તથા ફોજદારી ફેસલા ઈંગ્રેજી ઉપરથી ગુજરાતી તરજુમો કરી છપાય છે તથા તે સાથે નવા પસાર થતા દિવાનિ તથા ફોજદારી કોર્ટોને ઉપયોગી કાયદાઓ છપાય છે. કીમત વર્ષના અગાઉ ટપાલ સુધાંત રૂ ૭-૬-૦ આ પુસ્તક ખરીદ કરવાથી, ન્યાયાધીશો, વકીલો અને કાયદાથી માહેતી મળવવાની ખાયસ રાખનારને પછી જુનાં પુસ્તક શિવાય બીજું એકકે નવું પુસ્તક લેવાની જરૂર પડે નહી.

હાલમાં અમારે આંહી આ ચોપડીયો શિવાય મુંબાઈ હાઈકોર્ટના વાલ્યુમ ૧૨ ના સવીસ્તર હકીકત સાથેના ફોજદારી ફેસલા કીમત રૂ ૫) તથા હિંદુશાસ્ત્રની ડાયજેસ્ટ કીમત રૂ ૨) જેથી હિંદુશાસ્ત્રનું પુસ્તક શોધવાની જરૂર પડે નહી તે છાપી પ્રગટ કીધું છે. તેજમ "ઇંડયન લા રીપોર્ટસ" સા. ૧૮૭૬ તથા સન ૧૮૭૭ નાં બે પુસ્તક તઈયાર થયાં છે કીમત હાલ રૂ ૫) રાખી છે. માટે જોઈએ તેણે મંગાવવા.